
# તંત્રીસ્થાનેથી...



શ્રીમતી જયવંતીબહેન ચૌહાન
શ્રી આલ્બર્ટભાઈ ભાભોર

# ગુજરાત ટ્રાકટ એન્ડ સોસાયટીના પ્રકાશનો

## જીવન ચરિત્રો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | વધસ્તંભ એજ સ્વર્ગ | ૨૦-૦૦ |
| ૨ | ગુરુને ચરણે | ૧૦-૦૦ |
| ૩ | સાચુ મોતી | ૧૦-૦૦ |
| ૪ | રેવ. થોમાભાઈ પાથાભાઈ | ૧૦-૦૦ |
| ૫ | ડી. એલ. મૂડી | ૧૦-૦૦ |
| ૬ | ડેવિડ બાઉમન | ૨૦-૦૦ |
| ૭ | વિલ્યમ કેરી | ૧૫-૦૦ |
| ૮ | જેમ્સ હડસન ટેલર | ૧૫-૦૦ |
| ૯ | પંડિતા રમાબાઈની સાક્ષી | ૨૦-૦૦ |
| ૧૦ | ડૉ. ઇ. સ્ટેન્લી જોન્સ | ૩૦-૦૦ |
| ૧૧ | ચાર્લ્સ સ્પર્જન | ૫૦-૦૦ |
| ૧૨ | સાધુ સુંદરસિંગ(ગ્રંથ) | ૧૨૫-૦૦ |
| ૧૩ | ડેવિડ બ્રેઈનર્ડ | ૨૦-૦૦ |

## મનન

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | કૌટુંબિક વેદી | ૧૦-૦૦ |
| ૨ | જીવન સાફલ્ય ને મનન | ૬૦-૦૦ |
| ૩ | ટેકરીઓનો સાદ | ૧૨૫-૦૦ |
| ૪ | દૈનિક પ્રકાશ | ૭૫-૦૦ |
| ૫ | ઉપલીમેડી દૈનિક પ્રકાશ | ૩૦-૦૦ |
| ૬ | ઉપલીમેડી દૈનિક મનન | ૬૦-૦૦ |

## બાળકો

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | બાઈબલની સરળ વાર્તા | ૧૦-૦૦ |
| ૨ | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૩ | ઝેરાહ | ૧૫-૦૦ |
| ૪ | સપના ઉકેલનાર યોસેફ | ૧૫-૦૦ |
| ૫ | વ્હાલા પંખીડા | ૧૫-૦૦ |
| ૬ | આઝાદીનો લડવૈયો | ૧૨-૦૦ |
| ૭ | વાટને વિસામે | ૪૦-૦૦ |
| ૮ | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૯ | રાજાનો કેદી દાનીએલ | ૧૫-૦૦ |
| ૧૦ | કલરવ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૧૧ | કલશોર | ૨૦-૦૦ |
| ૧૨ | ફૂલદાની | ૧૫-૦૦ |
| ૧૩ | સાચો મિત્ર | ૨૫-૦૦ |
| ૧૪ | બાઈબલ કવીઝ | ૩૦-૦૦ |
| ૧૫ | કલરવ | ૨૫-૦૦ |
| ૧૬ | બહાદુર ગોવાળિયો | ૩૦-૦૦ |
| ૧૭ | આવો ભૂલકા | ૫૦-૦૦ |
| ૧૮ | પતંગિયા | ૩૫-૦૦ |
| ૧૯ | ફૂલડાની ફોરમ | ૨૦-૦૦ |

## બાઈબલ સેમીનરી

| ક્રમ | પુસ્તકનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૧ | ૩૦-૦૦ |
| ૨ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૩ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૪ | ૩૦-૦૦ |
| ૪ | પુલ્પીટ હેલ્પસ ભાગ-૫ | ૪૦-૦૦ |
| ૫ | ધર્મનું તત્વજ્ઞાન | ૪૦-૦૦ |
| ૬ | પવિત્ર શાસ્ત્રોનો અભ્યાસી | ૬૦-૦૦ |
| ૭ | પિતૃઓના ફૂલા | ૩૫-૦૦ |
| ૮ | રેલો અને ગીતો | ૩૫-૦૦ |
| ૯ | વધસ્તંભના સાત વચન | ૧૫-૦૦ |
| ૧૦ | ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ | ૫૦-૦૦ |
| ૧૧ | ગુજરાતમાં ખ્રિસ્તી મંડળીનો ઈતિહાસ | ૨૫-૦૦ |
| ૧૨ | ક્રોસ કથાના પાત્રો | ૧૦-૦૦ |
| ૧૩ | આત્મામાં સ્વપ્નો તથા સંદર્શનો | ૧૫-૦૦ |
| ૧૪ | ખ્રિસ્તી ઈશ્વર વિદ્યાના તત્વો | ૩૫-૦૦ |
| ૧૫ | પ્રબોધકો અને તેમના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૬ | જૂનો કરાર તેની રચના તથા સંદેશા | ૬૫-૦૦ |
| ૧૭ | એ શી તરેહનું માણસ | ૩૦-૦૦ |
| ૧૮ | જન સામાન્ય માટે બાઈબલ માર્ગદર્શિકા | ૪૦-૦૦ |
| ૧૯ | દાઉદ ભકતના પસંદિત ગીતો આધારિત મનન | ૪૦-૦૦ |
| ૨૦ | પવિત્ર આત્મા વિષે સમજ | ૫૦-૦૦ |
| ૨૧ | નાઝરેથનો ઈસુ | ૧૫-૦૦ |

4BGT2

# તંત્રીસ્થાનેથી...

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

: લેખકો :

શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન
શ્રી આલ્બર્ટ ભાભોર

☆ તંત્રીસ્થાનેથી...

☆ લેખકો :

**શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન**
**શ્રી આલ્બર્ટ ભાભોર**

☆ પહેલી આવૃત્તિ ૨૦૦૬

☆ રૂા. ૩૦=૦૦

☆ નકલ : ૫૦૦

☆ પ્રકાશક :-
રેવ. હેમંતકુમાર જે પરમાર, સેક્રેટરી,
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવા સદન, એલીસબ્રિજ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬.
ફોન : ૨૬૪૪૫૨૮૧

☆ મુદ્રક :
**જેન્સન કૉમ્પ્યુટર્સ,**
૨, મહાવીર એસ્ટેટ, ભગત ધાણા દાળની સામે,
અનુપમ થીએટર પાછળ, ખોખરા, અમદાવાદ - ૮.
ફોન : ૦૭૯ - ૩૨૯૧૩૦૫૭



# શ્રી એમ. એમ. દાસ

જન્મ. તા. ૧૬-૦૯-૧૯૧૯ મરણ તા. ૪-૧૨-૨૦૦૨

નાનપણથી જીવન જીવ્યા ત્યાં સુધી તેમના જીવનમાં ધગશ, સમર્પણની ભાવના, ચોકસાઈ, પ્રમાણિક્તા અને પરિશ્રમ હતા. પ્રભુ પ્રત્યે, કુટુંબ પ્રત્યે, અને મંડળી પ્રત્યેનો સાચો અતુલ્ય અને વિસુદ્ધ પ્રેમ સતત કાર્યશીલ અને પ્રાર્થનાવાદી જીવન જીવનાર હતા. શારીરિક નબળાઈ હોવા છતાં સદા હસતા અને સંતોષી જીવન જીવ્યા.

તેઓના જીવનને માટે પ્રભુનો આભાર માનીએ.

# બે બોલ...

તંત્રી લેખોના સંકલનનું આ પુસ્તક એક વિશિષ્ટ પુસ્તક છે. આ પ્રકારનું આ પ્રથમ પુસ્તક છે. ૧૯ વર્ષ સુધી શ્રીમતી જયવંતીબહેન ચૌહાને અને ૨૦ વર્ષ સુધી શ્રી **આલ્બર્ટભાઈ** ભાભોરે ખ્રિસ્તબંધુ અને ઉપલીમેડીના તંત્રી તરીકે સેવાઓ આપી અને હાલમાં આપી રહ્યા છે.

તંત્રીલેખોનો આ સંગ્રહ જે તે સમયે પ્રવર્તમાન પરિસ્થિતિ અને જરૂરિયાતના સંદર્ભમાં લખાયેલા તંત્રીલેખો છે. તેથી દરેક લેખ તેનું આગવું મહત્ત્વ અને સ્થાન છે. શ્રીમતી જયવંતીબહેન ચૌહાન અને શ્રીઆલ્બર્ટભાઈ ભાભોરનો પ્રભુએ તેના મહિમા માટે સતત ઉપયોગ કર્યો અને કરી રહ્યા છે.

શ્રીમતી જયવંતીબહેન ચૌહાન અને શ્રી આલ્બર્ટભાઈ ભાભોરને માટે ઈશ્વરનો આભાર માનીએ છીએ. તેમની આગેવાનીમાં ખ્રિસ્તીબંધુ અને ઉપલીમેડીનો વિકાસ થયો. તેઓએ તેમના સમયોમાં કેટલા બધાં પ્રભુના સેવકો અને સેવિકાઓને ઉત્તેજન પૂરુ પાડી સાહિત્યની સેવામાં દોર્યા અને વધુ સારી સેવા કરે માટે દોરવણી આપી. આ સર્વ બાબતો માટે તેઓના આભારી છીએ.

તંત્રીલેખોનું આ પુસ્તક તમારા હાથમાં મૂકતા આનંદની લાગણી અનુભવું છું. આ પુસ્તકના પ્રકાશન પેટે શ્રી એમ.એસ.દાસ (તેમની હયાતીમાં) તરફથી રૂા. ૫૧૦૦/-નું દાન મળેલ છે.

આભાર.

પ્રેમભાવથી

**રેવ. હેમંતકુમાર જે. પરમાર**
*સેક્રેટરી*

*સાહિત્ય સેવા સદન,*
*એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬*
*જુલાઈ, ૨૦૦૬*

# અનુક્રમણિકા

## ભાગ ૧

## શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન


| | | |
|---|---|---|
| ૧ | પ્રેમ દ્વારા જીવન પરિવર્તન | ૧ |
| ૨ | માતૃપ્રેમનો મહિમા | ૩ |
| ૩ | આત્મિક જાગૃતિનો જુવાળ | ૫ |
| ૪ | ઈશ્વરપિતાના પ્રેમનો પ્રત્યુત્તર | ૬ |
| ૫ | કિંમત ચૂકવવી | ૧૦ |
| ૬ | પ્રાર્થના પરાયણતા | ૧૩ |
| ૭ | આભાર સ્તુતિ પર્વ | ૧૬ |
| ૮ | ખ્રિસ્તી મંડળીનું મહત્ત્વ | ૧૮ |
| ૯ | સન્ડેસ્કૂલ રવિશાળા | ૨૦ |
| ૧૦ | બાઈબલ અને મંડળીનો આત્મિક વિકાસ | ૨૩ |
| ૧૧ | આત્મિક જાગૃતિ | ૨૫ |
| ૧૨ | કોરિયાની ધર્મજાગૃતિ દ્વારા પડકાર | ૨૭ |
| ૧૩ | ઉપલી મેડીની શુભ શરૂઆત અને વિકાસ | ૨૮ |
| ૧૪ | નાતાલ - 'આપવાનું પર્વ' | ૩૦ |
| ૧૫ | કુટુંબમાં પ્રિયજનના મૃત્યુનો પ્રસંગ | ૩૩ |
| ૧૬ | આપણાં નાણાં અને સમયનો કારભાર | ૩૬ |
| ૧૭ | આપણું કૌટુંબિક અને મંડળિક જીવન | ૩૮ |
| ૧૮ | વિશ્વપ્રભુભોજન વિશ્વવ્યાપી ખ્રિસ્તી સંગતવેળાએ | ૪૦ |
| ૧૯ | જીવનમાં અગ્રીમતા શાને ? | ૪૨ |
| ૨૦ | "હું નહિ પણ ખ્રિસ્ત" | ૪૩ |
| ૨૧ | પવિત્ર સપ્તાહની ઉજવણી અને રવિવાર | ૪૪ |
| ૨૨ | સુવાર્તાના પ્રખર સંદેશવાહક ડૉ. વિલિયમ કેરી | ૪૬ |
| ૨૩ | ચેતવણીનો પડકાર | ૪૮ |
| ૨૪ | નાતાલ મહોત્સવની ઉજવણી | ૫૦ |
| ૨૫ | વિજયવંત ખ્રિસ્તી જીવન | ૫૩ |
| ૨૬ | ખ્રિસ્તી સાહિત્ય અને આપણે | ૫૫ |

# ભાગ – ૨

## શ્રી આલ્બર્ટ ભાભોર


| | | |
|---|---|---|
| ૨૭ | ખ્રિસ્તીબંધુ બોલે છે... | ૬૧ |
| ૨૮ | આપણી લેખનસામગ્રી 'સ્વરૂપ અને વિચાર વિનિમય' | ૬૪ |
| ૨૯ | જૂની-નવી પેઢીનો સ્નેહસેતુ | ૬૭ |
| ૩૦ | આ નિરાશાભર્યા વિશ્વ સમક્ષ આશા પ્રગટાવીએ | ૭૦ |
| ૩૧ | સમાજ અધઃપતનના માર્ગે | ૭૨ |
| ૩૨ | સમાજ અર્પિત નેતાગીરી | ૭૫ |
| ૩૩ | જીવનમાં શાંત-સમયનું મહત્ત્વ | ૭૭ |
| ૩૪ | પ્રભુ ઈસુનાં જીવંતપાત્રો | ૭૯ |
| ૩૫ | લગ્નોત્સુક યુવાપેઢીની જીવનયાત્રા | ૮૨ |
| ૩૬ | ખ્રિસ્તી કુટુંબની સમસ્યા અને નિવારણ | ૮૪ |
| ૩૭ | પ્રગતિને પંથે | ૮૭ |
| ૩૮ | પ્રભુ ઈસુનું પ્રભુત્ત્વ | ૮૯ |
| ૩૯ | દારૂ સામે પોકાર કરો | ૯૧ |
| ૪૦ | ભવ્ય સત્કાર | ૯૪ |
| ૪૧ | ખ્રિસ્તી કાર્યકર મિત્રોને... | ૯૭ |
| ૪૨ | પ્રાર્થના જૂથો માટે ચળવળ | ૯૮ |
| ૪૩ | તમારી સામે, યુવાન મિત્રો, પડકાર છે | ૧૦૧ |
| ૪૪ | રવિવારની ભજનસેવા | ૧૦૪ |
| ૪૫ | વિશ્વાસુપણું | ૧૦૮ |
| ૪૬ | વિશ્વ-કપ વિજેતા | ૧૧૦ |
| ૪૭ | ખ્રિસ્તી કુટુંબનું પ્રતિબિંબ | ૧૧૨ |
| ૪૮ | અનંતકાળિક જીવનમાં પ્રવેશ | ૧૧૪ |
| ૪૯ | કોણ જવાબદાર | ૧૧૬ |
| ૫૦ | સમજશક્તિ બહારની શાંતિ | ૧૧૮ |


*****

# તંત્રીસ્થાનેથી...

ભાગ – ૧

: લેખિકા :

શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાન

# પ્રેમ દ્વારા જીવન પરિવર્તન

દારૂના વ્યસનીઓમાં સુવાર્તિક સેવા આપતા એક સુવાર્તિક ઈશ્વરપિતાને સંપૂર્ણ સમર્પિત જીવન જીવતા હતા. નિયમિત બાઈબલવાચન અને પ્રાર્થના દ્વારા વિજયવંત ખ્રિસ્તી જીવન જીવતાં આત્માઓ જીતવાની અજોડ સેવા તે કરતા હતા.

એક દિવસે સાંજે પોતાના અભ્યાસ ખંડમાં બેઠા બેઠા તે બાઈબલ વાચન કરતા હતા. એવામાં પડછંદ કાયા ધરાવતો એક માણસ તેમના તરફ ધસી આવ્યો. દારૂની અસરને લીધે તે લથડિયાં ખાતો હતો. સુવાર્તિકે પ્રેમથી તેની સાથે વાતચીત કરતાં જણાયું કે તેનું નામ જેક હતું. તે રેલ્વેમાં નોકરી કરતો હતો. સુવાર્તિકના હાથમાં બાઈબલ જોઈ તે ગુસ્સે થઈ ગયો અને ઈશ્વર, બાઈબલ, ખ્રિસ્તીઓ માટે એ ગમેતેમ બોલવા લાગ્યો. આમ છતાં સુવાર્તિકે તેના પ્રત્યે શાંતિ જાળવી અને ફરી બાઈબલવાચન શરૂ કર્યું. પેલા માણસે આમતેમ આંટા માર્યા અને ગુસ્સાથી બાઈબલ પર થૂંક્યો. સુવાર્તિકનું ખમીસ પણ બગડ્યું. સુવાર્તિક પરિસ્થિતિ પામી ગયા. શાંતિથી તેમણે બાઈબલ અને ખમીસ સાફ કરી નાખ્યાં. આ સુવાર્તિક પહેલાં બહુ તેજ મિજાજના હતા, પણ પ્રભુ ઈસુને પોતાના જીવનનું અર્પણ કર્યા પછી પ્રભુ ઈસુની અદ્ભુત શાંતિ પામ્યા હતા.

આ ઉશ્કેરાટભર્યા પ્રસંગે પણ સુવાર્તિકની શાંતતા જોઈ પેલા માણસે વધારે ગુસ્સે થઈ સુવાર્તિકના નાક પર મુક્કી મારી તેમનું માથું દીવાલ સાથે જોરથી પછાડ્યું. "મિત્ર, મારા અને તમારા માટે વધસ્તંભે જડાયેલા નાઝરેથના નમ્ર ઈસુને લીધે હું આ બધું સહન કરી લઉં છું." તે નમ્રતાથી બોલ્યા.

પેલો માણસ ધમપછાડા કરતો જતો રહ્યો.

બીજા દિવસની વહેલી સવારે એક વાગે સુવાર્તિકને ઑફિસમાં જવાનું તાકીદનું તેડું મળ્યું. ઝટપટ તૈયાર થઈ તે ઑફિસે ગયા. પેલો જ માણસ અકસ્માતમાં સખત રીતે ઘવાતાં તેનો જમણો પગ શરીરથી અલગ પડી ગયો હતો. એ માણસની અવદશા જોઈ સુવાર્તિક ખેદિત થયા. માણસના જીવનની ક્ષણભંગુરતાનો ખ્યાલ તેમને આવ્યો.

એ માણસે મહાપ્રયત્ને હાથ લંબાવી નમ્રતાથી સુવાર્તિકની ક્ષમા માગી. સુવાર્તિકે તો તેને ક્યારનીયે માફી આપી દીધી હતી, તે વિષે તેને જણાવ્યું. મહાપ્રયત્ને ઘવાયેલો માણસ બોલ્યો : "તમે ખૂ...બ સારા મા...ણ...સ છો મને માફ ક..ર.શો..જ એ હું જાણતો હતો."

ખૂબ જ મૂંઝવણ સાથે ઘવાયેલો માણસ સુવાર્તિકને કહેવા લાગ્યો, "હું તો ભટકી

ગયેલો પાપી છું. મારું શું થશે ?" ઈશ્વરપિતાની સહાયથી સુવાર્તિકે વધસ્તંભે જડાયેલા પ્રભુ ઈસુ વિષે, મરતા ચોરના પશ્ચાતાપ વિષે તેમને કહ્યું. પ્રભુ ઈસુએ ચોરને આપેલી ક્ષમા અને અભયવચન સંબંધી તેમને સમજાવ્યું. વળી પ્રભુ ઈસુના મૃત્યુ અને વિજયવંત પુનરુત્થાન વિષેની વાત અને પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરનારને મળતા શાશ્વત જીવન વિષે સમજાવ્યું. એ મરતા માણસને આશ્વાસન મળ્યું. "ઓ ઈશ્વરપિતા, મુજ પાપી પર દયા કરો." તે બોલી ઊઠ્યો. તેના ચહેરા પર સ્મિત છવાઈ રહ્યું. માફીની ખાતરી તે પામી ચૂક્યો હતો.

તે પછી તેને જલદીથી દવાખાનામાં ખસેડવાની વ્યવસ્થા કરવામાં આવી. તેના મિત્રો પણ સાથે હતા. તેમણે જેકને થોડો દારૂ લેવા વિનંતી કરતાં તેણે કહ્યું 'ના, એ દારૂએ જ મારી આ દશા કરી ! મારી પત્ની અને બાળકોને જુદાં પાડ્યાં, ઈશ્વર, ઈશ્વરનાં વચનો અને ઈશ્વરના ઘરથી દારૂ મને દૂર લઈ ગયો અને હવે હું મરવાનો છું. મિત્રો, પ્રભુ ઈસુને તમારા તારનાર તરીકે સ્વીકારી લો અને દારૂ ન પીવાની પ્રતિજ્ઞા લો." તે પછી તારણના આનંદ સાથે ઈશ્વરના પરમધામમાં તે પહોંચી ગયો.

પ્રિય વાચક મિત્ર, પુનરુત્થાન પામેલા પ્રભુ ઈસુનું પરાક્રમ આપણને પાપના બંધનમાંથી છોડાવવા આજે પણ સામર્થ્યવાન છે. જૂનાપણું દૂર કરી પ્રભુ ઈસુ આપણું નવીનીકરણ કરી શકે છે. શું તમે પ્રભુ ઈસુને તમારા અંગત તારનાર તરીકે સ્વીકાર્યા છે ?

નાયગરાના જલધોધથી ઘણે દૂર નાયગરા નદીના પાણી પર તરતા બરફ પર એક ગરૂડ પક્ષી બેઠું બેઠું એક મરેલા ઘેટાનો ભક્ષ કરતું હતું. બરફ વર્ષા થતી હતી, પણ તેને કાંઈ પડી ન હતી. સામે જ ધોધનું પાણી ધસારાબંધ પડતું હતું. પણ તે તો શિકાર આરોગવામાં ખૂબ મગ્ન હતું. ધોધની સામે જ તે જઈ રહ્યું હતું, પણ નિશ્ચિતપણે તે તો ખોરાકનો આસ્વાદ માણતું જ રહ્યું.

તદ્દન નજદીક પહોંચીશ ત્યારે ઊડીને બચી જઈશ એવું તે માની બેઠું. પાણીનાં પ્રવાહ સાથે બરફ ઘસડાતો ધોધની છેકે જ પાસે આવી પહોંચ્યો. ડરનું માર્યું ગરુડ ઊડવા માટે ફાંફાં મારવા લાગ્યું, પણ ઊડી શક્યું નહિ. કારણ કે હીમવર્ષાની કણીઓ તેનાં પીછાં પર પડતાં પીંછાં ચોંટી ગયાં હતાં. એથી ઊડવામાં મદદરૂપ બનવાને બદલે બંધનરૂપ બની ગયાં અને એ ભયંકર પળ આવી પહોંચી, ગરુડના પ્રયત્નો વ્યર્થ ગયા અને જલધોધના પાણીમાં તે ક્યાંયે ફંગોળાઈ ગયું !

પ્રિય મિત્રો, દુન્યવી વાનાંઓમાં રચ્યાંપચ્યાં રહેવાથી છેવટે વિનાશ આવી પડશે. ઈશ્વરપિતા આપણને બોલાવી લે - કે પછી પ્રભુ ઈસુનું પુનરાગમન થાય - તેને માટે તૈયાર રહેવાની તકનો સદુપયોગ કરીએ તો કેવું સારું !

# માતૃપ્રેમનો મહિમા

એક આવી દંતકથા છે. એક દિવસે સુંદર આકાશમાંનો એક દૂત પૃથ્વી પર વિહરવા નીકળી પડ્યો. આખો દિવસ તે ખેતરમાં અને જંગલમાં, શહેરમાં અને ગામમાં ઘૂમતો રહ્યો. એમ કરતાં સાંજ પડી ગઈ. હવે તે તેના પ્રકાશિત ધામમાં પાછો જવા નીકળ્યો. જતાં પહેલાં પૃથ્વીના પ્રવાસની મીઠી યાદ માટે કાંઈક લઈ જવું જોઈએ, એમ વિચારી તે આમતેમ જોવા લાગ્યો. ત્યાં નજીકમાં જ ગુલાબવાડી હતી. ગુલાબ પુષ્પોની સુગંધથી વાતાવરણ મઘમઘી રહ્યું હતું. તેણે સુંદરમાં સુંદર ફૂલ ચૂંટી લીધાં અને પુષ્પ-ગુચ્છ તૈયાર કર્યો.

થોડે આગળ જતાં ગુલાબી ગાલવાળું માતા સામે સ્મિત વેરતું બાળક જોઈ એનું મધુર સ્મિત દૂતના હૈયે વસી ગયું. "આ બાળકનું સ્મિત ફૂલછડી કરતાંયે વધુ સુંદર છે, તેને હું મારી સાથે લઈ જઈશ." કહી તેણે સ્મિત લઈ લીધું.

ત્યાંથી જરા આગળ જતાં એક નાના ઘરમાં એક પ્રેમાળ માતા પોતાના નાના બાળક પ્રત્યે વહાલ વરસાવતી જોઈ. માતાની આંખોમાં બાળક પ્રત્યેનો નીતરતો પ્રેમ, બાળકની આંખોમાં ઝીલાતો હતો. માતાનો વાત્સલ્ય ઝરતો પ્રેમ બાળકને સંતોષ પમાડતો હતો. 'માતાનો પ્રેમ' દૂતને વધુ આકર્ષક લાગતાં 'માતાનો પ્રેમ' પણ પોતાની સાથે લઈ લીધો અને સ્વર્ગ તરફ પ્રયાણ શરૂ કર્યું.

સ્વર્ગના મોતી-દ્વારે તે આવી પહોંચ્યો. દ્વારમાં પ્રવેશતાં પહેલાં પૃથ્વી પરથી એકત્રિત કરેલી કીમતી વસ્તુઓ પર તેણે ફરી નજર નાખી. ગુલાબ પુષ્પો કરમાઈ ગયાં હતાં. બાળકનું સ્મિત પણ હવે નિસ્તેજ થઈ ગયું હતું પણ માતાના પ્રેમ તરફ દૃષ્ટિ કરતાં એ તો ખૂબ જ તાજો અને આકર્ષક લાગતો હતો. કરમાયેલાં ગુલાબ ફૂલો અને નિસ્તેજ સ્મિત તેણે ફેંકી દીધાં. માતાનો તાજો પ્રેમ લઈને તે સ્વર્ગમાં પ્રવેશ્યો અને બોલ્યો, "પૃથ્વી પરની મારી યાત્રામાં એકત્ર કરેલી વસ્તુઓમાંની આ એક જ સ્વર્ગ સુધી એવી જ તાજગીભરી રહી - 'માતાનો પ્રેમ' "

હા, માતાનો પ્રેમ પોતાનાં બાળકો પ્રત્યે સર્વ સમયે એવો જ તાજો રહે છે. લેખકો, કવિઓએ એ પ્રેમના વર્ણન માટે પ્રયાસો કર્યા છતાં તે પૂરો સમજાવી શક્યા નથી. માતાના પ્રેમની મધુર યાદમાં મંડળીઓમાં માતૃદિનની ઉજવણી કરવામાં આવે છે. ઉજવણીનું સૌ પ્રથમ જાહેરનામું અમેરિકામાં મે ૯, ૧૯૧૪ના રોજ તે વખતના રાષ્ટ્રપ્રમુખ સર વૂડરો બહાર પાડ્યું, ત્યારથી માંડીને મે માસનો બીજો રવિવાર અમેરિકામાં અને પશ્ચિમના ઘણા દેશોમાં માતૃદિન તરીકે ઉજવાય છે.

અમેરિકાના વર્જીનિયા રાજ્યના એક શહેરમાં એક માતા પ્રાર્થનાપરાયણ અને અન્યને પ્રેરણાત્મક જીવન જીવતાં હતાં. તેમના મૃત્યુ સમયે અંતિમ વિદાયમાન માટે સન્ડેસ્કૂલના સુપ્રિન્ટેન્ડેન્ટે ખાસ સ્મરણસભાનું આયોજન કર્યું. આ પ્રસંગનો કાર્યક્રમ તૈયાર કરવા તે મૃત માતાનાં પુત્રી કુમારી આન્ના જાર્વીસને કહેવામાં આવ્યું. પોતાની માતાના આ પ્રસંગ પરથી આન્નાને બધી જ માતાઓને માન આપવાનો વિચાર સ્ફૂર્યો અને વિચાર સન્ડેસ્કૂલ અને અન્ય મંડળીઓમાં વહેતો કર્યો. આ વિચાર સૌએ વધાવી લઈ રાષ્ટ્રપ્રમુખને પહોંચાડ્યો. સર વૂડરો વિલ્સને સારાયે દેશમાં માતૃદિનની ઉજવણી માટે મે માસનો બીજો રવિવાર જાહેર કર્યો. પશ્ચિમના ઘણા દેશોમાં માતૃદિનની ઉજવણી થાય છે. ગુજરાતમાં પણ ઘણી મંડળીઓ પોતપોતાની અનુકૂળતાએ માતૃદિનની ઉજવણી કરે છે. એટલું તો સાચું જ કે કુટુંબની ઉન્નતિનો આધાર માતા પર છે. જેવી માતા તેવું કુટુંબ, જેવાં કુટુંબ તેવી મંડળી.

અનેક પ્રાર્થનાપરાયણ માતાઓના જીવન દ્વારા જુવાન દીકરા-દીકરીઓનાં જીવનમાં ભારે પરિવર્તન આવ્યું છે. ઈતિહાસમાં માતા સુસાન્ના વેસ્લીનું નામ પ્રથમ પંક્તિમાં આવે છે. ૧૯ બાળકોની એ સુશિક્ષિત ધર્મપરાયણ માતાએ કુટુંબની અનેક જવાબદારીઓમાં પ્રત્યેક બાળક સાથે અંગત વાતચીત, માર્ગદર્શન અને પ્રાર્થના માટે સમય ફાળવ્યો હતો.

વેસ્લી દંપતીએ બાળકોના ઉછેર માટે ઠરાવેલા નિયમો : (૧) કૌટુંબિક પ્રાર્થના કરતી વખતે બધાં બાળકો શાંત થઈને ઈશ્વરપિતાનું ગૌરવ જાળવતાં બેસે. (૨) બાળકો બોલતાં શીખે, ત્યારથી જ પ્રભુ ઈસુ શીખવિત પ્રાર્થના બોલતાં શીખવવામાં આવતું. (૩) ઘરમાં કોઈપણ જાતનું અસભ્ય વર્તન, અપશબ્દો વગેરે કદીપણ જોવામા કે સાંભળવામાં આવવા જોઈએ નહિ. (૪) બાળકે જોઈતી વસ્તુ ધીરજથી માગવી. (૫) બાળક રડીને પોતાની ઈચ્છા પૂરી કરી શકે નહિ. (૬) અન્ય માણસોની સાથે સભ્યતાથી વર્તતાં શીખવવામાં આવતું. (૭) બાળકો એકબીજાને માનથી બોલાવે. (૮) આજ્ઞાપાલનનો આગ્રહ રાખવામાં આવતો. (૯) બાળકો એકબીજાની ચીજ પડાવી ન લે. (૧૦) ગુનાની કબૂલાત કરવા ઉત્તેજન આપવામાં આવતું. (૧૧) દરેક બાળકે પોતાના પાઠ સારી રીતે તૈયાર કરવાના.

પતિ—રેવ. સેમ્યુઅલે સુસાન્ના સંબંધી કહ્યું છે. "સુસાન્નાએ મારા ગરીબ ઘરને ઉજાળ્યું છે અને સાચા અર્થમાં મારી જીવનસંગિની બની મારા જીવનને આશીર્વાદિત કર્યું છે. હા, મારી પ્રેમાળ પત્નીએ મને ધન્ય બનાવ્યો છે."

પ્રત્યેક ખ્રિસ્તી કુટુંબ ઈશ્વરપિતાને સમર્પિત બને, તો કેવું સારું !

* * *

# આત્મિક જાગૃતિનો જુવાળ

એ રાતે દસ વાગે આયર્લેન્ડના ડબ્લીન શહેરમાં ૨૦ સુવાર્તિકો અને પાળકો સુવિખ્યાત સુવાર્તિક હેન્રિ બ્યુલેની આત્મિક જાગૃતિની સભા પછી આગ્રહ ભરી પ્રાર્થના કરવા એકત્ર થયા હતા. વહેલી પ્રભાતે શિકાગોની સન્ડે સ્કૂલ અને વાય. એમ. સી. એ.ના જુવાન આગેવાન ડી. એલ. મૂડી અને અંગ્રેજ સુવાર્તિક હેન્રિ વર્લીએ ઈશ્વરપિતાને પોતાનાં જીવનોનું અર્પણ કર્યું. એ ૧૮૭૨ની સાલ હતી તે પછી વર્લી લંડન ગયા અને મૂડી અમેરિકા ગયા. પણ પ્રાર્થનામાં સાથે ગાળેલા એ કલાકોની અને વિચારોની આપ-લેની તેમના જીવન પર ઊંડી અસરો પડી હતી.

એક વર્ષ પછી ૧૮૭૩માં મૂડી સુવાર્તિક ગાયક ઈરા ડી. સેન્કી સાથે ઇંગ્લેન્ડ આવ્યા. તેમણે વર્લીને શોધી કાઢ્યા અને વર્ષ પહેલાં પ્રાર્થનામાં ગાળેલી રાતનું સ્મરણ કરાવી કહ્યું : "ભાઈશ્રી, તમને તમારા શબ્દો યાદ છે ? તમે એમ કહેલું 'મૂડી ઈશ્વરપિતાને સંપૂર્ણ સમર્પિત થયેલા માણસની મારફતે ઈશ્વરપિતા શું કરી શકે તે વિષે દુનિયાએ હજુ જોવાનું બાકી છે.' તમે ઉચ્ચારેલા એ શબ્દોના પ્રત્યુત્તરરૂપે મેં જણાવેલું 'ઈશ્વરપિતા સહાય કરે, તો હું તે માણસ થઈશ." પછી તો સર્વ સ્થળે મને તમારા શબ્દો જ જાણે નજરે પડતા. શિકાગોમાં ફરતો ત્યારે પણ એ જ શબ્દો દેખાતા."

તે પછી મૂડી અને સેન્કીની બેલડીએ સુવાર્તાના નારાથી લંડન શહેર ગજાવી મૂક્યું. આત્મિક જાગૃતિની સભાઓ દ્વારા આત્મિક જાગૃતિનો જુવાળ ફાટી નીકળ્યો.

સને ૧૮૮૩માં મૂડીએ નાસ્તિકવાદીઓ માટે સભા ભરી. આ સમયે ચાર્લ્સ બ્રેડલો તેમનો નેતા હતો. શ્રમજીવીઓ અને અન્ય માણસો મળી ૫૦૦૦ જેટલા નાસ્તિકવાદીઓ એ વિશાળ હૉલમાં હાજર થયા હતા. મૂડીએ તેમનું કોઈ ઇચ્છિત ગીત પસંદ કરવા સૂચવ્યું, ત્યારે તેઓએ તેમને હસી કાઢ્યા. તે પછી મૂડીએ ઈશ્વરપિતાનો પ્રેમ, પોતાના આત્મિક અનુભવો સંબંધી હૃદય સ્પર્શી સંદેશો આપ્યો, કેટલીક આંખો રડી ઊઠી, પણ બાકીનાને કાંઈ અસર જ ન હતી.

મૂડીએ "માત્ર ઈસુ પર ભરોસો" ગીત ગાવા વિશે જણાવ્યું અને એ વિશાળ હૉલનાં દ્વાર ખોલી નાખી જેને જવું હોય તેને ત્યાંથી જતા રહેવા સૂચવ્યું, પણ કોઈ માણસ ગયો નહિ—બધા ત્યાં જ રહ્યા.

ત્યાર પછી મૂડીએ પ્રભુ ઈસુનો સ્વીકાર કરવા, પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરવા અસરકારક સંદેશો આપ્યો. મૂડીએ આહ્‌વાન આપતાં જણાવ્યું, કોણ ઈસુને સ્વીકારશે ?

એ નાસ્તિકો હસવા અને મશ્કરી કરવા લાગ્યા. આખરે ૫૦ જેટલા માણસોએ પોતાના હાથ ઊંચા કર્યા. એક માણસે તો જોરથી બૂમ પાડીને કહ્યું, “હું નથી સ્વીકારવાનો.” મૂડીએ ધીરજ ગુમાવ્યા વિના શાંતિથી આભાર માનતાં કહ્યું : “બહુ સારું, આપણી સભા પૂરી થશે, ત્યારે તમે ઈસુને સ્વીકાર્યા હશે.” ઈસુ પર વિશ્વાસ રાખવા સંબંધી ઉદાહરણો આપીને તે સમજાવવા લાગ્યા. ગળગળા સાદે મૂડીએ કહ્યું : “આજે રાત્રે જ તમારે ‘હા’ કે ‘ના’ નો નિર્ણય કરવાનો છે.”

તે પછી આ પ્રખર સુવાર્તિકે ઉડાઉ દીકરાની વાર્તા કહી, ‘હું ઊઠીને જઈશ’ એ નિર્ણય કર્યા પછી ઉડાઉ દીકરો નવું જીવન પામ્યો. તેમના નેતાનું હૃદય હજુ કઠણ જ હતું. મૂડીએ કહ્યું, “મિત્રો, ઈસુનો નકાર કરીને તમે તમારા નેતાને અનુસરવા માગતા હો. તો ઊભા થશો.” કોઈ જ ઊભું થયું નહિ. “તો ઈસુને અનુસરવા ઇચ્છતા હોય તે ઊભા થાય.” અને પવિત્ર આત્માના અજાયબ કાર્યથી ૫૦૦ માણસો ઊભા થયા. તેઓએ રડતાં રડતાં ઈસુનો સ્વીકાર કર્યો. સભાનું કઠોર વાતાવરણ બદલાઈ ગયું, પવિત્ર આત્માએ મૂડીને વિજય અપવ્યો.

આ વિશ્વ વિખ્યાત સુવાર્તિકે જીવનનાં સતત ૨૫ વર્ષ આત્મિક જાગૃતિ માટે ગાળ્યાં.

ઈશ્વરને સંપૂર્ણ સમર્પિત વ્યક્તિ દ્વારા ઈશ્વર શું કરી શકે, તેનું આ કેવું જ્વલંત ઉદાહરણ ! આપણે માટે કેવો પડકાર!

* * *

## ઈશ્વરપિતાના પ્રેમનો પ્રત્યુત્તર :

આફ્રિકાની એક નાતાલનો એ દિવસ હતો. ત્યાંનાં મૂળવતનીઓ આનંદભર્યા ચહેરે પાસે આવેલા પ્રભુમંદિરમાં એકત્ર થયાં હતાં. આજ તેઓ નાતાલની ભેટ મેળવવા નહિ, પણ અન્યને માટે ભેટ આપવા માટે આવ્યાં હતાં. ઈશ્વરપિતાએ માનવજાતને આપેલી મહાન ભેટ—તારનાર પ્રભુ ઈસુ વિષે ત્યાંના મિશેનરી તરફથી તેમણે સાંભળ્યું હતું, અને તેઓએ પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો હતો. સુવાર્તાપ્રચાર માટે હવે આ નાતાલના દિવસે તેઓ પ્રભુ ઈસુના મહિમાને અર્થે પોતાની પાસેની કીમતી વસ્તુઓની ભેટો લાવતાં હતાં. નાનાં-મોટાં જુવાન-વૃદ્ધ સ્ત્રી-પુરુષો સૌ આનંદમાં આવી ગયાં હતાં. આ તો બહુ જ ગરીબ લોકો હતા, પણ તેમની પાસેની સારામાં સારી વસ્તુની ભેટ લાવવા તેઓ પ્રયત્ન કરતા હતા.

કમરમાંથી વાંકાં વળી ગયેલાં લાકડીને ટેકે ચાલતાં એક વૃદ્ધ માજી ખોબામાં થોડાં

શાકભાજી આનંદથી મેજ પર મૂકતાં કહેવા લાગ્યાં "આ મારી વાડીનું પ્રથમ ફળ. સાહેબ, સુવાર્તાના કાર્ય માટે હું તે અર્પણ કરું છું." એક જુવાન પોતાની ઘણા દિવસની મજૂરીમાં મળેલા થોડા પૈસા ગજવામાંથી કાઢીને મેજ પર મૂકતાં બોલ્યો, "સાહેબ, ઘણા દિવસની મહેનત-મજૂરી પછી મેળવેલા આ પૈસા સુવાર્તા માટે આપતાં ખૂબ આનંદ થાય છે." એક જુવાન સ્ત્રીએ પોટલી છોડી થોડી રોટલી મેજ પરના દાનપાત્રમાં મૂકી અને આનંદથી પાછી ફરી. તેના અન્ય દેશબાંધવોને સુવાર્તા સંભળાવવાની તેની આતુરતા છતી થતી હતી. એક નાનો કિશોર રંગબેરંગી લખોટીઓ લઈને ઉમળકાથી આવ્યો. આ લખોટીઓ જ તેનો કીમતી ખજાનો હતો. દાનપાત્રમાં તેની લખોટીઓથી થયેલો અવાજ સાંભળી તે મલકાતો મલકાતો જતો રહ્યો. આ બધાંના મનમાં સુવાર્તાપ્રચારનો બોજ છે. અન્યને માટે શું આપી દેવું, એ જ તેમને મન મહત્વની બાબત. આવેલાં સૌએ કંઈક આપ્યું જ. આવી મામૂલી ભેટો જોઈ આપણને કદાચ હસવું આવે, પણ એ ભલા મિશનરીની આંખો આંસુથી છલકાઈ. આ ગરીબ માણસોના હ્રદયનો આભારીભાવ જોતાં તેમનું હૈયું ઝાલ્યું રહ્યું નહિ. તે રડી પડ્યા. ઈશ્વરપિતાને તેમણે કરેલું સ્વાર્પણ તેમને યાદ આવ્યું.

એ બધા પરિચિત ચહેરામાં એક અપરિચિત ચહેરો તે મિશનરીને દેખાયો. તાજેતરમાં જ એ યુવાન સ્ત્રીએ પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો હતો. આ પહેલાં તે નિષ્ઠુર અને ક્રૂર હ્રદયની માનવભક્ષી જાતની સ્ત્રી હતી. નામ તેનું રાની. તેના ભલા પડોશીએ તેને પ્રભુ ઈસુની વાત કહી તેથી તેણે પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો. પછી તો ગુસ્સો અને ક્રૂરતા તેના જીવનમાંથી ક્યાંયે અદૃશ્ય થઈ ગયાં અને તેનું નવીનીકરણ થયું. તે પણ પોતાની ભેટ લઈને આવી હતી. તેના હાથમાં તો કંઈ જ દેખાતું ન હતું. મિશનરી અને અન્ય સભાજનો ઉત્સુકતાથી તેને જોઈ રહ્યાં, તે શું લાવી હશે ! ફાટાંતૂટાં લઘરવઘર કપડાંવાળી એ બહેને ગજવામાંથી ચાંદીનો સીક્કો કાઢી મેજ પર મૂક્યો. મિશનરી જરા ચોંક્યા અને શંકાભરી નજરે તે બહેનની તરફ જોઈ રહ્યા. આવો કીમતી સીક્કો આ ગરીબ રાની પાસે ક્યાંથી આવ્યો હશે ! તેમનું મન વિચારોની પરંપરામાં ધકેલાયું.

સભા પૂરી થયા પછી રાની મિશનેરી પાસે ગયાં, તેમના મુખ-પર નિર્દોષતા અને નિખાલસતા છવાઈ રહ્યાં હતાં. મિશનરી નરમાશથી તેમને પૂછવા લાગ્યા. "રાની, પ્રભુ પરના તમારા પ્રેમને માટે ધન્યવાદ. પણ મને કહેશો, આટલો કીમતી સીક્કો તમે ક્યાંથી લાવ્યાં ?"

"સાહેબ, મારા દેશબાંધવો સુવાર્તા સાંભળે તે માટે આપવાનું મારી પાસે કંઈ જ ન હતું. હું એક શેઠને ત્યાં ગુલામ તરીકે વેચાઈ ગઈ અને તેના બદલામાં આ કીમતી સીક્કો શેઠે મને આપ્યો. સુવાર્તાપ્રચારમાં હું પ્રેમથી તે આપી દઉં છું."

ઈશ્વરપિતાના અસીમ પ્રેમનો અનુભવ કરનાર ગરીબ રાનીની જો ઈશ્વરપિતા પ્રત્યેની આભારવૃત્તિ જોઈ મિશનરીનું હૃદય દ્રવી ઊઠ્યું, કેવો અદ્ભુત ત્યાગ ! સુવાર્તાપ્રચાર માટેની તેમની તમન્ના અન્યને માટે પડકારયુક્ત હતી. તેમણે અને અન્ય સૌએ પોતાનાથી બની શકે તેટલું આપીને ઈશ્વરપિતાના પ્રેમનો પ્રત્યુત્તર આપ્યો હતો.

પ્રિય વાચક મિત્રો, ઈશ્વરપિતાએ તમારા પ્રત્યે દર્શાવેલા પ્રેમનો તમારો પ્રત્યુત્તર કેવો છે ? સૌ પ્રિય વાચક મિત્રોને ખ્રિસ્તજયંતી અને નૂતન વર્ષનાં હાર્દિક અભિનંદન !

**પ્રેમનો વધસ્તંભ :** દંગો તથા ખૂન કર્યાને લીધે બારાબાસને બંદીખાનામાં નાખવામાં આવ્યો હતો. બારાબાસને વધસ્તંભે જડાવાનું હતું, પણ અદેખાઈને લીધે મુખ્ય યાજકોએ લોકોને ઈસુની વિરૂદ્ધ ઉશ્કેર્યા અને લોકોના ઘાંટા આખરે ફાવ્યા અને લોક-દુરાગ્રહને લીધે પિલાતે બારાબાસને છોડી દીધો. પિલાતનું કાંઈ જ ચાલ્યું નહિ. આખરે ઈસુને વધસ્તંભે જડવા સારુ ખોપરી નામની જગાએ તેઓ આવ્યા, ત્યારે તેઓએ ત્યાં ઈસુને તથા ગુનેગારોમાંના એકને જમણી તરફ અને બીજાને ડાબી તરફ વધસ્તંભે જડ્યા. ઈસુએ કહ્યું, **“હે પિતા, તેઓને માફ કર, કેમ કે તેઓ જે કરે છે તે તેઓ જાણતા નથી.”** લૂક ૨૩ : ૩૪

હા, દંગાખોર બારાબાસને બદલે, મારા અને તમારા બદલે પ્રભુ ઈસુને વધસ્તંભે જડવામાં આવ્યા. પણ પ્રભુ ઈસુએ તેમને વધસ્તંભે જડનારને પ્રેમથી ક્ષમા આપી. શું પ્રિય વાચકમિત્ર, તમે હજુ કોઈને માફી આપી શક્યાં નથી કે માફી આપી શકતાં નથી એવું છે ? સંત પિતરનાં વચનો સંભારો : “ખ્રિસ્તે તમારે માટે સહન કર્યું અને તમે તેને પગલે ચાલો, માટે તેમને તમોને નમૂનો આપ્યો છે.” ૧ પિતર ૨ : ૨૧

**સ્વીકારનો વધસ્તંભ :** ઈસુની સાથે ટાંગેલા ગુનેગારોમાંના એકે તેમની નિંદા કરીને કહ્યું, “શું તું ખ્રિસ્ત નથી ? તું પોતાને તથા અમને બચાવ.” પણ બીજાએ ઉત્તર આપતાં તેને ધમકાવીને કહ્યું કે, “તું તે જ શિક્ષા ભોગવે છે, તે છતાં શું તું દેવથી પણ બીતો નથી ? આપણે તો વાજબી રીતે ભોગવીએ છીએ, કેમ કે આપણે આપણાં કામનું યોગ્ય ફળ પામીએ છીએ, પણ એણે કંઈ પણ ખોટું કર્યું નથી.” તેણે ઈસુને કહ્યું : “હે ઈસુ, તું તારા રાજ્યમાં આવે, ત્યારે મને સંભારજે.” પ્રભુ ઈસુએ તેનો સ્વીકાર કરતાં કહ્યું, **“આજ તું મારી સાથે પારાદૈસમાં હોઈશ”** લૂક ૨૩ : ૪૩ માથે કાંટાનો મુગટ, હાથ અને પગમાંથી વહેતી લોહીની ધારાઓ, ઝભ્ભાવિહીન એવા ઈસુ રાજાએ એ ચોરના હૃદય સામ્રાજ્યમાં સ્થાન મેળવી લીધું હતું. એની સાક્ષી કેવી સચોટ હતી ! તેની માગણીનો સ્વીકાર કરતાં પ્રભુ ઈસુએ કહ્યું હું તને ખચીત કહું છું કે, આજ તું મારી સાથે પારાદૈસમાં હોઈશ. મિત્રો, આજે આપણો સ્વીકાર કરવા પ્રભુ ઈસુ તૈયાર છે. : “જો આપણે આપણાં પાપ કબૂલ

કરીએ, તો આપણાં પાપ માફ કરવાને તથા આપણને સર્વ અન્યાયથી શુદ્ધ કરવાને ઈસુ વિશ્વાસુ તથા ન્યાયી છે." ૧ યોહાન ૧ : ૯

**કાળજી રાખનાર વધસ્તંભ :** પ્રભુ ઈસુના વધસ્તંભની પાસે માતા મરિયમ, ઈસુની માસી, કલોપાસની સ્ત્રી મરિયમ તથા મરિયમ માગદાલેણ અને યોહાન ઊભાં હતાં. પ્રભુ ઈસુએ પોતાની માને તથા યોહાનને ઊભાં રહેલાં જોઈ માને કહ્યું. બાઈ, જો તારો દીકરો યો. ૧૯ : ૨૬ ત્યાર પછી શિષ્યને કહે છે : કે જો, તારી મા ! પ્રભુ ઈસુનો વધસ્તંભ આપણને એકબીજા પ્રત્યે કાળજી રાખવાનું શિક્ષણ આપે છે. તમે એકબીજાના ભાર ઊંચકો અને એમ ખ્રિસ્તનો નિયમ સંપૂર્ણ રીતે પાળો. ગલાતી ૬ : ૨

**વાસ્તવિકતાનો વધસ્તંભ :** પ્રભુ ઈસુને વધસ્તંભે જડ્યા પછી છઠ્ઠો કલાક થયો ત્યારે આખા દેશમાં નવમા કલાક સુધી અંધકાર છવાઈ રહ્યો. નવમા કલાકે ઈસુએ મોટે ઘાંટે બૂમ પાડી કે, એલોઈ, એલોઈ, લામા સાબાખ્થાની, એટલે મારા દેવ, મારા દેવ, તેં મને કેમ મૂકી દીધો છે ? માર્ક ૧૫ : ૩૪, માથ્થી ૨૭ : ૪૫ પ્રભુ ઈસુએ વેઠેલા વધસ્તંભની વેદના અને મનુષ્ય જાતનાં પાપની ભયંકરતાનું વાસ્તવિક દર્શન આપણને થાય છે.

આપણું જૂનું માણસપણું ઈસુની સાથે વધસ્તંભે એ માટે જડાયું કે પાપનું શરીર નિરર્થક થાય. એટલે કે હવે પછી આપણે પાપની ગુલામગીરીમાં રહીએ નહિ. રૂમી. ૬ : ૬

**જરૂરિયાતનો વધસ્તંભ :** વધસ્તંભ પરથી પ્રભુ ઈસુએ શાસ્ત્રવચન પૂર્ણ કરતાં કહ્યું કે, મને તરસ લાગી છે. સૃષ્ટિના સૃષ્ટાએ પોતાની જરૂરિયાત રજૂ કરતાં કહ્યું મને તરસ લાગી છે. આપણી જરૂરિયાત નિખાલસતાથી જણાવતાં ઘણીવાર આપણું અહમ્ આડે આવે છે. પ્રભુ ઈસુની આ વાણી કેટલી ચોક્કસ હતી ! આપણી જરૂરિયાતો સંબંધી આપણે સભાન હોવાની જરૂર છે. એ જરૂરિયાત ઈશ્વરપિતા સમક્ષ નિખાલસપણે લઈ જતાં શીખવાની જરૂર છે. કશાની ચિંતા ન કરો, પણ દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે આભારસ્તુતિ સહિત તમારી અરજો દેવને જણાવો. ફિલિપી. ૪ : ૬

**વિજયનો વધસ્તંભ :** પ્રભુ ઈસુની છઠ્ઠી વાણી **'સંપૂર્ણ થયું'** વિજયની સૂચક હતી. આપણાં પાપની શિક્ષા સહન કરવા અને આપણાં પાપો માટે બલિ બની જવા પ્રભુ ઈસુ દેહધારી થયા હતા. વધસ્તંભ પર પ્રભુ ઈસુએ આપણું મુક્તિ-મૂલ્ય ચૂકવ્યું છે. દૂતે મરિયમને કહ્યું હતું જો તને ગર્ભ રહેશે, ને દીકરો થશે, ને તું તેનું નામ **ઈસુ** પાડશે. દૂતે ભરવાડોને કહ્યું હતું; જુઓ હું મોટા આનંદની સુવાર્તા તમને કહું છું અને તે **સર્વ લોકોને માટે** થશે. કેમ કે આ જ દાઉદના શહેરમાં તમારે સારુ એક **તારનાર** એટલે ખ્રિસ્ત પ્રભુ જન્મ્યો છે. બાપની ઈચ્છા પૂર્ણ કરવા સંબંધી પ્રભુ ઈસુએ આ પ્રમાણે કહ્યું હતું." કેમ કે હું

મારી પોતાની ઈચ્છા નહિ, પણ જેણે મને મોકલ્યો છે, તેની ઈચ્છા પૂરી કરવા ચાહું છું. યોહાન ૫ : ૩૦ 'જેણે મને મોકલ્યો છે તેની ઈચ્છા પૂરી કરવી અને તેનું કામ પૂર્ણ કરવું એ મારું અન્ન છે. યો. ૪ : ૩૪. પ્રભુ ઈસુએ વધસ્તંભ પર આપણા ઉદ્ધારનું કાર્ય પૂર્ણ કર્યું છે. દેવે જગત પર એટલી પ્રીતિ કરી કે, તેમણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારુ કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે, તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે. યોહાન ૩ : ૧૬

**આધીનતાનો વધસ્તંભ :** પ્રભુ ઈસુની છેલ્લી વાણી-"ઓ બાપ, હું મારો આત્મા તારા હાથમાં સોંપું છું."—એમ કહીને ઈસુએ પ્રાણ છોડ્યો. પ્રભુ ઈસુને વધસ્તંભે જડ્યા, તે સમયે જે થયું હતું તે જોઈને સૂબેદારે દેવની સ્તુતિ કરીને કહ્યું કે, ખરેખર આ તો ન્યાયી માણસ હતો અને અન્ય પ્રેક્ષકવર્ગના લોકો પણ છાતી કૂટતા પાછા ગયા. ઈશ્વરપિતાની સંપૂર્ણ આધિનતામાં રહીને પ્રભુ ઈસુએ આપણે બદલે વધસ્તંભ સહ્યો છે. પ્રિય વાચક મિત્ર, પ્રભુ ઈસુના વધસ્તંભ પાસે આવો, આધીન થાઓ અને તમારું અર્પણ તાજું કરી, વિજયવંત ખ્રિસ્તી જીવનમાં આગેકૂચ કરો.

* * *

# કિંમત ચૂકવવી

વિશ્વવિખ્યાત સુવાર્તિક ડી. એલ. મુડી કહેતા હતા કે 'બૉસ્ટન શહેરમાં પ્રભુ ઈસુની મારી પ્રથમ મુલાકાત હું કદી જ વીસરી શક્યો નથી.' વર્ષો સુધી તેઓ નામધારી ખ્રિસ્તી હતા ખરા, પણ ઈશ્વરને માટે કોઈ સેવા કરતા ન હતા.

શિકાગો શહેરમાં તે ગયા ત્યારે જુવાનોને પ્રભુ મંદિરમાં મોકલતા, પણ તેમના આત્માના બચાવ માટે તેમને કાંઈ કહેતા ન હતા. એ મંડળીના અન્ય આગેવાનોનું કામ છે એમ તેઓ માનતા. થોડા સમય પછી તેમણે સન્ડે સ્કૂલ શરૂ કરી અને હજાર ઉપરાંત બાળકોની એ સન્ડે સ્કૂલને માટે ગર્વ અને ગૌરવ અનુભવતા, પણ કોઈનું બદલાણ થયું ન હતું. એ સન્ડેસ્કૂલમાં યુવતીઓને માટે બાઇબલ ક્લાસમાં શાસ્ત્રશિક્ષણ આપવામાં આવતું હતું. એક રવિવારે તેમના શિક્ષક માંદા હોવાને લીધે મુડીને શિક્ષણકાર્ય સોંપવામાં આવ્યું. શિક્ષણકાર્યની સેવા પોતે સારી રીતે કરી શક્યા નહિ, તેથી યુવતીઓએ તેમની મજાક કરી.

એક દિવસે યુવતીઓના સન્ડે સ્કૂલના વર્ગ શિક્ષક મુડી કામ કરતા હતા તે સ્ટોરમાં ગયા. ખૂબ જ ફીક્કા અને અશક્ત શિક્ષક કહેવા લાગ્યા : "મારાં ફેફસાં હવે નકામાં થઈ

ગયાં છે. ડૉક્ટરે મને ન્યુયોર્ક સ્ટેટમાં જવાની સૂચના આપી છે. હું હવે મારા પોતાના ઘરે જઈને મૃત્યુને ભેટીશ." તેમની ઊંડી વ્યથા અને નિરાશા જોતાં મુડીએ તેમના દુઃખનું કારણ પૂછ્યું : "ભાઈશ્રી, એ યુવાન બહેનોમાંથી કોઈને હું નવું જીવન પમાડી શક્યો નથી, હા, કોઈને હું પ્રભુ ઈસુ પાસે લાવી શક્યો નથી, તેથી ઊંડું દુઃખ અનુભવું છું. મારે પ્રત્યેક વિદ્યાર્થિનીની મુલાકાત કરવી છે." મુડી તેમની સાથે જવા તૈયાર થયા. એક વિદ્યાર્થિનીના ઘેર તેઓ ગયા અને શિક્ષકે તેને બોલાવી અને તેના આત્મિક જીવન સંબંધી તેની સાથે વાત કરવા લાગ્યા. મુડીએ બહેનના બદલાણ માટે પ્રાર્થના કરાવી. આ પહેલાં મુડીએ આવી રીતે પ્રાર્થના કરી ન હતી. આ રીતે પ્રત્યેક વિદ્યાર્થિનીના ઘરે જઈને તેઓએ પ્રાર્થના કરાવી. દાદરા ચઢ્યા અને ઊતર્યા—પણ પ્રત્યેકની મુલાકાત લીધી. બીજે દિવસે પણ પ્રત્યેક વિદ્યાર્થિનીની તેઓએ મુલાકાત લીધી. દસ દિવસ પછી તે શિક્ષક સ્ટોરમાં આવીને મિ. મુડીને આનંદથી કહેવા લાગ્યા : "ભાઈશ્રી, મારા વર્ગની બધી જ વિદ્યાર્થિનીઓએ પોતાનાં જીવનો પ્રભુ ઈસુને અર્પણ કર્યાં છે." આ સાંભળી તેઓ ખૂબ જ આનંદ કરવા લાગ્યા.

એ શિક્ષક ખૂબ જ શ્રમિત થઈ ગયા હતા. પણ આત્માઓ જીતાયાને લીધે આનંદી દેખાતા હતા. બીજે દિવસે તે શહેર છોડીને જનાર હતા.

તે રાતે બધી વિદ્યાર્થિનીઓને પ્રાર્થના સંગતમાં જોડાવા મુડીએ આમંત્રણ આપ્યું. એ રાતે મુડીને નવીન આત્મિક દર્શન પ્રાપ્ત થયું. પવિત્ર આત્માની આગ સળગી, જે અંત સુધી સળગતી જ રહી. મોટા વેપારી બનવાની તેમની ઇચ્છા દૂર થઈ અને આત્માઓ જીતવાની સેવા શરૂ થઈ. જીવનના અંતિમ દિવસોમાં જીવતા સન્ડે સ્કૂલના એ અર્પિત શિક્ષકે યોહાન ૧૪મો અધ્યાય વાંચી, સૌની સાથે પ્રાર્થના કરી. 'ધન્ય છે ખ્રિસ્તનો પ્રેમ' એ ગીત સૌએ ગાયું અને બધાં ઘૂંટણે પડ્યાં. પ્રત્યેક વિદ્યાર્થિનીએ આભારી હૃદયે આ મહાપ્રેમી શિક્ષકને માટે પ્રાર્થનામાં હૃદય રેડ્યું હતું. આભારી હૃદયે મુડી બોલ્યા : "ઓ ઈશ્વરપિતા, આજ રાતે મને મળેલો આશીર્વાદ હું ગુમાવું તેના કરતાં હું મૃત્યુને ઇચ્છું."

બીજા દિવસની સાંજે શિક્ષક ન્યુયોર્ક જવા નીકળ્યા. મિ. મુડી અને બધી જ વિદ્યાર્થિનીઓ ગુરુને વિદાય આપવા સ્ટેશને આવ્યાં હતાં. ગાડીએ ગતિ પકડી. એ શિક્ષક ઊભા રહી આકાશ તરફ ઊંચો હાથ કરીને કહેવા લાગ્યા : 'આપણે સૌ સ્વર્ગમાં મળીશું.'

આ ભવ્ય વિદાય પ્રસંગે અને ઈશ્વરપિતાને અર્પિત સન્ડેસ્કૂલના એ શિક્ષકે મિ. મુડીના જીવનને નવો વળાંક આપ્યો હતો. વેપારી બની દુન્યવી દ્રવ્ય કમાવાની ઇચ્છા વધસ્તંભ પાસે મૂકી સુવાર્તાની સેવા માટે મુડીએ સુદૃઢ નિર્ણય કરી લીધો હતો. આત્માની

એ જ્યોત જીવનભર જલતી જ રહી.

પ્રિય વાચક મિત્ર, ખ્રિસ્તને ખાતર આત્માઓ જીતવા તમે શું કરો છો ? શું તમે કોઈ કિંમત ચૂકવો છો ?

એક મંડળીનાં ખૂબ સેવાભાવી બહેનને એક દિવસે સ્વપ્ન આવ્યું કે, તે મૃત્યુ પામ્યાં અને સ્વર્ગે ગયાં. સંત પિતરે એક દૂતને બહેનને માટે તૈયાર કરવામાં આવેલા આવાસ તરફ લઈ જવા સૂચવ્યું. માર્ગમાં આગળ વધતાં ઊંચી આકર્ષક મહેલાતો જોઈ બહેને વિચાર્યું કે આમાંની એક તેમને માટે પણ હશે જ ને ! એવામાં એક ખૂબ જ સુંદર મકાન જોઈ તે પૂછયા વિના રહી શક્યાં નહિ : "આ કોનું નિવાસ સ્થાન છે ?" રોબર્ટ મેકચેસની અહીં રહે છે; દૂતે કહ્યું. "એ તો એક સામાન્ય માળી હતો. આવા સુંદર મકાનમાં તેને રહેતાં નહિ ફાવે. તે અને તેની પત્ની સામાન્ય માણસો હતાં, પણ ઈશ્વરને અર્પિત જીવન જીવતાં ખૂબ ઉદાર દાનો આપતાં. પોતાની નહિ, પણ અન્યની ખૂબ ચિંતા કરતાં." એ બહેને કહ્યું.

"હા, પણ પૃથ્વી પર ગરીબીમાં જીવતા એ માળીએ સ્વર્ગમાં એકત્ર કરેલા ખજાનામાંથી અમે આ આવાસ તેમને માટે બાંધ્યો છે. પૃથ્વી પરથી માણસો જે મોકલે તેના વડે જ અહીં રહેઠાણ તૈયાર કરાય છે." "દૂતે કહ્યું. વાતો કરતાં દૂત અને બહેન સાંકડા રસ્તેથી જવા લાગ્યાં. માર્ગ પરની એક નાની ઝૂંપડી તરફ આંગળી ચીંધી બહેને પૂછયું : "આ કોનું મકાન છે ?" "એ તમારું મકાન છે" દૂતે કહ્યું. "મને તો અહીં નહિ ફાવે. પૃથ્વી પરના મારા મકાનમાં તો મોટા મોટા બેડરૂમ છે અને ત્રણ ત્રણ તો નોકરો છે. મારા મિત્રો મને અહીં જોઈને શું ધારશે ?" બહેને કહ્યું.

"બહેન, પૃથ્વી પરથી મોકલવામાં આવેલા માલ સામાન વડે જ અમે ઘર બાંધીએ છીએ, જીવનનાં વર્ષો દરમિયાન તમે મોકલેલી વસ્તુઓ વાપરીને અમે આ ઘર તમારે માટે તૈયાર કર્યું છે."

હા, તો માત્ર સ્વપ્ન હતું, પણ પ્રભુ ઈસુના પુનરાગમન સમયે "આપણ દરેકે શરીરમાં રહીને જે જે ભલું કે ભૂંડું કર્યું હશે (ધોરણ કરતાં ઊતરતાં) તે પ્રમાણે ફળ પામવાને આપણ સર્વને ખ્રિસ્તના ન્યાયાસન આગળ પ્રગટ થવું પડશે. ૨ કોરીંથી ૫ : ૧૦

* * *

ભાઈ, પણ મારી એક વાત સાંભળશો ? મારે એક દીકરો હતો. તે જન્મ્યો ત્યારથી મારે તેની પાછળ ખર્ચ કરવાનો રહેતો. મોટો થતો ગયો, તેમ વધારે ને વધારે ખર્ચ

કરવામાં આવ્યો. કહોને કે મારા પાકીટ પર તે હક કરતો રહ્યો. કૉલેજમાં ગયો, ત્યારે પાકીટ પર વધારે હક કરવા લાગ્યો. પણ હવે તે હક કરતો નથી... મારો દીકરો મૃત્યુ પામ્યો છે. મને હજુ થાય છે કે એ જીવતો હોત તો સારું—મારા પાકીટ પર હક કરતો હોત.'' કહી નિગ્રો ઉપદેશક ઊભા થઈ ચાલવા લાગ્યા. પેલા ભાઈએ આંખમાં આંસુ સાથે પાંચને બદલે પચાસ ડૉલર આપતાં કહ્યું કે, ''તમે દર માસે ખુશીથી દાન લઈ જજો.''

હા, પ્રિય મિત્ર, આપણે જીવન જીવીએ છીએ, ત્યારે ઈશ્વરપિતાના મહિમાર્થે 'બની શકે તેટલું' દાન આપીએ તો કેવું સારું ? આપણા દેશબંધુઓને તારણનો માર્ગ જણાવવા પ્રયત્નશીલ નહિ બનીએ શું ?

* * *

# પ્રાર્થના પરાયણતા

વર્તમાન સમયમાં પ્રાર્થનાપરાયણતાની તાતી જરૂરિયાત છે. આપણે ગમે તેટલી તાકાત ધરાવતાં હોઈએ, પ્રખર જ્ઞાનપૂર્ણ વક્તવ્ય પીરસતાં હોઈએ, પણ પ્રાર્થનામાં સમય ન આપતાં હોઈએ તો સેવા અપૂર્ણ જ રહેવાની.

સુવિખ્યાત સુવાર્તિક ચાર્લ્સ જી, ફીની સુવાર્તાનો પયગામ લઈ જતાં પહેલાં લાંબો સમય ઘૂંટણો પર રહેતા, તેથી જ આત્માઓ જીતવાની અસરકારક સેવાઓ તે આપી શક્યા. એક પ્રસંગે આત્મિક જાગૃતિની એક સભા પૂરી થયા પછી એક ભયંકર મુખવાળા માણસે મિ. ફીનીને પોતાની સાથે આવવા આમંત્રણ આપ્યું. ઘણા માણસોએ તેમને રોકતાં કહ્યું : મિ. ફીની, એ માણસ આ શહેરનો નામીચો ગુંડો છે. કંઈક ખૂન તેણે કરી નાખ્યાં છે. પણ ઈશ્વરપિતાએ મિ. ફીનીના હૃદયમાંથી ડર દૂર કરી તેની સાથે જવા પ્રેરણા આપી. મિ. ફીની બોલ્યા : ''મિત્રો, તે માણસે મને આમંત્રણ આપ્યું છે, તમે અમારા માટે પ્રાર્થનામાં રહેજો.''

રાતના અંધકારને ભેદતાં મિ. ફીની એ ખૂનીને અનુસર્યા. એક ખંડિયેર લાગતા મકાનનું દ્વાર ખોલી ખૂનીએ એ સુવાર્તિકને આવકાર્યા. તે પછી દ્વાર બંધ કરી તાળું માર્યું અને આગળ વધ્યા. મીણબત્તીના પ્રકાશમાં અનેક બંદૂકો અને રિવોલ્વર જોતાં મિ. ફીનીને એ માણસના જીવનનો ખ્યાલ આવી ગયો.

''સાહેબ, હું તો આ શહેર અને વિસ્તારનો નામીચો ગુંડો છું. મહાખૂની છું. આજ રાતે તમારી સભામાં પ્રભુ ઈસુના રક્ત દ્વારા મળતા ઉદ્ધારની વાત મારા હૃદય સોંસરી

ઊતરી ગઈ છે. મારા જેવા મહાપાપીને માટે કાંઈ ઉપાય છે ?" ખૂની બોલ્યો.

હા, ભાઈ, "જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને પ્રભુ ઈસુ વિશ્વાસુ છે." એ તો ઈશ્વરપિતાએ આપેલું અભયવચન છે.

પત્તાંની જોડ કાઢીને તેણે કહ્યું, "હું તો એક ધંધાદારી જુગારીઓ છું અને આ તો જુગારનો અડ્ડો છે. જુગારમાં હારેલા અનેક માણસો અહીં ખૂબ લડ્યા છે, ઘણાએ આત્મહત્યા કરી છે. આવા ભયંકર માણસને શું ઈશ્વર ક્ષમા કરી શકશે ?"

"મિત્ર તમે, ગમે તે પાપ કર્યાં હોય, ઈશ્વરપિતા સમક્ષ પશ્ચાતાપ સાથે કબૂલાત કરવાથી તમારાં બધાં પાપની માફી મળી શકશે. પ્રેમ અને ક્ષમાની સુવાર્તાનો સંદેશો લઈને જ હું આવ્યો છું." ફીનીએ તેના ખભા પર હાથ મૂકતાં કહ્યું.

"અને મિ. ફીની, આ ઉપરાંત આ સ્થળે વગર પરવાનાએ મેં દારૂના વેચાણમાં ધૂમ કમાણી કરી છે, અને ઘણાને દારૂડિયા બનાવી તેમનાં ઘરબાર લૂંટી લીધાં છે -સ્ત્રી-બાળકોને રખડતાં કરી મૂક્યાં છે. શું મને ઈશ્વર માફ કરશે ?"

ઈશ્વરપિતા પ્રત્યેક પાપી પર પ્રેમ કરે છે અને પ્રત્યેક પશ્ચાતાપી પાપીને ક્ષમા આપવા તત્પર છે અને સંપૂર્ણ ક્ષમા આપે છે, એ સમજાવતાં એ મહાગુનેગારને ફીનીએ ખાતરી આપી.

"હું શું કહું ? મારી સુંદર સ્ત્રી અને નાની દીકરી પ્રત્યે હંમેશાં કઠોરતાથી વર્ત્યો છું. દારૂના કેફમાં મેં તેમને માર્યાં છે. અપમાનિત કર્યાં છે કદી જ તેમના પ્રત્યે મેં શબ્દોમાં કે કૃત્યમાં પ્રેમ દર્શાવ્યો નથી. મારા કુટુંબને મેં છિન્નભિન્ન કરી નાખ્યું છે. ખૂની, જુગારિયો, સ્ત્રીને મારનારો, ક્રૂર પિતા, શું મને ક્ષમા મળે ?"

"મિત્ર, બાઈબલનાં જીવંત વચનો કહે છે, તમારાં પાપ જો કે લાલ વસ્ત્રનાં જેવાં હોય, તો પણ તેઓ હિમ સરખાં શ્વેત થશે. જો તે કીરમજના જેવાં રાતાં હોય, તો પણ ઊન સરખાં થશે." હા, ઈશ્વરપિતા તમારાં પાપ માફ કરશે જ." તે પછી તેઓ પ્રાર્થનામાં ઘૂંટણે પડ્યા. પાપકબૂલાત દ્વારા તેના મનમાં તારણની ખાતરીનો અનુભવ પામ્યો. મિ. ફીની ત્યાંથી વિદાય થયા બાદ, એ માણસે પત્તાંની જોડ અગ્નિમાં બાળી નાખી; બાટલીઓ અને ટીનનો દારૂ ગટરમાં ઢોળી દીધો, ઈશ્વરપિતા સમક્ષ તેના વાંકા માર્ગો સીધા કરાયા. એ રાતે તે ઊંઘી શક્યો નહિ.

પરોઢ થતાં તે ઘરે પહોંચ્યો. તેના પલંગ પર વિચારતો બેઠો હતો તેવામાં ચ્હાનાસ્તો તૈયાર થતાં નાની દીકરીએ પિતાને બોલાવ્યા. બહુ પ્રેમથી બોલીને તેણે કહ્યું "બેટા, આજે બાપાને ચ્હા નથી પીવી." દીકરી દોડી ગઈ અને બાપાએ તેની સાથે કેવા પ્રેમથી

વાત કરી તે જણાવ્યું. માએ ફરી દીકરીને મોકલી. બાપાએ દીકરીને ખોળામાં બેસાડી. પાછળથી મા પણ આવ્યાં. એ ક્રૂર પતિ-અને ક્રૂર પિતાએ પત્ની અને પુત્રીની ક્ષમા માગતાં આનંદનાં આંસુ વહી ચાલ્યાં અને એ ત્રણેએ સૌ પ્રથમ કૌટુંબિક પ્રાર્થના કરી, ઈશ્વર પિતાને આભારસ્તુતિનાં અર્પણો ચઢાવ્યાં.

હા, પ્રિય વાચક મિત્ર, ઈશ્વરપિતાનું કાર્ય ઈશ્વરપિતાનું સામર્થ્ય પામ્યા વિના કરવું એ મૂર્ખાઈભર્યું છે, એ ડી.એલ. મુડીના શબ્દો સદા યાદ રાખતાં ઈશ્વરપિતાએ આપણને સોંપેલી સેવા અને આપણું કાર્ય પ્રાર્થના સહિત ચાલુ રાખીએ તો કેવું સારું !

પ્રાર્થના કરતી વ્યક્તિને જોઈને શેતાન નાસી જાય છે. શેતાન આપણને અન્ય રસ્તે ચઢાવી દઈ પ્રાર્થના કરતાં અટકાવે છે. બાઈબલમાં પ્રાર્થનાપરાયણ વ્યક્તિઓનાં અનેક ઉદાહરણો દ્વારા આપણે પ્રાર્થના પરાયણતા કેળવીએ તો કેવું સારું ! પ્રભુ ઈસુએ પ્રાર્થનાને કેવું મહત્ત્વ આપ્યું છે !

પ્રાર્થનાપરાયણ માણસો આત્મિક સામર્થ્યથી ભરપૂર હોય છે. પ્રાર્થનાપરાયણ બ્રેઈનર્ડ સુવાર્તિક સંદેશો આપ્યા પહેલાં અને સંદેશો આપ્યા પછી પ્રાર્થના કરતા હતા. દિવસે અને રાતે પ્રાર્થના કરતા, જંગલોમાંથી પસાર થતાં કે પરાળની પથારી પર આરામ કરતાં તે પ્રાર્થના કરતા. ભરચક વસ્તી કે પછી એકાંતમાં, દિવસના કેટલાએ કલાકો તે પ્રાર્થનામાં ગાળતા. વહેલી સવારે ને મોડી રાતે ઘૂંટણો પર રહેતા. ઈશ્વરપિતાની સાથે સતત સંગતમાં રહેતાં પ્રાર્થના દ્વારા જ તે વિજયવંત ખ્રિસ્તીજીવન જીવ્યા. આવાં અનેક પ્રાર્થનાપરાયણ માણસોનાં જીવનો પ્રાર્થના કરવા માટે આપણને પડકાર નથી આપતાં શું ?

પ્રાર્થના સંબંધી અનેક પુસ્તકો લખાયાં છે. માત્ર તે વાંચીએ એટલું જ નહિ, પણ દૈનિક જીવનમાં પ્રાર્થના દ્વારા ઈશ્વરપિતાની નિકટ સંગત રાખતાં આશીર્વાદિત થઈ અન્યને આશીર્વાદિત બનાવીએ.

પ્રિય વાચક મિત્ર, ઈશ્વરપિતાએ તમને સોંપેલી જવાબદારી પ્રાર્થના સહિત અદા કરો છો શું ?

* * *

# આભારસ્તુતિ પર્વ

બાઈબલમાં આભારસ્તુતિ કરવા વિશે ઘણું લખવામાં આવ્યું છે. ભક્ત દાઉદે જીવનના સર્વ સંજોગો અને પ્રસંગોમાં આભારસ્તુતિ કરતાં ઈશ્વરપિતાને મહિમા આપ્યો છે. પિતાનાં ઘેટાં-બકરાં સાચવનારા દાઉદને ઈશ્વરપિતાએ રાજ્યાસન પર બેસાડ્યો તે વાત તે વીસરી ગયો ન હતો. ઘેટાં-બકરાં સાચવતાં કુદરતને ખોળે ખેલનાર દાઉદે સર્વત્ર સર્વ સમયે ઈશ્વરપિતાનું અદ્‌ભુત પરાક્રમ નિહાળ્યું હતું. આ સર્વ બાબતો માટે દાઉદે ઈશ્વરપિતાને આભારસ્તુતિનાં અર્પણો ચઢાવ્યાં. ગીતશાસ્ત્રનાં ગીતોનો અભ્યાસ કરતાં કરતાં ભક્ત દાઉદના આભારવશ હૃદય વિશે આપણે વધુ સમજી શકીએ છીએ. એ ગીતો દ્વારા ભક્ત દાઉદ આપણને પણ આભારી હૃદય કેળવવાનો પડકાર આપે છે. સાજા કરાયેલા દશ રક્તપિત્તિયામાંનો એક આભારી હૃદયે પ્રભુ ઈસુનો આભાર માનવા પાછો ફર્યો. તેનો આભારીભાવ પ્રભુ ઈસુએ બિરદાવ્યો. સંત પાઉલ પોતાના પત્રો દ્વારા સર્વ સંજોગોમાં આભારસ્તુતિ કરવા આપણને આહ્‌વાન આપે છે.

પ્રિય વાચક મિત્રો, શું તમારું હૃદય ઈશ્વરપિતા પ્રત્યે આભારવશ છે ! એ આભાર તમે કંઈ રીતે પ્રગટ કરો છો ! "જગતમાં ગણાતા ઘણા જ્ઞાનીઓને, ઘણા પરાક્રમીઓને, ઘણા કુલીનોને તેડવામાં આવ્યા નથી, પણ દેવે જ્ઞાનીઓને શરમાવવા સારુ જગતના મૂર્ખોને પસંદ કર્યા છે અને શક્તિમાનોને શરમાવવા સારુ જગતના નિર્બળોને પસંદ કર્યા છે અને જેઓ મોટા મનાય છે તેઓને નહિ જેવા કરવા સારુ દેવે જગતના અકુલીનોને, ધિક્કાર પામેલાઓને તથા જેઓ કંઈ વિસાતમાં નથી, તેઓને પસંદ કર્યા છે." ઈશ્વરપિતાની એ પસંદગીમાં તમારો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, એ યાદ રાખતાં શું તમે આભારસ્તુતિનાં અર્પણો ચઢાવો છો ! અન્ય માણસોનાં જીવનો બચાવવા તમે શું કરો છો ?

થોભો, અને વિચારો. તમારી સાથેનાં, તમારાં કુટુંબીજનો, કેટલાંએ આ વર્ષમાં આકસ્મિક વિદાય લીધી ! ઈશ્વરપિતાએ તમને હયાત રાખ્યાં છે. જીવન જીવવાની નવી તક આપી છે, શા માટે ? શું તમારું હૃદય આભારથી ઊભરાય છે ? આ વહી જતા વર્ષમાં આભારસ્તુતિનાં અર્પણો ચઢાવવાની હજુ તક છે.

**તમારી જીવન-ઘડિયાળમાં કેટલા વાગ્યા છે ?** એક લેખકે જીવનના ઘડિયાળનો સમય આ પ્રમાણે દર્શાવ્યો છે, ૧૫ વર્ષની ઉંમરે સવારના ૧૦:૨૫, ૨૫ વર્ષની ઉંમરે, બપોરના ૧૨:૪૨, ૩૫ વર્ષ બપોર પછી ૩:૦૦, ૪૫ વર્ષ - સાંજના ૫-૧૬, ૫૫ વર્ષ સાંજના ૭:૩૪, ૬૫ વર્ષ રાતના ૯:૫૫, ૭૦ વર્ષ-રાતના ૧૧:૦૦ અને ઘડિયાળ કદાચ બંધ પડી જાય તો ? પ્રિય મિત્ર, વર્તમાન સમયમાં જીવનો કેવાં અનિશ્ચિત બની ગયાં છે ? માનવી હૃદયમાંથી પ્રેમ, શાંતિ, સહાનુભૂતિ, ભ્રાતૃભાવ-એ સર્વ લોપ થતાં જાય છે. ત્યારે ખ્રિસ્તી વ્યક્તિ તરીકે ઈશ્વરપિતા આપણી પાસે મોટી આશા રાખે છે ઈશ્વરપિતાને

માટે અને અન્યના ઉત્કર્ષને માટે તમે કેટલો સમય આપો છો ? શું તમારી તંદુરસ્તી સારી છે ? તમારા શરીરની પ્રક્રિયાઓ બરાબર ચાલે છે ? તો ઈશ્વરપિતાનો આભાર માનતાં તમારા શરીર વડે ઈશ્વરપિતાનો મહિમા કરો, કોઈ હૉસ્પિટલની મુલાકાત લેવાથી તમારી તંદુરસ્તી માટે ઈશ્વરપિતાનો આભાર માન્યા વિના તમે રહી શકશો જ નહિ.

શું તમે નોકરી, વ્યવસાય કરો છો ? તમારી આજુબાજુ કેટલાં બેકાર માણસો છે ? ઈશ્વરપિતાએ તમને પોતાનું મકાન, વાહન, ફ્રીઝ, ટી.વી. અને એવાં અનેક ભૌતિક વાનાંઓ આપ્યાં છે ? સાવધાન રહેજો. આ ભૌતિક વાનાંઓ તમને ઈશ્વરપિતાથી દૂર ન લઈ જાય તેને માટે. વર્તમાન સમયમાં ટી.વી. તમારો કેટલો સમય લઈ લે છે ? અગાઉ રવિવારની સાંજ તમે માંદાં દુઃખીની કે મિત્રોની મુલાકાત, સુવાર્તાપ્રચાર કે એવા કોઈ ઉપયોગી કાર્યમાં વાપરતા હતા. હવે ટી.વી. તમારો એ સમય લઈ લે છે શું ? ઈશ્વરપિતાના મહિમાર્થે તમે કેટલાં દાન-દશાંશ આપો છે ? પ્રભુ ઈસુનું પુનરાગમન થશે કે પછી તમને ઈશ્વરપિતા તેડાવી લેશે, ત્યારે અફસોસ કરવાનું કારણ તો નહિ રહેને !

લંડનના પ્રભુ ઈસુને અર્પિત એવા એક ધનિક ડૉક્ટરને ત્યાં જોન નામનો જુવાન નોકર હતો. ડૉક્ટરને ત્યાં વારંવાર ધાર્મિક મીટીંગો મળતી. એક સભામાં હાજર રહેલાં સર્વને ડૉક્ટરે પ્રભુ ઈસુના પુનરાગમનની વાત જણાવતાં કહ્યું : "મિત્રો, પ્રભુ ઈસુને અર્પિત વ્યક્તિઓને જ પ્રભુ ઈસુ પોતાની સાથે લઈ જશે." બીજાં અહીં જ રહી જશે. સભા પૂરી થયા પછી ડૉક્ટર જોનને કહેવા લાગ્યા "જોન, મારા મૃત્યુ પહેલાં પ્રભુ ઈસુનું આવવું થાય તો પ્રભુ ઈસુ મને તેમની સાથે લઈ જશે, તેથી મારી માલમિલ્કત મારે કશા ખપની નહિ રહે, તું એ બધું વાપરજે," જોનના આનંદનો પાર રહ્યો નહિ. બસ મઝા જ મઝા ! પણ તે રાતે તેને ઊંઘ જ ન આવી. શેઠની આટલી ઉદારતાનું શું કારણ ! એવામાં તેના મનમાં વિચાર ઝબક્યો, "પ્રભુ ઈસુનું પુનરાગમન થાય પછી આ સુંદર બંગલો, મોટરકાર, ટી.વી. રાસરચીલું મારે પણ શા ખપનાં ! પ્રભુ ઈસુ મને ન લઈ જાય અને હું અહીં જ રહી જાઉં એ તો કેવું ભયંકર કહેવાય !" અને તે વહેલી સવારે તેણે ડૉક્ટર સાહેબને ત્યાં જઈ બારણું ખટખટાવ્યું. "સાહેબ, મારે પણ પ્રભુ ઈસુના પુનરાગમન સમયે પ્રભુ ઈસુની સાથે જ જવું છે, મારે આપનો બંગલો વગેરે કાંઈ જ જોઈતું નથી." તે જ ઘડીએ પ્રભુ ઈસુનો સ્વીકાર કરી તે તારણ પામ્યો.

પ્રિય વાચક મિત્ર, પ્રભુ ઈસુના પુનરાગમન વેળા પ્રભુ ઈસુ તરફથી તમે કેવું ઈનામ પામવા ઈચ્છો છો ? મંડળી બાંધવામાં અને ઈશ્વરપિતાના રાજ્યના વિસ્તરણમાં તમારો ફાળો કેવો છે ?

**વિનંતી :** ઈશ્વરપિતાના અનેક આશીર્વાદો સંભારતાં આભાર માનવા પ્રત્યેક મંડળી આભારસ્તુતિ પર્વની ઉજવણી કરવા અને આત્માઓ જીતવાના કાર્યમાં પોતાનો કીમતી ફાળો આપવા શું ઉત્તમ આયોજન નહિ કરે !

* * *

# ખ્રિસ્તી મંડળીનું મહત્ત્વ

"પચાસમાનો દિવસ" ખ્રિસ્તી મંડળીનો જન્મદિવસ છે. ઉત્થાન પામેલા પ્રભુ ઈસુના સ્વર્ગારોહણ પછી પચાસમાના દિવસે પવિત્ર આત્મા શિષ્યો પર ઊતર્યો અને પિતરે પવિત્ર આત્માથી ભરપૂર થઈને યોએલ પયગંબર અને દાઉદે ભાખેલાં ભવિષ્ય કથનોથી માંડીને પ્રભુ ઈસુના વધસ્તંભ, પુનરુત્થાન અને સ્વર્ગગમન વિષેની બાબતોની સ્પષ્ટ અને અસરકારક સાક્ષી આપી. એ સાક્ષી સાંભળતાં શ્રોતાઓનાં મન વીંધાઈ ગયાં ને ત્રણ હજાર માણસો વિશ્વાસ કરનારની સંગતમાં ઉમેરાયાં. તે પછી સુંદર નામના દરવાજા પાસે ભીખ માગનાર જન્મથી લંગડા માણસને સાજો કર્યા પછી પિતરે પ્રભુ ઈસુ સંબંધી એવી સચોટ સાક્ષી આપી કે તે સમયે પણ ઘણા લોકોએ વિશ્વાસ કર્યો અને વિશ્વાસ કરનારની સંખ્યા આશરે પાંચ હજારની થઈ. આમ, ખ્રિસ્તી મંડળીની શરૂઆત થઈ.

પ્રાચીન ખ્રિસ્તીઓમાંનો પ્રેમ, ભ્રાતૃભાવ, આનંદ ભર્યું વિશ્વાસયુક્ત જીવન આપણે માટે કેવું પડકારયુક્ત છે ! તેમના આવા જીવનનું કારણ એ હતું કે તેઓ પવિત્ર આત્માથી ભરપૂર હતા. વિજયવંત ખ્રિસ્તી જીવન જીવતાં તેઓ વધસ્તંભે જડાયેલા અને પુનરુત્થાન પામેલાં પ્રભુ ઈસુને પોતાના જીવન દ્વારા પ્રગટ કરતા હતા.

**પચાસી પર્વનો દિવસ** એ ખ્રિસ્તી મંડળીનો જન્મ દિવસ છે. પ્રથમની સદીથી માંડીને આ એકવીસમી સદીમાં ખ્રિસ્તી મંડળી ઈશ્વરપિતાની કૃપાએ વિકાસ સાધી શકી છે. પચાસમાનો દિવસ પ્રત્યેક મંડળી પ્રાર્થનાના દિવસ તરીકે અને મંડળીની વર્ષગાંઠ તરીકે ઊજવે એ ઈચ્છવા યોગ્ય છે. બાઈબલ સોસાયટી તરફથી આ દિવસની ઉજવણી અંગે આયોજેલો કાર્યક્રમ ઉજવણીમાં મદદરૂપ થઈ શકે. ઈશ્વરપિતાને અર્પિત પ્રત્યેક જીવનમાં પવિત્ર આત્માનું કાર્ય શરૂ થાય છે. પ્રાર્થનાપરાયણ જીવનમાં પવિત્ર આત્માનું કાર્ય પ્રદિપ્ત બનતું જાય છે. મંડળીની સુવ્યવસ્થાને માટે આપણે ઈશ્વર-પિતાનો આભાર માનીએ તેટલો ઓછો છે.

**મંડળીના આત્મિક જીવનમાં વૃદ્ધિ :** પ્રત્યેક રવિવારે પાળક સાહેબે પ્રાર્થનાસહિત આયોજેલી ઈશ્વર-આરાધના દ્વારા મંડળીના સભાસદો આત્મિક જીવનમાં વૃદ્ધિ પામી શકે છે. પ્રાર્થના, બાઈબલ વાચન, ભજનો, સંદેશો, દાન-એ સર્વ દ્વારા ભજનિકો આત્મિક ઉત્તેજન પામી શકે છે. બાઈબલ આધારિત બાઈબલ-ખુલાસા તેમ જ વર્તમાન અજંપાભર્યા સમયમાં ખ્રિસ્તી જીવન જીવવા માટે માર્ગદર્શન પમાડતા સંદેશા વ્યક્તિને માટે ખૂબ જ મદદરૂપ નીવડે છે.

સપ્તાહ દરમિયાન મંડળી તરફથી પ્રાર્થના મીટીંગનું આયોજન કરવું જોઈએ. જુદા

જુદા વિસ્તારમાં વસતાં કુટુંબો માટે પ્રાર્થના સંગત સભાનું આયોજન પણ યોજી શકાય. બાઈબલ અભ્યાસનાં જૂથો પણ રચી શકાય.

ખ્રિસ્તી સાહિત્ય ખ્રિસ્તી જીવનમાં મહત્વનો ભાગ ભજવી શકે છે તેથી ખ્રિસ્તી સામયિકો અને ખ્રિસ્તી પુસ્તકો મેળવવા પ્રત્યેક મંડળીમાં બુક સ્ટોલની વ્યવસ્થા કરવી જોઈએ, જેથી મંડળીનાં કુટુંબો સરળતાથી ખ્રિસ્તી સાહિત્ય પ્રાપ્ત કરી શકે. પ્રત્યેક કુટુંબ પોતાની નાની લાયબ્રેરી શરૂ કરે માટે પાળક સાહેબ ઉત્તેજન આપી શકે. મંડળીએ પોતાના સભ્યોને સારું ખ્રિસ્તી સાહિત્ય પૂરું પાડવાની જવાબદારી વિશ્વાસુ પણે અદા કરવી જોઈએ અને દર વર્ષે આ પેટે બજેટમાં અમુક રકમ ફાળવવી જ જોઈએ.

**સમાચારપત્ર :** ઘણી મંડળીઓ પ્રતિમાસ છપાવીને કે સાયક્લોસ્ટાઈલ્ડ સમાચારપત્ર પ્રસિદ્ધ કરે છે તે ખૂબ પ્રશંસનીય છે. તેમ કરવાથી ગત સમય દરમિયાન થયેલા કાર્યની સમીક્ષા, ટૂંક મનન આગામી માસનો કાર્યક્રમ, પ્રાર્થનાની વિનંતીઓ, માસ દરમિયાન મળેલાં દાન, સભાસદોની વર્ષગાંઠની યાદી, ઉત્તેજનદાયક બાબતો-વગેરે વિશે સભાસદો જાણકાર બને છે. મંડળીથી દૂર અને પરદેશમાં વસતાં કુટુંબોને માટે સમાચારપત્ર ખૂબ મહત્વનું બની જાય છે. સપ્તાહ દરમિયાન અપાયેલા દાનની વિગતો પુલ્પીટ પરથી જણાવવાને બદલે આ સમાચારપત્ર દ્વારા જણાવવામાં આવે તે ઈચ્છવાયોગ્ય છે.

**વ્યક્તિગત સાક્ષી-પ્રત્યેક સભાસદ મિશનેરી બની જાય :** કોઈ એકાદ મિશનેરી નીમી તેનું પોષણ મંડળી કરે એના કરતાં વધુ મહત્વનું એ છે કે મંડળીનો પ્રત્યેક સભાસદ **'સાક્ષી'** બને અને ઈસુ વિષે બીજાને જણાવે એ છે.

**પ્રત્યેક વ્યક્તિનું મહત્વ :** મંડળીના દફતરે નામ હોય તેટલું જ પૂરતું નથી, પણ પ્રત્યેક સભાસદ પ્રભુ ઈસુને અંગત તારનાર તરીકે સ્વીકારી નવાં જન્મના અનુભવમાં આવે તેવો પ્રયત્ન કરવો જરૂરનું છે. મંડળીના આગેવાનો જ માત્ર નહિ, પણ પ્રત્યેક સામાન્ય સભાસદનું મંડળીમાં મહત્વનું સ્થાન છે, તેવો ખ્યાલ આપવો એ અગત્યનું છે, કૌટુંબિક મુલાકાત દ્વારા પાળક સાહેબ કુટુંબના સભાસદોને આત્મિક ઉત્તેજન આપી શકે છે. સમગ્ર મંડળીમાં કૌટુંબિક ભાવના કેળવવામાં પાળક સાહેબની આ મુલાકાત ખૂબ જ મહત્વની બની રહે છે.

પ્રભુ ઈસુ વ્યક્તિના અંગત જીવનમાં રસ લઈ ઉત્તેજન આપતા હતા, તેમ પાળક-સાહેબ મંડળીના સભાસદોમાં અંગત રસ લે એ જરૂરનું છે. વિશ્વ વિખ્યાત ડૉ. જે. વિલ્બર ચેપમેન એક સાથી પાળક મિત્ર સાથે એક વાર રસ્તા પરથી જતા હતા. પાળક મિત્રે પૂછ્યું "ભાઈશ્રી, કોઈ વ્યક્તિ સાથે અંગત વાત કરવા મન પર બોજ હોય તો શું કરવું?" "તેની સાથે વાત કરવી જોઈએ" ડૉ. ચેપમેને કહ્યું.

'પણ છેલ્લાં તેર વર્ષથી તે ભાઈ પ્રભુમંદિરમાં આવતા જ નથી તો શું કરવું ?' પાળકે પૂછ્યું, "તેનો કાંઈ વાંધો નહિ, તેની સાથે વાત કરવી જ જોઈએ ડૉક્ટરે ભારપૂર્વક કહ્યું. આ પછી પેલા પાળકસાહેબ તેમના એ સભાસદના ઘેર ગયા. સભાસદે પ્રેમપૂર્વક આવકાર કરતાં કહ્યું. "આવો પાળક સાહેબ, આજે આખો દિવસ મેં આપને યાદ કર્યા મને મનમાં થતું હતું કે આપ આવશો."

પાળકસાહેબે તે ભાઈની સાથે અંગત વાતચીત કરી અને તેમને પ્રભુ ઈસુ પાસે દોરી લાવ્યા તે સભાસદે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો. એક વર્ષ પછી તે જ સભાસદે પાળક સાહેબને તાકીદનું તેડું. મોકલી બોલાવ્યા "પાળક સાહેબ, આપ તે દિવસે મારી મુલાકાતે આવ્યા તેથી હું આપનો આભારી છું. આપ આવ્યા ન હોત, તો મેં પ્રભુ ઈસુને મારા તારનાર તરીકે સ્વીકાર્યા ન હોત. આજે હું આનંદથી પ્રભુ ઈસુ પાસે જાઉં છું." કહી તે 'ઈસુ મુજ આત્માના વહાલ' ગીત ગાતાં ગાતાં પ્રભુમાં ઊંઘી ગયા.

આ પછી પાળકસાહેબે ડૉ. ચેપમેન પર તે ભાઈના આનંદજનક મૃત્યુ પ્રસંગ સંબંધી પત્ર પાઠવતાં લખ્યું "ઈશ્વરપિતાની મદદ માટે હું ખૂબ આભારી છું. આત્મા જીતવા માટે હવે પછી હું કદી ઢીલ કરીશ નહિ." આ પત્ર પર પાળકસાહેબની આંખોમાંથી ટપકેલાં આંસુનાં નિશાન હતાં.

હા, પ્રિય વાચકમિત્ર, ઈશ્વરપિતાની સહાય વડે અન્ય વ્યક્તિને બચાવવા માટે પ્રયત્નશીલ બનવાની કેટલી જરૂર છે ?

* * *

# સન્ડે સ્કૂલ – રવિશાળા

**સન્ડે સ્કૂલની શરૂઆત :** સને ૧૭૮૦ની સાલની એક અંધારી રાતે ઇંગ્લેન્ડના ગ્લોસેસ્ટર શહેરના એક ધનિક ગૃહસ્થ મિ. રોબર્ટ રાઈક્સ એક ગંદા વસવાટની શેરીમાંથી પસાર થતા હતા. આગળ તેમનો નોકર ફાનસ લઈને ચાલતો હતો. આ સમયે ત્યાં રમતાં તોફાની બાળકો ગમે તેમ અપશબ્દ બોલવા લાગ્યાં અને એક બાળકે તો તેમના તરફ કાદવ ફેંક્યો. તોફાની બાળકોએ તોફાન કરવામાં બાકી રાખ્યું નહિ.

શેરીમાં થતો ઘોંઘાટ સાંભળી એક બહેન બહાર આવ્યાં. તેમની આગળ રાઈક્સ આ તોફાની બાળકો વિશે ફરિયાદ કરતાં કહેવા લાગ્યા, "આ બાળકોનાં માતાપિતાએ બાળકો વિશે કાંઈ જ કાળજી રાખી નથી." આ સાંભળીને તે બહેન કહેવા લાગ્યાં, "સાહેબ, આખા સપ્તાહ દરમિયાન આ બાળકો આખો દિવસ કારખાનાંઓમાં કામ કરે

છે. તેથી રવિવાર તેઓ આમ તોફાન મસ્તીમાં જ વિતાવે છે.''

બીજા રવિવારે રાઈકસ ફરી તે જ સ્થળે ગયા. ત્યાં મોટા છોકરાઓ અંદર અંદર લડતા હતા. છ વર્ષની ઉંમરથી જ આ બાળકોને કારખાનાઓમાં મૂકવામાં આવતાં હતાં. દરરોજ બાર કલાકનું સખત કામ કર્યા પછી રવિવાર તોફાન મસ્તીમાં જ પસાર કરતાં. એંસી ટકા છોકરાઓ તો ગુનાહિત કૃત્યોને લીધે જેલમાં જતા.

રાઈકસે આવાં બાળકોને રવિવારે એકત્ર કર્યાં. ચોકલેટ વગેરે મળવાથી બાળકો આવવા લાગ્યાં. મિસિસ કીંગ નામનાં બાનુને ત્યાં દર રવિવારે શાસ્ત્ર શિક્ષણ આપવાનું શરૂ કર્યું. બાર છોકરાઓથી શરૂ કરેલી આ રવિશાળાનો ધીમે ધીમે વિકાસ થતો ગયો. ચીંથરેહાલ અણઘડ બાળકો ધીમે ધીમે વ્યવસ્થિત અને શિસ્તબદ્ધ જીવન જીવવા લાગ્યાં. બાળકોનાં માતાપિતાની અંગત મુલાકાત લેવાથી તેમનાં જીવનો પણ બદલાયાં. આ રવિશાળા વધુ વ્યવસ્થિત થતી ગઈ અને આજે તો વિશ્વભરમાં હજારો બાળકો રવિશાળાનો લાભ લે છે.

દસ બાર વર્ષો પહેલાં ગુજરાતની હોસ્ટેલોનાં ઘણાં બાળકોની ફી આયર્લાન્ડની સન્ડે સ્કૂલનાં બાળકો તરફથી ભરવામાં આવતી હતી. એ બાળકો પોતાની ગજવાખર્ચીમાંથી કે પછી ખાંડ વિનાની ચ્હા પીવાનું પસંદ કરીને ત્યાગ ભર્યાં દાન મોકલતાં અને ગુજરાતમાં ઘણાં બાળકોને શિક્ષણ પ્રાપ્ત કરવામાં મદદરૂપ થતાં.

**સન્ડે સ્કૂલની અસરો :** ન્યુયોર્ક શહેરના એક વેપારી એક સન્ડે સ્કૂલમાં બાળકોને શીખવતા હતા. એક સમયે સન્ડે સ્કૂલની મોટી સભામાં પ્રવચન આપતાં તેમણે કહ્યું, એક રવિવારની સવારે નવાં બાળકોને સન્ડે સ્કૂલના વર્ગમાં લાવવા હું રસ્તા પરથી પસાર થતો હતો, ત્યારે એક ગરીબ છોકરાને મેં રસ્તાની બાજુ પર ઊભેલો જોયો. અસ્તવ્યસ્ત વાળ અને અસ્વચ્છ કપડાં પહેરેલા એ ગરીબ છોકરાને મેં સન્ડે સ્કૂલમાં આવવા આમંત્રણ આપ્યું. તેણે કહ્યું કે, ''સાહેબ, તમે જાઓ. મારે તો સારા બનવું નથી હું તો ખૂબ ભૂખ્યો છું. મેં તેને નાસ્તો લાવી આપ્યો, તે ઝડપથી ખાઈ ગયો. પછી તે મારી સાથે સન્ડે સ્કૂલમાં આવ્યો.

માયાળુ શિક્ષિકાબહેને તેના પ્રત્યે ખૂબ પ્રેમ બતાવ્યો તેથી તે ખૂબ ખુશી થયો અને તેના જેવા બીજા છોકરાઓને પણ લઈ આવ્યો. નિયમિત સન્ડે સ્કૂલમાં આવવાથી તેનું જીવન બદલાઈ ગયું. હવે તો વર્ષો વીતી ગયાં છે અને આ પછી આ વિદ્યાર્થીને હું મળી શક્યો નથી, પણ મારી ખાતરી છે કે તે જીવનમાં પ્રગતિ પામ્યો જ હશે.

આ સાંભળી એક પ્રભાવશાળી સદગૃહસ્થ ઊભા થયા અને કહેવા લાગ્યા : 'મિત્રો, હું જ તે ગરીબ છોકરો છું. ઈશ્વરપિતાની કૃપાએ હું હવે ખૂબ પ્રગતિ પામ્યો છું, ૫૦૦

એકર જમીન મારી પાસે છે. ખુબ પશુધન પણ મારી પાસે છે. મારા આ મિત્ર મારા મહેમાન બનશે તો મને ખૂબ આનંદ થશે. હું અહીંની એક સન્ડે સ્કૂલનો સુપ્રીન્ટેન્ડેન્ટ છું. ન્યુયોર્કની સન્ડે સ્કૂલમાં પ્રભુ ઈસુની ઓળખ કરાવવા લઈ જનાર આજના મુખ્ય મહેમાનનો હું ખૂબ જ આભારી છું.' કેવી અજાયબ સાક્ષી ?

સન્ડે સ્કૂલમાં જનાર અને બાલ્યાવસ્થાથી જ પ્રભુ ઈસુને અંગત રીતે ઓળખનાર વ્યક્તિ જીવનમાં પોતે આશીર્વાદિત બની અન્યને પણ આશીર્વાદિત બનાવે છે.

આપણું યુવાનધન વેડફાઈ ન જાય, માટે તેમના માટે સન્ડે સ્કૂલની ખાસ વ્યવસ્થા વિચારવામાં આવે તો કેવું સારું !

જોસફ બાલ્યાવસ્થાથી અપંગ હતો, તેના તરફ કોઈ ધ્યાન આપતું ન હતું. એક દિવસે તેને સન્ડે સ્કૂલમાં લઈ જવામાં આવ્યો, પણ શિક્ષિકાબહેને અપંગ જોસફ તરફ કાંઈ ધ્યાન આપ્યું નહિ અને બાળકો પણ તેની મશ્કરી કરવા લાગ્યાં.

આમ થવાને લીધેં મંડળી પ્રત્યે જોસફનું મન તિરસ્કાર અને કટૂતાથી ભરપૂર બન્યું. ખ્રિસ્તીઓ અને પ્રભુ ઈસુ પ્રત્યે પણ તેના મનમાં અભાવ-અપ્રેમ થઈ ગયો.

આમ છતાં જોસફે વિદ્યાભ્યાસ જારી રાખ્યો અને તેજસ્વી વિદ્યાર્થી તરીકે આગળ વધતો ગયો. આખરે હેડલબર્ગ યુનિ.માંથી પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી.

એક દિવસે એક માણસે પ્રેમથી તેના ખભા પર હાથ મૂકી કહ્યું કે, "જોસફ, આપણે બંને મળીને ઘણું કામ કરી શકીએ." જોસફે તે માણસની વિનંતી સ્વીકારી લીધી. જર્મનીમાં એડોલ્ફ હિટલરને માટેનું પ્રચારકાર્ય તે કરવા લાગ્યો.

સન્ડે સ્કૂલનાં શિક્ષિકાબહેને પોતાની જવાબદારી યોગ્ય રીતે ન બજાવી તેથી જોસફ ગોબલ્સ પ્રભુ ઈસુનો પ્રચારક બનવાને બદલે નાઝીઓનો પ્રચારક બન્યો ! કેવું દુ:ખદ !

**સન્ડે સ્કૂલના શિક્ષકો માટે અગત્યનું** - (લૂક ૧૫ : ૪-૬ ને આધારે)

૧. ૯૯ ટકા હાજરી હોય, પણ એક જણ, ગેરહાજર હોય તેની ચિંતા રાખો.
૨. સન્ડે સ્કૂલમાં ગેરહાજર રહેતા બાળક માટે તમારી પોતાની જવાબદારી અને ફરજ છે એ સમજો.
૩. તેના માટેના પ્રયત્ન મૂકી દેશો નહિ તેને પાછો મેળવવા બની શકે તેટલો પ્રયત્ન કરશો.
૪. બાળક પ્રભુ ઈસુના વાડામાં આવે, ત્યાં સુધી જંપીને બેસશો નહિ.
૫. બાળક પ્રભુ ઈસુ પાસે પાછું આવે આ મહા આનંદમાં અન્યને સહભાગી બનાવો.

* * *

# બાઇબલ અને મંડળીનો આત્મિક વિકાસ

વ્યક્તિ અને કુટુંબના આત્મિક જીવન વિકાસમાં બાઇબલનું સ્થાન પ્રથમ છે, તેમજ મંડળીના આત્મિક વિકાસમાં બાઇબલનું સ્થાન સૌથી મહત્ત્વનું-પ્રથમનું છે. રવિવારની ભક્તિસભાનું આયોજન પ્રાર્થનાપૂર્વક કરવામાં આવે તો ખૂબ જ અસરકારક બની રહે. ભજનિકો ઈશ્વરપિતાની અને એકબીજાની ખ્રિસ્તીસંગત માણવા પૂરી તૈયારી સાથે આવી ઊલટથી ભાગ લે અને આત્મિક જીવનમાં વિકાસ સાધી આશીર્વાદિત બની શકે.

રવિવારની ભજનસેવા ખૂબ જ ભક્તિવર્ધક અને અર્થપૂર્ણ બની રહે તો ભજનિકો ઊલટથી તેમાં ભાગ લે. સપ્તાહ દરમિયાન નોકરીએ જતાં માણસો ઘણીવાર રવિવારે વહેલાં ઊઠીને સમયસર આવી શકતાં નથી. 'રાજાઓના રાજા' અને 'પ્રભુઓના પ્રભુ'નું ભજન કરવાની ઉત્સુકતા મંડળીના સભાસદોમાં જગવવાની કેટલી જરૂર છે ? ગીતો, સ્તોત્રો, પ્રાર્થના, બાઇબલવાચન, સંદેશો, દાન, એ સર્વમાં ભક્તિભાવ વધારવાની અગત્ય જણાય છે. ભક્તિવર્ધક વાતાવરણનું સર્જન કરવામાં ગાયકગણ મહત્ત્વનો ફાળો આપી શકે છે. ઈશ્વરને અર્પિત થઈને સમય અને કૃપાદાનનો ઉપયોગ ઈશ્વરપિતાના મહિમાને અર્થે વાપરતાં મંડળીના આત્મિક વિકાસમાં ગાયકગણ મહત્ત્વનો ફાળો આપી શકે છે.

વળી પ્રત્યેક ભજનિક પોતાનું ભજનસંગ્રહ અને બાઇબલ લઈને આરાધનામાં સામેલ થાય એ અગત્યનું છે. ઘણી મંડળીઓ તરફથી ભજનસંગ્રહ અને બાઇબલ કે નવાકરારની વ્યવસ્થા થતી હોવાથી ભજનિક પોતાની સાથે કાંઈ ન લઈ જતાં પ્રભુમંદિરમાંથી તે મેળવી લે છે. આ સારું લાગતું નથી. પ્રત્યેક વ્યક્તિએ પોતાનું બાઇબલ સાથે લઈને જ જવું જોઈએ. ઘણાં વળી ભજનસંગ્રહ એકલું જ લઈને જતાં હોય છે. ઘણાં કશું જ લઈ જતાં નથી. આમ થવાથી બાઇબલનાં વચનોનું વાચન કરતી વખતે ચંચળ મન એકાગ્ર થઈ શકતું નથી અને બાઇબલનાં વચનો બરાબર સમજી શકાતાં નથી.

ઘણાં પ્રભુમંદિરોમાં ભજનસેવા વખતે બાઇબલ-વાચન પહેલાં બાઇબલ હાથમાં લઈને ઊંચું કરી ગીત ગાવામાં આવે છે, તે સારી રીત છે. તેથી સૌને બાઇબલ લઈને આવવાનું આહ્‌વાન મળે છે. ઈશ્વરપિતાનાં જીવંત ગૌરવી વચનોનું-ગૌરવ સમજવા અને સમજાવવા પાળકસાહેબે ખૂબ જ પ્રયત્ન કરવા જોઈએ. આ સંબંધી બાઇબલ આપણને શીખવે છે.

'એઝરાએ સર્વ લોકોનાં દેખતાં તે પુસ્તક ઉઘાડ્યું. (કેમ કે તે સર્વ લોકથી ઊંચા આસન પર હતો.) તેણે તે ઉઘાડ્યું ત્યારે સર્વ લોક ઊભા થયા. મહાન દેવ યહોવાને

એઝરાએ ધન્યવાદ આપ્યો, સર્વ લોકોએ પોતાના હાથ ઊંચા કરીને આમીન, આમીન કહ્યું. લોકોએ માથાં નમાવીને પોતાનાં મુખ ભૂમિ તરફ રાખ્યાં અને યહોવાનું ભજન કર્યું. નહે. ૮ : ૫, ૬.

પાળકસાહેબ આગલા રવિવારના સંદેશા માટે અગાઉથી શાસ્ત્રપાઠ વાંચી લાવવા જણાવે, તો સમજવા માટે વધુ સરળ થઈ શકે. સંદેશો આપતાં પણ કલમો સમજવા બાઈબલનો વધુ ઉપયોગ કરાવે એ જરૂરનું છે.

ઈશ્વરપિતાએ આપેલાં બાઇબલનાં જીવંત વચનો કેવાં અસરકારક છે અને ઈશ્વરપિતા પોતાનું વચન પાળવા કેવા વિશ્વાસુ છે, એ સમજતાં વ્યક્તિ ખ્રિસ્તી વિશ્વાસમાં વૃદ્ધિ પામે છે. 'યહોવાએ ઈસ્ત્રાએલનાં સંતાનને જે જે સારાં વચનો આપ્યાં હતાં, તેમાંથી એકે નિષ્ફળ ગયું નહિ. સર્વ ફળીભૂત થયાં.' યહોશુઆ ૨૧ : ૪૫

"જેમ, વરસાદ તથા હિમ આકાશથી પડે છે અને ભૂમિને સિંચ્યા વિના, ને તેને સફળ તથા ફળદ્રુપ કર્યા વિના તથા વાવનારને અનાજ તથા ખાનારને અન્ન આપ્યા વિના ત્યાં પાછાં ફરતાં નથી. તે પ્રમાણે મારુ વચન જે મારા મુખમાંથી નીકળ્યું છે, તે સફળ થશે. મેં જે ચાહ્યું છે, તે કર્યા વિના ને જે હેતુથી મેં તેને મોકલ્યું હતું તેમાં સફળ થયા વિના, તે ફોકટ મારી પાસે પાછું વળશે નહિ." યશા ૫૫ : ૧૦, ૧૧.

સંદેશો માહિતીપૂર્ણ અને પ્રેરણાત્મક હોય અને ખ્રિસ્તીજીવનમાં મદદરૂપ બને તેવો હોય એ જરૂરનું છે. વર્તમાનસમયમાં મંડળીના સભાસદો સુશિક્ષિત હોય છે. વળી પલટાતા સમયની અનિશ્ચિતતા, અશાંતિ અને અજંપાભર્યા જમાનામાં ખ્રિસ્તી વ્યક્તિ તરીકે જીવન જીવવામાં મદદરૂપ અને પડકારરૂપ સંદેશા હોવા ખૂબ જ જરૂરી છે. આપણા જીવનના કોઈપણ સંજોગો માટે બાઈબલનાં જીવંત વચનોમાં માર્ગદર્શન સમાયેલું છે. વળી આપણું વ્યક્તિત્વ ઘડવા પણ આ વચનો આપણને મદદરૂપ થાય છે. સર્વશક્તિમાન, સર્વવ્યાપક અને સર્વજ્ઞ ઈશ્વરપિતાનું ભજન કરવા આ વચનો આપણને મદદરૂપ બને છે. વળી પાપોની ખાતરી અને પ્રત્યેક પશ્ચાતાપી વ્યક્તિને પ્રભુ ઈસુના વધસ્તંભ દ્વારા મળતી માફી અને તારણનો આનંદ આ બધું સમજતાં અને અનુભવતાં આનંદભર્યું ખ્રિસ્તીજીવન જીવવા બાઈબલનાં વચનો આપણને શીખવે છે. મંડળીની પ્રત્યેક વ્યક્તિ પ્રભુ ઈસુને અર્પિત બને તે માટે પ્રાર્થનાસહિત મદદરૂપ બનવાની કેટલી અગત્ય છે ?

- અને માત્ર રવિવારે જ નહિ, પણ દૈનિક જીવનમાં દરરોજ બાઈબલનાં વચનોનું વાચન, મનન, પાલન અને અન્યને તેનું શિક્ષણ આપવા આપણે વધુ પ્રયત્નશીલ નહિ બનીએ ?

* * *

# આત્મિક જાગૃતિ

એક પાળક સાહેબ પોતાની મંડળીમાં આત્મિક જાગૃતિ આવે માટે વર્ષોથી ઈશ્વરપિતાને આગ્રહપૂર્વક વિનંતી કરતા હતા. આખરે નિરાશા સાથે તેમણે એક રવિવારની ભક્તિસભા પછી પોતાના મનનો બોજ મંડળી સમક્ષ ધરતાં કહ્યું, "પ્રિય મિત્રો, મંડળીમાં આત્મિક જાગૃતિ લાવવા મેં મારાથી થાય એટલા શક્ય પ્રયત્નો કર્યા છે. હવે ઈશ્વરપિતા પ્રત્યેના તમારા સંબંધ અને વલણ વિશે તમારે વિચાર કરવો જ જોઈએ. આત્મિક જાગૃતિ લાવવા આત્મપરીક્ષા કરીએ."

અપૂર્વ શાંતિ પથરાઈ રહી હતી. મંડળીના એક વૃદ્ધ આગેવાન ઊભા થઈને કહેવા લાગ્યા, "પાળક સાહેબ, આપણી મંડળીમાં આત્મિક જાગૃતિ નહિ આવવામાં હું અવરોધરૂપ છું. મારા પાડોશી મિ. જોન્સ સાથે વર્ષોથી મારે અબોલા છે." ત્યાર પછી એ વૃદ્ધ આગેવાન મિ. જોન્સ પાસે જઈને ક્ષમા માગતાં કહેવા લાગ્યા, "ભાઈશ્રી જોન્સ, પ્રભુ ઈસુના નામે તમે મને ક્ષમા આપો. આપણા મનનો વૈરભાવ અને હૃદયની કડવાશ પ્રભુ ઈસુના રક્ત વડે ધોઈ નાખી આપણે પ્રેમથી ભરપૂર બનીએ." તેઓ બંને વચ્ચે ત્યાં જ સમાધાન થયું.

બીજા એક આગેવાન ઊભા થઈને ગળગળા સાદે કબૂલાત કરતાં કહેવા લાગ્યા, "પાળક સાહેબ, આત્મિક જાગૃતિ અટકાવવામાં મારો પણ ભાગ છે. હું આપના મોઢે આપની પ્રશંસા કરું છું અને પીઠ પાછળ આપની આકરી ટીકા અને નિંદા કરું છું. મારા આ અપકૃત્ય માટે આપની ક્ષમા માગું છું." પાળક સાહેબે તેમને સંપૂર્ણ હૃદયથી ક્ષમા આપી. પછી તો નાનાં, મોટાં સૌએ એકબીજા પ્રત્યેના વિરોધી વર્તન અને ઈશ્વરપિતા પ્રત્યેના પોતાના અપરાધોની રૂદન સાથે ક્ષમા માગી અરસપરસ સમાધાન કર્યું. પવિત્ર આત્માએ પ્રત્યેક હૃદયમાં અજાયબ કાર્ય કર્યું અને સમસ્ત મંડળીમાં આત્મિક જાગૃતિ આવી.

પ્રિય મિત્રો, મંડળીની આત્મિક જાગૃતિ અટકાવવામાં આપણે કેટલે અંશે કારણભૂત છીએ ?

**આત્મિક જાગૃતિના જુવાળ માટે અગત્યનું :** વિશ્વવિખ્યાત સુવાર્તિક ડૉ. આર. એ. ટોરીએ કહ્યું છે કે, "આ યોજના કદી નિષ્ફળ ગઈ નથી. હા, આ યોજના કદી નિષ્ફળ જઈ શકે પણ નહિ. વિશ્વની કોઈ પણ મંડળીમાં આત્મિક જાગૃતિ લાવવા હું આ પ્રમાણે સૂચવું છું" :

(૧) મંડળીના થોડા જ ખ્રિસ્તીઓ ઈશ્વરપિતાની આધિનતામાં આવે. ઈશ્વરપિતા

સાથે અને એકબીજા સાથે પોતાનો વ્યવહાર **સંપૂર્ણ સીધો** કરે, એ સૌ પ્રથમ પાયાની જરૂરિયાત છે. જો આ પ્રમાણે ન થાય તો બાકીનું મારું કહેવાનું વ્યર્થ જશે.

(૨) આ ખ્રિસ્તીઓ પ્રાર્થનાના મજબૂત બંધનમાં બંધાઈને આગ્રહથી પ્રાર્થના શરૂ કરે. ઈશ્વરપિતાનો આત્મા કાર્ય કરે અને આત્મિક જાગૃતિનો જુવાળ ફાટી નીકળે ત્યાં સુધી પ્રાર્થના કરવાનું ચાલુ રાખે.

(૩) પ્રાર્થનાના જૂથના આ સભ્યો ઈશ્વર માટે આત્માઓ જીતવાના કાર્ય માટે ઈશ્વરપિતાના હાથોમાં સંપૂર્ણ રીતે સમર્પિત થાય.

વિશ્વની ઘણી મંડળીઓમાં આત્મિક જાગૃતિ લાવવામાં આ સૂચનોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પ્રિય વાચકમિત્ર, એટલું તો ખરું જ કે ઈશ્વરપિતા સાથે અને એકબીજા સાથે આપણ પ્રત્યેકે સમાધાનમાં જીવવાની અનિવાર્ય અગત્ય છે.

નાની પણ મહત્વની બાબત : એક વિદ્વાન માણસ પાસે એક નાનું યાંત્રિક સાધન હતું. તે સાધન દ્વારા તે ઘણું કાર્ય કરી શકતા. યંત્રની સાથે વાત કરતાં યંત્ર સામો જવાબ પણ વાળતું.

એક દિવસે ઘણું કામ હોવાથી તે માણસ ઘણા વહેલા ઊઠ્યા અને યંત્ર ચાલુ કરવા તેમણે વીજળિક બટન દાબ્યું પણ યંત્ર ચાલુ જ થયું નહિ. સંપૂર્ણ બંધ. જાણે એ યંત્ર મરી ગયું હતું ! લગભગ અર્ધા કલાક સુધી યંત્ર ચાલુ કરવા આકાશપાતાળ એક કરવા છતાં કાંઈ જ વળ્યું નહિ.

નિરાશા સાથે તેમણે મશીનના જાણકાર માણસને ફોન દ્વારા ખબર આપતાં તે આવી પહોંચ્યા. તેમણે પણ પ્રયત્નો ચાલુ કર્યા, પણ મશીન ચાલુ થયું જ નહિ. આખરે તેમણે સ્ક્રૂ ડ્રાયવર હાથમાં લીધું અને કેટલાંક ચક્કરો પર ફેરવવા માંડ્યું અને સ્ક્રૂ ટાઈટ કર્યા. વીજળિક બટન દાબતાં જ ઘરરર કરતું મશીન ચાલુ થઈ ગયું.

"તમારું મશીન સારું છે. પણ મશીનનાં ચક્રો એક ઈંચના ૧૬મા ભાગ જેટલાં ઢીલાં થઈ ગયાં હતાં, તેને સરખાં કરવાની જરૂર હતી. હવે બધું વ્યવસ્થિત થઈ ગયું છે."

મશીનના જાણકારે એ ઊભી થયેલી જરા જેટલી અવ્યવસ્થા જાણી લીધી અને મરામત કરતાં કાર્ય સારી રીતે ચાલુ થયું.

પ્રિય વાચક મિત્ર, આપણા જીવનની નાની સરખી બાબત ઈશ્વરપિતાની મહાન યોજનાને ખોરવી નાખે છે. ઈશ્વરપિતાને અર્પિત બનીએ તો આપણા જીવનની યોગ્ય મરામત તે જરૂર કરશે.

પ્રભુ ઈસુનું પુનરાગમન : તાજેતરમાં થયેલા સૂર્યગ્રહણે માણસોના જીવ કેવા અદ્ધર થઈ ગયા હતા ! નાશવંત શરીરને માટે કેટલી ચિંતા કરવામાં આવી ? સૂર્યગ્રહણ પસાર થઈ ગયું અને પુનઃ વ્યવહાર શરૂ થઈ ગયો. ન્યાયીપણાના સૂર્ય પ્રભુ ઈસુ વાદળોમાં છુપાવાના નથી, પણ વાદળો પર, આદઢ થઈને ગૌરવ સાથે આવશે, પવિત્ર આત્મા દ્વારા બાઇબલમાં લખવામાં આવતી એ બાબતોનું મહત્ત્વ આપણે મન કેટલું છે ?.

ન્યાયીપણાના સૂર્ય પ્રભુ ઈસુ વાદળોમાં છુપાવાના નથી, પણ વાદળો પર આરૂઢ થઈને ગૌરવ સાથે આવશે. પવિત્ર આત્મા દ્વારા બાઇબલમાં લખવામાં આવેલી એ બાબતોનું મહત્ત્વ આપણે મન કેટલું છે ?

* * *

# કોરિયાની ધર્મજાગૃતિ દ્વારા પડકાર

વીસમી સદીની શરૂઆતે જ એટલે ૧૯૦૩ની સાલમાં કોરિયામાં ધર્મજાગૃતિની શરૂઆત થઈ. કોરિયાના પૂર્વ કિનારે આવેલા ગેનસન શહેરના ડૉ. હાર્ડીને એક મિશનરી કૉન્ફરન્સમાં 'પ્રાર્થના'ના વિષય પર સંદેશા આપવાનું આમંત્રણ આપવામાં આવ્યું. યોહાનની સુવાર્તાના ૧૪મા અધ્યાયને આધારે સંદેશા તૈયાર કરતી વખતે પવિત્ર આત્માએ ડૉ. હાર્ડીને ઘણી બાબતો શીખવી. પ્રાર્થના સંબંધીના તેમના સંદેશા સાંભળી મિશનરીઓના હૃદયમાં ભારે ગડમથલ ચાલી રહી. તે પછી કેટલાક કોરિયન ખ્રિસ્તીઓમાં એ સંદેશાઓ દ્વારા ભારે જાગૃતિ આવી. ડૉ. હાર્ડીએ કોરિયાની દસ મિશન સંસ્થાઓની મુલાકાત લઈને પ્રાર્થના સંબંધી સંદેશા આપ્યા. પરિણામે ૧૯૦૪માં ૧૦,૦૦૦ કોરિયનોએ ઈશ્વરપિતાને પોતાનું અર્પણ કર્યું. આત્મિક જાગૃતિની શરૂઆત થઈ ચૂકી હતી, ૧૯૦૭ના જૂન માસ સુધી એ જાગૃતિ ચાલુ જ રહી.

પિંગ-યાંગમાં વસતા મિ. સ્વૉલને જણાવ્યું કે, કોરિયામાં આ કરતાં પણ મહાન બનાવો બનશે. એ અરસામાં ન્યુયોર્કના ડૉ. હાવર્ડ જોન્સન ત્યાં હાજર હતા. તેમણે ૧૯૦૫-૧૯૦૬માં ભારતમાં ખાસી ડુંગરોમાં વસતા માણસોમાં આવેલી આત્મિક જાગૃતિ વિશે તેમજ તેમણે ૮૨૦૦ માણસોને આપેલા બાપ્તિસ્મા વિશે કોરિયન ખ્રિસ્તીઓને વાત કરી. આવી જ આત્મિક જાગૃતિ માટે કોરિયન ખ્રિસ્તીઓ મંડળી-મિશનના ભેદભાવ સિવાય આગ્રહથી પ્રાર્થનાસંગતમાં જોડાયા. બપોરના બાર વાગ્યથી ચાર વાગ્યા સુધી અને કોઈ વાર તો સાંજના ભોજન સુધી સમય આપીને પ્રાર્થના કરતા અને આત્મિક અનુભવોની આપલે કરતા. ચાર માસ સુધી પવિત્ર આત્માની વૃષ્ટિ માટે આગ્રહથી પ્રાર્થના કરી.

એ દિવસોમાં મિ. સ્વૉલન અને મિ. બ્લેરે એક મંડળીની મુલાકાત લીધી. ભક્તિસભા દરમિયાન લોકો રૂદન સાથે પાપ-કબૂલાત કરવા લાગ્યા. મિ. સ્વૉલનને આ પહેલાં પવિત્ર આત્માના આવા કાર્યનો અનુભવ થયો ન હતો. લોકોનું રૂદન બંધ કરાવવા તેમણે એક ગીત ગવડાવ્યું, પણ પસ્તાવા સહિતનું રૂદન ખાળ્યું ખળાતું ન હતું. પવિત્ર આત્માએ એ ભજનસેવાનો સંપૂર્ણ કબજો લીધો હતો.

૧૯૦૭ના જાન્યુઆરી માસની શરૂઆતે પ્રાર્થના માટે ખાસ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકો આત્મિકવૃષ્ટિ માટે આતુરતાથી રાહ જોતા હતા. રવિવારની રાતની સભામાં ૫૦૦ માણસો હાજર હતાં. મંડળીના આગેવાન વડીલ કીલ ઊભા થયા અને કબૂલાત કરતાં બોલ્યા, "ભાઈઓ, હું આખાન બન્યો છું મારે લીધે જ ઈશ્વર પિતા આત્મિક વૃષ્ટિનો આશીર્વાદ મોકલતા નથી. એક વર્ષ પહેલાં મારા એક મિત્રે મને તેમના ઘરે બોલાવીને કહ્યું, 'વડીલ, મિત્ર, થોડા સમય બાદ હું મૃત્યુ પામવાનો છું મારી પત્ની અમારાં નાણાં અને અન્ય વ્યવસ્થા કરવા અસમર્થ હોવાથી હું તમને સોંપતો જાઉં છું." મેં તેમને મદદનું વચન આપ્યું. એ કાર્ય કરતાં તે બહેનના ૧૦૦ ડૉલર મેં છાનામાના લઈ લીધા છે. હું આત્મિક જાગૃતિ અટકાવનાર બન્યો છું હું તે નાણાં ભરપાઈ કરી દઈશ." પછી તો અન્યજનો રૂદનસહિત પોતાનાં પાપ કબૂલ કરવા લાગ્યા. રવિવારે સાંજે ૭ વાગે શરૂ થયેલી એ સભા સોમવારની વહેલી સવારના બે વાગ્યા સુધી ચાલી હતી.

પછી તો દરરોજ આ પ્રમાણે પ્રભુમંદિરોમાં લોકો રૂદનસહિત પોતાનાં પાપ કબૂલાતા પવિત્ર આત્માએ અજાયબ કાર્ય શરૂ કર્યું હતું. આત્મિક જાગૃતિ પ્રસરતી જ ગઈ. લોકો ઈશ્વરપિતાના અવિચળ પ્રેમનો અનુભવ પામવા લાગ્યા. દેશભરમાં આત્મિક જાગૃતિ આવે માટે લોકોએ નમ્રતાથી આગ્રહી પ્રાર્થનાઓ ચાલુ રાખી.

૧૯૦૭ માં પિંગ યાંગમાં ૩૦૦૦૦ માણસોએ પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો. ભજનિકોની મોટી સંખ્યાને લીધે પ્રભુમંદિરની આરાધના માટે પાળી-પદ્ધતિ અપનાવવામાં આવી. સેઓલમાં ૧૩૦૦૦ માણસોએ ખ્રિસ્તીધર્મનો સ્વીકાર કરવા કાર્ડ ભર્યાં. મેથોડિસ્ટ મંડળીમાં ૩૦૦૦ નવાં માણસો ઉમેરાયાં. મંડળીઓ એવી રીતે વિસ્તરતી ગઈ કે સુવાર્તિક અને મિશનરી વગરનાં સ્થળોમાં પણ હજારો માણસોએ પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો. આ માત્ર ઉપરછલી જાગૃતિ ન હતી. લોકો પસ્તાવા સહિત પ્રભુ ઈસુનો સ્વીકાર કરતા હતા અને ઈશ્વરપિતાના મહિમાર્થે બની શકે તેટલું દાન આપતા હતા.

એક માણસે તો મંડળીનું દેવું ભરપાઈ કરવામાં મદદરૂપ થવા પોતાનું એકમાત્ર ખચ્ચર વેચી દીધું. ખચ્ચરની જગાએ તેમના કુટુંબનાં માણસો ખેતીકામ માટે જોતરાતાં. લોકો ઉદારતાથી પોતાનાં દાન-દશાંશો લાવતા હતા. ત્યાંની મંડળીઓએ નજદીકના

દેશોમાં સુવાર્તાના કાર્ય માટે મિશનરીઓ મોકલ્યા. આમ સારાયે કોરિયા દેશમાં આત્મિક જાગૃતિનાં પૂર ઊમટ્યાં; આ જાગૃતિનું મૂળ આગ્રહી પ્રાર્થનામાં હતું. વર્તમાન સમય સુધી કોરિયાની મંડળીઓ આગેકૂચ કરતી રહી છે.

આગ્રહી પ્રાર્થનાનું કેવું અદ્‌ભુત પરિણામ !

પ્રિય મિત્રો, આઝાદ ભારતમાં આત્માઓ જીતવાનાં દ્વાર હજુ આપણે માટે ખુલ્લાં છે, ત્યારે પ્રાર્થનાનું મહત્ત્વ સ્વીકારી પવિત્ર આત્માનું સમર્થ્ય પામી આત્માઓ જીતવાની ઝુંબેશ આપણે આગળ નહિ ધપાવીએ ?

* * *

# 'ઉપલી મેડી'ની શુભ શરૂઆત અને વિકાસ

'ઉપલી મેડી'ની અંગ્રેજી આવૃત્તિની શરૂઆત એ વીસમી સદીનો ચમત્કાર છે. પ્રાર્થનાપરાયણ પુરુષો અને સ્ત્રીઓ ઈશ્વરપિતાનું સામર્થ્ય અને દોરવણી શોધે છે, ત્યારે ઈશ્વરપિતાનું ચમત્કારિક કાર્ય થાય છે, આમ, પ્રાર્થનાના પરિણામે જ 'ઉપલી મેડી' (અપર રૂમ)નો જન્મ અમેરિકામાં થયો.

સને ૧૯૦૩ની શરૂઆતે આર્થિક કટોકટીને લીધે માણસો ભારે નિરાશામાં આવી પડ્યાં હતાં, ત્યારે આત્મિક મદદની આશામાં તેઓ મંડળી તરફ ફર્યાં. મંડળી આયોજિત આકર્ષક અને ભરચક કાર્યક્રમો કરતાં પણ તેમને ઊંડી આત્મિક ભૂખ હતી.

ટેક્સાસ રાજ્યના સાન એન્ટોનિયો શહેરમાં આવેલી ટ્રાવીસ પાર્ક મેથોડિસ્ટ એપિસ્કોપલ મંડળીમાં મહિલાઓનું પ્રાર્થના જૂથ ચાલતું હતું. આ પ્રાર્થના જૂથોમાં ભાગ લેનાર બહેનો ખ્રિસ્તી કુટુંબો ધર્મ પ્રત્યે શ્રદ્ધાળુ બને તેમ જ પ્રાર્થના અને બાઈબલ અભ્યાસ કરે, માટે ભારે બોજસહિત પ્રાર્થના કરતાં. આ મહિલાઓ ખાતરીથી માનતી હતી કે, કૌટુંબિક આરાધના અને દૈનિક મનન માટે મનન માર્ગદર્શિકાની ઘણી જ જરૂર છે.

મેથોડિસ્ટ મંડળીનું બોર્ડ ઓફ મિશન ૧૯૩૪ના ડિસેમ્બરની ૧૩મી તારીખે નેશવીલ (ટેનેસ્સી)માં મળ્યું. વ્યક્તિગત અને કૌટુંબિક મનન માટે દૈનિક મનન પુસ્તિકાની ભારે જરૂરિયાત છે અને લોકોની આગ્રહભરી માગણી છે. એ વાત આ બોર્ડે જાણી તેના પ્રત્યુત્તરમાં બોર્ડે ત્રિમાસિક મનન-પુસ્તિકા પ્રસિદ્ધ કરવા નિર્ણય લીધો. ગ્રોવર કાર્લટન એમન્સ નામના અનુભવી ધર્મસેવકે ઈશ્વરને અર્પિત થઈને આ મહાકાર્ય ઉપાડી લીધું. એક મનન માટે એક પૃષ્ઠ ફાળવવામાં આવ્યું. શાસ્ત્રપાઠ, પ્રેરણાત્મક મનન, પ્રાર્થના અને સુવિચાર-અનેક અર્પિત ખ્રિસ્તીઓના દૈનિક જીવનના અનુભવોને આ પુસ્તિકામાં

પ્રગટ નક્કી કરવામાં આવ્યું.

એક સમયે ડૉ. એમન્સ રીચમન્ડ ટાઉન (વર્જીનીઆ) એક કોન્ફરન્સ સમક્ષ પ્રવચન આપવા ગયા હતા. ડૉ. જે. ડબ્લ્યુ. સ્મિથ નામના ધર્મસેવકે પચાસમાના દિવસે 'ઉપલી મેડી' પર એકત્ર થયેલા શિષ્યો પવિત્ર આત્માથી ભરપૂર થયા તે વિશે સંદેશો આપ્યો હતો. આ પ્રસંગે ડૉ. એમન્સે એ નવી મનન પુસ્તિકાનું નામ 'અપરરૂમ' રાખ્યું. ૧૯૩૫માં એક લાખ નકલો છપાઈ હતી, અત્યારે વિશ્વભરમાં 'ઉપલી મેડી' વિવિધ ભાષામાં પ્રસિદ્ધ થાય છે અને લાખો લોકોને આત્મિક માન્ના પીરસવામાં આવે છે.

૧૯૪૮થી આ મનન-પુસ્તિકા દ્વિમાસિક બની.

સૌ પ્રથમ હિંદુસ્તાની ભાષામાં સને ૧૯૩૭માં પ્રસિદ્ધ થઈ હતી, ત્યારથી માંડીને આજ સુધી અનેક ભાષાઓમાં તેનો મુક્ત અનુવાદ પ્રસિદ્ધ કરવામાં આવે છે. અંધજનો બ્રેઇલ લિપિવાળી આવૃત્તિ તેમજ કેસેટ ટેઇપ્સમાં ધ્વનિ-મુદ્રણ દ્વારા આ સંદેશા પ્રાપ્ત કરી શકે છે. રેડિયો અને ટેલિવિઝન દ્વારા પણ સંદેશા પ્રસારિત થાય છે.

* * *

# નાતાલ-'આપવાનું પર્વ'

એ નાતલના દિવસો હતા ગરીબ બિચારા વિલીને નાતાલનો કાંઈ આનંદ ન હતો. બાલ્યાવસ્થામાં જ તેણે માતાની છત્રછાયા ગુમાવી હતી. તેના બાપુજી સામાન્ય કામધંધો કરી ગુજરાત ચલાવતા. તેમને એક આંખે બરાબર દેખાતું પણ નહોતું, એટલે વધારે કામ કરવા અસમર્થ હતા. તે જેમતેમ કરીને બાપ-દીકરાનું પેટિયું કૂટી લેતા. એટલામાંથી નાના વિલી માટે કપડાં, અભ્યાસનાં પુસ્તકો, રમત-ગમતનાં સાધનો વગેરે ક્યાંથી ખરીદી શકાય ? વીલીન મુખ પર નિરાશા અને આંખોમાં દુઃખ જણાતાં.

વિલીના ઘરથી થોડે દૂર તેના જેટલો જ ડીક નામનો છોકરો રહેતો હતો. તેનાં માતપિતા બહુ ધનવાન હતાં. ડીકને નવાં કપડાં, રમકડાંની કોઈ કમી ન હતી. ખૂબ લીલાલહેરથી જીવન જીવતો હતો. નાતાલના દિવસોનો આનંદ માણતાં તે ઉત્સાહ પૂર્વક નાતાલ-દિનની પ્રતીક્ષા કરતો હતો.

એવામાં બરફવર્ષા શરૂ થઈ. વાતાવરણ ખૂબ જ ઠંડું થઈ ગયું. ડીકના બાપુજીએ ડીકને માટે નવું ગરમ સૂટ, બુટમોજાં વગેરે ખરીદવા જવાનો પ્રસ્તાવ મૂક્યો. ડીક વિલીને યાદ કરતાં કહેવા લાગ્યો. "બાપુજી, સામેના ઘરમાં વિલી રહે છે ને ! તેની પાસે ઠંડીમાં

પહેરવા કપડાં કે બુટ મોજાં એવું કંઇ જ નથી. તમે વિલીને માટે નવાં કપડાં ખરીદી લાવશો ? હું મારાં જૂનાં કપડાં અને બુટ મોજાંથી ચલાવીશ."

ડીકના બાપુજીએ તેની વાત કબૂલ રાખી. તેઓ જઈને ડીકના માપનાં નવાં વસ્ત્રો, બુટ મોજાં, ખરીદી લાવ્યા. ખોખામાં સુંદર રીતે પૅક કરી અને રીબન બાંધીને ડીકે ભેટ તૈયાર કરી. નાતાલની પૂર્વ સંધ્યાએ ડીકે વિલીને આમંત્રણ આપ્યું. સુંદર નાતાલવૃક્ષ પર વીજળીના રંગીન ગોળા કેવા ઝબકારા મારતા હતા ! આનંદભર્યાં ગાયનો વાતાવરણમાં ગૂંજી રહ્યાં હતાં. નાતાલવૃક્ષ નીચે સુંદર ભેટો પણ મૂકવામાં આવી હતી. વિલીએ પોતાને માટે મૂકવામાં આવેલી ભેટ શોધી કાઢી. ઉઘાડીને જોતાં તે તો રાજીના રેડ બની ગયો. તેણે ખૂબ ખૂબ આભાર માન્યો. નવું ગરમ સૂટ, બુટ મોજાં ! કેવી અજાયબ ભેટ !

વિલીએ ઘરે જઈને એ નવાં વસ્ત્રો પહેરી લીધાં. ડીકના બાપુજી વિલીના બાપુજીને ખ્રિસ્તજયંતીની મુબારકબાદી આપવા ગયા. વિલી તો જાણે નાનો રાજકુંવર ! તેના બાપુજીની આંખો આંસુથી ઊભરાઈ રહી. ડીકે કરેલા ત્યાગને લીધે વિલી અને તેના બાપુજીના જીવનમાં આજે કેવો આનંદ આનંદ રેલાઈ રહ્યો હતો ! ઘરે જતાં ડીક બોલ્યો, "બાપુજી, પામવા કરતાં આપવામાં વધારે ધન્યતા છે, એ હું આજે સમજ્યો."

અને એ પ્રથમ નાતાલે "દેવે જગત પર એટલો પ્રેમ કર્યો કે, તેમણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો. એ સારુ કે જે કોઈ તેમના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે." હા, "આપવું" એ જ નાતાલનો સાચો અર્થ છે. ઈશ્વરપિતાએ સમસ્ત માનવજાતને પ્રભુ ઈસુની અદ્વિતીય ભેટ આપી છે.

પશુઓએ પોતાનું રહેઠાણ-ગભાણ પ્રભુ ઈસુના જન્મને માટે અનુકૂળ કરી આપ્યું. આ તો સમસ્ત સૃષ્ટિના સર્જનહારને સર્જન બની જવા સુવિધા કરી આપી.

મરિયમે પોતાના માતૃત્વની ભેટ ધરી. દૂતે મરિયમ કુમારીકાને કહેલી વાત સાર્થક થવા મરિયમે પોતાનું માતૃત્વ આપ્યું.

અને યોસેફને કેમ વિસરાય ? દૂતે કહેલી વાત પરિપૂર્ણ કરવા તારનારનો જન્મ થાય માટે પ્રત્યેક બાબતમાં યોસેફે સહકાર આપ્યો. મરિયમ અને બાળઈસુ પ્રત્યે પ્રેમભરી કાળજી યુસફે દર્શાવી.

દૂતે ભરવાડોને તારનારના જન્મનો સંદેશો આપ્યો. એ સંદેશને આધીન થઈ વિશ્વાસસહિત તેઓ તારનારને જોવા ગયા અને દૂતે કહેલું અને જોયેલું સર્વ કહી સંભળાવ્યું- સાક્ષી આપી. એ ભરવાડોએ બાળઈસુને અર્પેલી ભેટ હતી.

માગી લોકોની સન્માનસહિતની કીમતી ભેટો આપણું સવિશેષ ધ્યાન ખેંચે છે.

સોનું, બોળ, લોબાન. આ જ્ઞાની પુરુષો વિશે આપણે ઝાઝું જાણતાં નથી પણ તેમની શાહી ભેટો પરથી તેઓ સામાન્ય માણસો લાગતા નથી. તેમની ભેટો આપણે માટે પડકારયુક્ત છે. સોનું જીવનની કીમતી ચીજ તેઓ લાવ્યા. આપણાં કીમતી જીવનો અને કીમતી નાણું પ્રભુ ઈસુને માટે આપીને સુવાર્તાનાં કાર્યોમાં મદદરૂપ થવાનો પડકાર તેમાં સમાયેલો છે.

લોબાન પ્રેમ, સ્તુતિ અને પ્રાર્થનાનું પ્રતીક છે, એ પ્રભુ ઈસુની યાજક તરીકેની સેવા સૂચવે છે. આપણા યાજક તરીકે તે પિતાની આગળ આપણા વતી મધ્યસ્થી કરે છે. પ્રિય વાચક મિત્ર,-પ્રભુ ઈસુએ તમારા પર પ્રેમ કરી ગંદી ગભાણમાં નમ્રતાથી અવતાર લીધો અને પ્રેમ કરીને એ જ માનવ શરીર હા, મહિમાવંત રૂપ ધારણ કરીને તે મધ્યસ્થી કરે છે.

બોળ દુઃખ અને દુઃખસહનનું પ્રતીક છે. પ્રભુ ઈસુના મૃત્યુનું એ પ્રતીક છે. પ્રભુ ઈસુ આપણાં પાપોને લીધે વધસ્તંભ પર બલિ બની ગયા. આપણાં દુઃખો અને પાપનો બોજ પ્રભુ ઈસુ પાસે લાવી વિસામો પામીએ તો કેવું સારું ! શું પ્રભુ ઈસુને માટે આપણે ત્યાગભરી સેવા આપીએ છીએ ?

આમ, નાતાલનું પર્વ 'આપવાનું પર્વ' છે. આપવામાં બલિદાન સમાયેલું છે અને પ્રેમ હોય ત્યાં જ બલિદાન સંભવે. વિના પ્રેમ બલિદાન જ ન હોય. ઘરમાં છાંડેલી રોટલીના કટકા ભિખારીને આપવામાં પ્રેમેય નથી હોતો, બલિદાન પણ નથી હોતું. આપણું કંઈક જતું કરવામાં ઠીક ઠીક ખોટ વર્તાતી હોય, ભોગ આપવો પડતો હોય, ત્યાં જ પ્રેમ, બલિદાન અને 'આપવાનું પર્વ' છે.

આપણને ભરપૂર જીવન આપવા પ્રભુ ઈસુએ પોતાનો પ્રાણ આપ્યો. આપણાં તન, મન અને ધન અને સમગ્ર જીવનનું અર્પણ કરતાં 'આપવાનો આત્મા' આપણે પામી લઈએ તો કેવું સારું !

પ્રિય વાચક મિત્ર, તમે પ્રભુ ઈસુથી શું પાછું રાખ્યું છે ? તમારું હૃદય, તમારું જીવન, તમારાં નાણાં, તમારો સમય-શું તમે પ્રભુ ઈસુને નહિ આપો ?

* * *

# કુટુંબમાં પ્રિયજનના મૃત્યુનો પ્રસંગ

એક રાજકુમાર ફ્રાન્સ દેશમાં થઈને મુસાફરી કરતા હતા, તે સમયે તેઓ એક કેદખાનાની મુલાકાતે ગયા. ઉમદા સ્વભાવના એ રાજકુમારને જેલના સુપ્રિન્ટેન્ડેન્ટે કેદખાનું જોવાની પરવાનગી આપતાં કહ્યું : "આપને યોગ્ય લાગે તે કેદીને મુક્ત કરવાનું માન પણ આપને આપવામાં આવે છે."

રાજકુમારે પ્રત્યેક કેદીની મુલાકાત લેવા ઈચ્છ્યું અને તેમને શા માટે કેદખાનામાં આવવું થયું તે વિશે પૂછપૂરછ કરવા લાગ્યા. બધા કેદીઓ પોતાની નિર્દોષતા જાહેર કરવા લાગ્યા. પોતે ગુનેગાર ન હોવા છતાં અન્યાયનો ભોગ થઈ પડવાથી કેદખાનામાં આવવું પડ્યું છે, એમ તેઓ કહેવા લાગ્યા. વળી કોઈ કહેવા લાગ્યા કે જૂઠું તહોમતનામું મૂકી પોતાને ગુનેગાર ઠરાવવામાં આવ્યા છે.

છેલ્લે રાજકુમારે એક કેદીની મુલાકાત લીધી. તેને કેમ અહીં આવવું થયું તે પ્રશ્નના જવાબમાં આ કેદીએ પ્રત્યુત્તર વાળતાં કહ્યું : "નામદાર, મને કેદમાંથી મુક્ત થવાની તીવ્ર ઈચ્છા છે, પણ હું ગુનેગાર છું. મેં ઘણા અપરાધો કર્યા છે. હું આ કેદખાનામાં રહેવાને જ લાયક છું."

રાજકુમારે આ કેદીભાઈની વિગતો શાંતિથી સાંભળી અને કહ્યું : "તારે મોઢે તેં કબૂલ કર્યું છે કે તું ગુનેગાર છે. તું આ બધા 'સારા' માણસોની સાથે રહે તે સારું નહિ" કહી રાજકુમારે જેલના અધિકારીને કહ્યું : "મહેરબાની કરીને આ કેદીને બનતી ત્વરાએ મુક્ત કરો. આ એક જ માણસ પોતાના ગુનાની કબૂલાત કરીને પશ્ચાતાપ વ્યક્ત કરે છે. તેના પ્રત્યે દયા રાખી તેને મુક્ત કરવામાં આવે એ યોગ્ય જ છે." પ્રિય વાચક મિત્ર "જો આપણે આપણાં પાપ કબૂલ કરીએ, તો આપણાં પાપ માફ કરવાને પ્રભુ ઈસુ વિશ્વાસુ અને ન્યાયી છે." ૧ યો. ૧ : ૯

**પ્રભુ ઈસુનું પુનરુત્થાન અને આપણે :** કુટુંબમાં પ્રિયજનનું મૃત્યુ થતાં, કુટુંબનાં અન્ય સભ્યો શોકમગ્ન બની જાય એ સ્વાભાવિક છે. પ્રિયજનની પડેલી ખોટ પૂરાઈ શકે નહિ, એ ખોટ તે ખોટ જ છે. છતાં પ્રભુ ઈસુને પોતાના અંગત તારનાર તરીકે સ્વીકારનાર એ અસહ્ય દુઃખ સહન કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરે છે અને પુનરુત્થાન પામેલા ઈસુમાં પ્રિયજનને ફરી મળવાની આશામાં દિલાસો પામે છે. કુટુંબમાં આવેલા આ દુઃખદ પ્રસંગે પણ આપણે મૂક રીતે ખ્રિસ્તી સાક્ષી આપી શકીએ છીએ. મૃત પ્રિયજન લાંબી અસહ્ય શારીરિક પીડામાંથી મુક્ત થયું હોય, તો મનમાં થાય કે, હવે આ જગિક દુઃખોનો અંત આવ્યો અને તે સુખી થયાં. પણ જિંદગી હજુ શરૂ કરી હોય અને જુવાન વ્યક્તિ મૃત્યુ

પામે, ત્યારે દિલાસો દઈએ કે, "પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું." એ શબ્દો વડે પ્રિયજન ગુમાવનાર વહાલાંઓને દિલાસો પામવો કઠણ બની જાય છે. હા, પુનઃમિલન તરત થઈ શકે નહિ, પણ એટલું તો ખરું કે પુનર્મિલાપ થાય ત્યાં સુધી ઈશ્વર પિતા તેમને ધીરજ અને હિંમત આપી શકે છે. એ વિયોગ જીરવવો સહેલો તો નથી જ, પણ ઈશ્વરપિતા સહન કરવાની કૃપા આપે છે.

**દફનક્રિયા :** દફનક્રિયાનો વિધિ દુઃખિત કુટુંબને દિલાસો અને પુનરુત્થાનની ખાતરી પમાડનાર બને એવી યોજના કરવી જોઈએ. મૃત વ્યક્તિના જીવનની સેવાઓનું છેલ્લું સ્મરણ કરવામાં આવે એ પણ ઈચ્છવાયોગ્ય છે. દફનક્રિયા ખૂબ જ લાંબી થાય, ત્યારે દુઃખિત કુટુંબ શ્રમ, થાક, ઉજાગરા, ભૂખ, ચિંતા, દુઃખ - સહુને લીધે વધુ શ્રમિત બને છે. તેથી દિલાસાભરી ગૌરવી છતાં અતિશય લાંબી નહિ એવી ક્રિયા યોજાય તો સારું. કફનપેટી પર કાળી પટ્ટીઓને બદલે સોનેરી પટ્ટીઓ વધુ સુંદર લાગે છે અને મનમાં સારો ભાવ પ્રગટ કરે છે.

**કેટલા દિવસનો શોક ?** પ્રિયજનની દૈહિક વિદાય પછી વહાલાંઓ શોકિત હોય એ સ્વાભાવિક છે. જૂનો કરાર વાંચતાં જણાય છે કે, ઈસ્રાએલપુત્રો ચાળીસ દિવસ શોક પાળતા. તે સમય પ્રભુ ઈસુ આવ્યા પહેલાંનો સમય હતો. પ્રભુ ઈસુના આગમન પછી આપણને પુનરુત્થાનની ખાતરીની મહાન ધન્ય આશા પ્રાપ્ત થઈ છે. જૂના કરારનાં ભવિષ્યો પ્રભુ ઈસુમાં સંપૂર્ણ કરાયાં છે. પ્રભુ ઈસુ મૃત્યુને જીતી ત્રીજે દિવસે મૃત્યુંજયી થયા છે. તો પછી એટલા બધા દિવસ શોકમગ્ન રહેવાની જરૂર ખરી ! હા, પ્રિયજનની ખોટ તો હંમેશાં રહેવાની જ. પણ મૃત પ્રિયજન ઈશ્વર પિતાની ગોદમાં સદાના આનંદમાં છે, તો પૃથ્વી પર આપણે તેમના જીવનનું આદરભાવે સ્મરણ કરી પ્રભુમાં જરૂર દિલાસાભર્યો આનંદ પ્રાપ્ત કરી શકીએ.

સામાન્ય રીતે ત્રીજે દિવસે પ્રિયજનની કબરે જવાની પ્રણાલિકા છે. મૃતદેહની વિદાય પછી વહાલાંઓનું મન ધીમેધીમે દુઃખ પર વિજય મેળવતું જાય છે. વળી મોટા ભાગે સ્ત્રીવર્ગ કબરસ્તાને જતો નથી, તેથી પોતાના પ્રિયજનનો દેહ પોઢેલો છે તે સ્થળ જોવા જવાની ઈચ્છા થાય. આ દિવસે કુટુંબના સભ્યો મૃત પ્રિયજનની કબરે જાય અને ઈશ્વરપિતાએ તેમના જીવનમાં દાખવેલી કૃપાનું સ્મરણ કરે, તેમણે કુટુંબમાં આપેલી સેવા-વગેરેનું સ્મરણ થાય, પ્રભુ ઈસુના પુનરાગમનને લગતાં ભજનો ગવાય, બાઇબલ વાચન અને પ્રાર્થના થાય - અને પુનરુત્થાનની ખાતરી સાથે આભારસ્તુતિ થાય એ મને તો સારું લાગે છે. ઘણાં માણસો કબરે જવાનું ચાલુ જ રાખે છે, એ બહુ સારું લાગતું નથી.

સને ૧૯૭૭માં આ લેખ લખાયા પછી આજે તો ઓગણત્રીસ વર્ષો બાદ પ્રિયજનના મૃત્યુ પ્રસંગે જ કુટુંબમાં અને અન્ય બધા જ ભાઈબહેનો વાહનવ્યવસ્થા દ્વારા પ્રિયજનના મૃતદેહને ભૂમિને સોંપવા કબ્રસ્તાને જાય છે. સંપૂર્ણ સન્માન સાથે પ્રિયજનને વિદાય આપ્યા પછી ઘણા ત્રીજે દિવસે કબરે જતાં નથી. પ્રભુ ઈસુના પુનરાગમન સમયે ફરી મળવાની ધન્ય આશામાં સહુ દિલાસો પામે છે.

ઘણી વાર વહાલાંનું મૃત્યુ વર્ષ દરમિયાન થયું હોય અને પછી ખ્રિસ્તી વારતહેવાર આવે, ત્યારે ઉજવણી ન કરવામાં આપણે સારું કરતાં હોઈએ એમ માનીએ છીએ. મરનાર પ્રિયજન તો ઈશ્વર પાસે સદાનો આનંદ કરે છે, તોં અહીં આપણે શા માટે શોકની છાયામાં વિંટળાયેલાં રહેવું ? તહેવાર ન ઊજવવાથી આપણે તેમને ફરી પૃથ્વી પર લાવી શકવાનાં નથી અથવા એથી આપણને મરનાર પ્રત્યે બહુ પ્રેમ છે અને તહેવાર પાળનારનો ઓછો પ્રેમ છે, એવું કંઈ સાબિત થતું નથી. તો તહેવાર ઘટિત રીતે ઊજવવો એ જ સારું કહેવાય. પ્રભુ ઈસુ પરનો આપણો જીવંત વિશ્વાસ આપણા જીવનમાં આવતા સુખદુઃખના પ્રસંગોમાં પણ વ્યક્ત કરી આપણે ખ્રિસ્તી સાક્ષી આપી શકીએ છીએ.

વળી મૃત પ્રિયજનની મૃત્યુ તારીખે તે યાદ આવે, તે પણ સમજી શકાય. પણ વર્તમાનપત્રમાં કે અન્ય સામાયિકમાં ફોટા છપાવી તેને લગતા શબ્દો છપાવવા એ ખ્રિસ્તી સાક્ષી નથી. તેથી તો તે પૈસાનો વ્યય થાય છે. તેને બદલે એ નાણાં કોઈ સારા કાર્યમાં વાપરવામાં આવે એ ઇચ્છવાયોગ્ય છે. ઘણી વાર મૃત વહાલાંની મૃત્યુ તારીખ પર જાહેરસભા રાખી જમણ કરવામાં આવે છે આ જાતની પ્રણાલિકામાં તો કોઈ પ્રકારે ખ્રિસ્તી સાક્ષી પ્રગટ થતી નથી, પણ એ અન્યધર્મી ચીલા ચાલુ રીત છે.

આમ, દુઃખના પ્રસંગમાં પણ પુનરુત્થાન પામેલા પ્રિય પ્રભુ ઈસુ પરનો આપણો પ્રેમ અને ખ્રિસ્તી સાક્ષી આપણે પ્રગટ કરીને એકબીજાને ઉત્તેજન આપી શકીએ.

* * *

# આપણાં નાણાં અને સમયનો કારભાર

**અનોખી તક :** એક નિગ્રો ઉપદેશક એક અનાથાશ્રમ બાંધવા માટે ફંડ એકત્ર કરતા હતા. તે એક દિવસ એક ગોરા સદ્‌ગૃહસ્થને ત્યાં દાન લેવા માટે ગયા. આ ગોરા સદ્‌ગૃહસ્થે કહ્યું : "હું જાણું છું કે, તમે મારા પાકીટમાંથી પૈસાની માગણી કરશો, પણ હું તમને કશું જ આપવાનો નથી."

નિગ્રો ઉપદેશક ઊભા થયા, ને કહ્યું : "ભલે, પણ હું અહીંથી જાઉં તે પહેલાં મારે કાંઈક કહેવું છે. મારે એક દીકરો હતો. તે નાનો છોકરો હતો, ત્યારે મારા ખોળામાં બેસવા ખૂબ હઠ કરતો. ગમે તેવાં મેલાં ગંદાં કપડાં હોય, તોયે ખોળામાં ચઢી જતો. મોટો થતો ગયો, તેમ તેની માગણીઓ વધતી ગઈ. કપડાં, શિક્ષણ વગેરેમાં ખાસ્સો ખર્ચ થતો ગયો. આમ તે મારા પાકીટમાંથી બહુ માગણી કર્યા કરતો. પણ એકાએક દીકરો મૃત્યુ પામ્યો. હવે તે મારી પાસે કે મારા પાકીટ પાસે કાંઈ માગણી કરતો નથી." હું ઇચ્છું છું કે તે માગણી કર્યા કરો !"

આટલું બોલી નિગ્રો ઉપદેશક ઊભા થઈ ચાલવા લાગ્યા. આ ગોરા સદ્‌ગૃહસ્થનું હૃદય લાગણીવશ બની ગયું. તેમણે ઉપદેશકને પાછા બોલાવ્યા ને ૫૦ ડૉલર આપ્યા. જે પહેલાં કમને પાંચ ડૉલર આપતા, તે હવે દસ ગણું આપવા લાગ્યા.

પ્રિય વાચક મિત્ર, આપણે જીવન જીવીએ છીએ, ત્યારે ઈશ્વર પિતાના મહિમાર્થે આપણાં પાકીટ ખોલી શકીશું, પછી ?

**આપવાની રીત :** 'ખુશીથી આપનારને ઈશ્વર ચાહે છે' ઈશ્વરપિતાએ પ્રભુ ઈસુમાં આપણા પર દર્શાવેલા પ્રેમની તોલે આપણે શું આપી શકીએ ! છતાં પ્રેમથી ઈશ્વરપિતાના મહિમાર્થે આપવાથી અન્યના હકમાં તેમજ પોતાને માટે આશીર્વાદિત બની શકાય છે.

આખા વર્ષનું એક સામટું દાન આપનાર કરતાં દર મહિને નિયમિત દાન આપવાથી વધારે દાન આપી શકાય છે. અને દર મહિને મંડળીમાં થતા ખર્ચને પહોંચી વળવા ટેકારૂપ બની શકીએ છીએ. જરા જેટલું દાન આપી જાણે આપણે ઈશ્વરને કોઈ 'ટીપ' આપતાં હોઈએ એવું તો નથી કરતાં ? ઈશ્વર આપણા દેવાદાર હોય, કે પછી ઈશ્વરને નહિ પણ કોઈ વ્યક્તિને આપતાં હોઈએ એવા ભાવથી આપનાર આશીર્વાદ ગુમાવી બેસે છે, 'બની શકે' તેટલું આપવાથી જ આપણે ઈશ્વરપિતાની **સમસ્ત જગતની** તારણની યોજનામાં ઈશ્વર પિતાનાં સહકાર્યકર બની અજાયબ ફાળો આપી શકીએ છીએ. ઈશ્વરપિતાએ આપણને ઉદાર રીતે આપેલા આશીર્વાદોનું ઋણ ઉદારતાથી નહિ ચૂકવીએ ?

વિશ્વવિખ્યાત સુવાર્તિક ડૉ. ઓસ્વાલ્ડ સ્મિથ પોતાની મંડળીમાં તેમજ અન્ય દેશોમાં

સુવાર્તિક કાર્ય માટે અજાયબ સંદેશા આપતા હતા. તેમની મંડળીના સભાસદો પણ ઈશ્વરપિતાને અર્પિત હોઈને બની શકે તેટલું દાન આપતા હતા. એક દૈનિક પેપરના તંત્રીશ્રીએ તેમને પૂછયું : "ડૉ. સ્મિથ, તમારી મંડળીના સભાસદો લાખોપતિ હોય, એમ લાગે છે." પ્રત્યુત્તર વાળતાં તે બોલ્યા : "ના ભાઈશ્રી, મારી મંડળીના લોકો લાખોપતિ કે બહુ ધનિક પણ નથી. પણ માત્ર સામાન્ય વર્ગના મારા સભાસદો ઈશ્વરપિતાને અર્પિત હોઈને 'બની શકે તેટલું' દાન આપે છે. જેથી ૩૫૦ મિશનેરીઓના પોષણની જવાબદારી ઉપાડી શકાય છે." આ કેવો પડકાર !

મંડળીના સભાસદોએ ઈશ્વરપિતાના રાજ્યની વૃદ્ધિને અર્થે આપેલાં દાન મંડળીના ભંડોળમાં જમા રાખવાથી આપણે સુવાર્તિક કાર્યને વેગ આપતાં નથી, પણ અવરોધક બનીએ છીએ. આપણને નહિ ઓળખનાર હજારો માઈલ દૂર પરદેશમાં વસતાં ભાઈબહેનોનાં ભૂતકાળમાં મળેલાં ઉદાર દાનો વડે જ આપણે આત્મિક અને દૈહિક રીતે સમૃદ્ધ બન્યાં છીએ. હવે આપણે ઉદાર દાનો આપીએ, જેથી ગ્રામ્ય સુવાર્તિક કાર્ય અને ઈશ્વરપિતાના મહિમાર્થે વિવિધ સ્થળોમાં વિવિધ રીતે ચાલતાં કાર્યો વિકાસ પામતાં જાય.

પ્રભુ ઈસુને અર્પિત વ્યક્તિ તરીકે અને પ્રભુ ઈસુના અમૂલ્ય રક્ત વડે ખરીદાયેલી મંડળી તરીકે આપણું નાણાકીય કારભારીપણું યોગ્ય રીતે અદા કરીએ તો કેવું સારું ?

**સમયનું કારભારીપણું :** ઈશ્વરપિતાએ આપણને આપેલા જીવનનાં વર્ષોનો કારભાર આપણે કેવી રીતે કરીએ છીએ ! દિવસના મોટા ભાગના કલાકો આપણા નાશવંત શરીરને લગતી બાબતોમાં પસાર થાય છે. આપણા આત્મિક વિકાસને માટે આપણે કેટલો સમય આપીએ છીએ ! આપણને અન્ય બધી જ બાબતો માટે સમય મળે છે, કે આપણે સમય શોધીએ છીએ, પણ પ્રાર્થના અને બાઇબલના વાચન માટે આપણા સમયનો દશાંશ આપણે આપીએ છીએ. ખરાં ! દિવસના લગભગ પોણા બે કલાક આપણે ઈશ્વરપિતા સાથેની સંગત માટે અને ઈશ્વરપિતા મહિમા માટે અલગ રાખીએ તો કેવું સારું ! આપણા દૈહિક જીવન પર આપણા આત્મિક જીવનની છાપ પડ્યા વિના રહેતી નથી.

વિલ્યમ વિલ્બર ફોર્સે ઈશ્વરપિતા સાથેની નિકટ સંગત ઓછી કર્યા પછી આવો અનુભવ જણાવ્યો : અંગત મનન માટે મારે વધારે સમય આપવો જોઈએ. અત્યાર સુધી જાહેર જીવન જીવવા માટે મેં વધારે સમય આપ્યો છે. અંગત મનન માટેનો સમય ટૂંકાવવાથી આત્મા ભૂખે મરે છે, નબળો થતો જાય છે, અને આખરે નિર્ગત બની જાય છે. હું બહુ મોડે સુધી જાગીને કામ કર્યા કરું છું. મારા દુઃખ તથા શરમની નોંધ લેતાં હું જણાવું છું કે, અંગત મનનનો સમય ટૂંકાવી દેવાથી ઈશ્વરપિતાએ મને ઠોકર ખાવા દીધી છે.

પ્રિય વાચક મિત્ર, ઈશ્વરે તમને આપેલા જીવન દ્વારા સોંપેલા સમયના કારભારમાં બાઈબલ વાચન અને પ્રાર્થનાનું સ્થાન તમારા જીવનમાં કેવું છે ?

* * *

# આપણું કૌટુંબિક અને મંડળિક જીવન

ખ્રિસ્તી લગ્ન ખ્રિસ્તની સાક્ષી આપવાનો એક ઉત્તમ પ્રસંગ છે. વર-કન્યા ઉભય પક્ષનાં સગાંસંબંધીઓ અને ખુદ વર-કન્યાના પ્રેમ સંબંધમાં વૃદ્ધિ કરનારો આ પ્રસંગ યોગ્ય રીતે ઊજવવામાં આવે, તો પ્રેમમાં વૃદ્ધિ થઈ શકે. પ્રાર્થના સહિત ઈશ્વરપિતાની દોરવણી માગવાથી આ પ્રસંગ અજાયબ રીતે ધન્ય અને આશીર્વાદિત થઈ શકશે.

લગ્ન પ્રસંગે વસ્ત્રો, આભૂષણો, ભોજનસમારંભ અને અન્ય બાબતો પ્રત્યે બંને પક્ષ તરફથી ખૂબ કાળજી રાખવામાં આવે છે. તેવી જ રીતે પ્રભુમંદિરમાં સમયસર હાજરી અને ઈશ્વરપિતાની આભારસ્તુતિ સાથે વર-કન્યાના દામ્પત્ય જીવનની શરૂઆત પણ ખૂબ જ મહત્ત્વની બાબત છે. પ્રાર્થના સહિત પોતાના નવા જીવનની શરૂઆત કરનાર યુવક-યુવતી એકબીજાને જરૂર આશીર્વાદિત બનાવશે.

લગ્ન પ્રસંગ માટે ભક્તિસભાનું આયોજન કરી મંડળી તરફથી કાર્યક્રમ છપાવવામાં આવે, તો હાજર રહેલી પ્રત્યેક વ્યક્તિ તેમાં ઉલ્લાસભેર ભાગ લઈ શકશે. મોટા ભાગે સભાજનો ભજનસંગ્રહ અને બાઇબલ લઈને આવતાં નથી. પાળક સાહેબ અને બીજાં બેચાર ભાઈબહેનો ગીત ગાય છે. બાકીનાં પ્રેક્ષક બની રહે છે. આ પરિસ્થિતિ ટાળવા લગ્નગીતો, બે ત્રણ શાસ્ત્રપાઠ અને કાર્યક્રમની પુસ્તિકાઓ છપાવવામાં આવે અને પ્રત્યેક લગ્ન પ્રસંગે તે ઉપયોગમાં લેવામાં આવે, તો પ્રસંગ ગૌરવી બની રહેશે. હાજર રહેલા અન્યધર્મી મિત્રો પણ સમજપૂર્વક લગ્ન માણી શકશે.

ઘણી વાર પ્રભુમંદિરમાં લગ્ન પ્રસંગે વર-કન્યાને બાઇબલ આપવાનો વિધિ રાખવામાં આવે છે, એ આવકારદાયી છે. બાઇબલનાં જીવંત વચનોનું વાચન અને પાલન કરતાં ખ્રિસ્તરૂપ ખડક પર રચાયેલું ખ્રિસ્તી ઘર જીવનના સર્વ પ્રસંગોમાં ટકી રહેશે.

ઈશ્વરપિતાને સમર્પિત સેવક ચાર્લ્સ એમ. એલેક્ઝાન્ડરે પોતાની પ્રિયતમાને આપેલી લગ્નની વીંટી પર આ શબ્દો કોતરાવ્યા હતા. 'Each for the other and both for God' (પ્રત્યેક વ્યક્તિ એકબીજાને માટે અને બંને ઈશ્વરપિતાને માટે). પ્રત્યેક નવયુગલ લગ્નના પ્રથમ દિવસે ઈશ્વરપિતાને સમર્પિત થઈને પ્રાર્થના સહિત પોતાનું દામ્પત્યજીવન શરૂ કરે, તો અજાયબ ખ્રિસ્તી કુટુંબની રચના થશે. જેવું કુટુંબ તેવી મંડળી બનશે.

**કૌટુંબિક ઉજવણી :** કુટુંબના સભ્યોમાં અરસપરસ પ્રેમ જળવાય અને પ્રત્યેક વ્યક્તિનું મહત્ત્વ અને સ્થાન કુટુંબમાં સ્થાપિત થાય એ અતિ અગત્યનું છે. પતિ-પત્નીની લગ્ન

જયંતી, જન્મજયંતી બાળકોની જન્મજયંતી, બાળકોને મળેલી સફળતા-એ વ્યક્તિગત પ્રસંગો ઈશ્વરપિતાનો આભાર માની ઊજવવામાં આવે તો કેવું સારું ! ઈશ્વરપિતાના મહિમાર્થે ખાસ દાન આપીને, અરસપરસ નાની ભેટ સોગાદોની આપલે દ્વારા આ પ્રસંગ વધુ અર્થપૂર્ણ બની રહેશે. કૌટુંબિક પ્રાર્થનાવેદી સળગતી રાખનાર પ્રાર્થનાપરાયણ કુટુંબ શેતાની હુમલાઓ સામે ટકી રહેવાનું સામર્થ્ય પામી શકે છે.

**ખ્રિસ્તી મંડળીનો જન્મદિન અને સેવાની તકો :** પચાસમાના દિવસે પવિત્ર આત્માથી ભરપૂર થઈને પિતરે આપેલા હૃદયસ્પર્શી સંદેશા દ્વારા 3000 માણસોએ પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો, ત્યારથી માંડીને આજ સુધી ખ્રિસ્તી મંડળીની વૃદ્ધિ થતી રહી છે. ઈસ્ટર પછી પચાસમાં દિવસે ૨૧ મી તારીખે મંડળીઓમાં ખ્રિસ્તી મંડળીની સ્થાપના દિનની ઉજવણી કરી પ્રાચીન ખ્રિસ્તી મંડળી સંબંધી ખાસ અભ્યાસ કરવામાં આવે તો જરૂર લાભ થશે જ. જે મેડી પર શિષ્યોના પગ ધોઈને પ્રભુ ઈસુએ સેવાનો અજોડ નમૂનો આપ્યો, મૃત્યુ અગાઉ છેલ્લું ભોજન લીધું અને પોતાના મૃત્યુની યાદગીરીના પવિત્ર સંસ્કારની સ્થાપના કરી, તે મેડી પર પ્રભુ ઈસુના સ્વર્ગારોહણ પછી શિષ્યો અને અન્ય સ્ત્રી-પુરુષો પ્રાર્થનાની સંગત માટે એકત્ર થતાં હતાં. પવિત્ર આત્મા પામ્યા પછી ઈશ્વરપિતા પ્રત્યે અને સાથીદારો પ્રત્યે શિષ્યોનું વલણ કેવું બદલાઈ ગયું ! ખ્રિસ્તી મંડળીના એ આદિસ્તંભો વર્તમાન સમયની મંડળીઓના માર્ગદર્શક છે. પ્રે.કૃ. ૧:૧૪

પ્રત્યેક મંડળીના પાળક સાહેબ અને આગેવાનો પ્રાર્થના અને બાઈબલ અભ્યાસનાં નાનાં જૂથોની રચના કરે અને સપ્તાહમાં ઓછામાં ઓછું એકવાર લત્તાવાર શાસ્ત્રાભ્યાસ અને મધ્યસ્થીની પ્રાર્થના સંગતનું આયોજન કરે, તો અજાયબ પરિણામ લાવી શકાશે. સશક્ત નિવૃત્ત ભાઈ બહેનોની સેવા મંડળીને ઉપલબ્ધ બની શકે. તેઓની આગેવાની હેઠળ પ્રાર્થનાનાં જૂથો, દુઃખી, નિરાધારો અશક્તોની મુલાકાત, સુવાર્તાપ્રચાર વગેરે યોજી શકાય.માત્ર રવિવારની ભક્તિસભા મંડળીના આત્મિક વિકાસ માટે ઓછી જ ગણાય.

**મંડળી પ્રત્યે આપણું ઋણ :** પ્રાચીન ખ્રિસ્તી મંડળીના ખ્રિસ્તીઓ ઈશ્વરપિતાના મહિમાર્થે બની શકે તેટલું દાન આપતા હતા. તેમને અનુસારનાર અનેક પ્રભુ પ્રેમી પરદેશી દાતાઓની ઉદારતાથી આપણે સમૃદ્ધ બન્યાં. હવે અન્યને સમૃદ્ધ બનાવવા આપણાથી બની શકે તેટલું દાન નહિ આપીએ ?

પ્રત્યેક કુટુંબ પોતાની સમગ્ર આવક માટે ઈશ્વરપિતાનો આભાર માની દશાંશ અલગ કરી ઈશ્વરપિતાના મહિમાર્થે મંડળી અને અન્ય સેવાકાર્યોમાં ઉદારતાથી દાન આપે તો કેવું અજાયબ કાર્ય સિદ્ધ થઈ શકે ! વર્તમાન સમયમાં આર્થિક સ્વાવલંબન માટે આપણે બની શકે તેટલું કરી છૂટવાની જરૂર છે અને એ શક્ય પણ છે. પાળક સાહેબોનું

પગાર ધોરણ સારું બનાવવા અને ઈશ્વરપિતાના રાજ્યની વૃદ્ધિ માટે આપણે પ્રાર્થના સહિત સક્રિય સહકાર આપીએ તે ઈચ્છવા યોગ્ય છે. પ્રિય વાચક મિત્ર, ઈશ્વરપિતાએ તમારા પર દર્શાવેલા પ્રેમ પ્રત્યે તમારો પ્રત્યુત્તર કેવો છે ? ઈશ્વરપિતાને સમર્પિત વ્યક્તિ ઈશ્વરપિતાથી શું પાછું રાખી શકે ?

સરકારી, અર્ધ સરકારી, ખાનગી ઑફિસો અને અન્ય કાર્યક્ષેત્રોમાં કર્મચારીઓ હડતાળ અને અસહકાર વગેરેનો આશરો લઈને પગાર વધારો મેળવે છે. પાળકવર્ગને માટે આપણે શું નહિ વિચારીએ ? માત્ર ટીકા કર્યા કરતાં આપણાં દાનો, દશાંશો ઈશ્વરપિતાના ભંડારમાં લાવી પોતે આશીર્વાદિત બની, અન્યને આશીર્વાદિત બનાવીએ. પ્રિય વાચક મિત્ર, શું તમે તમારું ઋણ અદા કરવા પ્રયત્નશીલ છો ?

* * *

# વિશ્વ પ્રભુભોજનની વિશ્વવ્યાપી ખ્રિસ્તી સંગત વેળાએ

લિઓનાર્ડો દ વિન્સી તેમની શ્રેષ્ઠ કલાકૃતિ "છેલ્લું ભોજન" તૈયાર કરતા હતા. ખ્રિસ્તનું પાત્ર દોરવા નમૂનાની કોઈ વ્યક્તિની ભારે શોધમાં તે હતા. રોમની પ્રાચીન ખ્રિસ્તી મંડળીની ભજનમંડળીના એક જુવાન વિષે માહિતી મળતાં તેમણે તેને શોધી કાઢ્યો. સુંદર મુખાકૃતિવાળા એ જુવાનનું જીવન પણ એટલું જ સુંદર હતું. તેને જોઈને વિન્સી બોલી ઊઠ્યા : 'મારે જોઈએ છે તેવો ચહેરો આખરે મને મળ્યો ખરો !' અને પેટ્રો બેન્ડીનેલી હવે વિન્સીના સ્ટુડિયોમાં દરરોજ આવવા લાગ્યો. તેના ચહેરા પ્રમાણે વિન્સી પોતાના ચિત્રમાં પ્રભુ ઈસુનું પાત્ર ચિતરતા હતા.

વર્ષો વિત્યાં, પણ ચિત્ર હજુ અપૂર્ણ જ હતું. અન્ય શિષ્યોનાં પાત્રોનું આલેખન પીંછી દ્વારા પૂરું થયું. પણ હજુ યહૂદા ઈસ્કારીઓતનું પાત્ર દોરાયું ન હતું. પોતાના મનની કલ્પના પ્રમાણે ચિત્ર દોરવાનો વિન્સીનો પ્રયત્ન તેમને સંતોષકારક લાગતો ન હતો. યહૂદાના પાત્ર માટે કઠિનતા અને વિશ્વાસથી વિકૃતભાવ દર્શાવતા ચહેરાની શોધમાં તે હતા. હૃદયની દુષ્ટતા માનવીના મુખ અને જીવનમાં ડોકિયાં કરે છે. તપાસને અંતે રોમ શહેરની શેરીમાં રખડતા એક ચીંથરેહાલ ભિક્ષુકનો ચહેરો યહૂદાના પાત્ર માટે યોગ્ય જણાતાં તેને સ્ટુડિયોમાં દરરોજ આવવા આમંત્રણ આપ્યું.

એક દિવસે ચિત્ર ચિતરતાં ભિક્ષુકનું નામ પૂછતાં તેણે કહ્યું 'મારું નામ પેટ્રો બેન્ડીનેલી. ખ્રિસ્તનું પાત્ર ચિતરવા મોડલ માટે અગાઉ હું તમારા સ્ટુડિયોમાં આવતો હતો.' પરિચિત નામ પણ આ વિકૃત ચહેરાને લીધે વિન્સીને તે માનવાનું અશક્ય લાગ્યું. પ્રભુ ઈસુને

હૃદયમાં સ્થાન આપનાર ક્યાં એ સુંદર ચહેરો અને પ્રભુ ઈસુથી દૂર ભટકતો આ વિકૃત ચહેરાવાળો ભિક્ષુક ! હા, માણસનું પાપ તેના સમગ્ર જીવનને વિકૃત બનાવી દે છે.

ઈશ્વરપિતાએ સમસ્ત માનવજાતને પાપમાંથી ઉદ્ધારવા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આ દુનિયામાં મોકલ્યા, પ્રભુ ઈસુ પ્રત્યેક વ્યક્તિનાં પાપને માટે વધસ્તંભ પર બલિદાન બની ગયા. પ્રભુ ઈસુએ એ મૃત્યુના સંભારણા માટે પ્રભુભોજનના પવિત્ર સંસ્કારની સ્થાપના કરતાં કહ્યું. "મારી યાદગીરીમાં આ કરો."

વિશ્વપ્રભુભોજન દિને પ્રભુની મેજની સંગતમાં જોડાતાં આપણાં વ્યક્તિગત પાપ માટે પ્રભુ ઈસુએ આપેલા અમૂલ્ય બલિદાનનું સ્મરણ કરીએ અને વિશ્વવ્યાપી ખ્રિસ્તી મંડળીની સંગતમાં જોડાતાં આનંદ અનુભવીએ અને એમ પ્રભુના આવતાં સુધી તેમનું મરણ પ્રગટ કરીએ.

પ્રિય વાચક મિત્ર, પ્રભુ ઈસુએ પોતાના લોહી દ્વારા કરેલા કરારનું મહત્ત્વ તમારે મન કેટલું છે ? કે પછી તમે પ્રભુ ઈસુના વેહ-ઘા વીસરી ગયાં છો ?

અમેરિકાની સીવીલ વૉર પછી જનરલ બી. ગોર્ડન સેનેટર ઉમેદવારોમાંના એક હતા. દેશના સર્વોચ્ચ નેતા બનવા માટે ચૂંટણી જંગ માટે તેમનું નામ પસંદ કરવાનું હતું. નામનિર્દેષ સમિતિમાં યુદ્ધ સમયનો તેમનો સાથી સૈનિક પણ હતો. ગમે તે કારણસર જનરલ ગોર્ડન પ્રત્યેની વેરવૃત્તિને લીધે તેમણે જનરલની વિરૂદ્ધમાં મતદાન કરવાનો નિશ્ચય કર્યો. ભૂતકાળના ચાર વર્ષના એ સાથી સૈનિક ગોર્ડનની વિરૂદ્ધમાં મત આપવા ઊઠ્યા, ત્યારે અચાનક મંચ પર બેઠેલા જનરલ ગોર્ડનના મોં પર પડેલા ઘાના ચાઠા તરફ તેની દૃષ્ટિ પડી. મહા યુદ્ધમાં મૃત્યુના મોં સુધી ધકેલાઈ જઈ વિજય વરેલા એ વીર યોદ્ધાની વીરતા, ભવ્ય ત્યાગ અને યાતનાઓનું સ્મરણ થઈ આવતાં સૈનિક પોકારી ઊઠ્યા. "સેનાનાયક ગોર્ડનની વિરૂદ્ધમાં હું મતદાન કરી શકતો જ નથી. હું કૃતઘ્ની તેમના ઘાને વીસરી ગયો હતો. હા, હું તેમના ઘા છેક જ વીસરી ગયો," અને સૈનકે જનરલ ગોર્ડનની તરફેણમાં મતદાન કર્યું.

પ્રિય વાચક મિત્રો, પ્રભુ ઈસુના ઘા અને વેદના આપણે વીસરી ગયાં હોઈએ એવું શું નથી લાગતું ? કાંટાળા મુગટ નીચે ફૂટતી લોહીની ટશરો, તીક્ષ્ણ ખીલાથી વીંધાયેલા હાથ, પગ અને છેદાયેલી કૂખ ધારીધારીને જુઓ. વધસ્તંભે જડનારાને ક્ષમા આપતા પ્રભુ ઈસુને સંભારો. આવો, વિશ્વપ્રભુભોજન દિને પરસ્પરના વિખવાદો, કડવાશ અને જડતા પ્રભુ ઈસુના વહી રહેલા રક્ત વડે ધોઈ લઈ અરસપરસ પ્રેમના બંધને બંધાઈ ઈશ્વરપિતાના રાજ્યની વૃદ્ધિ અર્થે આગેકૂચ કરીએ.

પ્રભુ ઈસુનું આગમન તદ્દન નજદીક છે, ત્યારે પરસ્પરના વિખવાદો અને કડવાશ ભર્યાં હૃદયો વધસ્તંભે જડાયેલા પ્રભુ ઈસુ પાસે લાવી તેમના અમૂલ્ય રક્ત વડે શુદ્ધ થઈ, મંડળી રૂપી કન્યાને સ્વર્ગીય વરરાજા માટે તૈયાર કરીએ !

# જીવનમાં અગ્રીમતા શાને ?

માનવીના ૭૦ વર્ષના સામાન્ય આયુષ્યમાં ૬ વર્ષ ખાવાપીવામાં, ૧૧ વર્ષ કામ કરવામાં, ૫ાા વર્ષ નહાવા-ધોવામાં અને તૈયાર થવામાં, ૩ વર્ષ શિક્ષણ પ્રાપ્ત કરવામાં ૮ વર્ષ આનંદ-પ્રમોદમાં, હવે તો તેથી ઘણાં વર્ષો ૬ વર્ષ ચાલવામાં, ૩ વર્ષ વાંચવામાં, ૩ વર્ષ વાતચીતમાં, ૨૪ વર્ષ ઊંઘવામાં, અને માત્ર ૬ માસ ઈશ્વર ભજનમાં જાય છે. ઓછામાં ઓછા ૩૦ વર્ષ જેટલો સમય ઈશ્વરભજનમાં ગાળવાને બદલે માત્ર ૬ માસ ! આ આંકડા દર્શાવે છે કે માનવી દૈહિક જીવનને પ્રથમ સ્થાન આપે છે, આત્મિક જીવનને ગૌણ !

**પ્રાર્થનાપરાયણ વ્યક્તિઓના અનુભવો :** "મારે ઘણાં કામ કરવાનાં છે એ ખરું, પણ તે પૂર્વે મારે ઘણા કલાકો પ્રાર્થના કરવી જોઈએ." જોન વેસ્લી. "વર્તમાન સમયમાં મંડળીને વધુ કે બહુ સારી યંત્ર સામગ્રીની જરૂર નથી. વળી નવી નવી સંસ્થાઓ, મંડળોની પણ જરૂર નથી, કે પછી આધુનિક નવી રીત રસમોની જરૂર નથી તેથી ઉલટું પવિત્ર આત્માથી ભરપૂર અને પ્રાર્થનાપરાયણ અને પ્રાર્થનાના પરાક્રમથી ભરપૂર માણસોની જરૂર છે. રીતરસમોમાં પવિત્ર આત્માનું પરાક્રમ વહેતું નથી, પણ માણસોમાં વહે છે, યંત્રસામગ્રી પર પવિત્ર આત્મા આવતો નથી કે માણસોની યોજનાઓને તે અભિષિકત કરતો નથી, પણ માણસોને, હા, પવિત્ર આત્મા પ્રાર્થનાપરાયણ માણસોને વાપરે છે." ઈ. એમ. બાઉન્ડસ

"ત્યારે હું છ સાત વર્ષનો હોઈશ. મારાં માએ કંઈક જરૂરી કામકાજ અંગે અમારાં પડોશી શ્રીમતી ડેવનપોર્ટને ત્યાં મને મોકલ્યો હતો. સવારના નવેક વાગે મેં બારણું ખટખટાવ્યું, પણ પ્રત્યુત્તર ન મળતાં ધીમે રહીને બારણું ઉઘાડી હું ઘરમાં પ્રવેશ્યો, આ વૃદ્ધ બાનુ ઘૂંટણે પડીને પ્રાર્થના કરવામાં એવાં તો લીન હતાં, કે તેમને અવાજ સંભળાયો ન હતો. તેમનું બાઈબલ ઉઘાડું હતું. થોડી મિનિટો હું ત્યાં થોભ્યો, ત્યાર પછી હું બહાર નીકળી ગયો, એમના પ્રાર્થનાપરાયણ અને જીવંત વિશ્વાસથી ભરપૂર ખ્રિસ્તી જીવન વિષે મેં ઘણું સાંભળ્યું હતું. મને પણ પ્રાર્થનાપરાયણ જીવન જીવવાની પ્રેરણા મળી, સેમ્યુઅલ ચાડવીક.

લીઓનાર્ડો દ વીન્સીએ તેમનું વિશ્વવિખ્યાત ચિત્રસર્જન "છેલ્લું ભોજન" તૈયાર કર્યું. મિત્રોના અભિપ્રાય જાણવા તેમણે ઘણા મિત્રોને આમંત્રણ આપ્યું. તેમના એક મિત્રે તેમની પ્રશસ્ય કૃતિમાં દોરવામાં આવેલા પ્યાલાની ભારોભાર પ્રશંસા કરી. ઈસુની બરાબર સામે મેજ પર ચીતરવામાં આવેલો એ આકર્ષક પ્યાલો જ ભારે આકર્ષણ જમાવતો હતો.

નિરીક્ષકનું ધ્યાન એ પ્યાલા પર જ કેન્દ્રિત થયેલું જોઈ વીન્સીએ પીંછી રંગમાં બોળી ચિત્રોમાંનો પ્યાલો ભૂંસી નાખ્યો અને બોલ્યા "મિત્રો, તમારું ધ્યાન પ્યાલા પર નહિ, પણ ઈસુ તરફ કેન્દ્રિત કરવા હું ઇચ્છુ છું. પ્યાલો મહત્ત્વનો નથી, પણ પ્યાલાને પાવન કરનાર પ્રભુ ઈસુ મહત્ત્વના છે."

એમ જ પ્રત્યેક ખ્રિસ્તી વ્યક્તિના જીવનમાં પ્રભુ ઈસુ જ કેન્દ્ર સ્થાને હોવા જોઈએ. વ્યક્તિનું વ્યક્તિત્વ અને તેની સમસ્ત પ્રવૃત્તિઓ ગૌણ બનવાં જોઈએ.

આપણાં સુંદર પ્રભુમંદિરો, આકર્ષક ભક્તિ સભા, ગાયકવૃંદનાં મધૂર ગીતો, મનનીય સંદેશા, એ સર્વમાં પ્રભુ ઈસુ જ કેન્દ્ર સ્થાને હોવા જોઈએ.

પ્રિય વાચક મિત્ર, તમારા જીવનમાં પ્રભુ ઈસુનું સ્થાન કેવું છે ?

* * *

# "હું નહિ-પણ ખ્રિસ્ત"

"ખજૂરીની ડાળીઓ ઝુલાવતાં હોસાનાના જયનાદો પોકારતા લોકોનો મોટો સમુદાય યરુશાલેમ તરફ ઊમટ્યો હતો, મા ! માનવ-મહેરામણ જાણે હિલોળે ચઢ્યો હતો ! લોકો રસ્તા પર વસ્ત્રો બિછાવતા અને હું ગર્વભેર તે પર થઈને માર્ગ કાપતો હતો. સૌ મારી તરફ જોઈ જ રહેલાં હોં ! પણ મા, હું તો એવા શોરબકોરમાં પણ નિડર જ રહ્યો. ભડક્યા વિના શાંતિથી જ ચાલતો રહ્યો. બાળકો મારા શરીર પર હાથ ફેરવતાં હતાં, પણ મેં તો કોઈનેય લાત મારી નહિ." એ સાંજે યરુશાલેમની યાત્રા વિષે વછેરો ગર્વથી આંખો પટપટાવતાં માને કહેવા લાગ્યો. માએ દીકરાનો હેવાલ આનંદથી સાંભળ્યો અને વહાલથી તેને ચાટીને પ્રેમ પ્રદર્શિત કર્યો.

આગલા દિવસે મળેલું માન યાદ કરતાં બીજે દિવસે વછેરો તો માને પૂછ્યા વિના યરુશાલેમ જવા અધીરો બની માર્ગે પડ્યો. એ જ રાજમાર્ગ પર થઈને જતાં કાલે તેને સારા માનનો અનુભવ થયો હતો. પણ આજે તો કોઈ તેની તરફ જોતું ન હતું. તેણે કાન ઊંચા કર્યા અને ફફડાવ્યા પણ કોઈએ તેના વિષે નોંધ લીધી નહિ. "અરે તમે બધા મને નથી ઓળખતા ? કાલે તો તમે વસ્ત્રો બિછાવેલાં અને હું તે પરથી પસાર થયો હતો. ખજૂરીની ડાળીઓ ઝુલાવતાં તમે જયનાદોથી નગરી ગજાવી મૂકેલી ને ? આજે કેમ કોઈ કાંઈ બોલતું નથી !" પણ નગરજનો તો સાંભળ્યું ના સાંભળ્યું કરી, પોતપોતાનાં કામોમાં ગૂંથાઈ ગયા.

નિરાશ થઈને વછેરો મા પાસે પાછો ફર્યો, "મા, મા, આજે કોઈએ મારો ભાવ ન

પૂછ્યો ! કાલે તો બધા બહુ માન આપતા હતા, આજે કાંઈ જ નહિ !" નિરાશ થઈને વછેરાએ કહ્યું. "બેટા, એ તો 'રાજાઓના રાજાને' લીધે તને માન મળેલું. ઈસુ વિના તને માન ન મળે." માએ વછેરાએ કહ્યું.

અને પ્રિય વાચક મિત્રો, પ્રભુ ઈસુને લીધે આપણને કેટલું બધું માન મળ્યું છે ! આપણાં જીવનો દ્વારા પ્રભુ ઈસુને વધારે ને વધારે માન મળે એવું જીવીએ.

* * *

# પવિત્ર સપ્તાહની ઉજવણી અને રવિવાર

પ્રભુ ઈસુના દુઃખસહન સપ્તાહની ઉજવણી બધી મંડળીઓમાં કરવામાં આવે છે. ખાસ આમંત્રિત વક્તા સપ્તાહ દરમિયાન પ્રભુના સંદેશા આપે છે. મોટાં શહેરોમાં જુદી જુદી મંડળીઓ એકત્ર થઈને આ સપ્તાહની ઉજવણી આનંદભેર કરે છે. મંડળીઓનું આવું સંગઠન ખ્રિસ્તી સાક્ષી બળવાન બનાવે છે. ઇસ્ટર દિન પ્રભુમંદિરમાં આનંદભેર ઉજવાય છે આ દિવસે હાજરી ઘણી સારી હોય છે.

પણ શું પ્રત્યેક રવિવારની ઉજવણી આનંદભેર ન કરી શકાય ! પ્રભુ ઈસુના ઉત્થાનનો દિવસ સપ્તાહનો પ્રથમ દિવસ રવિવાર ખ્રિસ્તી મંડળી શરૂઆતથી જ એકઠા મળવાના દિવસ તરીકે ઊજવતી આવી છે, ત્યારથી માંડીને સામૂહિક આરાધના માટે રવિવારનું સ્થાન નક્કી થયું છે. ઈશ્વરપિતાની સંગત અને મંડળીની સંગત દ્વારા પ્રત્યેક વ્યક્તિનું આત્મિક જીવન વૃદ્ધિ પામે છે. તે દ્વારા ખ્રિસ્તી સાક્ષી ઊભી થાય છે. સામ્યવાદી દેશોમાં ખ્રિસ્તીઓ આ સંગત મુક્ત રીતે માણી શકતા નથી. ઈશ્વરપિતાની કૃપાએ રવિવારની ભજન સેવામાં ભાગ લેવાની તક આપણે માટે ખુલ્લી જ રહી છે. તો રવિવારનું મહત્ત્વ પ્રત્યેક ખ્રિસ્તી કુટુંબમાં જાળવવામાં આવે તો કેવું સારું !

ઘણી વાર રવિવારે લગ્નનાં કપડાં અને અન્ય ખરીદી કરવામાં આવે છે તેને બદલે નોકરીમાંથી રજા મેળવી સપ્તાહ દરમિયાન ખરીદી કરવામાં આવે એ ઇચ્છવાયોગ્ય કહેવાય. વર્ષો પહેલાં મિશનરીઓ રવિવારનું પાલન કરવા ખાસ ભાર મૂકતા. પ્રભુમંદિરમાં નહિ ગયેલાં માણસોના ઘરે જઈને તેમને પ્રભુમંદિરમાં મોકલતા. બજારમાં જઈ ખરીદી કરનારને પાછા વાળતા એવું જાણવા મળ્યું. વર્તમાન સમયમાં સ્વતંત્રતા પામ્યા પછી આપણે રવિવારનું મહત્ત્વ વીસરી ગયાં હોઈએ એવું શું નથી લાગતું ! બાળકો રવિવારે ક્રિકેટમેચ, રમતગમત હરીફાઈ વગેરેમાં ભાગ લે અને પ્રભુના દિવસને માન ન આપે એવું ઘણી વાર દેખાય છે. કુટુંબનાં વડીલો તરીકે રવિવારની ગૌરવવાન ઉજવણી કરવાનું આયોજન કરીએ તો કેવું સારું ! સમૂહ આરાધનામાં ભાગ લીધા પછી

ખ્રિસ્તી સાહિત્યનું વાચન, શાસ્ત્રરમતો, હરીફાઈ, મુખપાઠ, માંદાં દુ:ખીઓની મુલાકાત વગેરે યોજી શકાય.

મંડળીમાં પણ સમૂહ આરાધના વખતે પાળક સાહેબ બાઈબલનો વધુ અભ્યાસ કરાવે અને બાઈબલનો વધુ ઉપયોગ કરાવે, ઘેરથી શાસ્ત્રપાઠ વાંચી લાવવા કહે—તો ભજનિકો બાઈબલ લઈને જ આવશે. ઘણા ભજનસંગ્રહ લાવે છે, ઘણા તો ખાલી હાથે જ ! પ્રભુ ઈસુના પ્રથમ આગમન સુધીનાં પૂર્ણ થયેલાં ભવિષ્ય વચનો અને પુનરાગમનનાં પૂર્ણ થતાં જતાં ભવિષ્ય વચનો સંબંધી વધુ શિક્ષણ આપવાની જરૂર શું નથી લાગતી ? ઈશ્વરપિતાનાં જીવંત અને સત્ય વચનોનો અનુભવ પામવા અને પમાડવાની કેટલી બધી જરૂર છે ? ચીલાચાલુ ભક્તિસભાને બદલે ગૌરવભેર રવિવારની ઉજવણી યોગ્ય રીતે કરવામાં આવે, તો લાભ થશે જ. યશાય ૫૮ : ૧૩-૧૪ માં ઈશ્વરપિતાએ સાબ્બાથવારનું મહત્ત્વ અને આશીર્વાદ દર્શાવ્યાં છે. શું રવિવાર આપણે તે રીતે ન ગાળી શકીએ ?

**રવિવાર-પ્રભુનો દિવસ અને મહાન માણસો :** ક્રાંતિકારી યુદ્ધના સમયે જ્યોર્જ વૉશિંગ્ટન, સીવીલ વૉરમાં અબ્રાહમ લિંકન અને પ્રથમ વિશ્વયુદ્ધ વખતે વુડરો વિલ્સન રવિવારના દિવસે લશ્કરી દળોને છુટ્ટી આપતા અને સૈનિકોને રવિવારની ભજનસેવામાં ભાગ લેવાની તક આપતા.

હેઈઝ અને ગેરફિલ્ડ રવિવારે પ્રભુમંદિરે ચાલીને જતા, જેથી તેમના નોકર-ચાકરને અને ડ્રાઈવરને આરામ મળે અને ભજનસેવામાં ભાગ લઈ શકે. ગ્રાન્ટ પારીસમાં હતા ત્યારે ઘોડદોડની સ્પર્ધા જોવા રવિવારે કદી જતા નહિ. મકેનલે ટેનેસ્સી રાજ્ય શતાબ્દિ મહોત્સવનું ઉદ્ઘાટન કરવા પધાર્યા હતા. રવિવારે યોજેલી એક ટ્રીપમાં ન જોડાતાં તે બોલ્યા, "માફ કરશો, હું રવિવારે મનોરંજન માટે શહેર જોવા જતો નથી."

થિયોડોર રૂઝવેલ્ટ અને કુલીજ રવિવારનું મહત્ત્વ સમજ્યા હતા. અને તેમણે કહ્યું "રવિવારનું મહત્ત્વ અમે સમજીએ છીએ."

આઈઝન હુવરને શોખીન મચ્છીમારી જૂથે રવિવારે આમંત્રણ આપતાં તેમણે કહ્યું "અમારા કુટુંબની પ્રણાલિકા પ્રમાણે અમે રવિવારે એવાં કામોમાં ગાળતા નથી." પ્રિય વાચક મિત્ર, તમારા જીવનમાં રવિવારનું સ્થાન કેવું છે ?

* * *

# સુવાર્તાના પ્રખર સંદેશવાહક ડૉ. વિલિયમ કેરી

વર્તમાન સમયના ભારતના મિશનરી કાર્યની શરૂઆત વિલિયમ કેરીથી થઈ (૧૭૬૧-૧૮૩૪). એક ગરીબ મોચી બૅપ્તિસ્ટ મિશનરી બનીને સુવાર્તાની જ્યોત લઈને ભારત આવ્યો હતો.

ધગશથી ભરપૂર એવા એ સુવાર્તાના ભેખધારીએ સતત અભ્યાસ કરીને લાટીન, ગ્રીક અને હિબ્રૂ ભાષા પર ગજબ પ્રભુત્વ મેળવ્યું હતું. પચ્ચીસ વર્ષની વયે આ જુવાન ધર્મસેવકે ધર્મસેવકોની એક કોન્ફરન્સમાં પડકાર કરતાં કહ્યું : "પ્રભુ ઈસુએ પ્રેરિતોને બધા દેશોમાં જઈને સુવાર્તા પ્રગટ કરવા આપેલી આજ્ઞા શું આપણને બંધનકર્તા નથી ?"

સભા-પ્રમુખે આ નવ-જુવાનિયાને પડકારતાં કહ્યું : "જુવાન માણસ બેસી જા. ઈશ્વર અન્ય ધર્મીઓને પોતાની ગમ દોરવા ઇચ્છતો હશે, તો તે તારા વિના પણ તેમ કરી શકશે. તારી જરૂર નહિ પડે." આવાં સણસણતાં વચનો સાંભળીને હતાશ ન થતાં કેરીએ વધારે ઉત્સાહથી અભ્યાસ ચાલુ રાખ્યો. છ વર્ષો વીત્યા બાદ તેમણે નોટિંગહામમાં ધર્મસેવકો સમક્ષ સંદેશો આપતાં કહ્યું : "ઈશ્વર પાસેથી મહાન બાબતો મેળવવાની આશા રાખો અને ઈશ્વર માટે મહા-પ્રયત્નો આદરો." આ પડકારયુક્ત સંદેશો સાંભળીને બાર ધર્મસેવકોએ બૅપ્ટિસ્ટ મિશનરી સોસાયટીની સ્થાપના કરી અને ૧૩ પાઉન્ડનું ભંડોળ સ્થાપી મિશનરી સેવા-કાર્યની શરૂઆત કરી. ૩૩ વર્ષની ઉંમરે વિલિયમ કેરીએ ભારત તરફ પ્રયાણ કર્યું.

પૂર્વના દેશોમાં મિશનરીઓ મોકલવા માટે ઈસ્ટ ઇંડિયા કંપનીએ જરા પણ મચક આપી નહિ. ઉલટું એ મિશનરી કાર્ય તો તેમને મન નકામો ઉડાઉ ખર્ચ કરવા જેવું લાગતું હતું, તેથી જરા પણ સહકાર આપ્યો નહિ. કેરીને કલકત્તામાં રહેવાની પરવાનગી ન મળતાં તેમણે સીરામપોરમાં વસવાટ કર્યો.

સને ૧૭૯૯માં જોશુઆ માર્શમન અને વિલિયમ વોર્ડ મિશનરી કાર્ય ક્ષેત્રમાં જોડાયા. બહુ હિંમત, ધીરજ અને ધગશથી કેરીએ દસ પુખ્ત વયનાં માણસો અને નવ બાળકો મધ્યે કાર્ય ચાલુ રાખ્યું. ત્રણે મિશનરી સેવકોનું ભરણપોષણ કરવા માટે વ્યવસ્થા પણ કરી.

માર્શમેને બોર્ડિંગ સ્કૂલ શરૂ કરવાની વ્યવસ્થા કરી અને વોર્ડે છાપખાનું શરૂ કરવાની ઇચ્છા રાખી. પાંચ વર્ષ પછી કાર્ય પ્રગતિમાન બન્યું. આ વખતે પરદેશની મંડળીઓ પર પત્ર મોકલવામાં આવ્યો.

"આ મહા-સેવાને માટે ચાલો, આપણે ઉદારતાથી આપણાં દાનો આપીએ. આપણે

એવું ન ધારીએ કે, આપણો સમય, આપણાં કૃપાદાનો, આપણી શક્તિ, કુટુંબો કે આપણાં કપડાં આપણાં છે. ઈશ્વરપિતાના મહાન મહિમાને અર્થે આપણે એ સર્વનું સમર્પણ કરીએ. ઓહ ! ઈશ્વરપિતા પોતે આપણને શુદ્ધ કરે તો કેવું સારું ! અને આપણું રાચરચીલું આપણા માટે કે આપણાં બાળકો માટે સંઘરી રાખવાના સ્વાર્થી વિચારથી ઈશ્વરપિતા આપણને મુક્ત કરે.''

ઈશ્વરપિતાના હાથોમાં સમર્પિત થયેલાં એ જીવનો દ્વારા ઈશ્વરપિતા અજાયબ આશીર્વાદિત સેવા કરાવી. અને માત્ર સ્વપોષિત સેવા જ નહિ, પણ મિશનરી કાર્ય માટે અન્યત્ર હજારો પાઉન્ડ આપનાર તેઓ બન્યા.

ઓગણીસમી સદીનાં આ વર્ષો દરમિયાન બાઇબલ અને બાઇબલ ભાગોનો ભારતની ૪૦ ભાષાઓમાં અનુવાદ થયો. આ ઉપરાંત ચીન, મધ્ય એશિયા અને બીજા પાડોશી દેશોની ભાષાઓમાં પણ અનુવાદ થયો. બંગાળી ભાષાનું પ્રથમ વર્તમાનપત્ર, પહેલું છાપખાનું, કાગળની મીલ, વરાળથી ચાલતાં એંજિનો, ઉત્તર ભારતની પહેલી ખ્રિસ્તી પ્રાથમિક શાળા વગેરેનો લાભ ભારતને મળ્યો. આ ઉપરાંત સ્ત્રી-કેળવણી, ભારતીય ધર્મસેવકોની તાલીમ, સુવાર્તાપ્રચાર જેવી કેટલીયે કીમતી ભેટ ભારતને મળી.

૪૦ વર્ષો સુધી મુશ્કેલીઓ વેઠતાં, ખ્રિસ્તના આ સૈનિકે અજાયબ સેવાકાર્ય કર્યું. ઇંગ્લેન્ડમાં તેમની ધર્મસેવાની શરૂઆતમાં તેમના કુટુંબે તીવ્ર ગરીબાઈનો અનુભવ કર્યો. સુવાર્તિક અને મોચી તરીકે કાર્ય કરતાં અનેક સંકટો સહ્યાં. તેમનું પ્રથમ બાળક મૃત્યુ પામ્યું, તે પછી કેરી પોતે ભયંકર માંદગીમાં પટકાયા. તેમનાં ધર્મપત્નીને તેમનું ત્યાગભર્યું સમર્પિત જીવન જરાયે પસંદ ન હતું, તેથી તેમનું દામ્પત્યજીવન દુઃખભર્યું હતું. તેમનો બીજો પુત્ર મરડાની બિમારીમાં મૃત્યુ પામ્યો. સાત સાત વર્ષો સુધી કષ્ટ ઉઠાવીને સેવા કરવા છતાં સેવાનું ફળ મળ્યું નહિ, તેવામાં છાપખાનું આગમાં ઝડપાયું અને અગત્યના હસ્તલેખો બળી ગયા. ઈસ્ટ ઇંડિયા કંપનીનો વિરોધ અને અનેક મુશ્કેલીઓ હોવા છતાં તેમણે સ્વતંત્ર કાર્ય ચાલુ રાખ્યું.

કેરીના પ્રયત્નોથી પરદેશ અને ભારતમાં જુદાં જુદાં દસ સ્થળોમાં ૨૮ મિશનરીઓ કાર્ય કરતા હતા. ૧૮૩૪માં કેરીના મૃત્યુ પહેલાં ૧૮ સ્થળોમાં ૫૦ મિશનરીઓ સેવાકાર્ય કરી રહ્યા હતા. આસામમાં મિશનકાર્ય ચાલુ રાખવા તેમણે પોતાના અંગત ખર્ચમાં કાપકૂપ કરી. ગવર્નમેન્ટ યુનિવર્સિટીના રિટાયર્ડ પ્રોફેસર તરીકે મળતું પેન્શન પણ આ સુવાર્તિક કાર્ય માટે આપી દીધું.

સને ૧૮૩૦માં અલેક્ઝાંડર ડફ નામના સ્કોટિશ મિશનરી ભારત આવ્યા. ત્રણ વર્ષ સુધી તેમણે વારંવાર કેરીની મુલાકાત લીધી. આ દરમિયાન કેરીની મિશનરી સેવા

વિશે તે વધારે જાણકાર બન્યા. કેરીના જીવનના છેલ્લા દિવસોમાં ડૉ. ડફ તેમની સાથે હતા. જીવનની આખરી પળોમાં કેરીએ ડૉ. ડફને પ્રાર્થના કરાવવા જણાવ્યું. ડૉ. ડફે ઘૂંટણે પડી પ્રાર્થના કરાવી અને ત્યાર પછી ત્યાંથી જવા લાગ્યા. ત્યારે ધીમા અવાજે કેરીએ કહ્યું : "મિ. ડફ, તમે અત્યાર સુધી ડૉ. કેરી, ડૉ. કેરી, કહેતાં વાત કરી છે, પણ હું જાઉં, ત્યારે ડૉ. કેરી વિશે કંઈ કહેતા. ના, પણ ડૉ. કેરીના તારનાર વિશે કહેજો."

સુવાર્તાના ભેખધારી કેરીની ધર્મસેવાને ૧૭૨ વર્ષ વીત્યાં છે. તેમની સેવાનાં કાયમી ફળ આજે પણ એ મહા-સૈનિક અને વિજયી યોદ્ધાની યાદ અપાવે છે.

પ્રિય વાચક મિત્રો, પરદેશથી આવેલા મિશનરી સેવક-સેવિકાઓ તરફથી ભારતમાં સુવાર્તિક ક્ષેત્રે ઘણું કાર્ય કરવામાં આવ્યું છે. આપણે આ કાર્યને આગળ ને આગળ ધપાવવા પ્રયત્નશીલ નહિ બનીએ શું ?

* * *

# ચેતવણીનો પડકાર

કેટલાંક વર્ષો પહેલાં બાંધકામના નિષ્ણાત માણસોની એક ટૂકડી પેન્સીલવેનિયાના જોન્સટાઉનમાં આવી હતી. આ પ્રદેશના પર્વતો પરથી ધસમસતાં વહેતાં પાણીનું નિયંત્રણ કરવા બાંધેલા બંધના બાંધકામનું નિરીક્ષણકાર્ય તેને કરવાનું હતું. બંધનું બારીકાઈથી નિરીક્ષણ કરતાં તેમને જણાયું કે, હવે બંધ જોખમકારક સ્થિતિમાં છે, અને ક્યારે તૂટી જાય તે કહેવાય નહિ. પાસેની ખીણમાં વસેલાં માનવીઓનાં જીવનો જોખમમાં હતાં, તેવી સ્પષ્ટ ચેતવણી તેમણે ત્યાં વસતા લોકોને આપી ! "બંધની સહીસલામતી નથી અને તમારે માથે ભય તોળાઈ રહ્યો છે." પણ એ લોકોએ તેમની વાત હસી કાઢતાં કહ્યું, "શ્રીમાન, આવી વાતોથી તમે અમને ડરાવી શકશો જ નહિ. સમજ્યા !"

ફરી પાછી તે ટૂકડી બંધનું નિરીક્ષણ કરવા ગઈ અને બંધની ચકાસણી કર્યા બાદ, ખીણમાં વસતા લોકોને ચેતવણી આપતાં કહ્યું, "ભાઈઓ, અમે ફરી તમને ચેતવણી આપીએ છીએ. તમારાં જીવનો જોખમમાં છે." લોકોએ મશ્કરીમાં વાત ઊડાવતાં કહ્યું, "અરે, તમે ગમે તે કહોને ! અમે તે માનવાના જ નથી અને ડરવાનાય નથી. તમે તે શું અમને ડરાવતા હતા !" બાંધકામના નિષ્ણાતો બંધના બાંધકામની પોકળતા પામી ગયા હતા. તેમણે મનના ભારે બોજ સાથે ખીણમાં વસતા માણસોને કહ્યું : "ભાઈઓ, આ છેલ્લી ચેતવણી આપીએ છીએ. તમારાં જીવનો બચાવવા અહીંથી નાસી છૂટો." લોકોએ ઠેકડી ઊડાવતાં કહ્યું, "ભઈ, હવે બહુ થયું અમને ન ડરાવો, તમે તમારે રસ્તે પડોને !"

પંદર દિવસ પછી એક ઘોડેસવાર યુવક પૂર ઝડપે ખીણ તરફ બૂમો પાડતો આવી રહ્યો હતો. "નાસો, બંધ તૂટ્યો છે, ધસમસતું પાણી આવી રહ્યું છે. નાસો !" પણ પેલા લોકો તો એ વાત સાંભળીને એટલા રીઢા થઈ ગયેલા કે તેમને કોઈ જાતની અસર થતી નહિ. મશ્કરીના શબ્દો સિવાય તેમની પાસે કંઈ હતું જ નહિ. પેલા યુવકે ત્યાંથી ઘોડો આગળ મારી મૂક્યો. માત્ર અર્ધા કલાકમાં ધસમસતું પાણી આવી પહોંચ્યું અને જોન્સ ટાઉનમાં વસતાં ૩૭૦૦ માણસોન તાણી ગયું. ચેતવણીના સંદેશની અવગણનાનો કેવો કરુણ અંજામ !

પ્રિય મિત્રો, આપણાં પાપોને લીધે પ્રભુ ઈસુએ વેઠેલાં દુઃખોની યાદ ઈશ્વર પિતાની કૃપાએ ફરી એક વાર તાજી કરવાનો અને પ્રભુ ઈસુને આપણું અર્પણ કરી અનંતકાળિક નાશમાંથી બચવા ચેતવણીનો પડકાર સાંભળો. પ્રિય મિત્ર, શું તમે પ્રભુ ઈસુને તમારા જીવનનું અર્પણ કર્યું છે ? પ્રભુ ઈસુને તમારું અર્પણ કરવામાં તમને કઈ બાબતો અવરોધરૂપ છે ! શું તમારું શિક્ષણ કે પછી પદવી કે અભિમાન ! એ અવરોધો દૂર કરવા અને પ્રભુ ઈસુને તમારા જીવનનું અર્પણ કરવા પવિત્ર આત્મા તમને સહાય કરો.

**અનુપકારી—નવમાંનો એક :** "તમે મારા માટે ગમે તે ધારો, પણ તમે જાણો છો, મારે પણ ઈસુનો આભાર માનવા પાછા જવું હતું, પણ અનેક અવરોધો આવ્યા, અને હું ઈસુ પાસે પાછો ન જ જઈ શક્યો.

"રક્તપિત્તને લીધે મારી કાયા બેડોળ બની ગઈ હતી. કપરી યાતનાઓ વેઠતો હું ઘરથી અને વહાલાંઓથી વિખુટો અને સમાજથી દૂર ગામના સીમાડે સમદુઃખિયા મિત્રો સાથે જીવન વ્યતિત કરતો હતો. હા, સાજા થવાની આશા હૈયામાં ભારી દિવસો પસાર કરતો હતો.

"પણ-પણ એક સોનેરી દિ' ઊગ્યો અને માયાળુ મુખવાળા અને દયાળુ હૃદયવાળા ઈસુ સ્વામી અમારી સીમના રસ્તે થઈને જતા હતા. મદદ માટેની અમારી બૂમ સાંભળી તેમણે અમ દશેયને શુદ્ધ કર્યા. આનંદઘેલું મારું મન, ભાન ભૂલી બેઠું અને સ્વામી ઈસુનો 'આભાર' માનવાનું પણ મને ન સૂઝ્યું ! સ્વજનોને મળવાના મોહે જ તો !

"મારું રૂપ બદલાઈ ગયું હતું. મારો આનંદ માતો નહોતો. ચાલવાને બદલે હું તો જાણે કૂદકા જ ભરતો હતો. મારા પગે તો સીધી ઘરની જ વાટ પકડી ! મારાં વહાલાંઓએ બહાર આવી ઉમળકાથી મને આવકાર્યો. મારી પ્રિય પત્ની, બાળકો અને કુટુંબીઓ તો મને વીંટળાઈ વળ્યાં. તાકી તાકીને જોઈ રહ્યાં ! આજ વર્ષો પછી મેં કુટુંબપ્રેમ માણ્યો. મનમાં તો ખટકતું, સ્વામી ઈસુનો આભાર માનવા ક્યારે જઈશ ? પણ—પ્રિય જનોનો મોહ છૂટ્યો નહિ, અને હું ગયો જ નહિ ! આજ જઈશ કાલ જઈશ, કરતાં દિવસો વહી ગયા.

"પણ મને યાદ છે અમારામાંનો એક જ માત્ર સ્વામી ઈસુનો આભાર માનવા પાછો ફર્યો હતો અને તે પણ વિદેશી ! મને જરાય ખ્યાલ નહિ કે, એ મહાન વૈદ અમારો આભાર ઝીલવા માટે ત્યાં ઊભા હશે ! હું તો ના ગયો તે ના જ ગયો ! મારો ધંધો અને વર્ષોથી પડી રહેલાં કાર્યો એ બધું મેં પાછું સંભાળી લીધું અને ઈસુનો આભાર માનવાનું રહી ગયું ! પછી પણ ના જ જઈ શક્યો ! સાંભળ્યું છે કે, હવે ઈસુને તો મારા આ દેહે જોઈ આભાર માની શકાય તેવી શક્યતા જ રહી નથી ! હવે પસ્તાવો થાય છે કે આભાર માનવાની તસ્દી લીધી હોત, તો કેવું સારું ! મનમાં અફસોસ થાય છે, હું કેવો અનુપકારી? (અંગ્રેજી કાવ્યને આધારે)

પ્રિય વાચક મિત્ર, પ્રભુ ઈસુએ તમારે માટે વધસ્તંભ સહી, તમને આપેલા સાજાપણા માટે તમે પ્રભુ ઈસુનો આભાર માન્યો છે ?

શુભેચ્છા : પ્રિય વાચક મિત્રો, આપ સૌને ઇસ્ટર મુબારક !

વહાલાંઓના વિયોગે દુઃખી મિત્રોનાં હૃદયો મૃત્યુંજય પ્રભુ ઈસુના પુનરુત્થાન દ્વારા નવીન આશાથી ભરપૂર બની રહો.

વિદ્યાર્થી મિત્રોને માટે પરીક્ષાની મોસમ ક્યારનીયે શરૂ થઈ ગઈ છે. સૌ વિદ્યાર્થી મિત્રો પરીક્ષામાં યશસ્વી સફળતા મેળવે એવી શુભેચ્છા પાઠવું છું. ઉનાળાની લાંબી રજાઓના પ્રગતિશીલ ઉપયોગ વિષે યોજના ઘડી તેનો અમલ કરશો.

* * *

# નાતાલ મહોત્સવની ઉજવણી

નાતાલની પૂર્વ સંધ્યા ઢળી રહી હતી. એક પાળકસાહેબ ટ્રેઈનમાં મુસાફરી કરતા, નાતાલનો આનંદ માણતા પોતાના ઘર પ્રતિ પ્રયાણ કરી રહ્યા હતા. ટ્રેઈનમાં ભારે ભીડ જામી હતી. સંકડામણ વેઠતા એક યુવક પાસે તે બેસી ગયા. યુવકના મોં પર ભારે નિરાશા છવાઈ ગઈ હતી. પ્રત્યેક ઉતારુ કોઈની સાથે વાતચીત કરતો જણાતો હતો, પણ તે યુવક શાંત બેસી રહ્યો હતો. તેની આંખોમાંથી ટપ ટપ આંસુઓ ટપકવા લાગ્યાં. ધર્મસેવક તેની સામે જોઈ રહ્યા અને બોલ્યા : "દીકરા, કાલે નાતાલ છે. ખરું ! કુટુંબીજનો સાથે નાતાલ ઊજવવાની કેવી મઝા પડે ! પણ મને કહે, તું આજે કેમ દુઃખી જણાય છે?"

યુવક આંસુ લૂછતાં બોલ્યો "સાહેબ, નાતાલનો આનંદ માણવા હું જરાયે લાયક નથી. ચાર માસ પહેલાં હું થોડા પૈસા લઈને માતપિતાનું ઘર તજીને શિકાગો નાસી

ગયો. મને ઘરે કામ કરવું ગમતું ન હતું અને અભ્યાસ કરવાનું પણ કઠણ લાગતું હતું, તેથી નાસી ગયો. હવે પૈસા ખલાસ થયા અને માતપિતાનો પ્રેમ યાદ આવવા લાગ્યો.

"મેં પત્ર દ્વારા મારાં માતપિતાને જણાવ્યું છે કે આ ગાડીમાં હું મુસાફરી કરવાનો છું. મારા અપરાધની ક્ષમા આપીને મને તેઓ સ્વીકારવાનાં હોય, તો અમારી વાડીના રેલ્વે તરફના સફરજનવૃક્ષ પર એક સફેદ ધ્વજા ફરકાવવાનું મેં લખ્યું છે. હવે અમારું ઘર પાસે આવતું જાય છે તેથી મનમાં મૂંઝવણ થાય છે."

માયાળુ પાળકસાહેબે જણાવ્યું કે, "હું સફરજનના વક્ષ પરની સફેદ ધ્વજા જોઈશ. તું નિશ્ચિંત બેસજે." સ્ટેશન નજદીક આવવા લાગ્યું અને પાળક સાહેબ બારીની બહાર જોવા લાગ્યા અને એ સફરજનવૃક્ષ પર અનેક ધ્વજાઓ ફરકતી જોઈ તે બોલી ઊઠ્યા "બેટા, તારાં માતાપિતાએ તને ક્ષમા આપી છે. તારા આવકારની એંધાણીની અનેક ધ્વજાઓ હવામાં ફરકી રહી છે." અને ક્ષમાથી ભરપૂર પ્રેમનું દર્શન એ સફેદ ધ્વજામાં થતાં છોકરાનું મન નાચી ઊઠ્યું અને છોકરો તેનાં માતાપિતા સાથે પુનઃસંગત માણી શક્યો.

પ્રિય વાચક મિત્ર, ઈશ્વર પિતાએ સમસ્ત જગત પર પોતાનો પ્રેમ પ્રદર્શિત કરવા પોતાનો એકાકી પુત્ર આપી દીધો છે. આપણે પ્રભુ ઈસુને આપણા અંગત તારનાર તરીકે સ્વીકારી, અન્યને એ શુભસંદેશ પ્રગટ કરીએ.

ખ્રિસ્ત જયંતીના પવિત્ર અવસરે પાપનો પશ્ચાતાપ કરી, ઈશ્વર પિતાના આશીર્વાદો શું આપણે પ્રાપ્ત નહિ કરીએ. બાઈબલ વાચન દ્વારા ઈશ્વરપિતાના પ્રેમનો ઊંડો અનુભવ કરવા શું આપણે સમય નહિ આપીએ ?

"નિરંતર બાઈબલનું વાંચન કરવાથી મને ઘણો જ લાભ પ્રાપ્ત થયો છે. આ મહાપુસ્તક માટે મારે એટલું જ કહેવાનું છે કે, ઈશ્વરપિતાએ માણસોને આપેલું આ શ્રેષ્ઠ પુસ્તક છે." અબ્રાહમ લીંકન

ઓસ્ટ્રેલિયાની અમેરિકન બાઈબલ સોસાયટીના સેક્રેટરીને સંબોધીને જનરલ મેક આર્થરે કહ્યું : "સાહેબ, દિવસના પરિશ્રમથી રાત્રે હું ગમે તેટલો થાકી ગયેલો હોઉં, પણ મારું બાઈબલ વાંચ્યા વિના હું કદી મારી પથારી પર સૂતો નથી."

**ખ્રિસ્તજયંતી અને સુવાર્તાપ્રચાર :** ખ્રિસ્ત જયંતીનો આનંદ પ્રગટ કરવા વિવિધ ગૃહ શણગાર કરવામાં આવે છે. પ્રભુ ઈસુના જન્મને લગતાં ચિત્રો, ગભાણનું દશ્ય, તારો, મીણબત્તી, રંગોળી આલેખન અને અનેક સુશોભન વગેરે. આપણા અન્યધર્મી મિત્રોને પ્રભુ ઈસુ ખ્રિસ્તના જન્મ સંબંધી શુભસંદેશ આપવા માટે આ રીતો ઘણી સહાયરૂપ

થઈ પડે. ઘણાં જુવાનો ઘણો શ્રમ ઉઠાવીને અને ખર્ચ કરીને ગભાણનું આબેહૂબ દૃશ્ય રજૂ કરે છે, એ અનુકરણીય છે અને વર્તમાન સમયમાં સુવાર્તાપ્રચાર માટે આવકારદાયી છે.

ઘણાં સ્થળોમાં આ દિવસો સિનેમાની રેકર્ડનું ફિલ્મી સંગીત વગાડવામાં આવે છે. આને બદલે પ્રભુ ઈસુના જન્મને લગતાં ગીતોનું રેકોર્ડિંગ વગાડવામાં આવે, કે પછી માઇકની વ્યવસ્થા થઈ શકી હોય તો સૂરીલા કંઠે ખ્રિસ્ત જયંતીનાં ગીતો ગાવામાં આવે તો કેવું સારું !

અનેક ઠેકાણે મનોરંજન કાર્યક્રમો યોજવામાં આવે છે, તે દ્વારા ખ્રિસ્ત જયંતીનો સંદેશો આપવામાં આવે છે. જબલપુરની CARAVS સંસ્થાએ પ્રભુ ઈસુનું ગિરિપ્રવચન અને અનેક દૃષ્ટાંતો સંગીતમાં ગૂંથી લઈ કલાત્મક નૃત્યમાં તે ઊતાર્યું છે. એ નૃત્ય પ્રયોગો ખૂબ જ હૃદયસ્પર્શી બની રહે છે પ્રભુ ઈસુના જન્મના પ્રસંગોને પદ્યમાં ગૂંથી લઈ નૃત્યમાં રજૂ કરી શકાય આ સિવાય રેડિયો કાર્યક્રમ, ટી.વી.કાર્યક્રમ દ્વારા ટ્રાક્ટો, ચોપાનિયાં, 'ઉપલી મેડી'ની ભેટ વગેરે સાહિત્ય દ્વારા ખ્રિસ્તનો પ્રેમ સંદેશ આપણે નહિ સુણાવીએ !

ઈશ્વરપિતાની કૃપાએ ખ્રિસ્તજયંતી ઊજવવાની આ નવી તકનો સદુપયોગ કરતાં આપણા જીવનનું સમર્પણ ઈશ્વરપિતાને કરીએ.

પ્રિય મિત્રો, ગત વર્ષ દરમિયાન ગુજરાતી વિશાળ ભારત, પરદેશના, ગુજરાતી ખ્રિસ્તી કુટુંબમાંથી ઈશ્વરપિતાનાં તેડાવ્યાં જે વહાલાંઓ પ્રભુમાં ઊંઘી ગયાં છે, તેમનાં કુટુંબીજનોને માટે ઈશ્વરપિતાની શાંતિ અને દિલાસો પાઠવું છું. સૌ વાચક મિત્રોને ખ્રિસ્ત જયંતી મુબારક !

**આગિયાની દંતકથા :** રાત્રિમાં પ્રકાશ પાડતા નાના આગિયા વિશે આવી દંતકથા છે. એ નાનકડું જંતુ બાળઈસુના જન્મ વખતે ઈસુ પાસે પડેલા પરાળમાં હતું. રાત્રે ભરવાડોને આવતા તેણે જોયા. દૂતે તેમને આપેલું દર્શન, તારણનો શુભસંદેશ વગેરે વિશે ગભાણમાં વાત કરતા હતા. બહુ આદરભાવે તેમણે બાળ ઈસુનાં દર્શન કરી, ભજન કર્યું, આ બધું પેલા જંતુએ જોયું.

વળી માગી લોકોએ આપેલી કીમતી ભેટો પણ તેણે જોઈ. તેને થયું કે હું બાળઈસુને શું આપું ? બાળઈસુની પથારીમાં થોડું પરાળ ઉમેરવા મહા પ્રયત્ન કરી તેણે થોડું પરાળ બાળઈસુ પાસે મૂક્યું. આ જ સમયે બાળઈસુના લંબાવેલા હાથનો સ્પર્શ તેને થતાં તે ચમકવા લાગ્યું. આ તો દંતકથા. પણ જગતજ્યોતિ પ્રભુ ઈસુના સ્પર્શ વડે સાચે જ વ્યક્તિનું જીવન ખૂબ ઉજ્જવલ બની જાય છે !

* * *

# વિજયવંત ખ્રિસ્તી જીવન

ખ્રિસ્ત જીવન બળવાન અને સમૃદ્ધ બનાવવા દૈનિક પ્રાર્થના, મનન અને શાસ્ત્રવાચન અતિ અગત્યનાં છે. વ્યક્તિ પોતાની આવડત અને મગજની શક્તિઓ ઈશ્વરપિતાના દ્વારા કાર્ય કરે તો ભલે, અને તે પણ અમુક હદ સુધી જ થઈ શકે, પણ ઈશ્વરના સામર્થ્યથી ભરપૂર થઈને તે દ્વારા કરેલું કાર્ય જુદું જ તરી આવે. પ્રભુ ઈસુ ખ્રિસ્તે દૈનિક પ્રાર્થના અને પિતાની સંગતનો સર્વોચ્ચ નમૂનો આપણી સમક્ષ મૂક્યો છે.

વિશ્વભરમાં મશહૂર થઈ ગયેલી અનેક ખ્રિસ્તી વ્યક્તિઓએ પોતાનાં જીવનોમાં પ્રાર્થના અને શાસ્ત્રવચનનું મહત્ત્વ અનુભવ્યું છે અને સમજાવ્યું પણ છે.

વિલ્યમ વિલ્બર ફોર્સ કહે છે : નિરંતર કાર્યક્રમની ઉતાવળ તથા માણસો સાથેની અતિશય મુલાકાતથી મારા શરીરને નહિ, તો આત્માને હાનિ પહોંચે છે. મને પ્રાર્થનાને સારુ વધુ એકાંતવાસ તથા વહેલી સવારનો શાંત સમય મળે તો કેવું સારું ! મને એમ લાગે છે કે, હું ખાનગી પ્રાર્થનામાં, ઈશ્વર મનનમાં તથા પવિત્ર શાસ્ત્રના અધ્યયનમાં ઘણો થોડો વખત ગાળું છું અને એ જ કારણસર હું એવો બળહીન, મંદ તથા નિષ્ઠુર રહું છું. દરરોજ ઈશ્વરપિતાની સેવા કરવામાં મારે ઓછામાં ઓછા બે કલાક ગાળવા જ જોઈએ. દરરોજ મોડી રાત સુધી હું મારાં નિત્યકર્મોનાં ગુંથાયેલો રહું છું, તેથી જ કદાચ મને સવારમાં ફક્ત અર્ધો કલાક પ્રાર્થનાને સારુ મળે છે.

"ઈશ્વરપિતાના ખરા સેવકોના અનુભવ પરથી એ વાત સાબિત થાય છે કે, યોગ્ય ખાનગી પ્રાર્થના રહિત આત્મા બળહિન બનતો જાય છે. પરંતુ આ વાત સાચી છે કે, ધર્મસેવાને અંગે સર્વ કાર્યો પ્રાર્થનાથી યોગ્ય રીતે થાય છે. વળી મને એવો અનુભવ થયો છે કે, પ્રાર્થનાનું પરાક્રમ સર્વશક્તિમાન છે."

મેથોડિસ્ટ મંડળીના સ્થાપક જોન વેસ્લી કહે છે કે, "જેઓ પાપ સિવાય બીજા કશાથી ડરતા નથી. તથા જેઓ પવિત્ર ઈશ્વરપિતાને મેળવવા સિવાય બીજા કશાની આકાંક્ષા રાખતા નથી, એવા એકસો ઉપદેશકો મને આપો, તો પછી તેઓ દીક્ષિત પાળકો કે ધર્મોપદેશકો અથવા સાધારણ માણસો હોય, તે વિશે મને લેશમાત્ર દરકાર નથી. કેમ કે ફક્ત તેઓ નરકનાં દ્વાર ધ્રૂજાવવાને તથા જગતમાં પ્રભુ ઈસુનું સામ્રાજ્ય સ્થાપિત કરવાને સમર્થ છે."

રીચર્ડ સેસીલ કહે છે : "પાળકમાં પવિત્ર આત્માનો અભિષેક કે પરાક્રમ ન હોય, તો ધર્મસેવાને અંગે કરેલા તેમના સર્વ પ્રયત્નો વ્યર્થ નીવડશે. તે અભિષેક ઈશ્વરપિતાની પવિત્ર હજૂરમાંથી સત્વર ઊતરીને સેવાનાં સર્વ કામકાજમાં આત્મિક સુગંધની સુવાસ

અનંત જીવનની અસર અને ઈશ્વરપિતાનાં પવિત્ર વચનોનો આસ્વાદ સર્વત્ર ફેલાવે એ અવશ્યનું છે. વળી પાળકપદ યોગ્ય રીતે બજાવવાને બીજા વિવિધ પ્રયોગોમાં પવિત્રશાસ્ત્રનો અભ્યાસ કે મનન તથા નિરંતરની પ્રાર્થનાની આસક્તિમાં ઉપદેશકે અથથી ઈતિ સુધી તત્પર રહેવું જોઈએ."

સ્પર્જન નામે એક પ્રસિદ્ધ ધર્મોપદેશક કહે છે. "ખાનગી પ્રાર્થના વિશેષ કર્યાથી ઉપદેશકને ધર્મસેવાને સારુ અવર્ણનીય અને અપ્રતિમ આશીર્વાદ-પવિત્ર આત્માનું પરાક્રમ કે અભિષેક પ્રાપ્ત થાય છે. જો આપણે ઈશ્વરપિતા તરફથી અભિષિક્ત થયા નથી, તો આપણે કેવળ ઢોંગી છીએ; કેમ કે અભિષેક પ્રાર્થના દ્વારે જ મળે છે. આપણે વિનંતી કરવામાં પૂરા આગ્રહથી નિરંતર જાગતા રહેવું જોઈએ."

પ્રાર્થનાપરાયણ અનેક વ્યક્તિઓનાં જીવન પરથી પણ જાણી શકાય છે કે, આત્માથી ભરપૂર ખ્રિસ્તી જીવન જીવવા માટે અંગત પ્રાર્થના, મનન અને શાસ્ત્રાભ્યાસમાં આપેલો સમય મહત્ત્વનો છે.

એક મહાનુભાવે માનવી પોતાના જીવન કાળનાં વર્ષો સામાન્ય રીતે કઈ રીતે વ્યતીત કરે છે, તેની આવી તારવણી કરી છે. ૭૦ વર્ષનું આયુષ્ય ભોગવનાર માનવી પોતાના જીવનનાં વિવિધ કાર્યોમાં જે સમય આપે છે, તે પ્રમાણે આશરે ૨૩ વર્ષ ઊંઘવામાં, ૧૧ વર્ષ નોકરી ધંધાના કામકાજમાં, ૮ વર્ષ રમતગમતમાં, ૬ વર્ષ ખાવાપીવામાં, ૫ા વર્ષ નહાવાધોવામાં, ૩ વર્ષ શિક્ષણ પ્રાપ્તિમાં, ૩ વર્ષ વાચન, ૩ વર્ષ વાતચીત અને ટોળટપ્પાંમાં અને ૬ મહિના ભજનકિર્તનમાં ગાળે છે. ભજનભક્તિને સૌથી છેલ્લું સ્થાન અને નહિવત્ સમય ! સામાન્ય રીતે આપણો પણ એ જ અનુભવ નથી શું ? પ્રાર્થના સિવાય આપણે બીજી બધી બાબતોમાં સમય આપવા આતુર હોઈએ છીએ.

દૈનિક પ્રાર્થના તો શું પણ રવિવારે પ્રભુમંદિરમાં જઈ ભક્તિસભા માટે પણ એક કલાક કરતાં વધારે સમય આપવા આપણે તૈયાર હોતા નથી. નાટક, સિનેમા અને મનોરંજન કાર્યક્રમોમાં ત્રણ કલાક કરતાં વધારે સમય આપણે સહેલાઈથી આપી શકીએ છીએ. પણ પ્રભુભજન માટે, પ્રાર્થના માટે સમય આપવા પાછાં પડીએ છીએ. આપણે આત્મિક પ્રગતિ ન પામીએ તો ખ્રિસ્તનાં અસરકારક સાક્ષી કેવી રીતે બની શકીએ !

* * *

# ખ્રિસ્તી સાહિત્ય અને આપણે

અખ્રિસ્તી સાહિત્યની તુલનામાં ખ્રિસ્તી સાહિત્યનું પ્રકાશન તદ્દન નહિવત્ છે. અને જેનું પ્રકાશન થાય છે, તે પરત્વે પણ સમાજ ઉદાસીન બનતો જણાય છે. સામાન્ય રીતે આમજનતા દૈનિક જીવનની બીજી વસ્તુઓ ખરીદવામાં જેટલી રસવૃત્તિ દાખવે છે અને જે કાળજી બતાવે છે, તે કરતાં સાહિત્યની ખરીદીમાં ઓછો જ રસ દેખાય છે અને ઓછી જ કાળજી બતાવવામાં આવે છે. બલ્કે નિષ્કાળજી વધુ જોવામાં આવે છે.

આવી પરિસ્થિતિ કેમ હશે વારુ ? એક કારણ તો એ જણાય છે કે, વ્યક્તિને મન સાહિત્યની કાંઈ કિંમત હોતી નથી, અથવા હોવી જોઈએ તેટલી હોતી નથી. કેટલી તસ્દી ઉઠાવીને સમય શાહી, કાગળ અને શક્તિના ઉપયોગ દ્વારા સાહિત્યનું સર્જન કરવામાં આવ્યું છે, તેનો ખ્યાલ સામાન્ય વ્યક્તિને બહુ જ ઓછો હોય છે. નાણાં ખર્ચ્યા વિના, વિના મૂલ્યે મળતી વસ્તુ વ્યક્તિને વધુ પ્રિય લાગે છે. તેથી વળી સાહિત્યની પાછળ ખર્ચ કેવો કરવાનો ? ‘ઉછીનું’ માગીને વાંચી લેવાનું પ્રલોભન વધારે હોય છે. ‘ઉછીનું’ મળ્યું તો ઠીક, ના મળ્યું તોય શું ? પરિણામે સાહિત્યનું સર્જન કરનારને નિરાશાનો સામનો કરવો પડે છે અને લેખકોની લેખિની આગળ ચાલતી અટકી જાય છે.

શારીરિક વિકાસને માટે અને જીવનની જરૂરિયાતને માટે કોઈ પણ જન વધારે ધ્યાન આપે છે અને ગમે તે ભોગે પણ તે વસ્તુઓ મેળવવા પ્રયત્ન કરે છે, પણ માનવીનો બૌધિક વિકાસ કરનારું સાહિત્ય સાવ ઉપેક્ષિત બની રહે છે.

ઘણાં એવાં બહાનાં કાઢે છે કે, અમને વાંચવાનો વખત મળતો નથી. પણ વખત તો આપણને મળતો જ હોતો નથી, આપણે વખતને શોધી કાઢવાનો હોય છે ને ? અવકાશ યુગના આ જમાનામાં વાંચવાની ટેવ અને શોખ ન હોય, તો ચંદ્રભૂમિ પર જવાય નહિ એ તો ઠીક, પણ ત્યાં જનારે શું કર્યું તે જણાય પણ શી રીતે ! આવી વૃત્તિથી જમાનો તો આગળ વધતો જશે અને આપણે ક્યાંયે પાછળ રહી જવાનાં ! તેથી આપણા મનની જડતા દૂર કરવા અને વિચારોનો વિકાસ કરવા સાહિત્ય ખરીદવાની અને વાંચવાની અતિ આવશ્યકતા છે.

**ખ્રિસ્તી કુટુંબમાં સાહિત્યનું સ્થાન :** ‘આળસુ મગજ શેતાનનું કારખાનું બને છે.’ આવું ન બને માટે રજાના અને નવરાશના દિવસોમાં બાળકોની શક્તિઓના વિકાસ માટે તેમને યોગ્ય ખ્રિસ્તી સાહિત્ય પૂરું પાડવાની જવાબદારી માતપિતાની છે. પોતે વાંચવાનો શોખ કેળવવાથી બાળકોમાં પણ વાચન પ્રત્યે રસ જાગશે. સારાં પુસ્તકો વ્યક્તિનાં સાચાં મિત્રો બની રહે છે. આપણાં બાળકોના આત્મિક જીવન ઘડતરને માટે આપણે કેટલી કાળજી રાખીએ છીએ ?

**ગુજરાતી ખ્રિસ્તી સાહિત્યનું ભાવિ :** અંગ્રેજી ભાષામાં ઉચ્ચ કોટિનું સાહિત્ય છે, પણ ભાષાકીય લીધે અને વધારે કિંમતને લીધે બહુજનસમાજ તેનો પૂરતો લાભ ઉઠાવી શકતો નથી. ગુજરાતી ભાષામાં સાહિત્યનું શ્રેષ્ઠ સર્જન કરનાર લેખક લેખિકાઓની અનિવાર્ય અગત્ય છે. આ દિશામાં બાળકો માટે, યુવાનો માટે તેમજ સામાન્ય જનતા વાંચવા આકર્ષાય તેવું આકર્ષક ગદ્યપદ્ય સાહિત્ય તૈયાર કરવાની યોજનાઓ ઘડાય છે, પણ તેનો અમલ કરતાં વિલંબ ઘણો થાય છે. વર્તમાન યુગને અનુલક્ષીને આકર્ષક સાહિત્ય તૈયાર કરવાનો સમય હવે પાકી ચૂક્યો છે. પોતાની લખવાની આવડત ઈશ્વરપિતાના રાજ્યની વૃદ્ધિને માટે કોણ વાપરશે ? ટીકા કરવી સહેલી છે. કાર્ય કરવું કઠિન છે.

**વિતરણ કાર્ય :** તૈયાર થયેલું સાહિત્ય લોકોના હાથમાં જાય તેને માટે વ્યવસ્થિત વિતરણ કાર્ય કરવાની પણ તેટલી જ જરૂર છે. પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોની 'માહિતી' 'ખ્રિસ્તીબંધુ' દ્વારા મેળવી શકશે. અને પ્રદ્ધિ થયેલાં પુસ્તકો ટ્રાક્ટ સોસાયટી – સાહિત્ય સદનમાંથી મેળવી શકાશે, માન્ય, એજન્ટ ભાઈબહેનો પાસેથી પણ મેળવી શકાશે. પુસ્તકો વેચવાની પણ કલા છે. આ કલા સિદ્ધ હોય તેવા યુવાનોની આજે તેટલી જ જરૂર છે. ઓ.એમ. ટીમનાં ભાઈ-બહેનો વિતરણ કાર્ય કરવામાં ખૂબ હોશિયારી ધરાવે છે. દિવસમાં કેટલાએ રૂપિયાનું સાહિત્ય તેઓ લોકોના હાથમાં મૂકે છે. પ્રભુના માહિમાર્થે આવાં યુવાનોની પણ આજે તેટલી જ જરૂર છે.

પ્રત્યેક રવિવારે પ્રભુમંદિરની ભક્તિસભા પછી યુવાનોના સહકારથી બુકસ્ટોલ ગોઠવવામાં આવે તો વિતરણ કાર્યમાં મદદરૂપ થઈ શકાશે. બધી જ મંડળીઓના પાળક સાહેબો અને આગેવાનો આ બાબતમાં સક્રિય રસ લઈને આ કાર્યમાં પ્રેમભર્યા સહકાર આપે, તો પુસ્તકો પુસ્તક ભંડારમાં જ ભરી રાખવાને બદલે લોકોનાં ઘરોમાં પણ જઈ શકશે. પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોની જાહેરાત પ્રત્યેક પુલપીટ પરથી કરવામાં આવે, તો મંડળી સાહિત્યની દિશામાં પણ પ્રગતિ કરી શકશે જ.

**ખ્રિસ્તી ગીતો અને ભજનો :** પ્રત્યેક વ્યક્તિને સંગીત ગાવું અને સાંભળવું ગમે છે. બાઈબલ વાંચતાં લોકજીવનમાં ગીતોનું સ્થાન પ્રથમથી જ હતું એમ જણાય છે. આજે પણ ભજનસેવામાં ગીતો અગત્યનો ભાગ ભજવે છે. મંડળીની આગલી સદીના અમુક તબક્કામાં ભજન સેવામાં ગીતોને સ્થાન ન હતું, પણ ઈશ્વરપિતાની કૃપાએ ગીતોએ ધીમે ધીમે આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ગીતો સંદેશો આપનારના કાર્યમાં મદદરૂપ થાય છે. સભાજનોનાં હૃદયો ગીત દ્વારા સંદેશો ઝીલવા તૈયાર થાય છે. વળી ગીતો, ભજનો દ્વારા સભાજનો ભક્તિસભામાં સક્રિય ભાગ લે છે અને ભક્તિનું વાતાવરણ સર્જાય છે. તેથી ગીતો-ભજનોનું સ્થાન મહત્ત્વનું છે.

ગીત માનવીની લાગણીને સ્પર્શે છે, તેથી જ ગીત યોગ્ય રીતે ગાવામાં આવે તે જરૂરનું છે. મોટે ભાગે મંડળીઓની ભક્તિસભા વખતે ગીતો બહુ ધીમી ગતિમાં અને ઉલ્લાસરહિત ગવાતાં હોય છે. ગીતની યોગ્ય અસર ઉપજાવવા તે તાલબદ્ધ અને આત્માના ઉલ્લાસથી ગવાય એ જરૂરનું છે. સંત પાઊલ લખે છે તેમ "હું આત્માથી ગાઈશ અને સમજશક્તિથી પણ ગાઇશ" ૧ કોરીંથી ૧૪ : ૧૫ પાઊલ અને સીલાસે આત્માના ઉલ્લાસથી ગાયેલાં સ્તોત્રો બંદીખાનામાં કેવું અજાયબ પરિણામ લાવી શક્યાં હતાં ? પ્રે. કૃત્યો ૧૬ : ૨૫

**ગીતોના રાગ :** આ જમાનામાં સીનેમાનાં ગીતોએ ભારે આકર્ષણ જમાવ્યું છે. એ આકર્ષણનું મુખ્ય કારણ તેના આકર્ષક રાગ છે. આપણાં ગીતોમાં રાગનું વૈવિધ્ય લાવવાની અગત્ય છે. આકર્ષક અને પ્રસંગને બંધબેસતો અનુરૂપ રાગ ગીતનું મહત્ત્વ વધારી વ્યક્તિને ગાવા માટે જાગ્રત કરે છે. આપણાં જૂનાં ગીતોને નવા રાગ આપવાની અને નવા નવા રાગનાં ગીતો રચવાની કેટલી બધી જરૂર છે ? અવનવાં રાગ-રાગિણીઓ રચવાની અને જૂનાં કાવ્યોને નવા રાગે ગાઈ બતાવવાની કલા ધરાવતી વ્યક્તિઓ આ કાર્યમાં સહકાર આપી પ્રભુનો મહિમા વધારવા મદદરૂપ થશે એવી આશા છે.

**ગાયકગણની અગત્ય :** પ્રત્યેક વ્યક્તિ કોઈ નવો રાગ એકદમ ગ્રહણ કરી શકે એ સંભવિત હોતું નથી. વારંવાર સાંભળ્યા પછી ગીતના રાગ ગ્રહણ કરી શકાય. તેથી ભજનસેવામાં મદદરૂપ થવા પ્રત્યેક મંડળીમાં એક ગાયકગણ હોવું જરૂરી છે. નવા નવા રાગ શીખીને ભક્તિસભા વખતે અવારનવાર ગાયકગણના ગાયન દ્વારા સમસ્ત મંડળી પણ નવાં ગાયનો શીખી શકશે. નવાં ગીતોના પ્રચારમાં ગાયકગણનો ફાળો મોટો રહેશે.

'તલવાર કરતાં કલમ બળવતર છે' એ કલમનું બળ અનુભવવા આપણે ખ્રિસ્તી ગદ્ય-પદ્ય સાહિત્યનો આવકાર કરીએ તો કેવું સારું ! જો આપણામાં ખ્રિસ્તી સાહિત્ય પ્રત્યે રસ નહિ હોય, તો ભાવિ પેઢીમાં એ રસનું સીંચન કેમ કરીને કરીશું ! ખ્રિસ્તી સામયિકોનાં ગ્રાહકો થઈને અન્યને ગ્રાહક બનાવીને અને પ્રતિવર્ષે ઓછામાં ઓછાં છ ખ્રિસ્તી પુસ્તકો ખરીદીને ખ્રિસ્તી સાહિત્યને સમૃદ્ધ કરવા આપણે કટિબદ્ધ થઈએ તો કેવું સારું !

**અમેરિકન અવકાશયાત્રીઓની અવકાશયાત્રા :** ૧૯૬૯ના જુલાઈની ૨૧મી તારીખે ત્રણ અમેરિકન અવકાશયાત્રીઓએ ચંદ્રની અણજાણ ભૂમિ પર પગરણ માંડીને વૈજ્ઞાનિક ક્ષેત્રે અપૂર્વ સિદ્ધિ મેળવીને માનવ-પહોંચના સીમાડા વિસ્તાર્યા છે. આજે આ દિશામાં નવયુગનાં મંડાણ મંડાયાં. ઈશ્વરપિતાના આ અદ્‌ભુત સર્જન-ચંદ્ર-સંબંધી વિશેષ જ્ઞાન મેળવીને માનવી ઈશ્વરપિતાની મહાનતા અને ગૌરવ જોતાં શીખે અને ઈશ્વરપિતાનો જયજયકાર કરે એજ અભ્યર્થના.

* * *

# તંત્રીસ્થાનેથી...

ભાગ–૨

આલ્બર્ટ ભાભોર

# ખ્રિસ્તીબંધુ બોલે છે...

ખ્રિસ્તીબંધુ છેલ્લા બોતેર વર્ષથી અજાયબ હરણફાળ ભરતું રહ્યું છે. અગાઉનાં વર્ષોમાં તેનો કાર્યમાં અનેક પ્રકારની અડચણો ઊભી થઈ તેમ છતાં પ્રભુ પવિત્ર આત્માથી શરૂ થયેલું આ સાહિત્યિક કાર્ય કોઈરીતે અટકી શક્યું નથી. ૧૯૩૩થી દર મહિને પ્રગટ થતું આ ખ્રિસ્તીબંધુ ગુજરાતની વ્યક્તિઓમાં, કુટુંબોમાં, મંડળીઓના બાંધકામમાં તેમજ ખ્રિસ્તી સમાજના ઘડતરમાં અદ્‌ભુત ફાળો આપીને આગેકૂચ કરતું જ રહ્યું છે. આ ભગીરથ કાર્યમાં હજારોની સંખ્યામાં સાહિત્યરસિક સેવક-સેવિકાઓ જોડાતાં જાય છે અને તેમના અથાગ પરિશ્રમ પછી ખ્રિસ્તીબંધુની ગ્રાહકસંખ્યા ૯૨૦૦ થઈ છે અને ફક્ત ગુજરાતનાં જ નહિ પણ પરદેશના ખ્રિસ્તી કુટુંબોમાં પણ ખ્રિસ્તીબંધુએ પહોંચી જઈને ગજબની ચાહના ઊભી કરી છે.

જેમ વર્ષો પસાર થતાં ગયાં તેમ આ સામયિક ખ્રિસ્તી સમાજમાં લોકપ્રિય થતું રહ્યું છે અને તેની મારફતે ઘણાં કુટુંબો આશીર્વાદિત બન્યાં છે. આ સાહિત્યિક દ્રાક્ષાવાડીમાં નામીઅનામી હજારો પ્રભુનાં સેવક-સેવિકાઓએ તન, મન, ધનથી પોતાનો અમૂલ્ય ફાળો આપીને પોતાનું જીવન રેડી દીધું છે જેનું વર્ણન શબ્દોમાં થઈ શકે તેમ નથી. ખ્રિસ્તીબંધુ બળતી મશાલની જેમ સીમાચિહ્‌ન બની સમાજને આગેકૂચ કરતું જઈને હજારો કુટુંબોને પ્રભુ ઈસુના પ્રેમના બંધનમાં બાંધી સાંકળરૂપ બનતું જાય છે. આ સામયિક પ્રગટ થતાંની સાથે ક્યારે હાથમાં આવે અને વાંચી લઈએ એવી ઇન્તેજારી ઘણા વાંચકોમાં વધી ગઈ છે.

કેટલાક વાંચકોને તો એવું પણ લાગે છે કે, જ્યાં સુધી ખ્રિસ્તીબંધુ વાંચવા ના મળે ત્યાં સુધી ખ્રિસ્તી સમાજ સાથે પોતાનો નાતો જાણે તૂટી ના ગયો હોય ? જેમ ઘરમાં દૈનિક સમાચાર આવતાની સાથે, જેને જે વિષયમાં રસ હોય તે થોડી મિનિટોમાં વાંચી નાખે. તેમ ખ્રિસ્તીબંધુ ઘરમાં પહોંચતાની સાથે જેને જે લેખનસામગ્રીમાં વધુ રસ હોય તે વાંચી જતા હોય છે. આવી રીતે આ સામયિક મારફતે છપાયેલા શબ્દો, વાક્યો અને લેખોની અસર ઘણા લોકોના હૃદયપટ પર થઈ છે. દર મહિને ખ્રિસ્તીબંધુને હાથમાં લેતાં ઘણાના વિચારોમાં નવો સંચાર થયો છે. વલણોમાં ફેરફાર થયો છે અને ખ્રિસ્તીબંધુ બાઈબલ કેન્દ્રિત હોવાથી ઘણાં કુટુંબોની રહેણીકરણીમાં પણ આમૂલ પરિવર્તન આવ્યું છે.

અત્યારે ખ્રિસ્તી લોકો મધ્યે વિચાર વિનિમયમનું કાર્ય કરતું મુખપત્ર તરીકે ખ્રિસ્તીબંધુ સાબિત થયું છે. ગુજરાતમાં કેટલાયે પ્રતિષ્ઠિત સામયિકો શરૂ થયાં અને પછી બંધ થઈ ગયાં પણ પ્રભુ પવિત્ર આત્મામાં શરૂ થયેલું આ ખ્રિસ્તીબંધુ આગળ ધપતું જ રહ્યું છે. દર

મહિને આ સામયિક સમાજના અધિકારયુક્ત અને વિશ્વાસયુક્ત સમાચાર આપતું જ રહે છે. બાઈબલનાં વચનોની સ્પષ્ટ સમજણ આપી લોકોમાં નવી જાગૃતિનો સ્ત્રોત વહેવડાવ્યા જ કરે છે. ઘણીવાર વાસ્તવિક સત્ય ઘટનાઓ વાંચકો આગળ રજૂ કરે છે. દેશ અને વિદેશમાં બનતા ચાલુ પ્રવાહોની નોંધ આપી તેની સમીક્ષા કરે છે. આ દુનિયામાં શું સાચું છે અને શું ખોટું છે તેની છણાવટ વાંચકો સમક્ષ કરે છે. ખ્રિસ્તી જીવનમાં મૂલ્યોની સમજણ આપી સમાજમાં છીંડા વચ્ચે ઊભું રહીને લોકોને નાશમાં જતાં રોકવાનું ખૂબ અગત્યનું હિંમતભર્યું નૈતિક કાર્ય ખ્રિસ્તીબંધુ કરે છે.

દર મહિને ખ્રિસ્તી સમાજની વિવિધ માહિતી આપીને દરેક બાબતો વિશે લોકશાહી ઢબે વિચારવા માટે ખ્રિસ્તીબંધુ એક તંદુરસ્ત આબોહવા લોકોમાં ઊભી કરે છે. આ સામયિક તો અંતરાત્માનું, ચેતનાનું અને વિશ્વાસનું એક પ્રગટીકરણ છે. બૌદ્ધિક શક્તિનો વિનિયોગ અને ખ્રિસ્તીજીવનની વૃદ્ધિ કરતું એક પ્રબળ અને પ્રેરક સાધન છે. આ તો સમયના પ્રવાહનું ચિંતન કરાવતું એક સામયિક છે. નવા પ્રવાહો, નવા વિચારો અને નવો રાહ બતાવતું એક પથદર્શક છે. નિષ્ઠાથી લોકસેવાનું કાર્ય કરતું એક અસરકારક માધ્યમ છે. જેને નફાખોટની કોઈ જ ચિંતા નથી. સામયિક તેના મર્યાદિત ફલક ઉપર ઊભું રહીને ખ્રિસ્તી વ્યક્તિઓનું વ્યક્તિત્વ વિકસાવે છે. તેની લેખનસામગ્રીમાં ઘણીવાર સત્યની સાથે સૌંદર્ય, ડહાપણ અને હિંમતની સાથે શૈલીની શોભા અને પ્રેમનો રણકાર આપે છે. તેથી કરીને વ્યક્તિઓમાં પવિત્ર આત્માનો સંચાર થાય છે. ખ્રિસ્તીબંધુનો આશય સત્ય દર્શન કરાવવાનો અને બધી જવાબદારીઓને ખ્યાલમાં રાખીને કુટુંબોને યોગ્ય વાનગીઓ પીરસવાનો છે. દર મહિને પ્રગટ થતા ખ્રિસ્તીબંધુને માટે ભલે ગમે તેવા અભિપ્રાયો આવે, તેની હકારાત્મક કે નકારાત્મક ચર્ચા થાય તોપણ તે સમાજને પ્રગતિના પંથે લઈ જઈ રહ્યું છે. હજારો ખ્રિસ્તીકુટુંબો આ સામયિકના ગ્રાહકો થઈને તેમાં વિશ્વાસ રાખતા થયા છે. એ જ એનું મોટામાં મોટું ગૌરવ છે અને આ માન મહિમા અને ગૌરવ તો ત્રિએક ઈશ્વરપિતાને જ મળે છે.

ખ્રિસ્તી સમાજની પ્રગતિ અને જાગૃતિ માટે ખ્રિસ્તીબંધુ જરૂર પ્રહારો કરે છે પણ વિના કારણ સોંય ભોંકવી, ઘોંચપરોણો કરવો, એમાં આ સામયિક માનતું નથી. મંડળી કે સમાજમાં પ્રશ્નો ઊભા થાય એવા વિવાદાસ્પદ લખાણમાં ખ્રિસ્તીબંધુ માનતું નથી. ખ્રિસ્તીબંધુ કુટુંબો પ્રત્યે આદર ધરાવીને, સાચું શિક્ષણ આપીને, લોકમાનસમાં આશા, પ્રેમ, હિંમત અને ખ્રિસ્તી વિશ્વાસ જન્માવે છે. આ સમાયિક ઘણી વાર રણશિંગડું વગાડીને લોકોને ચેતવણી આપવાનું હિંમતનું કાર્ય કરે છે. કેટલીકવાર સમાજના આગેવાનો પર તેનો પ્રભાવ પડે છે અને તેથી સામાજિક યોગ્ય નિર્ણયો લેવાની પ્રક્રિયામાં પણ મદદરૂપ સાબિત થાય છે. લગ્નવિષયક જાહેરાતોથી ઘણાં નવયુગલો અસ્તિત્વમાં આવ્યાં છે.

ખ્રિસ્તીબંધુમાં એવી જાહેરાતો પણ આવે છે, જેનાથી મંડળી અને સંસ્થાઓને આર્થિક ફાયદો કરી આપે છે. આ સામયિકની એવી કેટલીક જાહેરાતોને લીધે ઘણાં યુવક-યુવતીઓ અનેક સેવાક્ષેત્રોમાં અને નોકરી ધંધામાં જોડાયાં છે. દર મહિને ઘરબેઠાં આત્મિક વૃદ્ધિને માટે ખ્રિસ્તીબંધુ અવિરતપણે પ્રભુનો સંદેશો આપતું જ જાય છે. હજારો વ્યક્તિઓ અને કુટુંબોમાં જાણતા અજાણતા ગુપ્ત સેવા ખૂબ અસરકારક રીતે ખ્રિસ્તીબંધુ કરતું રહ્યું છે. જેનું મૂલ્ય કોઈ રીતે આંકી શકાય તેમ નથી.

આ દોડતા યુગમાં આપણે અનેક પ્રવૃત્તિઓમાં સંકળાયેલા હોવા છતાં ખ્રિસ્તીબંધુ પર એક નજર અવશ્ય ફેંકીએ. શક્ય છે કે; કોઈ વાર આપણે એવા સંજોગોમાં હોઈએ, જે સમયે તે આપણા જીવનમાં નવો વળાંક લાવનાર સાબિત થઈ જાય ! સાહિત્યક્ષેત્રે જો આપણે શક્તિ ધરાવતા હોઈએ તો તેમાં જરૂરથી કોઈપણ પ્રકારનો આપણો અમૂલ્ય ફાળો આપીને આપણા લોકલાડીલા ખ્રિસ્તીબંધુને આગળ ધપાવીએ. પ્રભુમાં કરેલું આપણું આ પવિત્ર કાર્ય કદી નિરર્થક જવાનું નથી પણ સાહિત્યના લખાણ મારફતે કરેલું આ પ્રભુનું કાર્ય કાયમને માટે બોલતું રહેશે.

ઈશ્વરપિતાના ભગીરથ સાહિત્યક કાર્યને માત્ર ટીકાટીપણ કે વિશ્લેષણ કરીને અને નકારાત્મક વલણ બતાવી અટકાવવાના અપરાધી થવાના જોખમમાં આપણે આવીએ નહિ. ખ્રિસ્તીબંધુ પ્રત્યે નકારાત્મક વલણ ધરાવતી વ્યક્તિઓએ પોતાને પ્રશ્ન પૂછવો જોઈએ કે, આ કાર્યમાં મારો શું ફાળો છે ? શું આપણે મહાન પ્રભુના સેવક-સેવિકાઓ મારફતે શરૂ થયેલા ઈશ્વરપિતાના આ કાર્યને તોડી પાડતા તો નથીને ? જો એવા પ્રકારનું આત્મઅભિમાન ધરાવતું આપણું વલણ હોય તો આપણા અંતઃકરણ લેખનકાર્ય એ તો ઈશ્વરપિતા તરફથી મળેલું અસરકારક કૃપાદાન છે.

ખ્રિસ્તીબંધુ પ્રગતિશીલ પ્રતિબિંબ સમાજમાં બતાવતું જ રહ્યું છે અને સમાજને પ્રગતિને પંથે લઈ જવાની જ તેની તમન્ના છે. ઈશ્વરપિતાની યોજના અને ઈરાદામાં શરૂ થયેલા આ મહાન પવિત્ર કાર્યના વર્તુળમાં ગુજરાતનાં બધાં જ ખ્રિસ્તી કુટુંબો જોડાઈ જાય, તે દૃષ્ટિબિંદુ આપણે રાખવાનું છે. કોઈપણ ખ્રિસ્તીકુટુંબ ખ્રિસ્તીબંધુ મારફતે મળતા આશીર્વાદથી વંચિત રહી જાય નહિ તે માટે આપણે વાંચીએ અને વંચાવીએ. ભાવિ વર્ષોમાં ખ્રિસ્તીબંધુની ગ્રાહક સંખ્યા ૧૦,૦૦૦ કરતાં પણ વધી જાય અને તેમાં બાઈબલની અભ્યાસપૂર્ણતા, શૈલી સામર્થ્ય, સંગીનતા, સાહિત્યિક છટા, રસવૈવિધ્ય, વિચાર સમૃદ્ધિ, આત્મિક તત્ત્વો વિશેષ પ્રમાણમાં ઉમેરાતાં જ જાય અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત પાછા આવે ત્યાં સુધી ખ્રિસ્તીબંધુ ખ્રિસ્તી સમાજની ખૂબ પ્રગતિ કરતું રહે અને અનેકને આશીર્વાદિત બનાવતું રહે એ જ અભ્યર્થના.

* * *

# આપણી લેખનસામગ્રી : સ્વરૂપ અને વિચારવિનિમય

આપણા દેશમાં થોડા સમયથી સાક્ષરતા અભિયાનની ઝુંબેશ ચાલી રહી છે. દેશની, સમાજની અને જીવનવ્યવહારની પ્રગતિ માટે સાક્ષરતા અભિયાન કેટલું બધું જરૂરનું છે તેનાથી હવે આપણે બધા સજાગ બન્યા છીએ. ઘણાં વર્ષો અગાઉ આપણા દેશમાં ખ્રિસ્તી મિશનેરીઓ આવ્યા અને તેમણે પણ આવું જ સાક્ષરતા અભિયાન શરૂ કરી દેશવાસીઓના જીવનઘડતરમાં અમૂલ્ય ફાળો આપી દેશની અને સમાજની પ્રગતિની ઘણી દિશાઓ ખોલી નાખી છે તેના આપણે સૌ સાક્ષીઓ છીએ.

મિશનરી શૈક્ષણિક સંસ્થામાંથી શિક્ષણ લઈ અગાઉનાં સેવક-સેવિકાઓએ તો તેમનાં લેખનકાર્યો મારફતે જબરજસ્ત ઇતિહાસ સર્જી દીધો છે. અનેક લેખકલેખિકાઓએ લેખનકાર્ય મારફતે મંડળીના બાંધકામમાં અદ્‌ભુત નમૂનો પૂરો પાડ્યો છે. ઘણાએ લેખનકાર્ય મારફતે સમાજને નવી દિશા બતાવી મંડળીઓ અને સંસ્થાઓના સંચાલન અંગે કીમતી માર્ગદર્શન પૂરું પાડ્યું છે. આ સેવકસેવિકાઓને પ્રચારના કાર્યમાં તેનો અજાયબ ઉપયોગ કર્યો અને હવે તેનો અમૂલ્ય વાંરસો આપણને સોંપ્યો છે.

લેખનકાર્યની શરૂઆત આપણાં કુટુંબીજનો અને સ્નેહી મિત્રોથી કરીને તેમને જે ઉત્તેજનદાયક પત્રો કેમ ના લખીએ ? જેઓ દુઃખી અને નિરાધાર હાલતમાં છે તેઓને દિલાસાદાયક વચનો લખીને હૂંફ અને પ્રેમ પ્રદર્શિત કરીએ. દૈનિક વર્તમાનપત્રોમાં અને મેગેઝિનોમાં લખીએ અને સમાજઘડતર માટે અમૂલ્ય ફાળો આપીએ. આપણાં થોડાં વર્ષોના જીવનમાં બોલેલા શબ્દો તો ભૂલાઈ જશે પણ લખેલા શબ્દો તો કાયમને માટે મુદ્રિત થઈ જશે, જે આપણાં મૃત્યુ પછી પણ બોલતા જ રહેશે.

બાઈબલમાં હબાકકૂકના પુસ્તકમાં વાંચીએ છીએ કે તે સમયમાં ચારેબાજુથી અન્યાય અને ભ્રષ્ટાચાર વધી ગયો હતો. માનવીજીવનના નૈતિક ધોરણનું ધોવાણ થઈ રહ્યું હતું. લોકો અંદરોઅંદર ઝઘડતા હતા. કાયદાઓ અમલમાં આવતા નહોતા. સદાચારીઓને દુષ્ટ તત્ત્વોએ ઘેરી લીધા હતા અને ઇન્સાફને ઊંધો વાળતા હતા, ત્યારે હબાક્કૂક પ્રબોધકે ઈશ્વરને પોકાર કરીને પ્રાર્થના કરતાં કહ્યું, “ઈશ્વરપિતા, આ ચાલ્યાં જતાં વર્ષોમાં તમારા કામનું પુનર્જીવન કરો, આ વર્ષોમાં તેને પ્રગટ કરો.” આ પ્રાર્થના પછી પ્રભુ આ સેવકને ઉત્તર આપે છે, “સંદર્શન લખ, ને તેને પાટી પર એવું સ્પષ્ટ લખ કે જે તે વાંચે તે દોડે.”

હાલમાં આપણા દેશમાં, સમાજમાં અને મંડળીઓમાં ચોતરફ આવી જ પરિસ્થિતિ

છે, ત્યારે શું આપણા લેખનનો ઉપયોગ કરીને લોકોને ચેતવીશું નહિ ? આપણું સંદર્શન અને વિચારવિનિમય લેખન કાર્ય મારફતે લોકો સુધી પહોંચ કરીએ. આપણી અભિવ્યક્તિ જણાવી સમાજઘડતરમાં આપણો ફાળો આપીએ ? હા, આપણને પવિત્રશાસ્ત્રનો અદ્‌ભૂત ખજાનો મળ્યો છે, તેમાંથી સંશોધન કરીએ, લખીએ અને દુનિયાના છેડા સુધી પ્રભુના પ્રેમનો પેગામ જાહેર કરીએ.

આપણે જો એમ માનીએ છીએ કે મને વારસાગત નૈતિક ખ્રિસ્તીજીવન જીવવાનો હક પ્રભુ ઈસુ તરફથી મળ્યો છે અને સંદર્શન લખવાનો હક પણ પ્રભુએ આપ્યો છે, તો આપણે નાશમાં જતા લોકો માટે લખીએ. આપણી મંડળી અને સમાજ માટે લખીએ: અંદરોઅંદર એકબીજા વિરૂદ્ધ આરોપો લખવાનો અધિકાર આપણને પ્રભુ તરફથી મળ્યો નથી. કોઈપણ ભાઈબહેનોનાં જીવનોની વિરૂદ્ધ લખાણો લખવાથી કોઈ ફાયદો થતો નથી. તેનાથી ઊંલટું ગમે તેવું લખાણ લખીને બીજાઓને વંચાવવાથી કડવા દાણાં વાવવા બરાબર થાય છે. હબાક્કૂક પ્રબોધક આવી જ પરિસ્થિતિમાંથી પસાર થતો હતો ત્યારે તેણે પ્રભુને પ્રાર્થના સાથે પોકાર કર્યો અને પ્રભુએ તેને સંદર્શન લખવાનો અધિકાર આપ્યો. કોઈપણ જીવનોની વિરૂદ્ધ આરોપનામુ લખ્યું નહિ. હવે આવું સત્ય ઈશ્વર તરફથી જાણવા છતાં જો આપણે ગમે તે રીતે આપેલી કલમનો ઉપયોગ કરીશું તો જરૂરથી એક દિવસ પ્રભુને આનો જવાબ આપણે આપવો જ પડશે !

હાલમાં દુનિયામાં ન સમજી શકાય એટલી મોટી સંખ્યામાં સાહિત્ય છપાય છે અને લોકોને અપાય છે. માનવજીવનના વ્યવહાર ઉપર સાહિત્યથી ખૂબ મોટી અસર ઊભી થઈ છે. ફક્ત સામ્યવાદ દેશનો દાખલો લઈએ તો વિશ્વમાં સામ્યવાદ ફેલાવવા સાહિત્યને સાધન તરીકે ઉપયોગ કર્યો અને લોકજીવનમાં ભારે ખળભળાટ મચાવી દીધો. જો તેમને પવિત્રશાસ્ત્રરૂપી સ્વર્ગીય ભંડાર મળ્યો નથી, છતાં તેમણે સામ્યવાદના ફેલાવા માટે આટલું બધું સાહિત્ય લખ્યું અને આપ્યું, તો શું આપણને તેનાથી સવિશેષ કરવાનો અધિકાર નથી ?

હવે જો આ બાબતો વિચારતા આપણને એમ લાગે કે, વિચારવિનિમય કરતાં અને લખતાં ઘણી સિદ્ધિઓ હાંસલ કરી શકાય એમ છે તો પ્રભુની ઈચ્છા પૂરી કરવા આપણે લખવું જ રહ્યું. કોઈપણ માણસ જન્મથી લેખક હોતો નથી પણ લખતાં લખતાં પારંગત થતો જાય છે. એમ આપણે અસહાય લોકોને સહાયભૂત થવા સ્પષ્ટ અને સ્વસ્થ રીતે લખીને લોકસેવાનું કાર્ય નિષ્ઠાથી કરવા કટ્ટિબધ થઈએ.

આપણી અભિવ્યક્તિ-વિચારવિનિમય આપવા તૈયાર છીએ તો નીચેની બાબતો ધ્યાનમાં રાખી હવે લખવાનું શરૂ કરી દઈએ.

- બાઈબલ અને સમાજને કેન્દ્રસ્થાને રાખીને બનતા બનાવોને સ્પષ્ટ સમજણ સાથે લખીએ. ચાલુ પ્રવાહોની સમીક્ષા કરતાં ભવિષ્યમાં શું પરિણામ આવશે તેની દોરવણી આપીએ અને લોકોને જુદા જુદા સ્તરે લઈ જઈ શકે તેવાં મૂલ્યો વિશે લખીએ.
- લેખમાં માત્ર અભિપ્રાય ન આપીએ પણ માહિતીપ્રદ, પ્રશ્ચાદભૂમિકા સાથે મુક્ત અભિવ્યક્તિ રજૂ કરીએ.
- સમાજના નવા પ્રવાહો, નવા વિચારો સાથે પાછળ જોઈ, આસપાસ જોઈ, આગળ જોઈને, સમય પ્રવાહનું ચિંતન કરીને પ્રભુની દોરવણીમાં લેખ લખીએ.
- ચીલાચાલુ વિષયો કે લખાણો ન લખીએ પણ સમાજમાં જે ઘટનાઓ બને છે, તેના પુરાવાઓનો અભ્યાસ કરી નીતિવિષયક દષ્ટિકોણથી લખવાનું શરૂ કરીએ.
- ભાષાના પ્રભુત્વમાં કાળજીપૂર્વક નવીન તત્ત્વ અને સત્યની સાથે સૌંદર્ય, ડહાપણ અને હિંમતની સાથે શૈલીની શોભામાં લખીએ.
- બધી હકીકતો પ્રમાણિકતાથી રજૂ કરીએ અને પરિસ્થિતિ વિકૃત કરીને કોઈપણ માણસને ખોટી રીતે પ્રકાશમાં લાવવા લખાણ ન લખીએ.
- કોઈ અંગત હિતથી દોરવાઈને નહિ પણ ઈમાનદારીનાં ઉચ્ચતમ ધોરણો જાળવીને પ્રભુના ભય અને આધીનતામાં લખીએ.
- મંડળી, સંસ્થા કે સમાજને નુકસાન થાય, એવા વિવાદાસ્પદ લેખો લખવાથી દૂર રહીએ.
- લાગણીના આવેશમાં આવ્યા વગર ચિંતનના ગહન સ્વરૂપમાં વિચારશક્તિ પ્રગટ કરીએ.
- લોકોમાં કોઈ કાર્ય કે નિર્ણય માટે શક્તિ જાગે તે રીતે ધ્યેય સાથે શક્તિશાળી કલમનો ઉપયોગ કરીએ કે જેથી મંડળીનો અને સમાજનો ઉત્કર્ષ થાય.

* * *

# જૂની-નવી પેઢીનો સ્નેહસેતુ

'નવી પેઢી બગડતી ચાલી છે, હવે યુવાનો વડીલો-વૃદ્ધોનું કહ્યું કરતા નથી',...આતો જૂની પેઢઈને સૂર છે. બીજી બાજુ 'જૂની પેઢી અમને સમજી શકતી નથી, વડીલો અમારું સાંભળતા નથી'... એવો સૂર નવી પેઢીનો છે. હાલમાં જૂની અને નવી પેઢી વચ્ચે કુટુંબ, મંડળી અને સમાજમાં વારંવાર અનેક મુદ્દા પર તણખા ઝરતા હોય છે. આવી સમસ્યાઓ કે ભૂલો કોણ કરે છે, એવી ક્ષુલક ચર્ચા-વાતો બંને પક્ષેથી કરતાં આપણે સુષુપ્ત ખ્યાલોમાં જ ખોવાયેલાં હોઈએ છીએ. ચર્ચા-વિચારણા સિવાય કોઈ રચનાત્મક વાસ્તવિક કાર્યો કરવા આપણે તૈયાર થતાં જ નથી. ખ્રિસ્તી સમાજમાં બંને પેઢીઓ વચ્ચે એક નકારાત્મક પ્રકારની ખીણ કે શૂન્યાવકાશ સર્જાયો છે જેને આપણે 'જનરેશન ગેપ' કહી શકીએ.

ઘણા વડીલો સલાહ-સૂચન આપતા કહેતા હોય છે, 'હું જયારે તારી ઉંમરનો હતો ત્યારે આવી રીતે વિચારતો અને જીવતો હતો.' પણ આજના દુનિયાના નવા પ્રવાહમાં વહેતા યુવક-યુવતીઓ માટે વહી ગયેલી વાતો તેને માટે પ્રત્યાઘાતી લાગે છે. જમાના પ્રમાણે તેઓ વડિલોની માન્યતા એકદમ સ્વીકારતા નથી. યુવાન વર્ગના આવા વલણથી વડીલોએ રોષે ભરાય આવવાની જરૂર નથી. વૃદ્ધો પાસે પોતાના જીવનનો ઈતિહાસ હોય અને એને વાગોળવાનો હોય આનંદ એ બરાબર છે. એમનું એવું વલણ હોય છે કે, મારી એકલતા અને લાગણી કોઈ સાંભળે. હાલનો જીવનસંઘર્ષ અને સમયમર્યાદામાં યુવક-યુવતીઓ એટલા બધા બંધાય ગયા છે કે, કોઈનું નિરાંતે સાંભળવા તૈયાર નથી. આજે જૂની પેઢી પાસે વૃદ્ધત્વકાળના અનુભવનો થાક તો નવી પેઢી પાસે યૌવનકાળમાં અનુભવો મેળવવાની અભિલાષા અને ઉત્સાહનો પમરાટ અહીં એવો કોઈ ગેપ સર્જાય છે કે, તેનો સાત્વિકતાથી મુકાબલો કરવા માટે જૂની અને નવી પેઢીએ પરસ્પર સમજણથી જ આગળ વધવું પડે.

એક પછી એક વર્ષો જાય છે તેમ દુનિયા પણ સમૃદ્ધ, પ્રગતિશીલ બનતી જાય છે, સગવડિયું જીવન બનતું જાય છે અને તે સાથે પરિસ્થિતિ અને રીતભાત પણ પરિવર્તનશીલ બનતી જાય છે. એ વાસ્તવિકતા સ્વીકારી જૂની અને નવી વિચારસરણી વચ્ચે યોગ્ય સમન્વય હશે તો બંને પક્ષે સાહનુભૂતિ વધશે. યુવાનધન અવળે રસ્તે જતું અટકી જશે. જૂની પેઢીની સંમતિ અને સહકારથી નવી પેઢી ક્યારેય બગડશે નહિ. જૂની પેઢીના વિચારો પ્રસ્તુત થાય છે ત્યારે ગુજરાતભરમાં વૃદ્ધમંડળો રચાય તે દિશામાં પણ કંઈક કરવું જોઈએ. આપણે માટે આનંદની વાત છે કે, મણિનગરમાં વૃદ્ધમંડળની સ્થાપના થઈ છે. યુવક-યુવતી મંડળોની જેમ દરેક મંડળીમાં વૃદ્ધ મંડળો સ્થપાય અને દર વર્ષે

આવાં યુવકમંડળો-વૃદ્ધમંડળો સંમેલનો ભરાય અને આ બંને વચ્ચે વિચારવિનિમય થાય તો પરસ્પર એક પ્રકારની સમજણ કેળવાય.

વાસ્તવમાં તો દુનિયાના બદલાતાપ્રવાહમાં યુવક-યુવતીઓ પોતાના ચહેરામહોરા બદલતા જ રહે છે અને ઈશ્વર તરફથી બાઈબલમાં બતાવેલી લાલબત્તી ઓળંગીને ઘણા અકસ્માતો સર્જતા પણ હોય છે. આજનો યુવાનવર્ગ જગતના આકર્ષણોને કારણે અથવા યૌવનકાળની ચબરાકીમાં ઉદ્ધત બની, ઈશ્વરે આપેલી પાંચમી આજ્ઞાનું ઉલ્લંઘન પણ કરતા હોય છે. પોતામાં રહેલા બિનઅનુભવને કારણે માતપિતાને કે વડીલવર્ગને આઘાતના બાણ પણ છોડતા હોય છે. પણ વડીલોને વાંકે-યુવાનવર્ગે પોતાનું ભાવિ વ્યક્તિત્વ બનાવવાનું હોતું નથી. ઈશ્વરનાં વચનોમાંથી જીવનઘડતર માટે અદ્ભુત શિક્ષણ જો મળી રહેતું હોય તો પછી માતપિતા કે વડીલોને પોતાના જીવનઘડતર માટે દોષિત શા માટે ઠરાવવા ? દરેક યુવાન માણસને યૌવન કાળમાં વિશિષ્ટ આભૂષણ બનવાનું મન તો થાય પણ પ્રથમ સુવર્ણમાંથી આભૂષણ બનવા માટે ઘડતરની આકરી પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે. જૂની પેઢી એને માટે જવાબદાર હોતી નથી. આપમેળે સાવધાની રાખીને લાલબત્તી ઓળંગતા થોભવું જોઈએ. વૃદ્ધાવસ્થામાં કંઈ જ પ્રવૃત્તિ ન હોવાથી અને નિવૃત્ત જીવન હોવાથી એકલતા સાલે છે અને ઘરમાં આખો દિવસ કેવી રીતે પસાર કરવો, એ એક પ્રશ્ન બને છે. એટલે આવા કંટાળાને લીધે ઘરમાં જ્યાં ને ત્યાં ખણખોતર કરવાને સ્વભાવ બની જાય છે. ખાવાપીવાની બાબતમાં અને એવાં મહેણાં-ટોણાંથી યુવાન પુત્રવધૂ-પુત્ર સાથે વિચાર મતભેદ થયા કરે છે. યુવાન પતિ-પત્નીઓમાં વૈચારિક ભેદને કારણે આવી બાબતોની ચર્ચા થતી રહે છે. સર્વત્ર કાંઈક ને કાંઈક ગેરસમજ થતી રહે છે અને ધીમે ધીમે અભાવ વધતો જાય છે. એવામાં જ પુત્ર-પુત્રવધૂની વાતો સાંભળવાની લાલસા જાગે ! સતત કુશંકા થાય કે, 'શું મારે વિશે ચર્ચા થતી હશે ?'

પૌત્ર-પૌત્રીઓ સાથે સુમેળ સાધવા પ્રયત્ન કરે પણ ક્યાંય પેલી મતભેદની દીવાલ વચ્ચે આવે અને પછી વૃદ્ધનું દરેક પગલું દીકરા-વહુને છોકરાંના સંસ્કાર બગાડવાનું જણાય. આમ મતભેદની તીવ્રતા વધતી જાય અને વૃદ્ધ આપઘાત સુધીની સીમાએ પણ પહોંચી જાય છે. ઘણા કિસ્સાઓમાં પુત્રસ્નેહને કારણે વૃદ્ધ અકાળે પોતાનું સર્વસ્વ પુત્રના કુટુંબને આપી દે છે. પહેલા પુત્ર જે આજ્ઞાંકિત હોય છે, તે પાછળથી છંછેડાયેલો-ઉદ્ધત બની જતો હોય છે. અને વૃદ્ધાવસ્થાને કારણે તેઓ કંઈ કરી શકતા નથી અને છેવટે વૃદ્ધાશ્રમનો આશરો લેવો પડે છે.

મંડળીની વાત કરીએ તો તેની પ્રવૃત્તિઓમાં યુવાનવર્ગ ઓછો રસ લે છે, તેમાં પણ ઘણી વાર બંને પેઢીઓ વચ્ચેનું અંતર જવાબદાર હોય છે. સામાન્ય રીતે યુવાનવર્ગ અભ્યાસ કે નોકરીને લીધે આધ્યાત્મિક બાબતોમાં ઓછો રસ લે છે. ઘણાં દેવળોમાં

રવિવારે યુવાનવર્ગની હાજરી તો નહિવત હોય છે. વડીલોની અપેક્ષા હોય છે કે, યુવક-યુવતીઓ અમારી સલાહસૂચન પ્રમાણે ચાલે, પણ દુનિયાના રંગથી રંગાયેલા યુવાનવર્ગને જૂની વિચારસરણી માન્ય હોતી નથી. મોટેભાગે પરસ્પર વિચારવિનિમયનો દોર જળવાતો નથી અને તેથી ઘણાં કારણોને લીધે યુવાનવર્ગ મનસ્વી રીતે નિર્ણયો લે છે; તેઓ આધ્યાત્મિક તરફ ઓછા ઢળે છે. ઘણે અંશે મંડળી કે સંસ્થાની પ્રવૃત્તિઓમાં વડીલવર્ગ વધારે સામેલ રહી જીવનના અંત સુધી કાર્ય કરવાની તમન્ના રાખતા હોય છે. ઘણીવાર યુવાનવર્ગમાં નેતાગીરી ઊભી થતી નથી અને મંડળીઓ કે સંસ્થાઓની નેતાગીરીમાં અભાવ કે શૂન્યાવકાશ સર્જાય જવાની મોટી ભીતી રહે છે. હાલના ખ્રિસ્તી યુવક-યુવતીઓની મંડળીઓમાં સુષુપ્ત નિષ્ક્રિયતાને પરિણામે હવે ભાવિ અંગે છૂપી ચિંતા વ્યક્ત થયા વગર રહેતી નથી.

ખ્રિસ્તી સમાજમાં 'જનરેશન ગેપ'ની ખીણ સર્જાતી હોય તો સ્નેહસેતુ બાંધવા યુવાનવર્ગ બાઈબલમાં કહેલાં વચનો સ્વીકારીને વડીલો પ્રત્યે આદરભાવ રાખી નવી દૃષ્ટિકોણથી જોશે અને બીજી બાજુ વડીલવર્ગ પ્રેમ આપવાની, ત્યાગની અને અધિકાર કરતાં કર્તવ્યની ભાવના જગાવશે તો સમાજ વધુ સમૃદ્ધ, આશીર્વાદિત અને પ્રગતિશીલ બનતો જશે.

હવે સમાજરૂપી મોટરકારને બરાબર ચલાવવી હોય તો યૌવન થનગનાટને તેનું ઇંધણ બનાવીએ. જુવાનીના સામર્થ્યને એક્સીલેટર બનાવીએ. વડીલોના અનુભવને બ્રેક બનાવીએ અને વૃદ્ધત્ત્વના ડહાપણને સ્ટીઅરીંગ બનાવીએ અને બાઈબલને હોકાયંત્ર બનાવી સૂચવેલી દિશામાં સમાજને ચલાવીએ.

* * *

# આ નિરાશાભર્યા વિશ્વ સમક્ષ આશા પ્રગટાવીએ

એકવીસમી સદી તરફ આગળ ધપતા વિશ્વમાં એક બાજુ કૂદકે ને ભૂસકે વસ્તીવધારો થતો જાય છે. તો બીજી તરફ ત્વરિત ગતિએ વૈજ્ઞાનિક આધુનિક ક્રાંતિ આગળ વધતી જાય છે. સાથે સાથે આટલી બધી દેશજાતિઓ તેમજ અનેક ભાષાના લોકોને પહોંચી વળી શકાય એવી રીતે વિજ્ઞાન પણ હરણફાળ ભરીને દુનિયાને નાની અને લોકજીવનને ઘણુ ઝડપી તેમજ સમૃદ્ધ બનાવી દીધું છે.

વિશ્વમાં દૂર-સુદૂરનાં સ્થળો સાથે સંપર્ક સાધવા માટે પૃથ્વીથી હજારો કિલોમીટરની ઊંચાઈએ ઉપગ્રહોને ગોઠવી દેવામાં આવ્યા છે. જયાંથી આ ઉપગ્રહોનો ઉપયોગ કરીને ફોન-લાઈન દ્વારા ઘણી માહિતી, આંકડા, ચિત્રો, રેખાંકનો, તસ્વીરો, ફેક્સ સંદેશાઓ અને વિડિયો પ્રતિમાઓ પણ મોકલી શકાય છે. હવે તો મોટાભાગના દેશોમાં સંદેશા-વ્યવહાર માટે ટેલિફોન ઘણું ઝડપી અને મહત્ત્વનું સાધન બની ગયું છે, જેનાથી સમગ્ર દુનિયાના લોકો સાથે સંપર્કમાં આવી શકાય છે. ટેલિફોન નેટવર્કનું જાળું એવું તો બિછાવાઈ ગયું છે કે તેનાથી દુનિયાના અનેક ચાવીરૂપ શહેરો સંકળાઈ ગયાં છે. એથી તો હવે વિદેશોમાંથી ભારતમાં આવતી વિદેશી કંપનીઓ પણ ઔદ્યોગિકરણમાં ભારે ક્રાંતિ લાવશે એવાં એંધાણ દેખાય છે.

પણ ટી.વી. નેટવર્કની ટેકનોલોજીએ હલે કમાલ કરી છે. આપણે ટી.વી. મારફતે સમગ્ર વિશ્વના કાર્યક્રમો અને સમાચારોથી વાકેફ છીએ. ટી.વી.એ આપણા લોકજીવન પર ભારે અસર પહોંચાડી છે, તેનાથી આપણે કોઈ બાકાત નથી. શું આપણને ખબર હતી કે ભવિષ્યમાં આવાં ટેલિફોન, ટી.વી. અને બીજાં ટેકનોલોજી સાધનો મારફતે એક ગજબનું વૈશ્વીકરણ ઊભું થશે ? અને પેલા અગિયાર શિષ્યો ને પ્રભુ ઈસુએ સ્વર્ગારોહણ પહેલાં કહ્યું કે, "આકાશમાં તથા પૃથ્વી પર સર્વ અધિકાર મને અપાયો છે એ માટે તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો." ત્યારે શું તેઓને પણ ખબર હશે કે અત્યારના સમયના સર્વ દેશના લોકો પ્રભુ ઈસુના શિષ્યો બનશે અને પૃથ્વીના છેડા સુધી પ્રભુ ઈસુનો સંદેશો ફેલાઈ જશે ? અરે, શું આપણને પણ ખબર હતી કે વિશ્વના આટલા બધા દેશોના લોકોને પ્રભુ ઈસુનો સંદેશો કેવી રીતે પહોંચાડી શકીશું ? પ્રભુ ઈસુએ તે સમયના પાંચ હજાર લોકોને જમાડતા પહેલાં તેમના શિષ્યોને કહ્યું હતું કે 'તમે તેઓને ખાવાનું આપો.' ત્યારે શિષ્યોને એ જ પ્રશ્ન થયો હતો કે અમે આટલા બધા લોકો માટે ક્યાંથી ખોરાક લાવીએ ? ખરેખર આપણને વિચારતાં એમ જ લાગે કે, આપણે માટે આ શક્ય

નથી. અનેક ભાષાઓ બોલનાર અને ઝડપથી વધતી વસ્તીને કેવી રીતે પહોંચી વળી શકાય અને પ્રભુ ઈસુના શિષ્યો કેવી રીતે બનાવી શકાય? પણ હા, આપણે માટે અશક્ય તે ઈશ્વરને માટે શક્ય છે. એટલે તો અગાઉથી વિદાય લેતી વેળા પ્રભુ ઈસુએ શિષ્યોને આજ્ઞા આપી હતી.

અત્યારની દુનિયામાં વિવિધ દેશોમાં રહેતા આપણે પ્રભુ ઈસુના શિષ્યો તેમની આજ્ઞાનો અમલ કરીએ એટલે તો ઈશ્વર તેની યોજના અને ઇરાદાઓ તેના સેવકો અને સેવિકાઓ દ્વારા પ્રગટ કર્યા જ કરે છે અને વિવિધ આયોજન આપ્યા જ કરે છે. ખ્રિસ્તના શિષ્યોને તો અધિકાર આપવામાં આવ્યો છે. તેથી તેમનું આ દર્શન હોવું જોઈએ. એટલા માટે તો ડૉ. બિલિ ગ્રેહામ અને તેમની સુવાર્તિક ટીમને પ્રભુએ દર્શન આપ્યું છે કે ગ્લોબલ મિશનની સુવાર્તિક સભાઓ અને ક્રિશ્ચિયન વર્કર્સ કોન્ફરન્સનું આયોજન વિશ્વના ૧૬૦ કરતાં વધુ દેશોમાં અને ૮૦ જેટલી જુદી જુદી ભાષાઓમાં સેટેલાઇટ દ્વારા કરીને પ્રભુ ઈસુનો સંદેશો પહોંચાડવામાં આવે. અને હા, આ ગ્લોબલ મિશન માટે ગુજરાતના ખ્રિસ્તીઓને પણ ભાગીદાર બનાવી દીધા છે અને અમદાવાદને પણ પસંદ કરવામાં આવ્યું છે. તા. ૧૮, ૧૯, ૨૦ માર્ચ ૧૯૯૫ના દિવસોમાં આધુનિક વૈજ્ઞાનિક કાર્યપદ્ધતિનો ઉપયોગ કરીને ડૉ. બિલિ ગ્રેહામ અને તેમની સુવાર્તિક ટીમ સાન જુઆન, પુઅર્ટોરીકોથી પ્રભુ ઈસુનો સંદેશો ૧૬૦ કરતાં વધુ દેશોના લોકોને પહોંચાડશે. તેની એવી વ્યવસ્થા કરવામાં આવી છે કે, તે સમયે જે તે દેશના લોકો તેમની ભાષામાં પ્રભુ ઈસુનો સંદેશો સાંભળી શકે તે માટે જે તે સ્થાનિક મંડળીના લોકો આ ભગીરથ નેટવર્ક કાર્યક્રમમાં જોડાશે.

એક સાથે આટલા બધા દેશોમાં અને ભાષાઓમાં પ્રભુ ઈસુનો સંદેશો પહોંચાડવાનો છે અને આત્માઓ જીતવા માટે આ નેટવર્ક (જાળુ) વિશ્વ ઉપર બિછાવવામાં આવ્યું છે ત્યારે આ દિવસોમાં ખ્રિસ્તના શિષ્યોએ આ કામ અશક્ય છે એમ વિચારી પ્રશ્નો કરવાની જરૂર નથી પણ પ્રભુના મહાન સેવક ડૉ. બિલિ ગ્રેહામ ખ્રિસ્તીબંધુના મુખપૃષ્ઠ ઉપર આપણને આહવાન આપે છે તેમ આ ગ્લોબલ મિશનમાં દુનિયાના હજારો ખ્રિસ્તી કાર્યકરો અન્યધર્મી મિત્રોને આ સભાઓમાં લાવે અને આ ભગીરથ સેવામાં જોડાઈ જાય.

સુવાર્તા આપવાનો આ જ સમય છે, મોકો છે માટે આપણે બધા એક સાથે આ કાર્યમાં જોડાઈ જઈએ. આપણે સૌ જાણીએ છીએ કે હાલમાં નાશમાં જતી અને પીડાતી દુનિયાને જણાવી દઈએ કે "પ્રભુ ઈસુમાં જ શાંતિ અન આશા અને અનંતજીવનનો વારસો છે." હાલ જ આ ઘડી આવી પહોંચી છે ત્યારે આપણાં જીવનોમાં અભ્યંતરની લંબાઈ, પહોળાઈ અને ઊંડાઈ તપાસી દઈએ. પીછેહઠ ન કરીએ. આપણે પ્રભુ પવિત્ર આત્મામાં આ કાર્યને વિજયી અને ગૌરવી બનાવી દઈએ. આ ગ્લોબલ મિશન મારફતે

આત્મિક ક્રાંતિ ભવિષ્યના દિવસોમાં ફાટી નીકળે તે માટે આંતરરાષ્ટ્રીય કક્ષાએ તા. ૧૨મી માર્ચનો દિવસ પ્રાર્થના દિન તરીકે નક્કી કરવામાં આવ્યો છે. અત્યારના ખ્રિસ્તીઓને પણ આ વચન આપવામાં આવ્યું છે કે, "જો મારા લોક, જેઓ મારા નામથી ઓળખાય છે, તેઓ નમી જશે ને પ્રાર્થના કરીને મારું મુખ શોધશે ને પોતાના દુષ્ટ માર્ગોથી ફરશે; તો હું આકાશમાંથી તે સાંભળીને તેઓમાં પાપ માફ કરીશ, ને તેઓના દેશને સાજો કરીશ. (બીજો કાળવૃતાંત ૭ : ૧૪)

"આ દિવસોમાં આપણાં જીવનોમાં પ્રભુની ઇચ્છા શોધીએ અને આ ગ્લોબલ મિશન કાર્ય માટે આપણે એકસાથે ઊભા રહી સહકાર આપીએ જેથી વિશ્વની ઘણી દેશજાતિઓ પ્રભુ ઈસુને શરણે આવી નવી આશા, તાજગી અને શાંતિ પ્રાપ્ત કરે એજ પ્રાર્થના !"

* * *

# સમાજ અધઃપતનના માર્ગે

૨૧મી સદી તરફ આગળ વધી રહેલા આ ધરખમ ક્રાંતિકારી યુગમાં આપણાં બાળકો અને યુવાનો, ખ્રિસ્તને માટે સળગતા અને પ્રકાશતા તારલાઓ બનવાને બદલે, પ્રવર્તમાન પાશ્ચાત્ય સંસ્કૃતિ, ફિલ્મી તથા પ્રસારણના માધ્યમોની ઘેરી નાશકારક અસરોને પરિણામે ખૂબ જ ઝડપથી તથા ખૂબ જ અંતિમ કક્ષાના વિચારો, વર્તન અને વલણમાં અથડાતા જોવા મળે છે. સંગીતના નામે હલકી ભાષા તથા ગલીચ શબ્દપ્રયોગ અને ભળતા અર્થવાળા ગીતો ખૂબ જ સહજ રીતે આપણાં ખ્રિસ્તીઘરોમાં ગૂંજવા લાગ્યાં છે. નાચ-ગાનના નામે બિભત્સ ચેનચાળા અને તેવા જ અંગમરોડ કરી અસભ્ય વર્તન કરતા જોવા મળે છે. આજના ખ્રિસ્તી યુવક-યુવતીઓ આનંદના પ્રસંગોમાં ફિલ્મીગીતો ગાય છે, નૃત્ય કરે છે અને દુઃખની વાત તો એ છે કે તેને વાલીઓ-વડીલો આવા યુવાનોને પ્રોત્સાહન આપે છે. આપણા દિવાનખંડોમાં સહેજ પણ સંકોચ કે ક્ષોભ વિના ટી.વી.ના પડદે ન જોવાં જોઈએ એવાં ચલચિત્રો નાનાં ભૂલકાંઓની હાજરીની પણ અવગણીને આપણે જોતાં રહીએ છીએ. ઘેર ઘેર ફિલ્મ-સિનેમાની અને તેનાં ગીતોની ચર્ચા સામાન્ય બની ગઈ છે. આપણાં બાળકો અને યુવાનો જાણીતા ફિલ્મ કલાકારોની નકલ કરે, ડાયલોગ બોલે, ડાન્સ કરે અને તેમનાં ગીતોની નકલ કરીને ગાય, ત્યારે આપણે બીજા ચારપાંચ મહેમાનોની આગળ તેનું રિહર્સલ કરાવી આપણા બાળકની 'સ્માર્ટનેસ' કે 'ઇન્ટેલીજન્સ'નાં દર્શન કરાવતા હોઈએ, તેમ ખૂબ ગર્વ અનુભવીએ છીએ. આમ તો અત્યારનાં ટી.વી. પ્રસારણો અને ફિલ્મોની વાત જ થઈ શકે તેમ નથી. આવા માધ્યમોથી તો થોડાં વર્ષોમાં જ આપણી ખ્રિસ્તી વિચારસરણી જ સમૂળગી બદલાઈ ચૂકી હશે.

હવે આપણે વધારે આધુનિક, પ્રગતિશીલ બન્યા છીએ. આપણી વિચારસરણી, વલણો બદલાઈ ગયાં છે. નવાં પરિમાણો, નવાં પરિવર્તનો, નવાં સંશોધનો....એ બધાંને કારણે આપણે પણ નવું વાંચવું જોઈએ, વિચારો પણ નવા જોઈએ. વર્તન અને વલણો પણ નવાં જોઈએ એમ માની આપણે વાસ્તવિક ખ્રિસ્તી વ્યક્તિત્વ ગુમાવી બેઠા છીએ.

શેરીઓના નાકે, લારી-ગલ્લા અસંખ્ય વધતા જાય છે. આ લારીગલ્લા પર મળતા પાન-મસાલા, બીડી-સિગારેટ, વિવિધ પ્રકારની ચૂટકીઓ-પડિકીઓ સહજ બની ગયાં છે. બીડી-સિગારેટની જ વાત રહી નથી, તમાકુ-મસાલો અને તેથી પણ આગળ જાતજાતનાં નશાકારક વિવિધ પીણાં અને એવા પ્રકારની દવાઓ મળતી થઈ છે. આ વાત ન્યૂયોર્ક, લંડન કે બોમ્બે, દિલ્હીની નથી પણ ગુજરાતના ગામેગામ, શહેરે શહેર, શેરીઓ, ગલીઓ... બધે જ આ બધું છૂટથી વેંચાય છે અને સાચે જ આપણાં ખ્રિસ્તીકુટુંબો સુધી તેના પગ પહોંચ્યા છે. એવા પણ ઘણા યુવાન દંપતિ અને નાનાં બાળકો છે કે, જેઓ આવા તમાકુ-મસાલા કે નશાયુક્ત પદાર્થોનો 'ટેસ્ટ' કરતાં અચકાતાં નથી અને 'વટ'થી બીજાઓની આગળ તેની વાત કરતાં ખભ્ભા ઊંચા કરે છે.

શું આ વાતો આપણે માટે નવી છે ? શું આપણે આ બધું જોતાં, સાંભળતાં, જાણતાં કે કરતાં નથી ? શું આપણે આ બધા વિશે તદ્દન ઠંડુ વલણ અખત્યાર નથી કરતાં ?

કેમ ? શા માટે ?...

કારણ કે એ તો બધું ચાલ્યા કરે ?

કારણ, એમાં શું ખોટી વાત છે ?

કારણ, બાઈબલમાં ક્યાં એવું ન કરવાનું લખ્યું છે ?

કારણ, આ તો, થોડી-જરા મઝા ખાતર જ, સહેજ તબિયત કે પેટને કારણે કે કોઈવાર કંપની ખાતર જ...

આપણી ભાષામાં કેવાં, કેટલા ચાલાક પ્રલોભનકારી શબ્દો આવી જાય છે. આપણા બચાવ માટે અમુક બહાનાં કાઢીને, બલ્કે જૂઠું બોલીને આપણી જાતને જ છેતરી છીએ. આપણે પવનથી ઉછળતા તથા અફળતા સમુદ્રનાં મોજાં જેવાં, બે મનવાળાં અસ્થિર બની જીવી રહ્યાં છીએ.

સ્વાભાવિક છે કે ઘણાને આ વિચારો કઠશે. હા, નહિ ગમે ! પરંતુ યુવાપેઢીને તથા ભવિષ્યની મંડળીના આશાસ્પદ ભૂલકાંઓને નાશના માર્ગ પર જતાં રોકવાનો સમય પાકી ગયો છે. આપણાં બાળકો અને યુવાનો તો સમાજની અજાયબ ધમસમતી

શક્તિ છે, ભાવિ ધન છે. આ યુવાપેઢીનો જેવો વળાંક તેવું મંડળીનું ભાવિ થશે ! આપણા સૌના શિરે આવતીકાલની મંડળીને તૈયાર કરવાની ફરજ છે. આપણે આવી બાબતો માટે સજાગ બની અવાજ ઉઠાવવાની જરૂર છે. આમ કરતા ઘણી મોટી કિંમત ચૂકવવી પડશે. કોઈને કદાચ એમ થશે કે યુવાનો શાંતિ, આનંદ અને સંગત માટે આમ કરે તેમાં વાંધાજનક કંઈ નથી. પ્રભુ ઈસુએ વચન આપ્યું છે કે, "હું તને શાંતિ આપીને જાઉં છું, મારી શાંતિ હું તમને આપું છું; જેમ જગત આપે છે તેમ હું તમને આપતો નથી (યોહાન ૧૪ : ૨૭). પ્રે. પાઉલ ફિલિપી. ૪ : ૪માં જણાવે છે કે, જીવનનો આનંદ તો પ્રભુ ઈસુમાં છે. જગતના મિત્રોની સંગત અનંતકાલિક નાશ તરફ લઈ જાય છે જો આપણા યુવાનોને નાશવંત જીવન વિશે ચેતવીશું નહિ, તો તેનો જવાબ પ્રભુ એક વખત આપણી પાસેથી માગશે.

ટી.વી. કે રેડિયો જેવાં પ્રસારણો દેશવિદેશના સમાચારો અને અન્ય અભ્યાસ, માહિતી અને મનોરંજન માટે જરૂરી છે પણ તેનો અર્થ એ થતો નથી કે આપણું કુટુંબ આવા કોઈ માધ્યમોનું ગુલામ બની જાય. માતપિતા-વડીલો કે જેમણે અનુભવથી દુનિયા જોઈ છે, તેઓ તો ખરી હકીકત જાણે જ છે કે આવા પ્રકારનું સસ્તુ અશ્લિલ મનોરંજન અને જગતના મિત્રો કે જેઓ પોતાનો હેતુ પાર પાડવા માટે મૈત્રી બાંધે છે, જે નાશ કે પતનને માર્ગે લઈ જાય છે. આપણા જુવાનો અજાણતા આવી બાબતોમાં રસ ધરાવે છે તેઓને અભ્યાસમાં, ઈત્તર પ્રવૃત્તિઓમાં અને મંડળીમાં વધુ રસ લેતા થાય તે દિશામાં દોરવાની જરૂર છે. જે જુવાનોને કોઈ કારણોસર અધૂરો અભ્યાસ છોડવો પડ્યો છે, તેઓને કોઈ પ્રકારની પ્રભુમય સંગત મળી રહે તે માટે આપણે સક્રિય થવાની જરૂર છે. જો આપણી ખ્રિસ્તી નમૂનેદાર, માર્ગદર્શક અને નવી કેડી કંડારનાર તરીકે જીવવા માગીએ છીએ તો ખ્રિસ્તી હુંફાળું જીવન કેમ જીવીએ ? જયારે દાનીએલે યુવાનીમાં નબૂખાદનેસ્સારના દરબારમાં પોતાના મનમાં ઠરાવ કર્યો કે "હું મારી જાતને વટાળીશ નહિ", એમ ઘણાં બાળકો-યુવાનો ખ્રિસ્તમય નિર્ણયો કરે એ દિશામાં આગળ વધીએ. "મેં એવો માણસ શોધ્યો કે, જે આડરૂપ થઈને મારી તથા દેશની વચ્ચે છીંડામાં ઊભો રહીને મને તેનો નાશ કરતાં વારે; પણ મને એવો એકે માણસ મળ્યો નહિ. — હઝકીએલ ૨૨ : ૩૦. સમાજનું ધન અધઃપતનને માર્ગે વેડફાઇ જાય એ પહેલાં તેમને લાલબતી ધરી રોકીએ, એ આપણા સૌની ફરજ છે.

* * *

# સમાજમાં અર્પિત નેતાગીરી

જનરલ ચાર્લ્સ ગોર્ડને એકવાર એક વૃદ્ધ ચીની આગેવાન લી હુંગ ચેંગને પ્રશ્નો પૂછ્યા કે, નેતાગીરી એટલે શું ? અને માણસજાતના વિભાગ કેવી રીતે પાડી શકાય ?" તેને ગૂઢાર્થી ઉત્તર આપ્યો કે, "દુનિયામાં કેવળ ત્રણ પ્રકારના લોકો છે — હલાવી શકાય એવા, હલાવી ન શકાય એવા અને જેઓ તેમને હલાવે છે તેઓ."

ઈશ્વરપિતાએ સૃષ્ટિનું સર્જન કરીને તે બધા ઉપર આદમ અને હવાથી આગેવાની કરવાનું કામ માણસજાતને સોંપી દીધું હોય એવું શરૂઆતથી અંત સુધી બાઈબલમાં જોવા મળે છે. ડૉ. એ. ડબ્લ્યુ. ટોઝરનો ખાતરીપૂર્વક આ અનુભવ હતો કે, "સાચો અને સારો નેતા એવો માણસ હોઈ શકે જેને આગેવાન થવાનું મન જ હોતું નથી, પણ પવિત્ર આત્માના આંતરિક દબાણથી અને બાહ્ય સંજોગોના દબાણથી તેને તેમ કરવું પડે છે." માણસ જન્મે છે ત્યારથી તે જાણતો પણ હોતો નથી એવા પ્રકારની ઘણી જવાબદારીઓ તેના પણ આવી પડતી હોય છે અને એમાં આગેવાની લેવાની ફરજ પણ પડે છે. કુટુંબ, સગાંસ્નેહીઓ, મિત્રમંડળ, નોકરીધંધો, મંડળી, સમાજ અને એવી તો અનેક પ્રકારની આગેવાની લેવાની હોય છે. અને આ બધામાં આત્મિક આગેવાની એ એક ઉચ્ચ પ્રકારની આગેવાની છે. કારણ કે એવી વ્યક્તિમાં પ્રભુપવિત્ર આત્મા પ્રવેશ કરીને તેને તેજસ્વી અને બળવાન બનાવે છે અને તેનો સંપૂર્ણ કબજો પ્રભુ લે છે. અને આવો આત્મિક આગેવાન ઈશ્વર પર વિશ્વાસ રાખનાર, ઈશ્વરને જાણનાર અને ઈશ્વરની ઇચ્છા શોધનાર હોય છે. તે પોતાની જાતને ભૂંસી નાખનાર અને ઈશ્વરને આધીન થઈ ઈશ્વરનો મહિમા કરવામાં આનંદ માને છે, તો જરૂરથી એવી પ્રકારની આગેવાની ઉચ્ચ અને સર્વશ્રેષ્ઠ કહી શકાય.

નેતાગીરી વિશે નવાકરારમાંથી પ્રે. પાઉલ પહેલો તીમોથી ૩ : ૨-૭માં સામાજિક, નૈતિક, બૌદ્ધિક, લાયકાતો વિશે જણાવે છે. તેણે ખ્રિસ્તી વ્યક્તિત્ત્વ અને કુટુંબના એક આગેવાનની નેતાગારી અને આત્મિક પરિપક્વતાની લાયકાત વિશે પણ લખ્યું છે. ઈસુએ તેમના શિષ્યોને નેતાગીરી માટે કેળવ્યા હતા, તેઓ ઈશ્વરે મંડળીને આપેલી ભેટ સમાન હતા. જૂના કરારમાં પણ મુસા, દાઉદ, યશાયા, નહેમ્યા જેવા માણસો ઈશ્વરે ઇસ્ત્રાએલી લોકોને આપેલી અજબ ભેટો હતી. કારણ કે ઈશ્વરની મોટી ભેટો હંમેશાં માણસોની હોય છે.

બાઈબલમાં વર્ણવેલા મહાન આગેવાનો મહાન પ્રાર્થનાવાદીઓ હતા. પ્રભુના સેવક સેમ્યુલ ચડવિકના જીવનચરિત્ર લખનારે લખ્યું છે કે, ખાસ કરીને તે પ્રાર્થનામય

પુરુષ હતા. તે પ્રાર્થના કરતા ત્યારે તે એવી અપેક્ષા રાખતા કે, પ્રભુ કંઈક કરશે. હડસન ટેલર પણ એવું જ કહેતા કે, "કેવળ પ્રાર્થનાથી ઈશ્વરની મારફતે માણસોને સ્પર્શી શકાય છે." એફેસી ૫ : ૧૬માં લખ્યું છે, "તમારા સમયનો સર્વોત્તમ ઉપયોગ કરો." કોઈ માણસની નેતાગીરીની ગુણવત્તા તેનો ફાજલ સમય કેવી રીતે અને કોની સાથે ગાળે છે, તેને આધારે નક્કી થાય છે. ફિલસૂફ વિલ્યમ જેમ્સ કહે છે કે, જીવન કોઈક એવા કાર્યને માટે વપરાવું જોઈએ કે તે પૂરું થયા પછી પણ તે કાર્ય ચાલ્યા જ કરે, તો નિ:શંકપણે તેને જીવનના સમયનો મહાન સદુપયોગ કર્યો કહેવાય, કારણ કે જીવનનું મૂલ્ય તેની લંબાઈમાં નહિ પણ તેના પ્રદાનમાં રહેલું છે.

અર્પિત નેતાગીરીમાં બાઈબલ અને જરૂરી એવાં પુસ્તકો પણ વાંચવા જોઈએ જે મારફતે આત્મિક ચેતના અને નવા વિચારોનાં સ્પંદનો જાગૃત થાય. જોસફ ડબ્લ્યુ. કેમ્પ એક મહાન ઉપદેશક અને શિક્ષક હતા અને તે એવું મંતવ્ય ધરાવતા કે, "સારું જીવનચરિત્ર વાંચવું તે ખ્રિસ્તી માણસને કેળવણીનો એક અગત્યનો ભાગ છે." અર્પિત નેતાગીરીમાં ભારે શક્તિ, સમય, નાણાં વગેરેનો ભોગ પણ આપવો પડે છે. અને એ. ડબ્લ્યુ. ટોઝરે તેમનાં મંતવ્યોમાં લખ્યું છે કે, એકલવાયાપણું, થાક, ટીકા, દબાણ અને મૂંઝવણ વગેરેનો પણ સામનો આગેવાને કરવાનો હોય છે. ઉત્પતિ ૨ ૨ : ૧માં ઈશ્વરે ઇબ્રાહિમની પરીક્ષા કરી તે પ્રમાણે નેતાગીરી લેવામાં કપરી કસોટીઓમાંથી પણ પાર ઉતરવું પડે છે. સાથે સાથે આગેવાનના જીવનમાં કેટલાંક જોખમો પણ આવે છે, જેનાથી તેને ખાસ સાવધાની રાખવી પડે છે. અભિમાન એક એવું પાપ છે કે તેનો ભોગ થઈ પડેલા આગેવાનને તેની કશી ખબર પણ પડતી નથી. ઘણીવાર આત્મસ્તુતિ જેવા અભિમાનથી ચેતવાની પણ તેને જરૂર રહે છે. લોકપ્રિયતા એ કલ્પી શકાય એવી સૌથી ભયંકર સ્થિતિ છે, કારણ કે તેમાંથી સહેલાઈથી આત્મિક અભિમાનમાં સરી પડાય છે.

સમાજને જયારે શક્તિશાળી અને આત્મિક સેવકો મળ્યા છે ત્યારે ત્યારે તે હંમેશાં આબાદ બન્યો છે. કારણ કે આવા સેવકો તેમના સેવાકાર્યમાં દૈવી સ્પર્શની અપેક્ષા રાખતા હતા અને તેનો અનુભવ પણ કરતા હતા. સમાજમાં આજે જે રોગ લાગુ પડ્યો છે તેનું કારણ એ છે કે ગુજરાતી ખ્રિસ્તી સમાજમાં અર્પિત નેતાગીરીની ભારે ખોટ ઊભી થઈ છે. ત્યારે પ્રભુના મહાન સેવકોની નેતાગીરી સામાન્ય કરતાં વિશેષ પ્રમાણમાં સફળ થઈ છે એવા તેમના જીવનપ્રસંગોમાંથી કેટલાક મંતવ્યો અને અભિપ્રાયોનો ખાસ અભ્યાસ કરવાની આપણે ખાસ જરૂર છે. હાલમાં એવા જુવાનો છે જેઓમાં પ્રભુ પવિત્ર આત્મા કામ કરતો હોય અને તેઓ તારનાર પ્રભુ ઈસુમાં તેમની શક્તિઓ વાપરવાની મહત્ત્વકાંક્ષા રાખતા હોય અને તેઓની આગળ આવા તો ઘણા પડકારો છે. સમાજને દૂરદર્શી દૃષ્ટિથી જોઈને અને તેને નવી કેડીએ કંડારવાની ઝંખના રાખે એવી અર્પિત નેતાગીરીની જરૂર

છે. હાલમાં જેઓ એવી મહત્ત્વકાંક્ષાઓ રાખે છે કે તેઓનાં હૃદયોમાં આકાંક્ષાઓનો નવો સળવળાટ જાગે અને તેઓના વિચારો અને હેતુઓ નવો આકાર ધારણ કરે. તેઓ સફળ એવા મહાન અર્પિત આગેવાનોનાં જીવનોમાં ડોકિયું કરીએ તો નવી ચેતના પ્રજવલિત થશે અને તેનો સંચાર ચાલુ થશે તેની લેશમાત્ર શંકા નથી. આપણી સાથે પ્રભુ ઈસુ એવા આગેવાન છે જે અનંતજીવનના પરાક્રમમાં પોતાનું કામ ચલાવે છે, જે ગઈકાલે, આજે તથા સદાકાળ એવાને એવા જ છે. હવે જીવંત પ્રભુ ઈસુમાં મળેલી નેતાગીરીમાં આપણે ચલિત થયા વગર કે ગભરાયા વગર આગળ વધીએ અને ચાલ્યાં જતાં આ વર્ષોમાં ઈશ્વરપિતાનો મહિમા કરીએ એજ પ્રાર્થના !

* * *

# જીવનમાં શાંત-સમયનું મહત્ત્વ

પ્રોટેસ્ટંટ ખ્રિસ્તી વ્યક્તિ કે કુટુંબ દરરોજ થોડો સમય ઈશ્વરપિતા સાથે સંગત (શાંત-મનન) કરી શકે તે માટે ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી છેલ્લાં ચાલીસ વર્ષથી ઉપલીમેડી, મનનપુસ્તિકા પ્રકાશિત કરે છે. ભારતભરમાં પ્રાદેશિક ભાષાઓમાં પણ ઉપલીમેડી પ્રકાશિત થાય છે, તેમાં સૌથી વધારે (૧૦,૦૦૦) ગુજરાતી ઉપલીમેડી છપાવવામાં આવે છે. ગુજરાતી પ્રોટેસ્ટંટ ખ્રિસ્તી સમાજમાં ઓછામાં ઓછી કુટુંબમાં ઉપલી મેડી વાંચનાર બે વ્યક્તિ ગણીએ તો એમ કહી શકાય કે, દરરોજ ૨૦,૦૦૦થી પણ વધારે વ્યક્તિઓ ઉપલીમેડી વાંચે છે અને દરરોજ શાંત-મનનમાં સમય ગાળે છે. આ આપણા સૌના માટે ગૌરવ લેવા જેવી આનંદની બાબત છે.

આ સ્પર્ધાત્મક યુગમાં આપણે માટે ફુરસદનો સમય ક્યાંથી લાવવો એ એક સમસ્યા બની ગઈ છે. કેટલાંકને ફુરસદનો સમય કેવી રીતે પસાર કરવો, તે પણ એક સમસ્યા છે. જો યુવાનો હશે તો ફુસરદનો સમય રમતગમત કે મનોરંજનમાં પસાર કરશે અને જો નિવૃત્ત વ્યક્તિઓ હશે, તો ફરવા જવામાં કે બીજા કાર્યોમાં સમય પસાર કરશે. પણ હકીકતમાં આપણને નવરાશનો સમય મળતો નથી. સમય ખૂબ કિંમતી છે અને આજના યુગમાં સમયનો વ્યય પાલવે પણ નહિ. પણ શાંત-સમય ખ્રિસ્તી વ્યક્તિને માટે સોનાની ખાણ જેવો એક ગુપ્ત ખજાનો છે. શાંત-સમયમાં ઈશ્વરપિતા તેના બાળકની સાથે તેમનાં વચનો દ્વારા વાત કરવા ઝંખે છે. ઈશ્વરપિતા સાથે ગાળેલો એકાંત સમય રહસ્યો ખુલ્લાં કરે છે અને આત્મિક સામર્થ્ય આપે છે. તેમની આભારસ્તુતિ આપણું બળ બને છે. ઉત્તમ વિચારો ઉદ્‌ભવે છે. અગત્યના પાઠો શીખી શકાય છે. આત્મિક જીવનની વૃદ્ધિમાં પરિપક્વ થવાય છે અને પવિત્ર આત્માનાં ફળ ઉત્પન્ન થાય છે. ભવિષ્યને માટે

ઈશ્વરપિતાનું મનગમતું પાત્ર બનીએ છીએ. જેમ હવા, પાણી અને ખોરાકની જરૂર પડે તેમ આત્મિક જીવનમાં તેમનાં વચનો અને પ્રાર્થનાની એટલી જ આવશ્યકતા રહે છે. જેવો ઈશ્વરપિતા પ્રત્યે પ્રેમ તેવો આપણો શાંત-સમય બને છે. જેઓ પ્રભુ સાથે શાંત-સમય તેવું આપણું ખ્રિસ્તી જીવન બને છે. જે વ્યક્તિ પ્રભુ સાથે સમય ગાળતી નથી અને તે પ્રત્યે ગંભીર બનતી નથી તે આત્મિક લંગડાપણું અનુભવે છે. બીજી વ્યક્તિએ ટેકો આપી તેને દોરવી પડતી હોય છે. એવી વ્યક્તિ પ્રભુના કોઈ ખપમાં પણ આવતી નથી. જો આપણે ઈશ્વરપિતાને આતુરતાથી, ખંતથી મળતા નથી અને તેમનું પરાક્રમ અનુભવતા નથી તો આપણી દિનચર્યા સફળ રહેતી નથી.

દિવસની શરૂઆતમાં આપણો શાંત-સમય નક્કી કરીએ તે જ વધારે યોગ્ય છે. વહેલા ઊઠીને ઈશ્વરપિતા પાસે જવાની ટેવ એ આસ્થાની વૃદ્ધિને પ્રબળ કરે છે. સર હેનરી હાવલોક પોતે સેનાપતિ છતાં દરરોજ સવારમાં પ્રથમ બે કલાક ઈશ્વરપિતાની હજૂરમાં ગાળતા હતા. અર્લ કેર્ન્સ દરરોજ સવારે વહેલા ઊઠીને લગભગ દોઢ કલાક શાસ્ત્ર અધ્યયન અને પ્રાર્થનામાં ગાળતા અને ત્યારપછી કુટુંબના સભ્યો સાથે પ્રાર્થનામાં જોડાતા હતા. ડૉ. જડસન પ્રાર્થના-મનનમાં ઘણો સમય ગાળતા અને તેથી જ તેઓ પ્રભુની સેવામાં ફતેહમંદ નીવડ્યા હતા. જે વ્યક્તિઓએ આ જગતમાં ઈશ્વરપિતાનો મહિમા વધાર્યો છે, તેઓ બધા જ સવારે ઊઠીને ઈશ્વરપિતાને વ્યક્તિગત મળતા હતા. જે વ્યક્તિ ઈશ્વરપિતાને મળવા સિવાયની બીજી બાબતોમાં સવારનો સમય વ્યતિત કરે છે તે જીવનમાં સુંદર તક જતી કરે છે. ત્યાર પછી દિવસ દરમિયાન ઈશ્વરપિતાની હજુરમાં જવાનો ભાગ્યે જ અવકાશ મળે છે. જો સવારના આપણા વિચારોમાં ઈશ્વરપિતા પ્રથમ ન હોય, તો પછી દિવસના બાકીના સમયમાં સર્વ બાબતોમાં આપણે ઈશ્વરપિતાને છેલ્લા જ રાખીશું. જગત અને શેતાન પર જય પામવાને, બળ મેળવવા જો દરરોજ ઈશ્વરપિતાની સમક્ષ ન જઈએ તો દરરોજ ઈશ્વરપિતાને માટે યોગ્ય પાત્ર બની શકીએ નહીં !

દિવસની શરૂઆતમાં બાઇબલનાં વચનોનું મનન થવું જોઈએ. જો બની શકે તો કલમો મોઢે કરીએ, જેથી પરીક્ષણના સમયે શેતાન સામે લડીને વિજય મેળવી શકીએ. શાંત-સમયમાં બાઇબલ ફક્ત આપણો અભ્યાસ ન બને, પણ પોતાને ઈશ્વરપિતાની આધિનતામાં લાવીને વચનોના પ્રકાશમાં જીવનને તપાસતા શીખીએ. મનન કરતાં પોતાને પ્રશ્ન પૂછીએ, શું આજે કોઈ ખાસ સંદેશ મારા માટે છે ? મારા માટે કોઈ આજ્ઞા છે ? મારામાં કોઈ પાપ છે, જે મારે કબૂલ કરવું જોઈએ ? મારા માટે કોઈ પડકાર કે ઉત્તમ વિચાર છે ? આ રીતે પ્રભુ સાથે નિખાલસ બનીએ તો આપણે અન્ય સાથે દરરોજની વાતચીતમાં નિખાલસ બની શકીશું.

દરરોજ ઈશ્વરપિતાની વધુ નિકટ આવવાથી આપણને તેમના પરાક્રમ અને ગૌરવનો

અનુભવ થયા વગર રહેતો નથી. યાદ રાખીએ કે દરરોજ પ્રભુ ઈસુનું પ્રકાશિત મુખ નિહાળવાથી આપણું જીવન કદી ઝંખવાણું પડતું નથી અને હંમેશાં પ્રફુલ્લિત મને પ્રભુ પવિત્ર આત્માની મોકળાશ અનુભવીશું.

આપણી અંગત પ્રાર્થના પણ આ સમયે એટલી જ મહત્ત્વની બની જાય છે. જો ઈશ્વરપિતા વચનો દ્વારા આપણી સાથે વાત કરવા તત્પર રહે છે, તો આપણે આભારી ભાવથી તેમને પ્રત્યુત્તર આપવો જ રહ્યો. આપણા શબ્દો હૃદયના ઊંડાણમાંથી નીકળે અને આપણું જીવન આભારવશ બની જવું જોઈએ. આભાર સ્તુતિ કે કબૂલાતની પ્રાર્થના ફક્ત શબ્દો જ બની ન રહે પરંતુ દૈનિક જીવનમાં આપણી પ્રાર્થના કાર્યોમાં પરિણમવી જોઈએ. શાંત-સમય ફક્ત સંતોષ ખાતર યંત્રવત બની ન જાય પણ આશીર્વાદિત બનવો જોઈએ. સળગતો એક અંગારો સંપર્કમાં આવતા બીજા કોલસાને સળગાવે છે તેમ આપણા દરરોજના સંપર્કમાં આવતી વ્યક્તિઓને આત્મામાં સળગતી કરીએ. બલ્બને વિદ્યુત પુરવઠાના સંપર્કમાં લાવતા પ્રકાશિત થઈ ઊઠે છે, તેમ ઈશ્વરના સંપર્કમાં આવતા આપણે પ્રકાશિત થઈ ઊઠીએ. આપણા જીવનના ચાલ્યા જતા દિવસોમાં જો સળગતા અને પ્રકાશતા જ થવું છે, તો ફક્ત એક જ રસ્તો છે કે, દરરોજ પ્રભુને મળવાને તૈયાર થઈએ.

* * *

# પ્રભુ ઈસુના જીવંતપત્રો

છેલ્લાં દોઢસો વર્ષથી ગુજરાતના ખ્રિસ્તી કુટુંબો માટે ઈશ્વરપિતાની કેવી ભવ્ય યોજના અને ઈરાદો ! પ્રભુ ઈસુ ખ્રિસ્ત કે જીવંત શબ્દ અને આ શબ્દ ઘણા ગુજરાતના સેવક-સેવિકાઓનાં જીવનોમાં વસી ગયો. પ્રભુના પ્રેમ અને પ્રકાશથી લોકોનાં હૃદયો ખળભળી ઊઠ્યાં. પવિત્ર આત્માનો સંચાર અનેક જીવનોમાં શરૂ થયો. અસંખ્ય જીવનોનાં બદલાણ થવા લાગ્યાં. કાલવરીના વધસ્તંભ સુધી પહોંચી ગયેલો પ્રેમ લોકોના હૃદયોમાં વહેવા લાગ્યો. સંખ્યાબંધ જીવનો ઉપર ખ્રિસ્તની મુદ્રા મારવામાં આવી. ઘણા લોકો ખ્રિસ્તી બન્યા. ઈશ્વરનાં વચનો અનેક હૃદયપટો ઉપર કોતરાઈ ગયાં. ખ્રિસ્તી કુટુંબોથી મંડળીઓ બંધાવા લાગી. જુદી જુદી સંસ્થાઓ સ્થપાવા લાગી. હવે હાલમાં આ ચાલ્યાં જતાં વર્ષોમાં ઈશ્વરપિતા વિવિધ રીતે તેમનું કાર્ય તેમના સેવક-સેવિકાઓ મારફતે કર્યે જ જાય છે. નવાં ખ્રિસ્તી કુટુંબો વસતાં જાય છે, નવી મંડળીઓ બંધાતી જાય છે અને ખ્રિસ્તી લોકોની સંખ્યા વધતી જાય છે. આજે આપણે સમક્ષ વિશાળ ખ્રિસ્તી સમાજ અસ્તિત્વમાં આવેલો જોઈને પ્રભુપિતાની સ્તુતિ કરીએ છીએ.

આ વિશાળ ખ્રિસ્તી સમાજમાં પ્રશ્નોની પરંપરા સર્જાવા લાગી છે. સમાજમાં અનેક

ભયસ્થાનો ઊભાં થતાં જાય છે. એમ પણ સાંભળવા, જોવા અને અનુભવવા મળે છે કે જ્યાં જુઓ ત્યાં ભ્રષ્ટાચાર, અન્યાય અને જોરજુલમ વધી ગયો છે. લોકો અનૈતિકતાના ધોરણે અને અન્યાયથી પૈસો ભેગો કરી, સુખ-સમૃદ્ધિમાં જીવવા લાગ્યા છે. તો આવા સમયમાં ખ્રિસ્તી તરીકે ન્યાયી અને સદાચારી જીવન કેવી રીતે જીવી શકાય? સદાચારીઓને ભ્રષ્ટાચારીઓ દાબી દઈને નિષ્ફળ બનાવે છે. આ હરીફાઈના જમાનામાં સેવામય જીવન જીવવા પ્રયત્ન કરીએ તો ફેંકાઈ જઈએ?

આવા મુશ્કેલ સંજોગોમાં જ ઈશ્વરપિતા તેના લોકોને જાગૃત કરે છે, સાવચેત કરે છે. પ્રભુ ઈસુ આ દુનિયામાં આવ્યા તે અગાઉ બાબેલોનમાં ભારે ભ્રષ્ટાચાર, લૂંટફાટ, આતંક, લડાઈ-ઝઘડા અને અન્યાય હતો. ન્યાયી અને સદાચારીઓ પ્રભુનો સેવક પ્રભુની આગળ પોકારી ઊઠે છે અને ઘણા પ્રશ્નો રજૂ કરે છે (હબાક્કૂક પહેલો અધ્યાય). બીજા અધ્યાયમાં પ્રભુ તેને કહે છે તે મારા નક્કી કરેલા સમયે હું ભ્રષ્ટાચારીઓનો ન્યાય કરીશ, પણ જેઓ ન્યાયી છે તેઓ વિશ્વાસથી જીવશે. ઈશ્વરપિતા હબાક્કૂકને સ્પષ્ટ જણાવી દે છે કે "તું આ સંદર્શન લખ, તેને એવું સ્પષ્ટ લખ કે જે તે વાંચે તે દોડે."

આજે સમાજમાં અનેક પ્રશ્નો અને ફરિયાદો છે. આ દિવસોમાં બધી બાબતો પ્રભુ પાસે લઈ જઈએ અને પોકારીએ તો હબાક્કૂકની માફક કદાચ આપણને આવો જ પ્રત્યુત્તર મળશે કે "મારા લોક વિશ્વાસથી જીવશે. પણ તમારું સંદર્શન લખો અને એવું સ્પષ્ટ લખો કે જેઓ વાંચે તે દોડે."

આપણને ખાસ હેતુને માટે ખ્રિસ્તના જીવંતપત્રો તરીકે આ દિવસોમાં તૈયાર કરવામાં આવ્યા છે. ખ્રિસ્તમાં આપણને તેડવામાં આવ્યા છે અને જગતથી વાકેફ કરવામાં આવ્યા છે. ખ્રિસ્તના ન્યાયી લોકો તરીકે વિશ્વાસથી જીવવાનું તો આપણને કહેવામાં આવ્યું છે પણ સાથે સાથે પ્રભુ ઈસુમાં જે સંદર્શન આપણને આપવામાં આવ્યું છે, તે સ્પષ્ટ લખવાનું કહેવામાં આવ્યું છે. આ દિવસોમાં ઘણા આત્માઓ નાશમાં ચાલ્યા જાય છે તેમને માટે એવું સ્પષ્ટ લખવામાં આવે કે જે તે વચનો વાંચે તે દોડીને પ્રભુની પાસે આવે. ગુજરાતમાં વિશાળ પ્રમાણમાં બુદ્ધિજીવી ખ્રિસ્તી વર્ગ છે, જેમને ઈશ્વરનાં જીવંત વચનો વાંચવાની અને લખવાની, વંચાવવાની જવાબદારી આપવામાં આવી છે. જો આપણે જીવંતપત્રો છીએ તો ઘણા લોકો આપણને વાંચી રહ્યા છે. જો આપણા હૃદયપટ ઉપર ખ્રિસ્તની મુદ્રા મારવામાં આવી છે, તો આપણે બોલીને, લખીને અને તે પ્રમાણે વર્તીને લોકોની આગળ વિવિધ રીતે રજૂ થવાનું છે.

ગુજરાતમાં જીવંતપત્રો તરીકે વંચાવીએ અને જીવંત શબ્દ પ્રભુ ઈસુ વિશે લખીએ તે માટે પ્રભુએ આપણને ૧૮૫૨થી ખ્રિસ્તી સાહિત્ય સદન (ટ્રા.સો.)ની ખાસ વ્યવસ્થા પૂરી પાડી છે. જ્યાંથી દર મહિને હજારોની સંખ્યામાં મેગેઝિનો અને પુસ્તકો પ્રસિદ્ધ કરવામાં આવે છે. પ્રભુ તરફથી મળતાં જીવંત શબ્દો બેધારી તલવાર કરતાં પણ તીક્ષ્ણ

છે અને બંદૂકની ગોળી કરતાં પણ વેધક છે. એ શબ્દો નાશમાં જતા આત્માઓ માટે લખીએ, સમાજ માટે લખીએ અને જીવંતપત્રો તરીકે આ લેખનના માધ્યમ દ્વારા ઘણાઓની આગળ રજૂ થઈએ.

ખ્રિસ્તી સાહિત્ય લખવાની સાથે સાથે વાંચવાની અને વંચાવવાની સેવા પણ આપીએ ખ્રિસ્તીઓએ કરવાની છે. હાલમાં ઘણા જુવાનો અનેક આકર્ષણો અને પ્રલોભનને કારણે જીવનનો રાહ ભૂલ્યા છે અને ખ્રિસ્તી મેગેઝિનો અને પુસ્તકો વાંચવાથી વંચિત રહ્યા છે.

નેપોલિયન બોનાપાર્ટ હોસ્ટેલમાં રહીને ભણતા હતા. ત્યાં હોસ્ટેલની પાસે હજામની એક દુકાન હતી. નેપોલિયન વારંવાર આ દુકાનમાં વાળ કપાવે. હજામની પત્ની આ ચબરાક યુવકને જોયા કરે અને નેપોલિયનને પોતાના મોહમાં ફસાવવાનો પ્રયત્ન કર્યા કરે, પણ નેપોલિયન તેના મોહમાં ફસાયા નહિ.

વર્ષો વીત્યાં અને નેપોલિયન ફ્રાન્સના લશ્કરના સેનાપતિ થયા. પછી એક દિવસ ફરતાં ફરતાં આ હોસ્ટેલ પાસે આવ્યા ત્યારે તેમની પેલી હજામની દુકાન યાદ આવી. નેપોલિયને ત્યાં જઈને દુકાનમાં બેઠેલી વૃદ્ધાને પૂછ્યું, “અહીં એક વખત નેપોલિયન બોનાપાર્ટ નામનો એક યુવક વાળ કપાવવા આવતો હતો તે યાદ આવે છે ?”

પેલી વૃદ્ધા હસી અને કહ્યું, “એ પેલા વેદિયા છોકરાની વાત કરો છો ? જે પુસ્તકોમાં રચ્યો પચ્યો રહેનારો કીડો હતો ? અરે ન મળે એને વ્યવહારનું ભાન કે ન આવડે કોઈ સાથે સંબંધ રાખવાનું ! એની વાત જ ભૂલી જાવ !”

નેપોલિયન હસ્યા, ધીમેથી કોઈ મંત્ર ઉચ્ચારતા હોય તેમ બોલ્યા, તારી વાત તો સાચી છે. જો એ છોકરો પુસ્તકો વાંચવાનું પડતું મૂકીને તારામાં રચ્યો પચ્યો રહ્યો હોત તો ફ્રાન્સ દેશના સેનાપતિ તરીકે આજ તારી સામે ઊભો રહ્યો ન હોત !

ખ્રિસ્તી જુવાનોએ તો ખ્રિસ્તના જીવંતપત્રો તરીકે આજે ગુજરાતમાં ઊભા થવાની ખાસ જરૂર છે. જે ઘરમાં ખ્રિસ્તી મેગેઝિનો અને પુસ્તકો હશે તો યુવાવસ્થામાં આપણને માર્ગ દર્શાવશે અને વૃદ્ધાવસ્થામાં આનંદ આપશે. એકાંતમાં આપણને આશ્રય મળશે અને આપણા જીવનને બોજારૂપ બનતું અટકાવશે. માટે આપણે દરેક ખ્રિસ્તી કુટુંબમાં નાની લાયબ્રેરી વસાવીએ. આપણે માટે અને આપણાં બાળકો માટે નાની લાયબ્રેરી ભવિષ્ય માટે મોટો ખજાનો બની જશે. આપણે નાશમાં જતા આત્માઓ બચાવવા લોકોને વિશ્વાસ દૃઢ કરીને હિંમત આપવા અને ખ્રિસ્તમાં લોકોને સંગઠિત કરવા માટે લખવાની, વાંચવાની અને વંચાવવાની ઘણી જરૂર છે. તો હવે આપણે સાહિત્યના મહાયજ્ઞમાં ઝંપલાવીએ અને સાહિત્ય દ્વારા સુવાર્તા પ્રચાર કરીએ. જે સાહિત્યના કાર્યમાં આગળ વધીશું તો ખ્રિસ્તના અસરકારક જીવંતપત્રો તરીકે વંચાઈશું અને ખ્રિસ્તી લોકોને વંચાવી શકીશું.

* * *

# લગ્નોત્સુક યુવાપેઢીની જીવનયાત્રા

આપણા માનવીજીવનમાં જો લગ્ન જેવી કોઈ વ્યવસ્થા ના હોત તો આપણે કેવી ભયંકર દશામાં હોત તેની માત્ર કલ્પના કરવી મુશ્કેલ છે. પણ આ પૃથ્વીના પટ પર ઈશ્વરની પ્રતિમામાં ઉત્પન્ન કરેલાં બુદ્ધિશાળી નરનારીઓ વ્યવસ્થિત લગ્ન કરીને સમાજરચનાના માળખામાં ગોઠવાઈને પોતાની જીવનયાત્રા પૂરી કરતા રહે છે. ધન્ય હોજો આપણા ઉત્પન્નકર્તા ઈશ્વરપિતાને કે તેમણે આજથી દોઢસો વર્ષ પહેલાં આપણા પૂર્વજોમાં તેમનો અમાપ્ય પ્રેમ વહેવડાવ્યો. ખ્રિસ્તીલગ્નોનું રહસ્ય આપણા વડવાઓને સમજાવ્યું. તેઓ ખ્રિસ્તીલગ્નગ્રંથિથી જોડાયાં ના હોત તો ખ્રિસ્તીકુટુંબો બન્યાં ના હોત. અને ખ્રિસ્તીકુટુંબો ના હોત તો ખ્રિસ્તીમંડળીનું અસ્તિત્ત્વ ના હોત. પણ આપણે ઈશ્વરપિતાનો આભાર માનીએ કે અત્યાર સુધી ઈશ્વરની અજાયબ યોજનામાં ખ્રિસ્તી લગ્નો થતાં જ રહ્યાં છે અને તેથી જ તો ગુજરાતમાં એક નવો વળાંક આવ્યો. એક નવા ખ્રિસ્તી સમાજની શરૂઆત થઈ. ઈશ્વરના કાર્યની નવી દિશા ખુલી. ઘણાં કુટુંબોને નવી આશા મળી. જેઓએ ખ્રિસ્તી લગ્નગ્રંથિથી જોડાવાનું સાહસ કર્યું તેઓ નવી સિદ્ધિઓ હાંસલ કરવા કપરાં ચઢાણો ચઢવા લાગ્યાં અને તેના ફળસ્વરૂપે હાલ આપણે ખ્રિસ્તી કુટુંબો તરીકે હયાત છીએ.

હાલમાં મોટી સંખ્યામાં એવા ખ્રિસ્તી યુવકયુવતીઓ છે કે તેમની યુવાનીની પાંખો ફૂટતાં તેઓ હવે ગગનવિહારી કરતા સ્વપ્નોમાં રાચવા માંડ્યા છે અને યુવાનીના કુદરતી ઉદ્વેગો અનુભવવા લાગ્યાં છે. ઘણાં પોતાનામાં કંઈક ખૂટે છે એવી પ્રબળ ઈચ્છામાં જીવનસાથીની શોધ માટે પોતાની દૃષ્ટિ આમતેમ દોડાવવાં લાગ્યા છે કેટલાંક યુવકયુવતીઓ યુવાનીમાં હિલોળા ખાતાં એકબીજા પ્રત્યેના આકર્ષણમાં ખેંચતાણ અનુભવે છે. કેટલાંક વચ્ચે નાજુક પ્રેમતંતુ બંધાયેલો પણ જોવા મળે છે અને સંસારી જીવનસંગ્રામમાં આગેકૂચ કરવા તેઓ તૈયારી કરી રહ્યાં છે. ત્યારે જેમ આપણા બાપદાદાઓએ ઈશ્વરનો આશીર્વાદ મેળવ્યો, તેમ ખ્રિસ્તી કુટુંબનું પ્રતિબિંબ પણ આપણાં લગ્નોની વ્યવસ્થામાં જળવાઈ રહે એ વિચારવાનો સમય શું હવે આવી ગયો નથી ?

આજે લગ્ન ઉત્સુક યુવાપેઢી સમક્ષ મોટી સમસ્યા ઊભી થઈ છે ત્યારે આપણે આ બાબતમાં સાવચેત બનવું જરૂરી છે. લગ્નની સમસ્યા હલ કરવા શોર્ટકટ નિર્ણય લેવો તે આપણી ભાવિ જીવનયાત્રા માટે ઘણું જોખમકારક છે. યુવકયુવતીઓમાં ખ્રિસ્તીલગ્નની સમજણ નહીં હોવાને કારણે આંતરજ્ઞાતિય લગ્ન કરવા ઘણાં તૈયાર થઈ જાય છે. આપણને દુનિયામાં આકર્ષણો અને પ્રલોભનો ઉપયોગી તો લાગે છે પણ જગિક સુખ પ્રાપ્ત કરવા કે નોકરી અને કેળવણી એકબીજાની સાથે સુસંગત હોય તો અન્યધર્મી મિત્રો સાથે લગ્ન

કરવું તે આપણે માટે ઉચિત નથી. તેમ કરવાથી જીવંત ખ્રિસ્ત અને મંડળીથી દૂર થઈ જવાની પૂરી શક્યતાઓ છે અને પ્રભુ જે બાળકોનો કારભાર કે જવાબદારી સોંપે છે તે પણ બજાવી શકાય નહિ.

જીવંત ખ્રિસ્તની કૃપા અને આશીર્વાદ વડે જોડાયેલાં સ્ત્રીપુરુષો તે ખ્રિસ્તીલગ્ન છે. ઈશ્વરે યોગ્ય સમયે ઠરાવેલી નરનારીની જોડી તે ખ્રિસ્તીલગ્ન છે. જે ખ્રિસ્તની આધિનતામાં લગ્ન કરે છે તે સદા સુખાનુભવ કરતા ઈશ્વરનો મહિમા પ્રગટ કરે છે અને ખ્રિસ્તીલગ્નનો ઈશ્વરે ઠરાવેલો ઈરાદો પૂરો કરે છે. જીવનસાથીની પસંદગી બાબતમાં ઈશ્વરની દોરવણી વગર આગળ વધીએ તો ગંભીર ભૂલ થઈ જવાની પૂરી શક્યતા છે. પછીથી આવી સમસ્યા ઉકેલી શકાતી નથી. નોકરી કે અભ્યાસની બાબતમાં થયેલી ભૂલ સુધારી શકાય પણ લગ્ન બાબતમાં કરેલી ભૂલ કદાપિ સુધારી શકાતી નથી પણ ખોટા નિર્ણયનું ફળ આપણે કાયમ ભોગવવું પડે છે. પછી પાછળથી એકબીજા ઉપર કે અન્ય વ્યક્તિને જવાબદાર આ બાબતમાં ઠરાવીએ તે એક પ્રકારનો આક્ષેપ કર્યો કહેવાય. માટે અયોગ્ય જીવનસાથીની શોધમાં ઈશ્વરની ઈચ્છા સમજવી આવા સમયે અતિ આવશ્યક હોય છે. ઈશ્વરનાં આજ્ઞાકારી બાળકો માટે ઈશ્વરે ફક્ત એક જ વ્યક્તિ સાથે લગ્નજીવન માણે એવી અદ્‌ભૂત વ્યવસ્થા કરેલી છે. જે કોઈ ઈશ્વરની યોજનામાં લગ્ન કરે છે એવી જીવનસાથીની પસંદગી સર્વશ્રેષ્ઠ હોય છે. જો યહોવા ઘર ન બાંધે તો તેના બાંધનારાઓનો શ્રમ મિથ્યા છે. આપણે દરેકને પૂરક થવા માટે ઈશ્વરે એવી જીવનસાથીની પસંદગી કરી હોય છે કે જેવી રીતે આદમને માટે હવાને બનાવવામાં આવી હતી. જે યુવક-યુવતીઓ મંડળીની વ્યવસ્થામાં રહી જીવનસાથીની પસંદગી કરવા દોરાતા નથી પણ આ બાબતમાં જેઓ અવિશ્વાસીઓની પસંદગી કરે છે તેઓ જીવંત ખ્રિસ્તી અને મંડળીની સંગત ગુમાવીને પોતાને ઘણું નુકસાન પહોંચાડે છે.

ખ્રિસ્તીમંડળી લગ્નને પવિત્ર અને માન યોગ્ય સંબંધ ગણતી આવી છે અને ખ્રિસ્તીલગ્ન દૈહિક વાનાંઓ સાથે જ નહિ પણ આત્મિકવાનાંઓ સાથે વિશેષ સંબંધ ધરાવે છે. માટે દરેક ખ્રિસ્તી યુવકયુવતી ધર્મસેવક સિવાય બીજી વ્યક્તિ પાસે જઈ રજિસ્ટર્ડ લગ્ન કરાવે તે યોગ્ય નથી. મંડળીની સાક્ષી વગર કોર્ટમાં કે કોઈ લગ્ન લાયસન્સ ધરાવતી વ્યક્તિ પાસે લગ્ન કરાવે છે તે ત્રિએક ઈશ્વરપિતાની સમક્ષતા ને આશીર્વાદ ગુમાવે છે તેમજ મંડળીની સંગત અને તેનાથી થતા લાભો પણ ગુમાવી દે છે. એવી રીતે લગ્ન કરનારાઓનું આત્મિકજીવન રોગિષ્ટ અને નબળું થઈ જવાની ઘણી શક્યતાઓ છે.

જેઓએ મંડળીની વ્યવસ્થામાં રહીને લગ્ન કર્યું છે તેઓનું લગ્નજીવન વાસ્તવમાં સફળ અને આશીર્વાદિત બન્યું છે, એવો ઘણાં ખ્રિસ્તી યુગલોનો અનુભવ છે. ઈશ્વર યોજિત ઈરાદાઓમાં જે યુવકયુવતીઓ પ્રભુતામાં પગલાં માંડે છે તેઓ લગ્નજીવનમાં

ગમેતેવાં તોફાનોની સામે પણ સ્થિર રહી ઝઝૂમી શકે છે. હાલમાં ખ્રિસ્તી લગ્ન માટે ઘણાં ગંભીરતાથી વિચારી રહ્યાં છે ત્યારે લગ્ન વડે પ્રભુનો મહિમા થાય, એકબીજાનો વિકાસ થાય અને ખ્રિસ્તનો પ્રકાશ ફેલાવનાર ખ્રિસ્તી કુટુંબોની રચના થાય તે માટે આપણે કટિબદ્ધ થઈએ. આપણે એવા જીવનસાથીની પસંદગી કરીએ કે જે જીવંત પ્રભુ ઈસુને સમર્પિત હોય. પ્રભુને સમર્પિત હશે તો એકબીજા પ્રત્યે અને બાળકો પ્રત્યે એવી જ ભાવના ધરાવશે. એવી વ્યક્તિ સાથે લગ્ન કરીએ કે જે નિયમિત દેવળમાં જતી હોય અને પ્રાર્થનાવાદી હોય. જે સુરક્ષિત હોય અને નોકરી કરીને પોતાના કુટુંબનું ભરણપોષણ કરવા તત્પર હોય. ઉડાઉ કે ખર્ચાળ ન હોય. દારૂ પીવો, જુગાર રમવો, સિગારેટ પીવી કે પાનમસાલા ખાવા વગેરેથી મુક્ત હોય. આપણે એવા જીવનસાથીઓ શોધીએ કે જે પ્રભુ ઈસુની મંડળી પ્રત્યે ભક્તિભાવ ધરાવતા હોય અને પોતે અને કુટુંબે કેવી રીતે મંડળીમાં સમાઈ જવું તે જાણતાં હોય. લગ્નની મોસમ આવી છે ત્યારે ઘણા યુવાનમિત્રોની પોતાના લગ્ન માટેની આતુરતા વધે તે સ્વાભાવિક છે. આવા સમયે લગ્નોત્સુક યુવક-યુવતીઓ પોતાની અજાણ ભાવિ જીવનયાત્રાની નવી શરૂઆત કરવા માગે છે ત્યારે તેઓ જો પ્રભુ તરફ પોતાની દૃષ્ટિ રાખીને દોરવણી માગશે તો તેઓનું ખ્રિસ્તી લગ્ન સફળ અને આશીર્વાદિત જરૂર બનશે.

હવે પછી થનારાં લગ્નો જીવંત પ્રભુ ઈસુમાં ખૂબ સફળ, આશીર્વાદિત અને પ્રભુનો મહિમા કરનારાં બનો એ જ અભ્યર્થના !

* * *

# ખ્રિસ્તી કુટુંબની સમસ્યા અને નિવારણ

ઈશ્વરે પ્રથમ કુટુંબ બનાવ્યું અને શેતાને તેને પતિત અવસ્થામાં મૂકી દીધું. ઈશ્વરે પ્રથમ આદમને આ પરિણામ માટે પ્રશ્ન પૂછ્યો ત્યારે આ પુરુષે હવા તરફ આંગળી ચીંધી અને હવાને પ્રશ્ન પૂછ્યો ત્યારે આ સ્ત્રીએ ધૂર્ત સાપ તરફ આંગળી ચીંધી. પ્રથમ કુટુંબમાં પાપે પ્રવેશ કર્યો. સ્ત્રી-પુરુષ ઈશ્વરથી સંતાવા લાગ્યાં. તેમનાં જીવનોમાં ગંભીર સમસ્યાઓએ સ્થાન લીધું. ગૃહજીવનમાં વિખવાદ શરૂ થયો. આ સમસ્યાનો પ્રવાહ આજ દિન સુધી અસ્ખલિત ધારા સમાન વહેતો જ રહ્યો છે. આપણે એક સમસ્યામાંથી છૂટવાનો પ્રયત્ન કરીએ ત્યાં બીજી સમસ્યા બારણે ડોકાતી જ રહે છે.

કોઈપણ નવદંપતિ દામ્પત્યજીવન સુંદર સ્વપ્નો સાથે શરૂઆત કરે છે પણ ધૂર્ત શેતાન તેમનાં સ્વપ્નોને સાકાર થવા દેતો નથી. પતિપત્ની એકબીજાનો પ્રેમ સંપાદન કરી વિશ્વાસથી સ્વાર્પણની ભાવના કેળવે તે પહેલાં કોઈપણ કુટુંબરૂપી માળાને શેતાન

વિખેરી નાખવા આકાશપાતાળ એક કરે છે. કોઈપણ કુટુંબ પ્રેમાળ ઈશ્વરની આરાધના કરે તે શેતાનને બિલકૂલ મંજૂર નથી. શરૂઆતથી પતિપત્ની વચ્ચે એજ મૂળ પાપ ભાગ ભજવે છે, જેને લીધે આદમહવાની માફક તેઓ દોષનો ટોપલો એકબીજા ઉપર નાખે છે. પાછળથી વિખવાદ સર્જાતા પતિપત્નીના જીવનમાં લગ્નવિચ્છેદ, છૂટાછેડા, આપઘાત, ખૂન જેવા ગંભીર પરિણામો આવે છે.

ઘણાં કુટુંબોમાં આવું પણ બને છે કે હજુ તો નવદંપતિએ એકબીજાનો પ્રેમ મેળવ્યો હોતો નથી, એટલામાં તો તેમને શીરે આકસ્મિક કૌટુંબિક જવાબદારી અદા કરવાની આવી જાય છે. પોતાનાં ભાવિ બાળકોના ઉછેર અને શિક્ષણ માટેની સમજદારી આવી હોતી નથી એંટલામાં તો તેઓ સંજોગોના શિકાર થઈ જતાં હોય છે અને તેનું પરિણામ બાળકોને ભોગવવું પડે છે. ઘણાં કુટુંબો સમાજજીવનનાં પરિબળો હેઠળ એટલાં બધાં દબાઈ જતાં હોય છે કે રૂઢિગત રીતરિવાજોમાંથી બહાર નીકળી શકતાં નથી. સમય જતાં આ બાબતો કુટુંબમાં ગંભીર સમસ્યા ઊભી કરી દે છે.

ખ્રિસ્તીસમાજમાં ઘણાં કુટુંબો નોકરીયાત વર્ગનાં છે તેથી તેઓની આવક મર્યાદિત છે. ઘણાં કુટુંબો ગામડાઓમાં છે, જેઓને કોઈ સુવિધા કે વિકાસ નથી. મોટાભાગનાં ખ્રિસ્તી કુટુંબો આજે કારમી મોંઘવારીમાં ગરીબીની રેખા નીચે જીવે છે. ઘણાં તો ગામડામાં એવી આર્થિક ભીંસમાં જીવે છે કે જેની કલ્પના કરી શકાય તેમ નથી. ખ્રિસ્તીકુટુંબોનો મુખ્ય પ્રશ્ન આર્થિક મુશ્કેલીનો સામનો કરવાનો સમય આવી જાય છે. બીજા તો એવા અનેક પ્રશ્નો છે, જે આર્થિક ભીસને કારણે ઊભા થઈ જ જતા હોય છે. કુટુંબજીવનની શરૂઆતથી જ બાળકોના ઉછેર, શિક્ષણ, નોકરી અને લગ્નના એટલા બધા પ્રશ્નો ઘેરી વળતા હોય છે કે તેમાંથી બહાર નીકળવાની કોઈ તક પતિપત્નીને રહેતી નથી.

હાલમાં ઘરે ઘરે પ્રશ્નો છે. ખ્રિસ્તી માબાપો ભારે મૂંઝવણમાં છે. કોઈ રસ્તો દેખાતો નથી. મોટાભાગનાં કુટુંબોનું ચિત્ર ચિંતિત છે. આપણે સૌએ આપણી જાતને ઢંઢોળીને આ સમસ્યાઓ વિશે ગંભીરપણે વિચાર કરવાનો સમય પાકી ગયો છે. સમાજના ભાવિ ઘડતર અને વિકાસ માટે નવી વિચારસરણીની જરૂર છે. ખ્રિસ્તી સમાજની સમસ્યાઓ વિકૃત બને તે પહેલાં અને વડીલો કે આગેવાનો સમાજની સમસ્યા બને તે પહેલાં તેના નિવારણ માટેના ઉપાયો શોધવાની ઘડી આવી ગઈ છે. ખ્રિસ્તીકુટુંબ તો પ્રભુ ઈસુના પ્રેમ અને પ્રકાશનો સંદેશ રેલાવનારું સમાજનું એક મહત્ત્વનું અંગ છે ! કોઈપણ કુટુંબને ગુમાવી દઈએ તે આપણને કેમ પોસાય ! અન્ય કુટુંબના પ્રશ્નો એ આપણા સમાજના જ પ્રશ્નો છે. આપણે સૌ તે માટે ભેગા મળીને તેનો ઉકેલ કેમ ન કરીએ ?

ઘણાં ખ્રિસ્તી કુટુંબો ગરીબી, બેકારી અને માનસિક તણાવ નીચે જીવે છે. એકબીજાના

કુટુંબોમાં રસ લઈ તેને હલ કરવાની જવાબદારી આપણા પ્રત્યેકની છે. આપણાં જ ભાઈબહેનો આર્થિક ભીંસમાં હોય અને ટંકે રોટલો પણ મેળવી શકતા નહિ હોય તો આપણે કેવી રીતે મોજશોખ કરી શકીએ ? આપણાં જ કુટુંબો નાશને માર્ગે જતાં હોય તો આપણે કેમ શાંતિમાં બેસી રહીએ ? આપણને એકબીજા કુટુંબોની ઈર્ષા અને ટીકા કરવાનું બાઈબલ શિક્ષણ આપતું નથી પણ જે કુટુંબોમાં હોય, તે માટે બીજા પ્રશ્નો ઊભા કરી તેને ચર્ચાનો વિષય ન બનાવીએ પણ તે માટે પ્રાર્થના સાથે સમાજમાંથી છૂટા પડતા કુટુંબને બચાવી લઈએ.

ખ્રિસ્તી નવદંપતિ શરૂઆતથી ખ્રિસ્તી સંગતમાં સતત રહે, તે આપણે સૌએ જોવાનું છે. તેથી તેમના ગૃહજીવનના ઘણા પ્રશ્નો ઉકલી જશે. ખ્રિસ્તી સમાજમાં અસંખ્ય ગરીબ બાળકો છે. ખ્રિસ્તી બાળકો અને તેમનાં વાલીઓને અનેક પ્રશ્નો છે. ગરીબ બાળકોને ભણવાની પૂરી તક મળી રહે અને તેનો સર્વાંગી વિકાસ થાય, એ જોવાની ફરજ આપણા સૌની છે. ગરીબ બાળકોના વિકાસમાં આપણે કોઈ પ્રકારનો ફાળો આપીશું, તો તે સમાજને માટે ઘણું મોટું કાર્ય કર્યું ગણાશે. ખ્રિસ્તી સમાજમાં બેકાર યુવાનોનું પ્રમાણ વધતું જાય છે અને તેથી તેઓમાં એક પ્રકારની વિકૃતિ અને લઘુતાગ્રંથિ પેદા થઈ છે. ખ્રિસ્તી યુવાધન અવળે માર્ગે વેડફાઈ જાય તે પહેલાં તેમને કેમ ઉગારી ન લઈએ ?

સમાજનાં કેટલાંક કુટુંબો દંભ, ડોળ, પ્રદર્શનવૃત્તિ કે અનુકરણની ઘેલછાને લીધે આર્થિક બોજથી તૂટી જાય છે. લગ્નપ્રસંગે કે એવા બીજા કોઈ પ્રસંગે ખર્ચ કરવાનું પાછું વળીને જોતાં નથી. વર્ષોથી સખત પરિશ્રમ કરીને કરેલી કમાણી ક્ષણવારમાં વેડફી નાખે છે. પોતાને આર્થિક રીતે ન પોસાય તેવું ખર્ચ કરી દેવું કરી બેસે છે. આવાં કુટુંબો દુન્યવી ઘેલછામાંથી મુક્ત થઈ આર્થિક સદ્ધરતા કેળવે તેમજ સાદગી, કરકસરથી પ્રસંગો ઉકેલ, તે દિશામાં લઈ જવાનું કામ આપણું છે. કુટુંબમાં જે કંઈ આશીર્વાદો ઈશ્વરે આપ્યા છે, તે સ્વાર્થીપણામાં જીવવા નહિ પણ બીજાઓને વહેંચીને આનંદ કરવા માટે આપ્યા છે. આપણે કે જેઓને ઈશ્વરે શક્તિ, તાલંતો, નાણાં, સમય બધું જ આપ્યું છે. તો આપણાં બીજા ગરીબ કુટુંબો પણ છે તેઓની કાળજી લઈ વિકાસને પંથે તેઓને વાળીએ, તે દિશામાં આપણે ઘણું કરવાનું બાકી છે. ઘણાં ખ્રિસ્તી કુટુંબોમાં બાહ્ય આકર્ષણો, નશાખોરી, ફેશન અને કુરિવાજોનું સ્થાન વધતું જાય છે, તેથી ખ્રિસ્તી મૂલ્યોનું પણ ધોવાણ વધતું જાય છે. આમાંથી ઘણાં કુટુંબો બચી જાય તે માટે સમાજને જાગૃત કરવા ઘણા સ્વયંસેવક-સેવિકાઓએ ઊભા થવાની જરૂર છે. આ ૧૯૯૪ના 'કુટુંબ વર્ષ'માં આપ સૌને અપીલ છે કે ખ્રિસ્તી કુટુંબોની ગંભીર સમસ્યાઓ વિશે વિચાર કરીને તેના નિવારણ માટે નક્કર કાર્યો કરીને આ જીવનમાં કંઈક કરી બતાવીએ.

* * *

# પ્રગતિને પંથે...

ગુજરાતના ફલક પર ઈશ્વરપિતાએ આશ્ચર્યકાર કકૃત્યો વડે અનેક સેવક-સેવિકાઓનો ઉદય અને ઉત્કર્ષ કરીને કમાલ કરી દીધી છે. અગાઉથી તેમના સંકલ્પ પ્રમાણે અદ્ભૂત મર્મ ગુજરાતની ખ્રિસ્તી જનતા સમક્ષ પ્રગટ કર્યો અને સમાજને આત્મિક, સામાજિક, આર્થિક, શૈક્ષણિક પ્રગતિના આખરે લાવીને મૂકી દીધો છે. ખ્રિસ્તી પ્રજાનું વલણ અને દૃષ્ટિકોણ બદલી નાખ્યો છે. તેમણે ખ્રિસ્તી પ્રજાને પ્રભુ ઈસુમાં નવી દિશા અને નવો રાહ બતાવ્યો છે. નવી નવી રીતો અને કાર્યપદ્ધતિઓ શીખવી છે. સામાજિક સેવાકાર્યોનો ઉદય કરીને ખ્રિસ્તી પ્રજાને કેળવી છે. ગુજરાતની ભૂમિમાં વવાયેલાં સુવાર્તાનાં બી ઊગીને મહાકાય વટવૃક્ષો (મંડળીઓ) થયાં છે. હાલમાં તેના ફળસ્વરૂપે કેટલાં બધાં ખ્રિસ્તી સ્ત્રી-પુરુષો, બાળકો અને યુવાનો પ્રભુની વાડીમાં ખીલી રહ્યાં છે !

ગુજરાતમાં આ બગીચો શોભી ઊઠે તે માટે ઈશ્વરપિતાએ કેવી અજાયબ વ્યવસ્થાઓ પૂરી પાડી છે ! ગુજરાતના ખૂણે ખૂણે નાનીમોટી સંગતો અસ્તિત્વમાં આવી છે. સ્ત્રી-પુરુષોની સંગતો આત્મિક અને હેતુલક્ષી બને તે માટે ઉચ્ચ પ્રકારનું સાહિત્ય અને સંસ્થાઓની વ્યવસ્થા થઈ છે. શૈક્ષણિક ક્ષેત્રે સમાજે હરણફાળ ભરી છે અને આર્થિક ક્ષેત્રે ઘણી સારી પ્રગતિ કરી છે. હાલમાં ગુજરાતમાં અને કેટલાં બધાં એવાં કુટુંબોએ અમેરિકા, યુરોપ, આફ્રિકા અને બીજા વિકસીત દેશોમાં પહોંચી જઈને આર્થિક પ્રગતિ કરી છે. સામાજિક ક્ષેત્રમાં ઘણા ખ્રિસ્તી ભાઈબહેનોએ નોંધપાત્ર ફાળો આપીને ખ્રિસ્તી સાક્ષી ઊભી કરી છે.આજે સેવાક્ષેત્રમાં, શૈક્ષણિક અને વૈદ્યકિયક્ષેત્રમાં, નોકરી અને ધંધાકિયક્ષેત્રમાં નોંધનીય ફાળો આપીને ખ્રિસ્તી પ્રજા શોભી ઊઠી છે.

ઈશ્વરપિતાએ ખ્રિસ્તી જનતાના વિકાસ માટે વિવિધ ક્ષેત્રોના દરવાજા ખોલી નાખ્યા છે અને આકાશમાંથી આશીર્વાદોની બારીઓ ઉઘાડી દીધી છે. ખ્રિસ્તી પ્રજા ભક્તિસભા મારફતે દરેક રવિવારે પુનરુત્થાન પામેલા ખ્રિસ્તની ઉજવણી કરી શકે તે માટે દેશભરમાં રવિવારની જાહેર રજા થઈ. બાળકોના ભવિષ્યના વિકાસ માટે સન્ડેસ્કૂલની અને યુવક-યુવતીઓની શક્તિઓ સંગઠિત થઈ વિકાસ પામે તે માટે યુવકમંડળોની વ્યવસ્થા થઈ. ખ્રિસ્તી મહિલાઓ પોતાનો ફાળો સેવાક્ષેત્રોમાં આપી શકે તે માટે મહિલામંડળો સ્થપાયાં. દેવળો, સ્કૂલ-કૉલેજો, છાત્રાલયો અને દવાખાનાઓની માલમિલ્કત આપીને ઈશ્વરપિતાએ આશ્ચર્યજનક આયોજન કરી ગુજરાતની ખ્રિસ્તી પ્રજાને આપ્યું છે. આ પૃથ્વીના મંડાણની અગાઉ ઈશ્વરપિતાનો સંકલ્પ હતો, તે તેમણે બધા જ પ્રકારની વ્યવસ્થા કરીને આશીર્વાદ આપી દીધો છે અને ખ્રિસ્તી જનતાને કોઈપણ વાનાંની અછત પડવા દીધી નથી.

તો પછી તેની પ્રજા શા માટે કચકચ કર્યા કરે ? શા માટે લઘુતાગ્રંથિથી પિડાયા કરે?

શા માટે અંદરોઅંદર ખુશામત કરીને ઈશ્વરપિતાને મળવા જોઈએ એ માન અને મહિમા ચોરી લે ? શા માટે એકબીજા પર આક્ષેપબાજી કરીને, દોષિત ઠરાવીને, મતભેદ-મનભેદ વિરોધ વંટોળની દિવાલો ઊભી કરે ?

જો ગુજરાતની ખ્રિસ્તી પ્રજા માટે આ હકીકત સાચી હોય તો, આતો શેતાન તરફથી આવતાં પરિબળો છે એમ કહેવાય. જો આવાં પાપને પોષવામાં આવે તો તેનું ભયંકર પરિણામ આવે. કારણ કે શેતાનનું લઘુતાગ્રંથિની બીક ઊભી કરીને માનસિક-બૌધિક રીતે તોડી પાડવાનું આ કામ છે. જગતના લાભનાં આકર્ષણોની બાબતો રજૂ કરી બીજી દિશામાં વાળવાનું પ્રલોભન છે. ખ્રિસ્તી સંગતમાં અનેક કાર્યક્રમો અને વ્યક્તિઓને વધુ મહત્ત્વ આપી ઈશ્વરપિતાને મળતો માન-મહિમા લઈ લેવો અને સગાવાદ, જાતિવાદ, જૂથવાદ અને મિશનવાદનો વાદવિવાદ ઊભો કરી એકતા તોડી પાડવી તે પણ શેતાનનું કામ છે. ખ્રિસ્તી પ્રજાની શક્તિ, નાણાં અને સમય બીજી દિશામાં ખોટી રીતે વપરાય, એમાં તો શેતાનને ખાસ રસ છે. ખોટી રીતરસમો અજમાવવી અને ખ્રિસ્તી વિચારસરણીને અવળો રસ્તો બતાવવો તે અંધકારનાં પરિબળોનું કામ છે. આમ શેતાન ખ્રિસ્તી પ્રજાની પ્રગતિને નિષ્ફળ બનાવવા ધીમે રહીને પોતાની ચાલ રમે છે.

સૂકુ નામનો જુવાન માણસ ઘણીવાર તેણે પાળેલા અજગર સાથે જોખમકારક ચેષ્ઠાઓ કરતો હતો. તેણે આ અજગરના બચ્ચાને જંગલમાં જોયું અને તે તેના પ્રત્યે તરત આકર્ષાયો. તેને ઘરે લાવીને પાળીપોષીને મોટું કરવા લાગ્યો. તે અજગર સાથે રમત કરતો. તેની આંગળીથી ટપલી મારતો અને અજગર તેની પાસે આવીને તેના શરીરને વિંટળાઈ જતો અને બીજી વાર આંગળથી ટપલી મારતો ત્યારે આ અજગર શરીર પરથી ખસી જતો. સૂકુના મિત્રો આ જોઈને તેને ચેતવણી આપીને કહેતા કે, તે એક દિવસ તને કચડી મરણને શરણ કરી દેશે. સૂકુએ તેમની ચેતવણી ધ્યાન પર લીધી નહિ. અજગર દિવસે દિવસે મોટો થયો. સૂકુ હંમેશા એમ જ વિચારતો કે તે ગમે તેવો ભયંકર હોય પણ હું તેને અંકુશમાં રાખી શકીશ. એક દિવસે શેરીને નાકે લોકોને જોવા તેણે કાર્યક્રમ ગોઠવ્યો. લોકોનું મોટું ટોળું એકઠું થયું. સૂકુએ આંગળીથી ટપલી મારતાં જ મહાકાય અજગર તેના શરીર પર લપેટાઈ ગયો. ફરીથી તેણે ટપલી મારી, પણ અજગરે સૂકુના શરીર પરની પકડ છોડી નહિ. લોકો આ જોઈ થરથરી ગયા અને છેવટે અજગરે તેને કચડીને મારી નાંખ્યો.

હાલમાં કુટુંબમાં, મંડળીમાં અને સમાજમાં શેતાનરૂપી અજગરનું એ જ કામ રહ્યું છે કે ખ્રિસ્તી પ્રજામાં આકર્ષણ જેવાં પરિબળો ઊભાં કરીને તેની પ્રગતિ સ્થગિત કરી દેવી. ખ્રિસ્તી એકતાની શક્તિ તોડી નાખવી અને અંદરોઅંદર વિખવાદ ઊભો કરી ભાગલા પાડવા. ઈશ્વરે આપેલાં તાલંતો, માલમિલ્કત અને સમયને શેતાનરૂપી અજગરને

પોષવામાં - વાપરવામાં આવે તો કુટુંબોમાં, સંગતોમાં, મંડળીઓમાં, સંસ્થાઓમાં અને સમગ્ર સમાજમાં શેતાન ભરડો લઈ લેશે. તે માટે ગુજરાતી ખ્રિસ્તી સમાજે જાગી જવાની જરૂર છે. આ સ્પર્ધાત્મક યુગમાં ખ્રિસ્તી પ્રજા કોઈ રીતે કચડાઈ ન જાય તે માટે ખૂબ સાવધ થઈ જવું જોઈએ. દુનિયા ખૂબ ઝડપથીઆગળ દોડી રહી છે, ત્યારે કુટુંબમાં, મંડળીમાં અને સમાજમાં ખૂબ જવાબદારીભર્યું સ્થાન સંભાળનાર સેવક-સેવિકાઓ શું પોતાની આ ફરજ અદા કરશે ? જે પ્રજાને નવી દિશામાં ચાલવા તૈયાર કરવામાં આવે છે, તે પ્રજાને સમાધાનના નવા રાહમાં દોરવા માટે કેટલાં બધા અર્પિત સ્વયંસેવક-સેવિકાઓની જરૂર છે ! કેટલાં બધાં ખ્રિસ્તી સ્ત્રીપુરુષોની પ્રગતિ વળગી રહેલાં પાપને લીધે અટકી ગઈ છે. ખ્રિસ્તી યુવાનવર્ગ યોગ્ય માર્ગદર્શન નહીં મળવાને કારણે આમતેમ ઝોલાં ખાય રહ્યો છે. બાળકોરૂપી ધન પ્રભુની ફૂલવાડીમાં ખીલી ઊઠે તે માટે બાળકો કોઈ આધાર શોધી રહ્યાં છે ? જો ગુજરાતની ખ્રિસ્તી પ્રજા એમ દાવો કરતી હોય કે, ઈશ્વરપિતાનો મહિમા થાય તે માટે અમારું અસ્તિત્ત્વ છે અને તે માટે અમને આશીર્વાદ આપવામાં આવ્યા છે; તો વિજયવાન અગ્રેસર એવા પ્રભુ ઈસુ ખ્રિસ્ત તરફ દૃષ્ટિ રાખીને ખ્રિસ્તી સમાજની પ્રગતિ કરવા કોણ તૈયાર થશે !

* * *

# પ્રભુ ઈસુનું પ્રભુત્ત્વ

વિશ્વમાં આજકાલ કેટલીય કુદરતી તાકાત ધરાવતી અવનવી ઘટનાઓ બન્યા કરે છે અને એવી એક દુર્ઘટના ઓરિસ્સામાં બની ગઈ. ગત ૧૯૯૯ના ચોમાસા દરમિયાન ઓરિસ્સામાં ભારે પવન અને વરસાદને કારણે અનેક ગામો તારાજ થયાં. જો સતત વરસાદ અને પવન ચાલુ જ રહ્યો હોત અને પ્રભુએ કોઈ નિયંત્રણ કર્યું ના હોત તો આપણી શી હાલત થાત !

બાઈબલમાં ઉત્પત્તિના આઠમા અધ્યાયમાં નૂહના સમયમાં જળપ્રલયનું વર્ણન કરવામાં આવ્યું છે, એવો જળપ્રલય હવે કદી થશે પણ નહિ. આ કરાર ઈશ્વરે આપણી વચ્ચે કર્યો અને તે કરારનું ચિહ્ન મેઘધનુષ્ય છે, (ઉત્પત્તિ ૮ : ૧૩).

બાઈબલમાં જણાવ્યા પ્રમાણે અંતરિક્ષની નીચેનાં પાણીને અંતરિક્ષની ઉપરનાં પાણીથી જુદાં કર્યાં અને આકાશ નીચેનાં પાણીના એક ચતુર્થાંશ ભાગમાં ઈશ્વરે કોરી ભૂમિ બનાવી, જેના ઉપર આપણે વસીએ છીએ. બાકીના પોણા ભાગના પાણીની હદ ઠરાવી દીધી, જે પાણી કોરી ભૂમિ પર આવતું નથી. આ પૃથ્વી પરનાં પોણા ભાગના પાણીને આપણે સમુદ્ર કહીએ છીએ. આ સમુદ્રને ઉત્પન્નકર્તા નિયંત્રણ હેઠળ રાખે નહિ

અને સમુદ્ર હદ ઓળંગે તો આપણી શી દશા થાય !

આજ સમુદ્ર અને પવનને નિયંત્રણમાં રાખનાર ઈશ્વરે ભારે પવન ચલાવીને સમુદ્રને પાછો હઠાવ્યો, ને સમુદ્રને ઠેકાણે કોરી જમીન કરી દીધી, ને પાણીના બે ભાગ પાડી દીધા. આશ્ચર્યચકિત થઈ જવાય એવી આ ઘટના જૂના કરારમાં નિર્ગમન ૧૪માં આપી છે. ઈસ્રાએલ પુત્રોનો મિસરની ગુલામીમાંથી ઈશ્વર છૂટકારો કરાવે છે તેનું અદ્‌ભૂત વર્ણન આમાંથી મળે છે. મિસરનું સૈન્ય ઈસ્રાએલ લોકોની પાછળ પડ્યું ત્યારે તેઓ ખૂબ ભયભીત થઈ ગયા અને ઈશ્વરને પોકારવા લાગ્યા. ત્યારે મોશેએ લોકોને કહ્યું, "બીહો મા, ઊભા રહો, ને પ્રભુ આજે તમારો બચાવ કરશે તે જુઓ, (મિર્ગમન ૧૪ : ૧૩). પ્રભુએ ભારે પવન ચલાવીને સમુદ્રને પાછો હઠાવ્યો ને સમુદ્રને ઠેકાણે કોરી ભૂમિ કરીને ઈસ્રાએલ લોકોને તે ભૂમિ પરથી પસાર કર્યા.

આપણી દૃષ્ટિમાં કેવું આશ્ચર્યજનક કહેવાય કે પૃથ્વી પરના પોણા ભાગના પાણીને હદ ઠરાવીને કાબૂમાં રાખનાર અને પૃથ્વીના પા ભાગને કોરી ભૂમિ બનાવનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તે પોતે જ આપણી મધ્યે વસીને આજ ભૂમિ પર ચાલ્યા ! કારણ કે બાઈબલમાં યોહાન ૧ : ૩ માં જણાવવામાં આવ્યું છે, કે "તેનાથી સઘળું ઉત્પન્ન થયું, એટલે જે કંઈ થયું છે તે તેના વિના ઉત્પન્ન થયું નહિ." અને એટલે જ સમુદ્ર પર જેનું પ્રભુત્વ છે, એ પ્રભુ ઈસુને **ખ્રિસ્તીબંધુના મુખપૃષ્ઠ ચિત્રમાં** સમુદ્ર પર ચાલતા બતાવ્યા છે. આ અજાયબ ઘટના નવા કરારમાં યોહાન ૬ : ૧૬થી ૨૧માં જણાવવામાં આવી છે. તેમણે સમુદ્ર પર ચાલીને સમુદ્ર પર પણ તેમનું પ્રભુત્ત્વ છે, તેનો અહેસાસ શિષ્યોને કરાવ્યો.

**ખ્રિસ્તીબંધુના પાછળના ચિત્રમાં** પ્રભુ ઈસુનું પવન અને સમુદ્ર પરનું સામર્થ્ય દર્શાવવામાં આવ્યું છે. આનું વર્ણન નવા કરારમાં માર્ક ૪ : ૩૫થી ૪૧માં આપવામાં આવ્યું છે. પ્રભુ ઈસુએ ઊઠીને પવનને ધમકાવ્યો તથા સમુદ્રને કહ્યું, કે "છાનો રહે, શાંત થા." પવન બંધ થયો ને મહા શાંતિ થઈ - માર્ક ૪ : ૩૯. તેમના શિષ્યો પ્રભુ ઈસુ પર વિશ્વાસ કરતા હતા કે એ જ અમારો તારણહાર છે પણ એ જ શિષ્યો હજુ પ્રભુ ઈસુના પ્રભુત્ત્વનો અનુભવ કરી શક્યા નહોતા ! એટલે જ તો તેઓ બહુ બીધા તથા અંદરોઅંદર બોલ્યા, કે આ તે કોણ છે કે પવન તથા સમુદ્ર પણ તેનું માને છે ?

આ રીતે આપણે સ્પષ્ટપણે સમજી શકીએ છીએ કે સમગ્ર સૃષ્ટિને સર્જન જેમણે કર્યું છે, તેમનો કાબૂ આ સૃષ્ટિ પર છે. એ જ તારણહારે માનવો મધ્યે આવીને સાબિત કરી આપ્યું કે એવો જ અધિકાર માનવજીવન અને મરણ પર પણ છે. આપણે જૂના કરારમાં અગાઉ જોયું એમ સમુદ્રમાં ઈસ્રાએલ લોકોને રસ્તો કરી આપીને ઈશ્વર એ રીતે તેઓની સાથે બોલ્યા. એ જ ઈશ્વરના દીકરા નવા કરારમાં જોયું એમ પાણી પર ચાલીને અને

સમુદ્રનું તોફાન બંધ કરીને શિષ્યો સાથે બોલ્યા. એ જ ઈશ્વર આ સમયમાં આપણી સાથે પણ બોલે છે. કારણ કે એ પ્રભુ ઈસુ ખ્રિસ્ત ગઈકાલે, આજે અને સર્વકાળ એવા ને એવા જ છે. જેઓ તેમનું સામર્થ્ય અનુભવવાની ઇચ્છા રાખે છે, તેઓને તેમની મહાનતા પ્રગટ કરી રહ્યા છે. જેઓ પ્રભુ ઈસુ ખ્રિસ્તના પરાક્રમનો અનુભવ કરી રહ્યા છે, તેઓને વિશ્વના કોઈપણ બનાવોની બીક લાગતી નથી, કારણ કે વિશ્વની સમગ્ર પરિસ્થિતિ હવે તેમના હાથમાં છે. જેઓને વિશ્વમાં બનતા બનાવોની બીક લાગતી નથી, તેઓને જીવન કે મરણની બીક લાગતી નથી કારણ હવે તેઓના જીવનમાં પ્રભુ ઈસુનું સામર્થ્ય કામ કરે છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઉત્પત્તિકાળથી હતા, જેમના વિના સર્વ ઉત્પન્ન થયું નહિ. એજ પ્રભુ ઈસુ ખ્રિસ્ત કોઈપણ બદલાતા રાજકીય સંજોગો પર વિજેતા છે. જેમના પરાક્રમ અને સામર્થ્યથી આપણાં જીવનો રૂપાંતર પામતાં જાય છે, ખ્રિસ્તી કુટુંબો જોડતાં જાય છે અને મંડળીઓ બનતી જાય છે. તેઓએ ભયભીય થવાની જરૂર નથી. પણ આદિ તથા અંત એવા પ્રભુ ઈસુના ચરણોમાં રહીને ચાલ્યા જતા દિવસોમાં તેમનું પરાક્રમ જોવા સાવધ થઈશું અને તેમનું સામર્થ્ય મેળવીશું, તો જરૂરથી આપણે વિજયવાન જીવનો જીવનારાં સાબિત થઈ શકીશું.

* * *

# દારૂ સામે પોકાર કરો

સમગ્ર વિશ્વમાં ગૌરવ લેવા જેવી કોઈ બાબત હોય તો એ આપણા ગુજરાતમાં 'દારૂબંધી' કાયદો છે. ત્યારે આપણા માનસમાં એ પ્રશ્ન થાય છે કે શું દારૂ પીવો કે નશો કરવો એ પાપ છે ? શા માટે ગુજરાત સરકારે આવો કાયદો ઘડ્યો હશે ? પરંતુ ખૂબ જ દુઃખદ બાબત તો એ છે કે, કાયદો એ કાયદો જ રહે છે અને કાયદાકાનૂન પાળવામાં આપણે કેટલા વિશ્વાસુ રહીએ છીએ તે આપણે જ જાણીએ છીએ. જ્યાં સુધી લોકમાનસ બદલાય નહિ ત્યાં સુધી કાયદો કાંઈજ કરી શકતો નથી. ગામડામાં જ્યાં લોકો મોટે ભાગે વધુ અજ્ઞાન અને અભણ છે. ત્યાં દારૂનું સેવન વધુ પ્રમાણમાં થાય છે. જ્યાં સુશિક્ષિત વર્ગ છે ત્યાં દારૂનો ઉપયોગ નહિવત છે. સમાજના જે લોકો સમજે છે કે દારૂ એ દુર્વ્યસન છે અને તેનાથી આખરે તો પાયમાલ જ થવાય છે, તેવા લોકો આ બાબતથી ખૂબ દૂર રહે છે. દારૂ એક પ્રકારનું ધીમું ઝેર છે, જે સમગ્ર કુટુંબની અને પોતાના સમાજની ખાનાખરાબી કરી નાખે છે. જેઓ આ વિષયથી દૂર છે તેઓના વ્યક્તિત્ત્વનો વિકાસ થયેલો જોવા મળે છે અને તેઓનું જીવનધોરણ ઊંચુ હોય છે તેમજ સમાજમાં ગૌરવભર્યું સ્થાન પણ તેઓ પામતા હોય છે.

ભારે દુઃખની વાત એ છે કે લગ્ન જેવા આપણા સામાજિક પ્રસંગોમાં કેટલાંક કુટુંબોમાં ખુલ્લેઆમ શરાબનું સેવન થાય છે. ઘણા જુવાનો આવાં વ્યસનોના ગુલામ થયેલા જોવા મળે છે. દારૂનું નિત્ય સેવન કરનારા તરફ તો જરા દૃષ્ટિપાત કરીએ તો, તેઓના શા હાલ હોય છે ! ખરેખર આપણને દુઃખ થાય એટલું જ નહિ પરંતુ શરમ લાગે તેવા દારૂડિયાઓના હાલ હોય છે. બેહાલ, લઘરવઘર, આર્થિક સંકડામણ અને આત્મિક સ્તરની તો વાત જ ન પૂછો. બધી જ રીતે બરબાદ થઈ ગયેલા આવા આપણા સમાજના લોકોએ કેટલીયે બહેનો-દીકરીઓને અધવચ્ચે રખડાવી મૂકી છે, કેટલાંક માબાપોએ તો પોતાના એકના એક આધારસ્તંભ પુત્રો ગુમાવ્યા છે. દારૂ પીનાર કુટુંબની સુખશાંતિ, સમૃદ્ધિ છીનવાઈ ગઈ છે. આવી વ્યક્તિઓ જ્યાં નોકરી કરતી હોય તે ક્ષેત્રનું કામકાજ પણ ખોરંભે પડી જાય છે. કારણ કે તેમના જ્ઞાનતંતુઓ શિથિલ થઈ જાય છે. યાદશક્તિ ઘટી જાય છે. કાર્યક્ષમતા ઓછી થાય છે અને જીવનકાર્યમાં અનિયમિતતા આવે છે. તેઓ પ્રભુથી ઘણા જ દૂર ચાલ્યા જાય છે, જ્યાંથી પાછા ફરવાનો કોઈ અવકાશ રહેતો નથી. દરેક વ્યક્તિ માટે પ્રભુની માન્ય અને શ્રેષ્ઠ ઈચ્છા રહેલી હોય છે. પરંતુ તેઓ ભાનમાં રહે તો જ પ્રભુની શ્રેષ્ઠ ઈચ્છાને જાણી શકે. તેમના કુટુંબમાં ન બનવાના બનાવો બને છે. પ્રભુએ આપેલાં ફૂલ જેવાં સુંદર બાળકોની કાળજી રાખવાને બદલે સમગ્ર કુટુંબ વેરણછેરણ બનેલું આપણે નિહાળીએ છીએ. મંડળીઓમાં પણ આવી જ વ્યક્તિઓ વેરઝેર અને ખોટા વાદવિવાદ કરવામાં ભાગ ભજવતી હોય છે. કારણ કે ઘણીવાર તેઓ પ્રભુની મંડળી વિશે તદ્દન અજાણ હોય છે. તેવી વ્યક્તિ માટે પ્રભુમંદિર, કે અન્યસ્થાન બધું જ સરખું હોય છે. જ્યાં પોતાના શરીરનું જ ભાન ન હોય ત્યાં 'પ્રભુના ઘર' વિશે તો જાગૃત ક્યાંથી હોય ? મદ્યપાન કરતી વ્યક્તિ શારીરિક રીતે હોજરી અને ફેફસાંનો નાશ કરી દે છે. આવી વ્યક્તિ પોતે સાનભાન ગુમાવી બેહુદુ વર્તન કરે છે અને પોતાનું માન અને પ્રતિષ્ઠા ગુમાવે છે. દારૂના વ્યસનને કારણે ઘણા દૃષ્ટિ પણ ગુમાવી બેસે છે. દારૂ પીનાર બરબાદ થઈ જવા છતાં દારૂને ત્યજે નહિ તે કેવી દુઃખની વાત કહેવાય ! દારૂ પીધેલી વ્યક્તિમાં ખંડનાત્મક વિચારો પેદા થાય છે અને નુકસાન કરે તેવાં કૃત્યો કરવા તરફ આગળ વધે છે. આવી દુર્વ્યસન કરનાર વ્યક્તિ બીજાઓને દુઃખ પહોંચાડે છે અને અન્યાય કરી બેસે છે. અરે કોઈનું ખૂન કરતાં પણ અચકાતા નથી. જ્યારે નિર્વ્યસનીના મનમાં રચનાત્મક વિચારો આવે છે, જે ઘણાનું ભલું કરી શકે છે. ભલે નિર્વ્યસની કોઈ ઊંચી સિદ્ધિઓ સાધી ન શકે, ભલે ભારે પ્રગતિ કરી ન શકે, પરંતુ પોતાના દેહની તંદુરસ્તીરૂપી સંપત્તિની ઉત્તમ પ્રકારે રક્ષા તો જરૂર કરી શકે છે. નિર્વ્યસની બચેલાં નાણાંનો અને સમયનો ઉપયોગ પોતાની સુઝબુઝ મારફતે પોતાનું જીવન ઊંચુ, સુખી અને સ્વસ્થ બનાવી શકે છે. આજકાલ આપણા સમાજમાં દારૂનો ઉપયોગ આપણા ઘણાં ભાઈબહેનો વ્યાપક પ્રમાણમાં કરવા લાગ્યા છે અને ખાસ કરીને યુવાવર્ગમાં તેનું પ્રમાણ વધારે છે, જે આપણે માટે ખૂબ જ ગંભીર ચિંતાજનક બાબત છે.

શરૂઆતમાં ગુજરાતમાં જ્યારે મંડળીઓ બંધાતી હતી ત્યારે 'મદ્યનિષેધ' પ્રવૃત્તિ એ મંડળીનું એક અગત્યનું કાર્યક્ષેત્ર હતું. હાલમાં ખ્રિસ્તી સમાજમાં નશાબંધી હોવી જોઈએ, એમ માનનારો મોટો વર્ગ છે. તેના માટે પ્રભુના સેવકો કાર્ય કરી રહ્યા છે. બાઈબલમાંથી શિક્ષણ મેળવ્યા બાદ કેટલાક પોતાનું જીવન પ્રભુને સોંપે છે અને દારૂનું સેવન બંધ પણ કરે છે. પરંતુ ત્યારબાદ મુખ્ય બાબત તો એ છે કે આવી વ્યક્તિઓને ખ્રિસ્તીઓ તરીકે સમાજમાં પ્રેમ પૂરો પાડવો, તેમની ફરીથી સમાજમાં બેઠા કરવા, એ માત્ર પ્રભુના સેવકોનું કાર્ય છે એમ નહિ, પણ આપણા દરેકની ફરજ છે. અન્યધર્મી મિત્રો આર્થિક રીતે નંખાઈ ગયેલા લોકો માટે રોજગારીની તકો પૂરી પાડે છે. તેમને તેમના પગ પર ઊભા કરવા બધું જ કરી છૂટે છે. આજે આપણી પણ નૈતિક ફરજ છે કે આપણી આસપાસ આવી વ્યક્તિઓની આપણે કાળજી રાખીએ કે તેઓ દારૂની બદીમાંથી મુક્ત થાય, કારણ કે લોકો તે વ્યક્તિ તરફ આંગળી ચીંધીને કહે છે કે, 'તે ખ્રિસ્તી વ્યક્તિ છે.'

આપણું શરીર તો જીવતા દેવનું મંદિર છે. આપણને ઈશ્વરના મહિમાર્થે ઉત્પન્ન કરવામાં આવેલા છે. ઈશ્વરે આપણને શ્રેષ્ઠ કૃતિ તરીકે સર્જન કરીને આશીર્વાદ આપ્યો હોય અને આપણે આવાં દુર્વ્યસનોથી નીચલા દરજ્જે ઊતરી જઈએ તો ઈશ્વર બીજું શું કરી શકે ? જીવનના તમામ ભૌતિક આશીર્વાદો આપવામાં આવ્યા હોય તેનો ઉપયોગ કરવો તે આપણા હાથની બાબત છે. દારૂના વ્યસનમાંથી મુક્ત થવા ઈશ્વરની પૂરી આધિનતામાં આવીએ અને પ્રભુની કૃપાની યાચના કરીએ. શું પ્રભુનો હાથ એટલો ટૂંકો થઈ ગયો છે કે આપણે માંગીએ અને તે પૂરું ન પાડે ?

"કોને અફસોસ છે ? કોને હાય હાય છે ? કોને કજિયા છે ? કોને વિલાપ છે ? કોને વિનાકારણ ઘા પડે છે ? કોની આંખમાં રતાશ છે ? જેઓ ઘણીવાર સુધી દ્રાક્ષારસ પીધા કરે છે તેઓને; જેઓ મિશ્રમદ્ય શોધવા જાય છે તેઓને. જ્યારે દ્રાક્ષારસ રાતો હોય, જ્યારે તે પ્યાલામાં પોતાનો રંગ પ્રકાશતો હોય, જ્યારે આખરે તે સરળતાથી પેટમાં ઊતરતો હોય, ત્યારે તે પર તું દૃષ્ટિ ન કર; આખરે તે સર્પની પેઠે કરડે છે અને નાગની પેઠે ડંસે છે. તારી આંખો તરેહવાર દેખાવ ભાળશે અને તારું હૃદય વિપરીત વાતો ભાખશે. હા, કોઈ સમુદ્રમાં સૂતો હોય કે કોઈ વહાણના ડોલની ટોચ પર આડો પડેલો હોય તેના જેવો તું થશે. તું કહેશે કે લોકોએ મને માર્યો છે પણ મને વાગ્યું નથી. તેઓએ મને ઠોક્યો છે, પણ મને માલૂમ પડ્યું નહિ; હું ક્યારે જાગીશ ? હજી પણ હું તને પાછો શોધીશ." (નીતિવચનો ૨૩ : ૨૯-૩૫) પાઉલ પ્રેરિત પણ નવા કરારમાં પહેલો તિમોથી ૩ : ૮માં ખ્રિસ્તી આગેવાનોને દારૂ પીવાની મના ફરમાવી છે. બાઈબલ કહે છે, "દારૂ ન પી અને જે કશાથી તારા ભાઈ-પડોશી ઠેસ ખાય છે તે ન કરવું તને ઘટારત છે." (રૂમી ૧૪ :

૨૧). પોતાને નુકસાનકારક છે એવી સમજથી છોડી દેવું, એના કરતાં પોતાના નમૂનાથી બીજા કોઈ ઠોકર ખાશે, એવું સમજીને દારૂનો ત્યાગ કરવો, એમાં સાચી માનવતા સમાયેલી છે.

ખ્રિસ્તીઓ તરીકે આપણે જાણવું જોઈએ કે આપણે શા માટે દારૂ ન પીવો જોઈએ. યર્મિયા ૧૩ : ૧ અને ૧૪ કલમો જણાવે છે કે "તેઓ પર દયા, ક્ષમા કે કરુણા કરીશ નહિ, પણ તેઓનો નાશ કરીશ." લેવીય ૧૦ : ૮-૧૧માં જણાવ્યું છે કે "તું તથા તારી સાથે તારા પુત્રો મુલાકાતમંડપમાં જાઓ ત્યારે દ્રાક્ષારસ કે દારૂ ન પીઓ, રખેને તમે માર્યા જાઓ." જેઓ પ્રભુની સેવા માટે અલગ થયા છે તેઓને પણ ગણના, ૬ : ૧-૩માં દારૂ પીવાની મના ફરમાવી છે. તેને માટે નીતિવચનો ૩૧ : ૪, ૫માં મના કરી છે "મદ્યપાન કરીને મસ્ત ન થાઓ" (એફેસી ૫ : ૧૯). આ રીતે આપણને બાઈબલ દારૂ પીવા મના કરે છે માટે પ્રભુના ખાસ લોક તરીકે આપણે દારૂ સામે પોકાર કરીએ.

* * *

# ભવ્ય સત્કાર

આ દુનિયામાં વિજય અને પરાજય થતો રહે છે અને તેનો અનુભવ આપણે સતત કરીએ છીએ. વિજયનો આનંદ અને તેનો પ્રતિભાવ તો જે અનુભવે અને જુએ એ જ માણી શકે છે. તેમાં સામૂહિક વિજયોત્સવનો આનંદ અનેરો જ હોય છે. આવું જ વિજયાનંદ કરતું સરઘસ ઈસુ ખ્રિસ્તે યરુશાલેમમાં વિજયપ્રવેશ કર્યો ત્યારે નીકળ્યું. શરૂઆતમાં તો ઈસુ ખ્રિસ્તની વિજયઘોષણા સાથે નીકળેલું આ સરઘસ કોઈને સમજાયું નહિ અને શિષ્યો પણ સમજી શક્યા નહિ પણ ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ પરનું કાર્ય સંપૂર્ણ કર્યું અને ઉત્થાન પામી મહિમાવાન થાય ત્યાર પછી તેઓને યાદ આવ્યું કે, એમના વિશે પવિત્રશાસ્ત્રમાં એ પ્રમાણે લખેલું છે અને લોકોએ તેમને એ પ્રમાણે કર્યું.

ઈશ્વરથી અભિષિક્ત રાજા ઈસુએ નમ્ર બનીને ખોલકા (ગધેડીના વછેરા) પર સવારી કરીને યરુશાલેમમાં પ્રવેશ કર્યો ત્યારે યરુશાલેમના નગરવાસીઓએ ખળભળી ઊઠીને કહ્યું કે, "આ કોણ છે ? માથ્થી ૨૧ : ૧૦. જેમ લોકોને ખબર પડતી ગઈ તેમ નાનાંમોટાં સૌ કોઈ આ વિજયના સરઘસમાં જોડાઈ ગયાં. કેટલાંકે તેમને આવકારવા પોતાનાં વસ્ત્રો રસ્તા પર પાથર્યાં, કેટલાંક ખજૂરી ડાળીઓ હાથમાં ઊંચી કરીને આનંદ પ્રગટાવવા લાગ્યાં. કેટલાંક તો સ્વયંસ્ફૂરિત પોકારવા લાગ્યાં કે "હોસાન્ના, પ્રભુને નામે જે આવે છે, તેને ધન્ય ! આપણા પિતા દાઉદનું રાજ્ય જે પ્રભુને નામે આવે છે, તે

આશીર્વાદિત છે, પરમ ઊંચામાં હોસાન્ના ! (માર્ક ૧૧ : ૯-૧૦). આ ચિત્ર ખ્રિસ્તીબંધુના મુખપૃષ્ઠ પર આપવામાં આવ્યું છે.

આ યાત્રામાં જોડાયેલાં સૌ કોઈ વિજયાનંદ કરતા ઈસુ ખ્રિસ્ત માટે સ્તુતિના નાદો પોકારે છે. સૌ પ્રથમ ઈસુ ખ્રિસ્ત આ દુનિયામાં આવ્યા ત્યારે દૂત અને આકાશી સેનાએ સ્તુતિનાં સ્તોત્રો ગાતાં કહ્યું, "પરમ ઊંચામાં દેવને મહિમા થાઓ તથા પૃથ્વી પર જે માણસો વિશે તે પ્રસન્ન છે તેઓને શાંતિ થાઓ." તેમણે લોકો મધ્યે આકાશી રાજ્યનો આરંભ કર્યો તે પહેલાં પવિત્ર આત્મા કબૂતરરૂપે તેમા પર ઊતરી આવ્યો અને આકાશમાંથી એવી વાણી થઈ કે "તું મારો વહાલો દીકરો છે, તારા પર હું પ્રસન્ન છું" - **માથ્થી ૩ : ૧૭.**

પ્રભુ ઈસુ ખ્રિસ્તે આ દુનિયામાં આવીને વિજયઘોષણા સાથે યરુશાલેમમાં પ્રવેશ કર્યો ત્યારે લોકોએ તેમને માન અને મહિમા આપ્યો. ત્યાંથી તેમનો આ વિજય અટકી જતો નથી, પણ કાલવરીના વધસ્તંભ પર જઈને તેમણે શેતાનને અને અંધકારમય બળોને ભારે હાર આપી અને જેઓ પર ઈસુ ખ્રિસ્ત પ્રસન્ન હતા તેઓને પોતાના અનંતકાળિક રાજ્યમાં લઈ આવ્યા. તેમનો વિજય ત્યાંથી પણ અટક્યો નહિ. મૃત્યુ પર પણ તેમણે વિજય મેળવ્યો. **પ્રભુ ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ અને મૃત્યુ પર મેળવેલા વિજયનું ચિત્ર ખ્રિસ્તીબંધુના છેલ્લા પૃષ્ઠની પાછળ આપવામાં આવ્યું છે.**

જ્યારથી સૃષ્ટિ ઉત્પન્ન કરવામાં આવી ત્યારથી આવો ભવ્ય વિજય કોઈએ મેળવ્યો નહોતો. એટલે જ ઈસુ ખ્રિસ્ત કહે છે, "હિંમત રાખો, જગતને મેં જીત્યું છે." આ વિજયની ઘોષણા પ્રબોધકો મારફતે ઈશ્વરે અગાઉથી તેમનાં વચનોમાં કરી હતી. ઈસુ ખ્રિસ્તે દુનિયામાં આવતાની સાથે જ તેમનું પ્રભુત્વ સમગ્ર સૃષ્ટિમાં છે, તેની પ્રતિતિ ઉપરાઉપરી વિજયો હાંસલ કરી પૂરવાર કરી દીધી. એટલે જ ફિલિપ્પી ૨ : ૧૦માં લખવામાં આવ્યું છે કે, "આકાશમાંના, ભૂમિ પરનાં તથા ભૂમિ તળેનાં સર્વ ઈસુને નામે ઘૂંટણે પડીને નમે અને દેવ બાપના મહિમાને અર્થે દરેક જીભ કબૂલ કરે કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે."

ખ્રિસ્તી જીવન માણવાથી કેટલા બધા ધન્ય બની જવાય છે, તે તો જે અનુભવ કરે છે એ જ જાણે છે ! સૃષ્ટિનિયંતા મારફતે કેટલો મોટો હક્ક આપણને આપી દેવામાં આવ્યો છે કે આપણે 'ખ્રિસ્તીઓ' સ્વર્ગીય રાજ્યના લોકો તરીકે અહીં છીએ. આ હક્કની ઓળખાણ ફક્ત હવે નામ કે અટકથી થતી નથી પણ આત્માથી થાય છે. ખ્રિસ્તીઓને બાહ્યજીવનથી ઓળખવાનો પ્રયત્ન કરવામાં આવે છે પણ ખ્રિસ્ત તો તેમનો પવિત્ર આત્મા મોકલી આપીને આપણને તેમની આંતરિક ખાતરી સતત કરાવ્યા જ કરે છે કે, આપણે તો આ દુનિયા પરની યાત્રામાં પરદેશી છીએ. આપણા જીવનના પ્રભુ માલિક બન્યા છે એવા પ્રભુ ઈસુ ખ્રિસ્તને જ માન મહિમા આપવો રહ્યો. આવા પ્રભુની સ્વયંસ્ફૂરિત તેમની સ્તુતિ કરવાનું મન કોને ના થાય ?

હકીકતમાં તો જેઓ અહીં માનવી મુસાફરીનો અનુભવ કરી રહ્યા છે તેઓને સ્વર્ગીય દેશમાં જવાનું મન થાય. જે પ્રભુ અને માલિક બન્યા છે, એવા પ્રભુ ઈસુને જોવાનું અને મળવાનું મન થાય, એ સ્વાભાવિક છે. સંતોની સાથે સ્વયંસ્ફૂરિત હૃદયમાંથી નિરંતર પ્રભુને માટે સ્તુતિના નાદો પોકારવાનું મન થાય. આપણને કલ્પના નથી, એવી ઘણી બધી યોજનાઓ ઈશ્વરપિતાને આપણા માટે સિદ્ધ કરી દીધી છે. જે પ્રભુએ યરુશાલેમમાં વિજયવંત પ્રવેશ કર્યો અને નાનાંમોટાં તેમની સાથે સૌ પ્રથમ સરઘસમાં જોડાયા હતા અને હવે છેલ્લા સમયમાં દુનિયાની ચારે દિશાએથી (બધા જ દેશોના) લાખો લોકો આ મહાન વિજેતાની યાત્રામાં જોડાયા જ કરે છે. આપણે માટે એવો સમય પણ ખૂબ નજીક આવી ગયો છે કે, ઈશ્વરથી અભિષિક્ત આ રાજા તથા પ્રભુ, તેમના દૂતો તથા આકાશી સૈન્ય સાથે આવશે ત્યારે આખી દુનિયા તેમને સત્કારવા નીકળી પડશે. ત્યારે શેતાનનું કે શેતાનના દૂતોનું કશું જ વળશે નહિ. છેલ્લું આકાશી આ સરઘસ કેવું અદ્‌ભૂત હશે, જેમાં આપણે પણ સામેલ થઈ જઈશું. યરુશાલેમમાં સૌ પ્રથમ પ્રભુ ઈસુનું વિજય સરઘસ નીકળ્યું તે પહેલાં અગાઉથી બાઈબલમાં તેના વિશે વચનો આપી દેવામાં આવ્યાં હતાં; તેવી રીતે જ હવે પછીનું આકાશી ભવ્ય સરઘસ સ્તુતિના નાદો સાથે નીકળશે અને તે વિશે પણ બાઈબલમાં અગાઉથી વચનો આપી દેવામાં આવ્યાં છે.

વિશ્વના સૌથી શક્તિશાળી અમેરિકા દેશના પ્રેસિડેન્ટ ક્લિન્ટન આપણા દેશમાં આવવાના હતા. ત્યારે તેમને સત્કારવા માટે ભારે તૈયારીઓ ચાલતી હતી. તેમના કહ્યા પ્રમાણે પ્રેસિડેન્ટ ક્લિન્ટન્ તેમના રસાલા સાથે ભારત આવ્યા ત્યારે તેમનો ભવ્ય સત્કાર કરવામાં આવ્યો. પ્રભુ ઈસુ ખ્રિસ્ત તેમણે આપેલા વચન પ્રમાણે ફરીથી આ વિશ્વમાં આવવાના છે. તેમનો ભવ્ય સત્કાર કરવા તેમજ તેમને માન, મહિમા અને સ્તુતિ આપવા આપણે કેવી તૈયારી કરી રહ્યા છીએ ?

* * *

# ખ્રિસ્તી કાર્યકર મિત્રોને...

ડૉ. એ. ડબલ્યુ ટોઝરનો અનુભવ હતો કે, "સાચો અને સારો નેતા એવો માણસ હોઈ શકે જેને આગેવાન થવાનું મન જ હોતું નથી, પણ પવિત્ર આત્માના આંતરિક દબાણથી અને બાહ્ય સંજોગોના દબાણથી તેને તેમ કરવું પડે છે."

દુનિયામાં ત્રણ પ્રકારના લોકો હોય છે : હલાવી શકાય એવા લોકો, હલાવી ન શકાય એવા લોકો અને જેઓ લોકોને હલાવે છે એવા.

નેતાગીરી એટલે લોકોને કામ કરતા કરવાની અને તેમની પર અસર પાડવાની શક્તિ. લોર્ડ મોન્ટગમરી આ શબ્દોમાં નેતાગીરીની વ્યાખ્યા આપે છે : નેતાગીરી એટલે કોઈ પણ સામાન્ય હેતુ માટે સ્ત્રીપુરુષોને એકત્ર કરવાની શક્તિ અને માણસોમાં વિશ્વાસ પ્રેરે તેવું ચારિત્ર. વિદ્યાર્થી આલમના એક વિશ્વ આગેવાન ડૉ. જોન આર. મોટેએ નેતાગીરીની આ પ્રમાણે વ્યાખ્યા આપી : જે માણસ રસ્તો જાણે છે, જે બધાની આગળ રહે છે અને જે બીજાઓને પોતાની પાછળ ખેંચી શકે છે તે આગેવાન.

માણસ જન્મે છે ત્યારથી તે જાણતો પણ હોતો નથી એવા પ્રકારની ઘણી જવાબદારીઓ તેના શિરે આવી જતી હોય છે. કુટુંબની, સગાંસ્નેહીઓની, મિત્રમંડળની, નોકરીધંધાની, મંડળીની, સમાજની જવાબદારી સીધી કે આડકતરી રીતે ખ્રિસ્તી કાર્યકરને બજાવવાની હોય છે. ભૂતકાળમાં ઈશ્વરે એવી તો કેટલાય ખ્રિસ્તી કાર્યકરોની નેતાગીરી ભેટરૂપે સમાજને આપી હતી અને તેઓના ફળસ્વરૂપે આજે આપણું ખ્રિસ્તીઓ અને સમાજ તરીકેનું અસ્તિત્ત્વ છે. લોર્ડ મોન્ટગમરીએ લખ્યું છે, એવી તેઓની ખ્રિસ્તી નેતાગીરી ન હોત તો...

જોસફ ડબ્લ્યુ. કેમ્પ એક મહાન ઉપદેશક અને શિક્ષક હતા અને તે એવું મંતવ્ય ધરાવતા કે, "સારું જીવનચરિત્ર વાંચવું તે ખ્રિસ્તી માણસની કેળવણીનો એક અગત્યનો ભાગ છે." એટલે જ આજનો સમાજ ખ્રિસ્તી કેળવણી મેળવે તે માટે ટ્રાક્ટ સોસાયટી ઘણાં પ્રકાશનો પ્રસિદ્ધ કરે છે, તેની ઝાંખી ખ્રિસ્તીબંધુના પાછલા ટાઈટલ પેજ પર આપવામાં આવી છે. સમગ્ર બાઈબલમાંથી ખ્રિસ્તી નેતાગીરી વિશે ઘણા પાઠો આપણને શીખવા મળે છે. તેઓની નેતાગીરીનો ઊંડાણથી અભ્યાસ કરીએ તો, તેઓને જે કાર્યક્ષેત્રો સોંપવામાં આવતાં, તેમાં તેઓ ભાવિ વિશ્વાસુ નેતાગીરી તૈયાર કરતા હતા. ખ્રિસ્તી નેતાગીરીમાં કપરી કસોટીઓ અને ભારે જોખમો પણ ઊભા થતા હોય છે. ડૉ. એ. ડબ્લ્યુ. ટોઝરે તેમનાં મંતવ્યોમાં લખ્યું છે કે એકલવાયાપણું, ટીકા, અપમાન, દબાણ અને મૂંઝવણનો પણ સામનો ખ્રિસ્તી કાર્યકરોએ કરવાનો છે. ઘણીવાર આત્મસ્તુતિ જેવા

અભિમાનના પાપમાં પણ લપેટાઇ જવાય ! કેટલીકવાર ખ્રિસ્તી કાર્યકરોમાં સસ્તી લોકપ્રિયતાના પાપમાં પણ ફસડાય પડવાની ભયંકર સ્થિતિ ઊભી થઈ શકે છે.

ફિલસૂફી વિલ્યમ જેમ્સે કહ્યું છે કે, "જીવન કોઇક એવા કાર્યને માટે વાપરવું જોઈએ કે તે પૂરું થયા પછી પણ તે કાર્ય ચાલ્યા જ કરે, તો નિઃશંકપણે તેને જીવનના સમયનો મહા સદુપયોગ કર્યો કહેવાય, કારણ કે જીવનનું મૂલ્ય તેની લંબાઈમાં નહિ પણ તેના પ્રદાનમાં રહેલું છે." એફેસી ૫ : ૧૬માં સ્પષ્ટતા આપી જ દીધી છે, "તમારા સમયનો સર્વોત્તમ ઉપયોગ કરો." કોઈ માણસની નેતાગીરીની ગુણવત્તા તેનો ફાજલ સમય કેવી રીતે અને કોની સાથે પસાર કરે છે, તેને આધારે નક્કી થાય છે.

પ્રભુ ઈસુના સમયમાં તેમના શિષ્યોનું વલણ કેવું હતું ? પ્રભુ ઈસુની જમણી અને ડાબી બાજુએ કોણ બેસે, તેનો પ્રશ્ન તેઓમાં અંદરોઅંદર ઊભો થતો હતો ! આ તો આદમકાળથી ચાલ્યો આવતો તેમના બદલાણ પામ્યા પહેલાનો સ્વભાવ કામ કરતો હતો અને હાલના વર્તમાનમાં ખ્રિસ્તી આગેવાની આપનાર આપણામાં...

દૂરદર્શી દષ્ટિબિંદુ વડે સમાજને નવી કેડીએ કંડારવાની ઝંખના રાખે એવા ખ્રિસ્તી કાર્યકરોનો હાલમાં ભારે દુકાળ પડ્યો છે ! જો ખ્રિસ્તી સમાજને જાગૃત આગેવાનો મળશે અને સમાજના હૃદય સુધી પહોંચીને તેનો આર્તનાદ સાંભળશે તો આવનાર નવી સદીમાં સમાજનો વિકાસ થશે. આ કટોકટીના સમયમાં પ્રભુ ઈસુએ આગેવાનીનો નમૂનો આપ્યો છે, એ નમૂનાને આપણો આદર્શ બનાવીશું તો ખ્રિસ્તીબંધુના ટાઇટલ ઉપર વચન આપ્યું છે, તે મુજબ પ્રભુમાં આપણું કામ કદી પણ નિરર્થક જશે નહિ.

* * *

# પ્રાર્થનાજૂથો માટે ચળવળ

વીસમી સદીની વિદાય નજીક આવી રહી છે ત્યારે આપણા ગુજરાત કે ભારતના જ નહિ પણ સમગ્ર વિશ્વકક્ષાના આગેવાનો નવી સદીને આવકારવા સજ્જ થઈ રહ્યા છે અને એકવીસમી સદીમાં જે યોજનાઓ સિદ્ધ કરવાની છે, તેની તૈયારી કરી રહ્યા છે. ખ્રિસ્તી લઘુમતી અને સતાવણીના પ્રશ્ને આપણે પણ સંગઠિત થવાનાં ચક્રો ગતિમાન કરી દીધાં છે. સમાજમાં કટોકટીના પ્રશ્નો ઊભા થાય ત્યારે આગેવાનોએ સજાગ થવું, વિચાર વિનિમય કરવો, કમિટીઓની રચના કરવી, આયોજનો કરવાં, એ બધું જરૂરનું છે પણ સવિશેષ આપણા સૌથી વ્યુહાત્મક હથિયારની ચાવી તરીકે પ્રાર્થનાનો ઉપયોગ કરવા સજ્જ અતિ આવશ્યક છે.

ચાઇના ઇનલૅન્ડ મિશનના ભૂતપૂર્વ મિશનરી આર્થર મેથ્યુસે નિર્દેશ કર્યો છે કે

"આપણે પ્રાર્થનાને અનેકવાર પૂરતું મહત્ત્વ આપતા નથી." આપણાં આયોજનોને ધક્કો મારનાર એક પૂરક બળ તરીકે પ્રાર્થનાનો ઉપયોગ કરીએ છીએ. હકીકતમાં પ્રાર્થનાને દ્વિતિય સ્થાન આપવામાં આવે છે. આપણે સમાજનાં સેવાકાર્યો, સુવાર્તાપ્રચાર અને એકતા માટે વ્યૂહરચના કરીએ છીએ પણ પ્રાર્થનાનું કાર્ય જે આપણે પ્રથમ કરવું જોઈએ, તે માટે આપણે બેદરકાર હોઈએ એવું શું નથી લાગતું ?

સામાન્ય રીતે આપણે કોઈ મિટિંગની શરૂઆતમાં કે અંતમાં પ્રાર્થના કરીએ છીએ. ભોજન લેતી વખતે કે દિવસના કાર્યની શરૂઆતમાં પ્રાર્થના કરીએ છીએ. કટોકટી કે સંકટના સમયમાં આશ્વાસન મળે તે માટે પ્રાર્થના કરીએ છીએ કે કરાવીએ છીએ. પરંતુ વ્યૂહાત્મક હથિયાર તરીકે પ્રાર્થનાનો જે રીતે ઉપયોગ કરવો જોઈએ તે રીતે આપણે કરતા નથી. આપણે જ્યાં સેવાકાર્યો કરી રહ્યાં છીએ ત્યાં સામાન્ય રીતે પ્રાર્થનાનું બળ જોવા મળતું નથી તેનાં ઘણાં કારણો હોઈ શકે : કદાચ આપણે જાહેરમાં પ્રાર્થના કરાવી શકતા નથી કે પ્રાર્થનામાં વિશ્વાસ હોતો નથી. પ્રાર્થના માટે એકતાના આત્માનું બળ આપણામાં હોતું નથી કાંતો એકબીજા પ્રત્યે પ્રેમની ભાવના અભાવને લીધે આપણે પ્રાર્થના કરી શકતા નથી. કેટલીકવાર આપણી જાહેર પ્રાર્થનાઓ મિથ્યા આંડબર બની જતી હોય છે.

વર્તમાનમાં આપણી મંડળીઓ અને સંસ્થાઓ વચ્ચે સહકાર અને ભાગીદારીની મોટી ઊણપ હોય એવું દેખાય છે. ઘણીવાર એવા અવરોધને લીધે આપણે એકબીજાને સહાયભૂત થઈ શકતા નથી કે આપણી નબળાઈઓમાં સુધારો થતો નથી, આપણાં કુટુંબોમાં, મંડળીઓમાં અને સમાજમાં એટલા બધા અલગતાવાદ ઘર કરી ગયા છે કે લખતાં દુ:ખ થાય છે. આ માટે પ્રાર્થનાનું પરાક્રમ એવું છે, જેનાથી અસરકારક ઈચ્છિત પરિણામ લાવી શકાય.

આપણે સમજી શકીએ તેમ છીએ કે અનેક રાષ્ટ્રો અને સમાજ ઉપર શેતાનશત્રુ તેનો અંકુશ રાખવા માગે છે. તેના અંકુશની અસર આપણી વિચારસરણીઓમાં અને કલ્પનાઓમાં એવું અસ્તિત્વ ધરાવે છે જેનાથી આપણને, સમાજને અને રાષ્ટ્રને સંચાલિત કરે છે. શેતાનશત્રુ સમાજ કે રાષ્ટ્ર ઉપર વિજયનો દાવો કરે તે પહેલાં તેનાં હથિયારો નાકામયાબ બનાવવા માટે શક્તિશાળી સાધન પ્રાર્થનાનો ઉપયોગ કરીશું, તો જ તેના ઉપર વિજય હાંસલ કરી શકીશું.

શેતાનશત્રુ ઘણીવાર કોમવાદ, ભાષાવાદ જેવા અલગતાવાદ મૃત્યુકારક ઝેરી ગેસનો ઉપયોગ કરે છે, જેનાથી આપણી ચારેબાજુનું વાતાવરણ ધૂંધળું બનાવી દે છે. આવી મૃત્યુકારક છવાયેલી અસરોમાંથી આપણને ઈશ્વરનું પરાક્રમ બચાવી શકે છે. જો ઈશ્વરનાં સંતાનો એકબીજા સાથે ભેગાં મળીને પ્રાર્થનામાં બેસશે તો આ પૃથ્વી ઉપર ઈશ્વરના

રાજ્યની વૃદ્ધિનો અને તેમના મહિમાનો વિરોધ કરનારા આત્માઓની પ્રવૃત્તિઓને સિમિત કરીને તેને સાંકળોથી બાંધવામાં આવશે.

પ્રાર્થના મારફતે આપણી નિસહાયતાનું જોડાણ આપણે સ્વર્ગીય સામર્થ્ય સાથે કરીએ છીએ. આ ઈશ્વરનું પરાક્રમ પાણીને દ્રાક્ષરસમાં ફેરવીને શકે છે. આપણાં જીવનોમાંથી અવિશ્વાસના પથ્થરોને ખસેડી શકે છે. પાપમાં ઊંઘતી વ્યક્તિને જાગ્રત કરી શકે છે અને મૂએલાંઓને સજીવન કરી શકે છે. આ સામર્થ્ય શેતાનના મજબૂત ગઢને જીતી શકે છે અને અશક્ય બાબતોને શક્ય બનાવી શકે છે.

ઈશ્વર પોતાનાં સંતાનોમાં કોઈપણ સમયે નવીન કાર્યો આરંભ કરવાની તૈયારી કરે ત્યારે તે તેઓને હંમેશાં પ્રાર્થના કરવા તરફ દોરી જાય છે. આપણે હવે પછીનાં લક્ષાંક સિદ્ધ કરવા એકતામાં આવી એકબીજા સાથે જોડાય જવાની જરૂર છે. જોડાણ માટે એક લેખકે આ રીતે વર્ણન કર્યું છે. સંગઠન એટલે એક સમાન મૂલ્યો અને અભિરુચિ મારફતે મક્કમપણે ઊભા રહેનારા ભાગીદારો કરોળિયાના જાળાની માફક એકબીજાને વળગી રહે છે. જોડાણ એટલે લોકો પોતાને બીજા લોકો સાથે એકરૂપ કરે છે. પોતાના વિચારો અને સાધનસંપત્તિને સંગઠિત કરે છે. એક વ્યક્તિ પોતાની જરૂરિયાતોમાં સાધન સંપત્તિ સાથેની બીજી વ્યક્તિનો સંપર્ક કરે છે અને એમ જોડાણ (Networking)ની શરૂઆત થાય છે.

પ્રાર્થના માટે આપણાં દેવળો અને ઘરો કઈ રીતે ખુલ્લાં મૂકી દેવામાં આવે તે માટે વિચાર વિનિમય કરીએ. ધર્મસેવકો, પાસ્ટોરેટ કમિટી સભ્યો તેમજ મંડળીનાં વિવિધ અંગો સાથે જોડાયેલા સભ્યોમાં પ્રાર્થનાજૂથો ઊભાં કરીને પ્રાર્થનાના કાર્ય માટે સક્રિય થઈએ. રવિવારની ભક્તિસભા પહેલાં દેવળો ખુલ્લાં મૂકવામાં આવે જેથી જેઓને પ્રાર્થના માટે મળવું છે એવું લોકજૂથ પ્રાર્થના માટે બેસી શકે - આપણે એકલા પ્રાર્થના કરવાનું ચાલુ રાખીએ, એ કરતાં અસંખ્ય લોકો પ્રાર્થના નેટવર્કમાં જોડાય જાય અને અનેક પ્રાર્થનામંડળો રચાય, એવાં અસરકારક પ્રાર્થનાનાં પરિણામો ઉપજાવનારા સેવક-સેવિકાઓની હવે જરૂર છે. ગુજરાતમાં જેટલાં પ્રોટેસ્ટંટ દેવળો છે, એટલાં પ્રાર્થનામંડળો રચીશું તો પવિત્ર આત્માનો અગ્નિ મંડળીનાં વિવિધ અંગોમાં પ્રગટશે અને ભવિષ્યમાં તેની અસરો અનેક ઘરોમાં પ્રસરી જશે. આપણે દેવળો બાંધવામાં સમય, શક્તિ અને નાણાં વાપરીએ છીએ તે કરતાં વધારે પ્રાર્થનાના કાર્યમાં વાપરીશું, તો ફળવંત મંડળીઓ રચાશે.

સેવાકાર્યોના ઇતિહાસમાં પ્રાર્થનાના મહત્ત્વને રોબર્ટ ગ્લોબર સંક્ષિપ્તમાં આ પ્રમાણે રજૂ કરે છે : સદીઓથી માંડીને વર્તમાન સમય સુધી સેવાકાર્યોની વાત એ ખરેખર તો

પ્રાર્થનાના મળેલા પ્રત્યુત્તરોની વાત છે. નવા દરવાજાઓને ખુલ્લા કરનારું દરેક મિશનરી કાર્ય, જેનો ઈશ્વરે અંગીકાર કર્યો છે અને આશીર્વાદિત કર્યું છે તે કાર્ય, પ્રાર્થના કરનાર સંતોનાં હૃદયોમાં પવિત્ર આત્મા દ્વારા રાખવામાં આવેલા બીનો અંકૂર છે. તમારી મંડળીઓમાં પ્રાર્થનાજૂથો રચવા માગો છો, તો તેની વિગત તમે મંડળીઓના ખબરપત્રીઓ ઉપર મોકલી આપશો. તેને મંડળીના સમાચાર વિભાગમાં જરૂરથી છાપવામાં આવશે.

- લોત સદોમ શહેરમાં હતો ત્યારે અબ્રાહમે તેને માટે પ્રાર્થના કરી. - ઇઝરાયલની વિરુદ્ધ ઈશ્વર પોતાનો કોપ દૂર કરે તે માટે મોશેઓ ઈશ્વરને પ્રાર્થના કરી. - બેબિલોનની ગુલામગીરીમાંથી ઇઝરાય્લ પ્રજાને છોડાવવામાં આવે તે માટે દાનિયેલે પ્રાર્થના કરી.

પ્રભુ ઈસુએ આપણને પણ પ્રાર્થના માટે એ જ કહ્યું છે, "જેમ આકાશમાં તેમ પૃથ્વી ઉપર તમારી ઇચ્છા પૂરી થાઓ." આપણે એકવીસમી સદીમાં પ્રવેશવાની તૈયારીમાં છીએ ત્યારે આ નવી સદીને આવકારવા ઈશ્વરપિતાને પોકારીએ કે, "હે પ્રભુ, અમને, પ્રાર્થના કરતાં શીખવો."

* * *

# તમારી સામે, યુવાનમિત્રો, પડકાર છે

રસ્કિન નામના લેખકે લખ્યું છે : "યુવાનીનો વખત ઘડતરનો અને વિકાસનો છે. એક એક ક્ષણ કીમતી હોય છે. જો તેનો ઉપયોગ ન થઈ શક્યો તો બધું નકામું જાય છે. લોખંડ ગરમ હોય ત્યારે જ તેને ટીપવું જોઈએ, થોડીવાર લાગે અને લોખંડ ઠંડું થઈ જાય છે."

દરેક યુવક-યુવતી માટે યૌવનકાળનો સમય સુવર્ણયુગ જેવો હોય છે. યુવાવસ્થામાં જ સુષુપ્ત રહેલી શક્તિઓ ધસમસતી બહાર આવે છે અને કંઈક કરી નાખવાની તમન્ના ઊભી થાય છે. આવા સમયમાં તેને માટે ભાવિ અજાણ હોય છે અને જીવનનો એક એવો ટર્નિંગ પોઇન્ટ બને છે જેમાં જેવો તેનો નિર્ણય તેવું તેનું ભાવિ ઘડાય છે.

સમગ્ર સજીવસૃષ્ટિ જન્મ, જીવન, મૃત્યુ નિશ્ચિત તબક્કામાં વહેંચાયેલી છે તેમ માનવજીવનમાં બાલ્યકાળ, કિશોરાવસ્થા, યુવાની, પૌઢત્ત્વ, વૃદ્ધાવસ્થા એમ સ્પષ્ટ તબક્કા છે.

બાલ્યકાળ લગભગ અજ્ઞાત અવસ્થા જેવી છે. આ સમયે બાળકને માતપિતા કે વાલીને આધારે જીવવું પડે છે તે માટે તે પરાવલંબી હોય છે. પણ બાલ્યકાળમાંથી યુવાવસ્થામાં પ્રવેશતાં તેને પરાધીનતાનું બંધન ગમતું નથી. પરાવલંબનમાંથી

સ્વાવલંબનમાં પ્રવેશે છે. તે પોતાની આકાંક્ષાઓ, ઊર્મિઓને સંતોષવા સ્વતંત્ર થવા માંડ છે.

આપણે સૌ જાણીએ છીએ તેમ પશુ-પંખીઓ પોતાનાં બચ્ચાંને જન્મ આપે છે ખરાં પરંતુ તેને જીવન જીવવાની તાલીમ આપતાં નથી. ગાય વાછરડાને પકડી ચાલતા શીખવતી નથી પણ તે જાતે શીખે છે. ચકલો-ચકલી પોતાનાં બચ્ચાંને ચાંચમાં ચાંચ પકડી માળામાંથી બહાર ધકેલી દેશે અને તેને સ્વતંત્ર ઊડવા દેશે. ગરૂડમાતા પણ બચ્ચાંને પાંખ ઉપર બેસાડી ખૂબ ઊંચે લઈ જઈને તેને છોડી દેશે અને આપમેળે ઊડતાં શીખવશે.

પરંતુ મનુષ્ય જ એક એવો સજીવ છે, જે પોતાનાં સંતાનોને છોડતો નથી અને પોતાની વૃદ્ધાવસ્થામાં પણ દીકરા-દીકરી પોતાના કહ્યા પ્રમાણે જીવે એવું ઇચ્છે છે. પાછળથી ઘણીવાર માતપિતાનો આ અભિગમ યુવાનો માટે ઘણો કષ્ટમય બની જાય છે.

યુવાનોને સંઘર્ષમય જીવન જીવવા દેવું જોઈએ. હા, માતપિતા તેમજ વડીલોએ તેના અભ્યાસ, નોકરી, લગ્ન વગેરે સમસ્યાઓમાં માર્ગદર્શન કે સલાહ આપવી જોઈએ પણ પોતાની ઇચ્છાઓને તેમના ઉપર ઠોકી બેસાડવી જરૂરી નથી.

એક યુવાન મિત્ર મિકેનિકલ એન્જિનિયર થયો. તેણે એરફોર્સમાં એન્જિનિયર તરીકે ફોર્મ ભર્યું અને એપોઇન્ટમેન્ટનો ઑર્ડર પણ આવ્યો. પણ માતાપિતાએ તેને જવા દીધો નહિ. કારણ એટલું જ કે, તે જગ્યા-નોકરી ઘણી જોખમવાળી હતી. બહારગામ ટ્રેનિંગમાં જવાની અને કુટુંબથી અલગ થવાની હતી. આથી માતાપિતાએ પોતાની જ સલામતીનો વિચાર કર્યો અને દીકરાની રક્ષણાત્મક વલણનો વિચાર કર્યો અને તેને અટકાવ્યો. આજે એ જુવાન પુષ્કળ નિસાસામાં જીવન જીવે છે.

આજના યુવક-યુવતીઓમાં કાચબા જેવી મનોવૃત્તિ જોવા મળે છે. કાચબા ઉપર ઢાલ જેવું કવચ હોય છે, જે તેના રક્ષણ માટે છે. આ કવચમાંથી તે મોં બહાર કાઢે છે; પણ સામે કંઇક ભય કે આપત્તિ જેવું લાગે ત્યારે તે તરત પોતાનું મોં કવચમાં ખેંચી લેશે. પોતાનાં પગ ઢાલ જેવી કવચમાં અંગો પણ ખેંચી લેશે અને તે જગ્યાએ જ સ્થિર થઈ પડી રહેશે.

કેટલાક યુવાનોનું માનસ પણ આવું જ છે. કોઈ અભ્યાસ, નોકરી, લગ્ન, માંદગી જેવી સમસ્યા આવે ત્યારે રક્ષણાત્મક વલણ અખત્યાર કરીને કુટુંબનું કે વડીલોનું રક્ષણ મેળવી લેશે. પણ હિંમત કરી વિપરીત પરિસ્થિતિનો સામનો કરવાનું વલણ અપનાવશે નહિ.

જો યૌવનકાળમાં ઉડ્ડાન કરવાને બદલે આજુબાજુના રક્ષણાત્મક કવચમાં પોતાની

સુષુપ્ત શક્તિઓ રાખી મૂકે, તો યુવાન જીવન પાંગળું બની જાય. યુવાનીનો સમય તો ભાવિ જીવનને તૈયાર કરવાનો સમય છે. યુવાનીકાળમાં પોતાની શક્તિ, સમય અને નાણાંનો ખોટો વ્યય થાય નહિ, તે ખાસ ધ્યાનમાં રાખવું જરૂરી છે, કારણ કે એવા સમયમાં જ શેતાન શત્રુ તાલંતોને, સમયને અને નાણાંને ચોરી જાય છે અને જીવનનો હર્ષોલ્લાસ ખતમ કરી નાખે છે.

યુવાકાળમાં પ્રવેશતાં જ સાવધ બની અને પોતાની જાતને ઓળખીને વ્યક્તિત્વને વિકસાવવું જોઈએ. કોઈપણ ધ્યેયને હાંસલ કરતા નિષ્ફળતા આવે પણ પ્રયત્ન મૂકી દેવો નહિ. જગતનાં આકર્ષણો તો યુવાનીમાં થવાનાં અને પરીક્ષણો પણ યુવાનીમાં જ આવવાનાં ! પણ તે બધાં ઉપર વિજય હાંસલ કરવા ઈશ્વરનું રક્ષણ શોધીએ. શેતાનનાં અનિષ્ટ તત્ત્વો સામે સંઘર્ષ કરીએ પણ ઈશ્વરનાં સત્યોને આધીન રહીએ તો તેમાં જ યુવાન જીવનની સફળતા છે. યુવાનીનો કાળ સંઘર્ષનો કાળ છે. તે સમયમાં ચઢાવઉતાર આવ્યા જ કરે છે. જીવનમાં કંઈક કરી નાખવાની તીવ્ર ઇચ્છાઓ અને આગેવાનોને રોકી શકાતા નથી. અનેક હરણફાળ ભરવાની ઇચ્છાઓ સંતોષવી કઠિન બની જાય છે. તેથી પોતાનાં સ્વપ્નો સાકાર કરવા અનેક યુવાનો અને યુવતીઓ આકાશપાતાળ એક કરી દે છે અને ઘણા યુવાનમિત્રો જગતની મોહમાયામાં લપેટાઇને અનેક જીવનો અહીં જ બરબાદ પણ થાય છે, તેથી સાવચેત રહીએ. એકબાજુ વિશાળ વર્ગ છે, જેની પાસે પુષ્કળ એશઆરામની જિંદગી છે. ધન-વૈભવ અને પુષ્કળ સમૃદ્ધિ છે, પણ એમાં 'શાંતિ' નથી. જેમની પાસે જીવતો ઈશ્વર નથી તેઓનાં જીવનો વ્યર્થ છે. બાઇબલ કહે છે, "યુવાનીના કાળમાં તારા સર્જનહારનું સ્મરણ કર."

ઘણીવાર એવું બને છે કે, આપણને ટેકો આપનાર, આગળ વધારનાર કોઈ મળે નહિ ત્યારે નિરાશા વ્યાપી જાય અને જીવન ટૂંકાવી નાખવાના વિચારો પણ આવે. આજે દરેક પોતપોતાનો સ્વાર્થ જોતા હોય એવું જરૂર લાગે પરંતુ તેથી આપણું અમૂલ્ય જીવન વેડફી નાખવા માટે નથી. આપણે દરેકને માટે ઈશ્વરપિતાનો હેતુ સમાયેલો છે. આપણે જે કાંઈ કરીએ છીએ, તે ઈશ્વરના મહિમાને માટે કરીએ છીએ. માટે જીવનમાં થતા તમામ અન્યાયો, સંઘર્ષમય જીવન, બેકારી, ગરીબી વેઠતા આપણે જીવનમાં પેલા ત્રણ વધસ્તંભને યાદ કરી લઈએ. એક ચોર ગુનેગાર હતો, જે જીવનની અંતિમ ક્ષણે પણ પોતાનો પાપી સ્વભાવ છોડી શકતો નથી અને બંડખોર બનીને ખ્રિસ્તનું અપમાન કરે છે. પરંતુ બીજો ચોર તે પસ્તાવો કરે છે અને ઈસુ તેને એ જ ઘડીએ માફ કરે છે, અને "તું પારાદૈશમાં હોઈશ" એ વચન આપે છે અને વચ્ચે ઈસુખ્રિસ્ત હતા કે જેમણે કંઈ જ અપરાધ કર્યો ન હતો. આપણાં પાપોને માટે તેમણે પોતાનું નિર્દોષ નિષ્કલંક રક્ત વહેવડાવ્યું, જેથી આપણને અનંતજીવન પ્રાપ્ત થાય.

જીવનમાં હંમેશા આ ત્રણ વધસ્તંભોને યાદ કરીએ. જરૂર, જીવન સંઘર્ષોથી ભરેલું છે, પરંતુ પ્રભુ ઈસુ ખ્રિસ્ત જો જીવનના અગ્રેસર છે, તો આપણે ડરવાની જરૂર નથી. અનંત જીવન માટે આપણી આધીનતા જ પૂરતી છે. આપણું જો સ્વાર્પણ છે, તો આપણે પણ પાઉલ અને સિલાસ જેલમાં પણ આનંદથી ગીતો, સ્તોત્રો ગાતા હતા તેમ ગાઈ શકીએ. ઘણા બધા શહીદો ખ્રિસ્તને માટે અંતિમ ક્ષણ સુધી લડતા રહ્યા અને તેમને અનંતજીવનના ભાગીદાર થતા કોઈ અટકાવી શક્યું નહિ તેમ આપણે યુવાવસ્થામાં આવતા તમામ પડકારો ઝીલીને આગળ વધીએ. જો પ્રભુનાં જીવંત વચનોની આધિનતામાં હિંમતપૂર્વક આ સમયમાં આગળ વધીશું તો આપણાં કરેલાં કાર્યો કાયમને માટે ફળ ઉપજાવશે અને આ કસોટીકાળમાંથી પાર ઊતરીને આપણે અનંતજીવનનો મુગટ અવશ્ય પામીશું. કેટલાક યુવાનો પીછેહઠ કરી ગયા છે, કેટલાક જગતની લાલસામાં ખોવાઈ ગયા છે, કેટલાક વ્યસનોમાં ડૂબી પોતાની યુવાવસ્થાને અધ:પતન તરફ ધકેલી રહ્યા છે, કેટલાક સ્વછંદી બનીને પોતાના કુટુંબથી દૂર ચાલ્યા ગયા છે, તેઓને માટે ઉપવાસસહિત અઠવાડિયામાં એક દિવસ પ્રાર્થનામાં રહીએ સાથે સાથે તેમનાં માતપિતાઓને મળીએ અને તેમને આશ્વાસન આપીએ.

આજના આ સંઘર્ષમય યુગમાં યુવાનો માટે હતાશા - નિરાશાનો સૂર સંભળાય છે ત્યારે આ નિરાશાના સૂરમાં આવી જઈએ નહિ પણ આવનાર પડકારને ઝીલી લઈએ.

કોઈપણ પડકારને તમે કઈ રીતે ઝીલો છો, તે પર તમારા જીવનનો ઈતિહાસ રચાશે. આપણા જીવનનો ઈતિહાસ રચવા પ્રભુ ઈસુની આધિનતા સ્વીકારીએ.

* * *

# રવિવારની ભજનસેવા

ઈશ્વરપિતાએ સમગ્ર સૃષ્ટિનું સર્જન કરીને સાતમા દિવસે કામ પૂર્ણ કર્યું અને તે દિવસે સ્વસ્થ રહીને એ જ દિવસને આશીર્વાદ દઈને પવિત્ર ઠરાવ્યો. આ જ આપણો રવિવાર, જે રવિવારે આપણે આપણા ઉત્પન્નકર્તાનું ભજન કરીને તેમને જ માન, મહિમા, સ્તુતિ અને ગૌરવ આપીએ છીએ. આપણે માટે પણ કેવું અજાયબ જેવું કે એ જ દિવસ સમગ્ર વિશ્વમાં જાહેર રજાનો દિવસ બની ગયો !

ત્રિએક ઈશ્વરપિતાનું આયોજન તો જુઓ, કે શુક્રવારે ઈસુખ્રિસ્ત વધસ્તંભે મૃત્યુ પામ્યા અને ત્રીજે દિવસે સજીવન થયા અને એ જ દિવસ તે રવિવાર ! ત્યાર પછી ખ્રિસ્તીઓ માટે તે દિવસ પુનરુત્થાન પામેલા જીવંત પ્રભુને ગૌરવ આપવાનો દિવસ બની ગયો.

'રવિવાર' એ શરૂઆતની મંડળીઓ માટે ખૂબ ચુસ્ત રીતે પાલન કરવાનો દિવસ ગણાતો. એ દિવસે કોઈ પ્રકારનું સામાજિક કાર્ય ન થાય એમ મનાતું પરંતુ પ્રભુઈસુએ શિષ્યોને શિક્ષણ આપતા સમજાવ્યું છે કે, 'માણસનો દીકરો વિશ્રામવારનો પણ પ્રભુ છે.' જો આપણે પોતાના વ્યવસાયને અતિ મહત્ત્વ આપી ત્યાં સમયસર જઈએ છીએ પણ તેથી વિશેષ સમયસર પ્રભુમંદિરમાં જવાનું છે. રવિવારની ભક્તિસભામાં સમયપાલન એ અતિ મહત્ત્વની બાબત છે. આપણે એ ન વિસરી જઈએ કે આપણે ઉત્પન્નકર્તાનું ભજન કરવા જઈએ છીએ, કોઈ સામાજિક મેળાવડામાં જતા નથી. ભજન સેવામાં મોડા જવાથી બીજા ભજનિકોને આપણે 'ખલેલ' પહોંચાડીએ છીએ અને તેથી બીજાનું ધ્યાન બીજી દિશામાં દોરવામાં આપણી જાતનો ઉપયોગ થાય છે.

રવિવારની ભક્તિસભામાં 'કપડાં' એ અતિ મહત્ત્વની બાબત છે. વ્યવસ્થિત કપડાં પહેરવાં જરૂરી છે જેથી બીજાની લાગણી દુભાય કે ધ્યાન દોરાય તે બરાબર લાગતું નથી. દેશની સંસ્કૃતિને છાજે અને યોગ્ય હોય, એ રીતે કપડાં પહેરવાં જોઈએ. સ્ત્રીઓએ ખાસ કરીને પાઉલ પ્રેરિતના શિક્ષણ મુજબ પોતાનું માથું ઢાંકવું જોઈએ. કારણ કે આપણે ઈશ્વરને માન અને મહિમા આપવા ભેગા થઈએ છીએ. જો જગતના લોકો તેઓના પ્રભુને રિઝવવા ઉઘાડા પગે ચાલીને શરીરને કષ્ટ આપતા હોય તો શું આપણે પ્રભુની હજૂરમાં આટલું ન કરી શકીએ ?

રવિવારની ભક્તિસભામાં ભાગ લેતા પહેલાં પોતાની જાતને 'પ્રાર્થના'થી તૈયાર કરીએ. જેથી શુદ્ધ હૃદય અને આત્માથી, સત્યતાથી, ઈશ્વરનું ભજન કરી શકીએ. પ્રભુની સમક્ષતામાં કોણ ઊભો રહી શકે ? જેઓના હાથ અને હૃદય શુદ્ધ છે. જેઓ અપ્રમાણિકતા આચરતા નથી અને જૂઠનો આશરો લેતા નથી તેઓ જ - (ગી. શા. ૨૪ : ૩, ૪)

ક્યારેય પ્રભુમંદિરમાં જવાનો કંટાળો ન લાવીએ. માત્ર અઠવાડિયામાં રવિવારે જ આપણે પ્રભુના લોકની સંગતમાં જઈએ છીએ. રવિવારની ભજન સેવામાં કુટુંબના નાનામોટા બધા જ સભ્યો જઈએ. નિર્ગમનના પુસ્તકમાં ફારૂન કહે છે, 'તમારામાંથી જેઓ મોટેરાં હોય તેઓ જ તમારા દેવનું ભજન કરવા જાય.' ત્યારે મુસા કહે છે, 'અમે અમારા દેવનું ભજન કરવા અમારી સ્ત્રીઓ, બાળકો અને ઢોરઢાંક સુધ્ધાં જઈશું.'

ભક્તિસભા પૂરી થયા બાદ માત્ર પોતાના સગાસ્નેહી, મિત્રોના જ વર્તુળમાં ન મળતા ચર્ચના તમામ સભ્યોને મળીએ. ખ્રિસ્તમાં સાચી સંગત માણીએ. નવા આગંતુકોને મિત્રો બનાવીએ.

આ પ્રમાણે ભજનસેવાનું સંચાલન કરતા પ્રભુના સેવકો પણ પ્રાર્થનાસહ પોતાની જાતને ઈશ્વરના હાથોમાં સંપૂર્ણ સોંપી દોઢ કલાકની ભક્તિસભા અસરકારક અને રસમય

બનાવે તો સભાજનો માટે ભક્તિસભા વધુ અર્થમય બની શકે છે. કોઈ રીતે પાંચ મિનિટ પણ વેડફાઈ ન જાય તે ભજનસેવા સંચાલકો એ ધ્યાન રાખવું જોઈએ. કારણ કે એ તો ઈશ્વરને માન, મહિમા, સ્તુતિ અને ગૌરવ આપવા માટેનો ફાળવેલો સમય છે. ભજનસેવા ચીલેચાલુ તે અગત્યની બાબત છે. વહેતા જતા સમય સાથે ભજનસેવામાં ફેરફાર કરી શકાય.

મંડળીના માટે તમામ અંગોનું પદાર્પણ ભક્તિસભામાં જરૂરી અને આવશ્યક છે. હાલના આધુનિક અને વ્યસ્ત જનજીવનમાં 'જુનિયર ચર્ચ' બાળકો માટે આવકારદાયક બાબત છે. જેથી માતપિતા પોતાનાં બાળકોને ભક્તિસભામાં સાથે લાવી 'જુનિયર ચર્ચ'માં બેસાડે, તે ઇચ્છવા જોગ છે. તેમજ ઘણીવાર નાનાં બાળકો વાલીઓને જુદી જુદી રીતે હેરાન કરે છે અને બીજાનું ધ્યાન પણ દોરતા હોય છે, માટે તેમના એ જ સમયમાં અલગ વ્યવસ્થા જરૂરી છે. મોટા શહેરોમાં સભાજનો દૂરદૂરથી આવતા હોઈને આ ફેરફાર ન ગણાય. મંડળીનું પાસ્ટોરેટ પણ ભક્તિસભા માટે અતિ મહત્ત્વનો ભાગ ભજવી શકે છે. તેમની ઉત્તમ સેવાના ફળસ્વરૂપે ભજનિકોની અંગત પરિસ્થિતિનો પાળકસાહેબને ખ્યાલ આવે છે. પાળક કે સેવકની સાથે રહી તેમને ભક્તિસભામાં મદદરૂપ બની સાથ અને સહકાર આપવો એ પાસ્ટોરેટની ફરજ છે.

બીજું અંગ એ મંડળીનું ગાયકગણ છે જે સભાજનોને આત્મિક ગાયનોમાં પ્રભુનો મહિમા કરવા દોરે છે. માટે ગાયકગણનો દરેક સભ્ય પ્રભુને અંગત રીતે ઓળખે તે અતિ મહત્ત્વની બાબત છે. સમયસર ભક્તિસભામાં વહેલા આવવું. શિસ્તપૂર્વકનો વ્યવહાર, જે પ્રકારનો ગણવેશ ઠરાવ્યો હોય તે પહેરવો જેથી લોકોનું ધ્યાન અન્ય રીતે ન દોરાય. ગીતો ભાવથી ગાવા. જે તે રાગ અને સંગીતના ઢાળમાં સુવ્યવસ્થિત ધીમે સ્વરે, ધીમા સંગીતના માધ્યમોથી સજ્જ થઈ ગાવાં જોઈએ જેથી ભક્તજનોને સ્વર્ગીય ગાયકગણની યાદ અપાવી શકાય.

મંડળીના જુવાનો માટે પણ શિસ્ત એ અતિ મહત્ત્વની બાબત છે. કૉલેજ કરતા આ સ્થળ અલગ છે, એવી સભાનતાથી ભજન કરવું જોઈએ. રીતભાત, પહેરવેશ વગેરે ખ્રિસ્તી જુવાનને યોગ્ય હોવા જોઈએ. આજનો યુવાવર્ગ એ આવતીકાલની ભાવિ મંડળી છે. મહિલા સંગત પણ મહત્ત્વનું અંગ છે. મંડળીની તમામ બહેનો ખ્રિસ્તી સંગતનો સાચો આનંદ પ્રાપ્ત કરી શકે તે માટે ઘણું કરી શકાય.

ભક્તિસભામાં પાપ કબૂલાતની પ્રાર્થના, મધ્યસ્થીની પ્રાર્થના એ ભક્તજનો માટે અતિ અસરકારક ભાગ કહી શકાય. પ્રભુનાં જીવંત વચનોનું વાચન પ્રભુના સેવક પોતે જ પ્રાર્થના સાથે મોટે અવાજે વાંચે તે જરૂરી છે. 'વચનો' મારફતે પ્રભુ તેનું કાર્ય કરે છે.

ગમે તે વ્યક્તિને જીવંત વચનોનું વાચન આપવાથી તેને માટે માઇકની વ્યવસ્થા કરવી, પુલપીટ પર જવું વગેરેમાં સમય તેમજ ધ્યાન બીજે ચોરાઈ જવાનો પૂરેપૂરો સંભવ છે. મંડળીમાં અગત્યની 'જાહેરાતો' અમૂક મર્યાદામાં જ હોવી જરૂરી છે. તેને વધુ મહત્ત્વ આપી લંબાવવી જોઈએ નહિ. ઈશ્વરની આરાધનાનો દોઢ કલાકનો સમય 'શેતાન' જુદી રીતે આપણી પાસેથી લઈ ન લે, તેનું સેવકે ખાસ ધ્યાનમાં રાખવું જોઈએ. સભાજનો ચાલુ ભજનસેવામાં દોડીને ચિઠ્ઠીઓ આપી તત્કાલિક જાહેરખબર અપાવે, તે પણ ગેરશિસ્ત જેવું લાગે છે. સિવાય કે કોઈના મૃત્યુના સમાચાર હોય, તો જ સેવકે સ્વીકારવા જોઈએ. જાહેરાતોની સ્પષ્ટ વધુ વિગતો સભાજનો મેળવી શકે તે માટે દેવળમાં નોટિસ બોર્ડ હોવું જરૂરી છે.

મંડળીનું 'પુલપીટ'ની પવિત્રતા અને ગૌરવ જળવાય તે જરૂરી છે. પુલપીટ ઉપર ગમે તે વ્યક્તિ ચઢી જાય તે શોભાસ્પદ લાગતું નથી. માત્ર અભિષિક્ત વ્યક્તિ જ તેનો ઉપયોગ કરે. પુલપીટ પર કોઈપણ પ્રકારના કાર્યક્રમો, નાટકો, ગરબા કે અન્ય પ્રવૃત્તિઓ થાય, તે આપણે માટે શોભાસ્પદ લાગતું નથી. તેનાથી ભક્તિસભાની ગંભીરતા જળવાતી નથી કે આપણા પ્રભુને માન, મહિમા મળતો નથી. ભજનસેવા એ કોઈ સામાજિક કાર્યક્રમનો સમય નથી.

'વચન'ની સેવા અતિ મહત્ત્વનું કાર્ય કરી શકે છે. આવનાર તમામ સભાજનો ખૂબ મોટી આશાએ પ્રાર્થના સાથે આવે છે. ત્યારબાદ તેઓ જગતમાં જવાના છે. માટે વચન આપનાર સેવકે આ બાબતમાં પૂરી કાળજી લઈ પ્રાર્થના સાથે વચનની સેવા આપવી જોઈએ. પ્રભુના પવિત્ર વચનોનો ખુલાસો કરવા ગમે તે વ્યક્તિને સોંપી દેવાય નહિ અને 'પુલપીટ'એ તાલિમ આપવાનું સ્થળ બની જાય નહિ, એ ધ્યાનમાં રાખવાની જરૂર છે.

રવિવારની દોઢ કલાકની ભજનસેવામાં આપણે ઘણું એકબીજાને આપી શકીએ, ઈશ્વર પાસેથી પામી શકીએ અને પુનરુત્થાન પામેલા પ્રભુનું રવિવારે ત્રિએક ઈશ્વરનું ભજન કરી શકીએ તે માટે આયોજન સહિત આપણને બધા જ પ્રકારની વ્યવસ્થા પૂરી પાડવામાં આવી છે, તો 'ચાલો, આપણે પ્રભુને મંદિરે જઈએ' - (ગી. શા. ૧૨૨) અને પૂરેપૂરી અદબ સાથે આત્માથી તથા સત્યતાથી આપણા પ્રભુને માન, મહિમા, સ્તુતિ તથા ગૌરવ આપીએ એ જ પ્રાર્થના.

* * *

# વિશ્વાસુપણું

એકબીજા સાથેનો આપણો વ્યવહાર વિશ્વાસુપણાને આધારે ટકી રહ્યો છે. માનવબંધુઓ સાથે ઈશ્વરની કૃપામાં આપણે વફાદાર બની શક્યાં છીએ. ઈશ્વરે તેમના વિશ્વાસુપણાનો અંશ આપણામાં મૂક્યો છે, તેને કારણે આપણા જન્મથી જ સમજણમાં આવતા આપણા માતપિતા, કુટુંબીજનો, મિત્રમંડળ, સગાંસ્નેહીઓ સાથે વિશ્વાસુપણે જીવન જીવી રહ્યાં છીએ. પતિપત્નીના સંબંધમાં જોડાતા પહેલાં પણ એકબીજા સાથે વફાદારીપૂર્વક રહેવા આપણે ઈશ્વરને વચન આપીએ છીએ અને દામ્પત્યજીવનમાં વિશ્વાસુપણે રહેવા ઈશ્વરની કૃપાની યાચના કરીએ છીએ. આપણા જન્મથી મરણપર્યંત ઈશ્વરની સહાયથી વિશ્વાસુપણામાં જિંદગી ગુજારવાનો પ્રયત્ન કરીએ છીએ.

આપણા માટે ખૂબ આનંદ અને ગૌરવની વાત એ છે કે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં આપણને તેમનાં સંતાનો તરીકે વિશ્વાસુપણાનો વારસો મળ્યો છે. એટલે જ આપણામાં વિશ્વાસુપણાનું ફળ ઉત્પન્ન થવાને કારણે અભ્યાસમાં, નોકરી-ધંદામાં, અને જ્યાં રહીએ છીએ ત્યાં ખ્રિસ્તી ભાઈ કે બહેન તરીકે ખૂબ વિશ્વાસુ વ્યક્તિની છાપ આપણે ઊભી કરી શક્યાં છીએ. તેનું કારણ એ છે કે પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં આપણે કલમરૂપે તેમનામાં મેળવાએલા છીએ, તે માટે આપણામાં વિશ્વાસુપણાનાં ફળો ઉત્પન્ન થાય છે. જે ફળોને આપણા સંપર્કમાં આવનાર ચાખીને આનંદ અને પ્રેમ મેળવે છે.

એ સાથે આપણા માટે ખૂબ દુઃખની અને શરમથી આપણું મસ્તક ઝૂકી જાય એવી બાબત પણ છે. આપણાં કેટલાંક ખ્રિસ્તી બાળકો, યુવક-યુવતીઓ, વડીલો અને આગેવાનોમાં વિશ્વાસુપણાંનાં ફળો જોવા મળતાં નથી. આપણાં કેટલાંક બાળકો અભ્યાસકાળ દરમિયાન પરીક્ષામાં વિશ્વાસુ રહી શકતાં નથી. પરીક્ષાઓમાં પાસ થવા, એડમિશન લેવા, તેઓ અને વાલીઓ એક ખ્રિસ્તીને શોભે નહિ એવી રીતરસમ અજમાવતાં હોય છે.

ઘણા ખ્રિસ્તી મિત્રો જે સ્થાન કે સ્થળમાં નોકરી કે ધંધો કરે છે ત્યાંથી તેઓની બિનવફાદારીની ફરિયાદો આપણે સાંભળીએ છીએ. પોતાની જવાબદારી વિશ્વાસુપણે અદા કરવાને બદલે તેઓની નોકરી-ધંધામાં અવિશ્વાસુપણું જોવા મળે છે અને વારંવાર તેઓ ટીકાપાત્ર થયા કરે છે. કેટલાંક ખ્રિસ્તી યુવક-યુવતીઓ લગ્નજીવનમાં એકબીજાને વફાદાર રહેતાં નથી અને તેઓની અવિશ્વાસુપણાની અસરો તેઓ નોકરી કે ધંધો કરે છે ત્યાં સુધી પહોંચતી હોય છે. તેથી એવા ઘણા પ્રશ્નોને કારણે તેઓનાં લગ્નજીવનોમાં ભારે વિક્ષેપ ઊભો થાય છે. આપણા કેટલાક કહેવાતા વડીલો અને આગેવાનો મંડળી કે

ખ્રિસ્તી સમાજમાં જવાબદારી અદા કરવામાં અવિશ્વાસુ બને છે ત્યારે તેમાંથી અનેક પ્રશ્નો ઊભા થાય છે. તેથી મંડળી કે સમાજને ઘણું નુકસાન થાય છે અને તેમાં અધોગતિ સર્જાય છે.

આ બધું વિચારતા આપણે માટે આ બાબત સ્પષ્ટ થાય છે કે આપણે પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં મેળવાતા નથી અને તેમની સાથે વિશ્વાસુ રહેતા નથી તો પવિત્ર આત્માનું ફળ, જેને આપણે વિશ્વાસુપણું કહીએ છીએ તે આપણામાં ઉત્પન્ન થતું નથી. આપણે ખ્રિસ્તી હોવા છતાં જો આપણામાં વિશ્વાસુપણાનું ફળ ઉત્પન્ન થતું નથી કે આપણામાં લોકો વિશ્વાસુપણું જોઈ શકતા નથી તો ઈસુ ખ્રિસ્ત પરનો આપણો વિશ્વાસ કે જીવન વ્યર્થ બને છે. આવાં જીવનોને પ્રભુ તેમની સેવા માટે કે મહિમા માટે વાપરી શકતા નથી.

આપણા સમાજમાં કેટલાક કહેવાતા ખ્રિસ્તીઓ પણ છે. જેઓ પ્રભુ પ્રત્યે વિશ્વાસુ રહેતા નથી અને આવા લોકોથી નિર્દોષ ખ્રિસ્તી કુટુંબો ઘણી રીતે ઠોકર ખાઈ જતાં હોય છે. પ્રભુમાં વિશ્વાસુપણે જીવન જીવતા નથી એવા લોકોને આપણે ઓળખી શકતા નથી ત્યારે આપણે તેઓથી છેતરાય જઈએ છીએ. ઘણીવાર આપણે કહેવાતા ચમત્કારો પર અને દંભી વ્યક્તિઓના વિશ્વાસમાં આવી જઈએ છીએ. આપણા તારણહાર પ્રભુ ઈસુ પરના વિશ્વાસમાં આગળ વધવાને બદલે અવિશ્વાસુપણે ચાલતી વ્યક્તિ પર વધારે વિશ્વાસ કરતા ઠોકર ખાઈ જઈએ છીએ. કોઈના કહેવાતાથી કે સમજાવવાથી પ્રભુ પવિત્ર આત્માનું કાર્ય થઈ જતું નથી. આ છેલ્લા સમયમાં જૂઠા પ્રબોધકો ઊભા થઈને પોતાની રીતરસમોથી આપણને આંજી દઈને પોતે માન-મહિમા લેવા માગે છે ત્યારે એવી વ્યક્તિઓથી આપણે ખૂબ ચેતી જઈને પ્રભુ સાથે ખૂબ વિશ્વાસુપણે જીવન જીવવા કટિબદ્ધ થઈએ.

આવા સમયે આપણને એવું પણ લાગે કે વિશ્વાસુપણામાં જીવન જીવતા આપણા માનવબંધુઓ સાથે વિશ્વાસઘાતનો અનુભવ આપણને થાય છે. તે સાથે વફાદારીપૂર્વક જીવન જીવતાં આપણને કોઈ જગ્યાએ ન્યાય પણ જોવા મળતો નથી. ખરેખર તેથી દુઃખી થઈ જવાય અને ઉદ્‌ગાર પણ નીકળી જાય કે જ્યાં જુઓ ત્યાં બધાં જ અવિશ્વાસપણે વર્તે છે અને તેઓની જ જીત થતી હોય, એવો ભાસ થયા કરે છે, હવે પછી મારાથી વિશ્વાસુપણે વફાદારીથી જિંદગી જીવી શકાય એમ નથી. વિશ્વાસુપણાથી જીવન જીવવાથી તો ઘણાં સંકટો, અને દુઃખો સહન કરવાં પડે છે. આવી કટોકટીભરી સ્થિતિમાં હતાશ થઈ પરીક્ષણમાં પણ પડી જવાય ત્યારે આપણે પોતાને પ્રશ્ન પૂછીએ કે, "હવે પછી મારે ખ્રિસ્તમય કે ખ્રિસ્તરહિત જીવન જીવવું છે ?" આ નિર્ણય વ્યક્તિએ પોતે કરવાનો રહેશે.

* * *

# વિશ્વ કપ વિજેતા

ઝળહળતી રોશની અને હજારો લોકોની હાજરી વચ્ચે છઠ્ઠા વર્લ્ડ કપનું ઉદ્‌ઘાટન આનંદ-ઉલ્લાસના મનમોહક વાતાવરણમાં થયું. તેમાં વિદેશી નિષ્ણાતોની મદદથી તૈયાર થયેલ લેસર શો, આતશબાજી અને ખેલાડીઓના માર્ચપાસ્ટનું આકર્ષણ વિશેષ હતું. હવે વિશ્વભરના કરોડો ક્રિકેટરસિકો માટે આ સમય ભારે ઉત્કંઠા અને ઉત્તેજનામાં પસાર થઈ રહ્યો છે. વિશ્વની બાર ક્રિકેટ ટીમો વચ્ચે ચાલનારી આ સ્પર્ધા જગતના કરોડો લોકો સ્ટેડિયમમાં, ટી.વી. પર ભારે ઉત્તેજના સાથે જોઈ રહ્યા છે કે ટ્રાન્ઝિસ્ટરથી સાંભળી રહ્યાં છે. જેમ જેમ જુદા જુદા દેશોની ટીમો અલગ અલગ મેદાનો પર નિયત તારીખોમાં સ્પર્ધામાં ઉતરતી જશે તેમ તેમ આ સ્પર્ધા વધુ રોમાંચક બનતી જશે.

૧૭મી માર્ચે આ વિશ્વ કપને બે હાથે ઊંચો કરી કોણ બતાવશે, એવી ઉત્તેજના આપણા સૌમાં વ્યાપી ગઈ છે. વિવિધ ટીમો માટે વિજેતા થવાની કેટલી શક્યતાઓ રહેલી છે, તેની વિવેચકો અને પંડિતો ક્રિકેટરસિયાઓને સ્પર્ધાઓમાં ઉત્તેજિત થઈ જવાય એવો ગરમ મસાલો અનેક માધ્યમોથી પીરસી રહ્યા છે. ઘર, ઑફિસ કે દુકાન હોય, સોસાયટી કે બસ-ટ્રેનની મુસાફરી હોય, સર્વત્ર હાલમાં ક્રિકેટ સ્પર્ધાની વાતો સાંભળવા મળે છે. ક્રિકેટ ભવ્ય અનિશ્ચિતતાઓની સ્પર્ધા છે, તેથી કોણ જીતશે-કોણ હારશે તે કહેવું ઘણું મુશ્કેલ છે. દરેક ખેલાડી રમત પર પ્રભાવ પાડવા માટે પોતાની શક્તિ ઉપરાંત વિવેકબુદ્ધિનો ઉપયોગ કરતો નજરે પડે છે. કેટલાક નવોદિત ચહેરાઓ આ વિશ્વકપની સ્પર્ધામાં પોતાના પરાક્રમો વડે રોમાંચક અનુભવ કરાવી રહ્યા છે. ગમે તે હોય પણ આ વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધામાં મેનેજરો, કેપ્ટનો, ખેલાડીઓ, રેફ્રીઓ વગેરેની અગ્નિપરીક્ષા થઈ જશે.

ખરેખર ક્રિકેટ એવી રમત છે કે, દરેકે પોતાની બેટિંગ, બોલિંગ, ફિલ્ડિંગથી જુસ્સા સાથે પોતાની તાકાત બતાવી આપવાની હોય છે. બેજવાબદાર બોલિંગ, બેટિંગ અને ફિલ્ડિંગ ઘણાંને માટે નિરાશજનક પરિણામ શકે છે. અરે કટોકટીની પળોમાં કેપ્ટન પણ ગભરાયા વિના ઝડપભેર નિર્ણયો કરે નહિ તો વિજયની આશાભરી પરિસ્થિતિમાંથી હારની નિરાશભરી પરિસ્થિતિમાં ફેરવાઈ જતા જરાપણ વાર લાગતી નથી.

૧૯૯૬નો ક્રિકેટ વિશ્વ કપ કોણ દેશ જીતી લેશે તેની વ્યૂરચના પર અત્યારે કરોડો લોકોની નજર કેન્દ્રિત થઈ છે ત્યારે આપણે તેને બીજી દૃષ્ટિથી જોઈએ. પ્રભુ ઈસુના વધસ્તંભમાં ઈશ્વરપિતાએ શેતાનની વ્યૂહરચનાને ગજબ હાર આપી દીધી. અને ઈશ્વરે તેના પસંદિત લોકોની ટીમ બનાવીને અને વિજયવાન પ્રભુ ઈસુને અગ્રેસર કરીને

વર્તમાનમાં વિજયની ઘોષણા સાથે આ દુનિયામાં મેદાનમાં ઉતાર્યા છે.

ક્રિકેટના ખેલાડીઓને અનેક પ્રકારના દબાણોમાંથી પસાર થવાનું થાય છે. તેઓને મેદાન પર નવી તાણ અને તંગદિલીનો સામનો કરવો પડે છે. બેટિંગ કરનારને હરીફ ટીમના ખેલાડીઓ અપનામજનક શબ્દો અને ઈશારાઓ વડે એકાગ્રતા તોડવાનો પણ પ્રયત્ન કરતા હોય છે અને માનસિક રીતે અસ્વસ્થ કરે છે. એવી રીતે પ્રભુના લોકોને માનસિક રીતે અસ્વસ્થ કરવા શેતાન હાલમાં અનેક રીતો અજમાવે છે.

અગાઉથી મેચની રણનીતિ નક્કી કરવી અતિ આવશ્યક બને છે તેમ શેતાન અને તેની ટીમ સામે જંગમાં જતાં પહેલાં ઈશ્વરના લોકોએ બાઈબલમાં આપેલી રણનીતિ જાણી લેવી અતિઆવશ્યક છે. પીચ, બેટ, બૉલ અને વાતાવરણને ધ્યાનમાં રાખી ખેલાડીઓને પ્રતિસ્પર્ધાઓ સાથે સાવધાનીપૂર્વક રમવું પડે છે તેમ ખ્રિસ્તીઓએ આ જગતમાં ઘર, નાણાં, કપડાં, વાતાવરણને ધ્યાન રાખી સાવધાની પૂર્વક જીવવું પડે છે. રમત હારમાં નિરાશાજનક પરિસ્થિતિમાં મૂકાય જાય ત્યારે તેમાંથી બહાર કાઢવા કેપ્ટન આત્મવિશ્વાસથી કોઠાસૂઝ ધરાવીને ગભરાયા વિના ટીમને વિજયની આશામાં ફેરવી નાંખે છે તેમ સમાજના આગેવાનોએ મંડળી કે સમાજને નિરાશાજનક અધઃપતન દિશામાંથી નવી આશાભરી કેડીએ કંડારવા તત્પર રહેવું જોઈએ છે.

કોઈપણ ખેલાડી જ્યાં સુધી પોતાની ભૂલોમાંથી શીખતો નથી અને એજ ભૂલોનું પુનરાવર્તન કરતો રહે છે, તો તે સફળ ખેલાડી બની શકતો નથી તેમ કોઈપણ ખ્રિસ્તી પોતાની ભૂલોમાંથી કંઈ શીખતો નથી તો તે સફળ ખ્રિસ્તી જીવન જીવી શકતો નથી. ઘણીવાર ક્રિકેટમાં એવી પરિસ્થિતિ સર્જાય છે કે જેમાં ઠંડા દિમાગની જરૂર પડે. અને જે ટીમમાં એવા ઠંડા દિમાગવાળા વધુ ખેલાડીઓ હોય છે તે ટીમ વિશ્વ કપ વિજેતા બને છે તેમ કુટુંબ કે મંડળીઓમાં પ્રભુને આધિન લોકો હોય છે ત્યાં ખાસ પ્રશ્નો હોતા નથી અને તેઓ વિજયવાન બની ઇનામ મેળવવા આશામય જીવન જીવતા હોય છે. જેમ ચાવીરૂપ ખેલાડીઓ રમતનો પ્રવાહ બદલી નાખે છે તેમ ખ્રિસ્તી સમાજના ચાવીરૂપ આગેવાનો સમાજનો સમાજનો પ્રવાહ યોગ્ય દિશામાં વાળી શકે છે. આમ તો ક્રિકેટ ખુમારી અને ખેલદિલીની રમત છે પણ જો એમાં ઈર્ષા અને લુચ્ચાઈ જેવાં અનિષ્ટ તત્ત્વો પ્રવેશ કરે તો રમત રમવાની અને માણવાની મઝા જતી રહે છે, તેમ ખ્રિસ્તી મંડળીઓ કે સમાજમાં ઈર્ષા, લુચ્ચાઈ જેવાં પાપ પ્રવેશ કરે તો ખ્રિસ્તી જીવન કે સંગત માણવાનો આનંદ રહેતો નથી. જેમ ક્રિકેટખેલાડી માટે લાગણીનો આવેશ ખતરારૂપ બની શકે છે તેમ ખ્રિસ્તી વ્યક્તિ માટે અતિ લાગણીના આવેશમાં જીવવું ખતરારૂપ બની શકે છે.

બાર દેશો વચ્ચે ક્રિકેટનો ગજબનો જંગ ખેલાય રહ્યો હોય, દેશનો દરેક ખેલાડી

ટીમને જ્વલંત વિજય અપાવવા પોતાનો પ્રાણ રેડી રહ્યો હોય વાતાવરણ ઉત્કંઠા અને ઉત્તેજનથી ભરપૂર હોય, બોલિંગ, બેટિંગ અને ફિલ્ડિંગ વખતે હજારો દર્શકો હુરિયો બોલાવતા હોય તો પણ એકાગ્રતાને શિખરે પહોંચેલા ખેલાડીને દર્શકોનો ઘોંઘાટ કે હરીફના ઘાંટાં તેને ચલિત કરી શકતા નથી. એનું ચિત્ત જો પોતાની રમત પર કેન્દ્રિત હોય અને પોતે કેવું રમ્યો છે, કેટલા રન થાય છે એ પણ એને ખબર ના પડે. હા, ચોક્કસ જે ટીમમાં આવી એકાગ્રતા અને એકતા સાધી શકનારા સૌથી વધુ ખેલાડીઓ હોય એ ટીમ વિશ્વકપ જીતે છે.

પ્રભુ ઈસુએ યરૂશાલેમમાં વિજયવંત પ્રવેશ કરીને અનિષ્ટ તત્ત્વોને કાઢી મૂક્યાં (શેતાનને હાર આપી) અને વિશ્વકપ વિજેતા ઈસુખ્રિસ્ત છે. આ જગતમાં જેઓ ઈસુખ્રિસ્તની પાછળ ચાલે છે તેઓનો વિજય નિશ્ચિત છે. તો ભલે આ જંગમાં ખેલતા ગમે તેટલો ઘોંઘાટ હોય અંધકારમય બળો હુરિયો બોલાવે, પણ ખ્રિસ્તીઓ પોતાનું ચિત્ત ખ્રિસ્તમાં પ્રભુ ઈસુ તો એકાગ્રતા આવશે અને એકતા સધાશે, ઝળહળતા પ્રકાશમાં જીવનનો મુગટ જીતીને સર્વદા આનંદ કરશે.

* * *

# ખ્રિસ્તીકુટુંબનું પ્રતિબિંબ

આજથી ૧૫૦ વર્ષ પહેલાં ગુજરાતમાં પ્રભુ પવિત્ર આત્માનો સંચાર અનેક કુટુંબોમાં શરૂ થયો અને ત્યારથી ખ્રિસ્તીકુટુંબો પ્રગતિના પંથે હરણફાળ ભરતાં જ રહ્યાં છે અને ઘણાં તો અનેક સિદ્ધિઓના શિખરે આવીને ઊભાં છે, આ ખ્રિસ્તીસમાજ માટે આનંદની વાત કહેવાય. એક સમયે એવાં ઘણાં કુટુંબો હતાં કે જેમનો બૌધિક, ભૌતિક અને આત્મિક વિકાસ ઓછો હતો. કુટુંબના સર્વાંગી વિકાસ માટે ખાસ કોઈ તક હતી નહિ. કોઈ એવું પીઠબળ પણ નહોતું કે કુટુંબ પ્રગતિનાં ક્ષેત્રમાં જઈને ઊભું રહી શકે. એવા સમયમાં ઈશ્વર પિતા તેમની મહાન યોજના અને પવિત્ર ઈરાદા પ્રમાણે આપણાં અગાઉનાં કુટુંબોમાં આશ્ચર્યજનક આત્મિક ક્રાંતિ લાવ્યા. આપણાં કુટુંબો જુદા જુદા પ્રદેશ, અને જાતિઓમાં બંધાયેલા હતાં. અનેક રીતરિવાજો અને નાનાં જૂથોના વાડામાં ફસાયેલાં હતાં, તેમાંથી ઈશ્વરના સામર્થ્યમાં ઘણાં કુટુંબોને ખ્રિસ્તના પ્રેમની ધ્વજા નીચે લાવવામાં આવ્યાં અને નવા કરારના મંડળીમાં જોડવામાં આવ્યાં. હાલમાં આ ખ્રિસ્તીસમાજ ગૌરવ લઈ શકે એવા સ્થાને જઈને ઊભો રહ્યો છે. આપણાં ઈશ્વરપિતાએ ઉદ્ધારક ખ્રિસ્તમાં તેમનું રહસ્ય પ્રગટ કર્યું અને આપણા કુટુંબનો ઈતિહાસ બદલી નાંખ્યો. પણ જ્યારથી કુટુંબોમાં ઈશ્વર આત્મિક ક્રાંતિની શરૂઆત કરી ત્યારથી શેતાને પણ ભયંકર આક્રમણ ખ્રિસ્તીકુટુંબમાં

શરૂ કરી દીધું છે. શેતાનના આ ભયંકર હુમલા સામે ટકી રહેવા અને યુદ્ધમાં વિજયવાન બનવા ઈશ્વરે પણ તેના કુટુંબ માટે અજાયબ વ્યવસ્થા કરી છે.

શેતાનના આ પ્રહારોથી બચવા ખ્રિસ્તી કુટુંબને પ્રાર્થનાનું હથિયાર આપ્યું છે. જે કુટુંબમાં પ્રાર્થનાની વેદી સળગતી હશે તે કુટુંબમાં શેતાન પ્રવેશી શકતો નથી. સેમ્યુઅલ એડવિકે કહ્યું છે કે, "સંતોને પ્રાર્થના કરવાથી દૂર રાખવા તે શેતાનનો સૌથી મોટો બોજ છે. પ્રાર્થનારહિતના અભ્યાસ, કાર્ય કે ધર્મની તેને કંઈ જ બીક લાગતી નથી. આપણા પરિશ્રમને તે હસી કાઢે છે. આપણા જ્ઞાનની તે હાંસી ઉડાવે છે, પરંતુ આપણી પ્રાર્થનાથી તે ધ્રૂજે છે."

શેતાન જ્યારે ખ્રિસ્તીકુટુંબને ખેદાનમેદાન કરી નાખવા પોતાની શક્તિ અજમાવી રહ્યો છે ત્યારે તેનાથી બચવા બીજુ હથિયાર બાઈબલ આપ્યું છે. ડી.એલ. મૂડીએ કહ્યું છે કે; "પાપ તમને બાઈબલથી દૂર રાખશે અથવા બાઈબલ તમને પાપથી દૂર રાખશે." જો કુટુંબમાં ઈશ્વરનાં વચનો વંચાય નહિ તો શેતાન તેની કુયુક્તિઓ મારફતે કુટુંબજનોમાં મોટો વિખવાદ, ગેરસમજ અને પ્રશ્નો ઊભા કરે છે. પ્રેમાળ સંબંધો તોડી નાખે છે અને એક પ્રકારની અશાંતિ, અવ્યવસ્થા અને અશિસ્ત ઊભી કરે છે. પતિપત્ની વચ્ચે અનૈતિક સંબંધો સ્થાન લે છે. શેતાનના જૂઠાણાનો દોર ચાલુ થઈ જાય છે. આવા કુટુંબની અસર મંડળી સુધી પડે છે. કારણ કે કુટુંબ મંડળીનું એકમ છે. એક સુવાર્તિકે આ પ્રમાણે કુટુંબને ચેતવણી આપી છે : "ઈશ્વરના વચનરૂપી આત્મિક તલવારથી ખ્રિસ્તના નામમાં શેતાન પર હુમલો કરવાને બદલે આપણે તે વડે એકબીજાને વીંધી નાખવાના પ્રયાસ કર્યા છે. ઈશ્વરના વચનમાં રહેલ પૂર્ણ મનોરથને ગ્રહણ કરીને શત્રુની સામે જવાને બદલે બિનમહત્ત્વના સિદ્ધાંતો અને મનગમતી કલમોના આધારે ઝઘડવું આપણે માટે કેટલું સરળ હોય છે !"

જે કુટુંબમાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત શિરપિત હોય છે અને પ્રભુને પ્રથમ સ્થાન આપી તેમને માન, મહિમા, સ્તુતિ અને ગૌરવ આપવામાં આવે છે, તે કુટુંબમાં આત્મિક ક્રાંતિ સર્જાય છે, પ્રેમની ક્રાંતિ સર્જાય છે. પ્રામાણિકતાની ક્રાંતિ સર્જાય છે. ઘરની આબાદાની વધે છે. પતિપત્ની અને બાળકો વચ્ચેના સંબંધો વધુ ગાઢ, પ્રેમાળ અને નિખાલસ બને છે. સ્વાભાવિક રીતે જ કુટુંબ પહાડ ઉપર વસાવેલા નગર સમાન બને છે. ચારે તરફ ખ્રિસ્તનો પ્રકાશ પથરાવા માંડે છે અને ખ્રિસ્તના પ્રેમની સુવાસ દૂરસુદૂર પહોંચી જાય છે. કોઈ સંગત, ખાસ ધાર્મિક કાર્યક્રમ, સુવાર્તાપ્રચાર કરતાં સુવાર્તાની ખરી સાક્ષી ખ્રિસ્તીકુટુંબમાંથી આપમેળે જ બહાર રેલાય છે અને એમ ખ્રિસ્તીકુટુંબ સાક્ષી આપવામાં ક્રાંતિ સર્જે છે.

આ વર્ષને 'કુટુંબ વર્ષ' તરીકે ઉજવવાની ઘોષણા સંયુક્ત રાષ્ટ્રસંઘે કરી છે તેથી ખ્રિસ્તીકુટુંબ માટે આ વર્ષ ઘણું મહત્ત્વનું અને યાદગાર બની જાય તે માટે ખ્રિસ્તીકુટુંબનું પ્રતિબિંબ જગત આગળ પાડવું જ રહ્યું. આ વર્ષે આપણા કુટુંબ માટે વિશિષ્ટ દૃષ્ટિકોણથી જોવાની તક આપણને સાંપડી છે.

ખ્રિસ્તીકુટુંબનાં મૂલ્યો વિશે વિચારવાનો સમય આપણને મળ્યો છે ત્યારે આ વર્ષમાં આપણા કુટુંબને ઈશ્વરની દૃષ્ટિથી જોવા અને કુટુંબમાં આત્મિક ક્રાંતિ આવે તે માટે રચનાત્મક નિર્ણયો કરી આગળ વધવા પતિ-પત્ની અને બાળકો તરીકે એકબીજા સાથે વિચાર વિનિમય કરીએ. પ્રભુની પવિત્ર ઇચ્છા પોતાના કુટુંબ માટે જે છે તે શોધીને નિર્ણય કરતા કહીએ કે, 'હું અને મારું કુટુંબ પ્રભુની જ સેવા કરીશું.'

* * *

# અનંતકાળિક જીવનમાં પ્રવેશ

આ ધરતી પર જન્મ લેનાર કોઈપણ માણસને વીરતાપૂર્વક મૃત્યુને ભેટવા માટે તૈયાર રહેવું પડે છે. કદાચ મૃત્યુના વિચારમાત્રથી આપણે ભયભીત બની તે વિશે વાત કરવાનું કે વિચારવાનું ટાળીએ છીએ. જન્મ પછી ગમે ત્યારે મૃત્યુ નિશ્ચિત છે, એમ જાણતા હોવાછતાં ઘણીવાર આપણે પામર મનુષ્યો માયારૂપી અદૃશ્ય જાળમાં એવા તો ફસાઈ જઈએ છીએ કે બસ જાણે કે કાયમ આ દુનિયામાં જ રહેવાના હોઈએ તેમ મોહમાયા માટે હવામાં બાચકા ભરીએ છીએ, તો કોઈવાર અવળે માર્ગે હરણફાળ દોટ મૂકવા તૈયાર થઈ જઈએ છીએ. હાલમાં વિશ્વની કટોકટીભરી સ્થિતિમાં આપણે રહીએ છીએ. જો હવે આપણી જિંદગી વિશે વધુ પડતી વ્યગ્રતાની લાગણીથી ચિંતિત બની જઈશું અને જો આપણા જીવન અને મૃત્યુ માટે સાવધ બની, તે વિશે કંઈ વિચારીશું નહિ તો સંભવ છે કે આપણે આ નાશવંત જીવનની ગુલામીની જંજીરોમાં જકડાઈ જઈશું.

આપણે જાણીએ છીએ કે, માણસનું સૃજન તો જીવવા માટે કરવામાં આવ્યું હતું, પણ માણસનાં પાપ અને બંડને કારણે માણસના શરીરમાં મરણે પ્રવેશ કર્યો છે તેથી આ સ્થૂળ શરીરનો નાશ તો નિશ્ચિત છે જ. ફક્ત ઈસુ ખ્રિસ્ત મારફતે ઈશ્વરની કૃપાથી જ આ મરણનો ડંખ દૂર થઈ શકે તેમ છે અને તો જ માણસ અનંતકાળિક જીવનમાં પ્રવેશી શકે. આ તો મનુષ્યજીવન માટે ઈશ્વરની મહાન યોજના અને ઇરાદો છે ! આજકાલ આપણી આસપાસ ન સમજી કે કલ્પી શકાય એવી મોટી સંખ્યામાં માણસો મરણને શરણ થઈ રહ્યાં છે. આશાવિહોણા ઘણાં માણસો મરણછાયાની નજીક જઈ રહ્યાં છે. તેઓને આપણે

ખ્રિસ્તીઓ તરીકે આશ્વાસન, પ્રેરણા, હિંમત, આશા આપનાર તેમજ અવિશ્વાસીઓને ખ્રિસ્ત પર વિશ્વાસ કરાવવા માટે એક મોટો પડકાર આપનાર બનીએ રહીએ. એ માટે આપણને ખ્રિસ્તીજીવન આપવામાં આવ્યું છે.

પ્રભુ ઈસુ ખ્રિસ્તે દરેક માણસ માટે વધસ્તંભના મરણમાંથી અનંતકાળિક જીવનમાં પ્રવેશવાનો માર્ગ કંડાર્યો છે ! જે માણસો ખ્રિસ્તમાં મૃત્યુ પામે છે તેઓને માટે મરણની ભયંકરતા અને તેનો ડંખ દૂર કરી નાખવામાં આવ્યો છે. મરણ તો ખ્રિસ્તીઓ માટે આ દુનિયામાંથી સ્વર્ગમાં જવાનો એક રસ્તો બન્યો છે. ડૉ. બિલી ગ્રેહામ તેમના પુસ્તક 'દેવદૂતો'માં જણાવે છે કે "ખ્રિસ્તી વ્યક્તિએ મૃત્યુને કદી પણ દુઃખદ ઘટના લેખવી જોઈએ નહિ. મૃત્યુ પરત્વે દૂતો જે અભિગમ દાખવે છે, તે આપણે અપનાવવો જોઈએ. તેઓ જાણે છે કે પૃથ્વી પરના આ સમય પછીની અનંતકાળની યાત્રા આનંદસભર હોવી જોઈએ. જિંદગીનો માર્ગ મૃત્યુની ખીણમાંથી પસાર થાય છે, પરંતુ આ માર્ગ સર્વત્ર વિજયપતાકાઓ અને વિજયના સ્તંભોથી ભરપૂર છે. પ્રભુ ઈસુના પુનરુત્થાનના સામર્થ્યમાં દૂતો આનંદ માણે છે, જે આપણને પણ પુનરુત્થાનની ખાતરી આપે છે અને સ્વર્ગમાં સલામત પ્રવેશની બાંયધરી આપે છે."

મહાન સુવાર્તિક ડી. એલ. મૂડીએ પોતે અગાઉનાં વર્ષોની ધર્મસેવામાં બુલંદ અવાજે જાહેર કર્યું હતું કે, "કોઈક દિવસ તમે વર્તમાનપત્રોમાં વાંચશો કે નોર્થફિલ્ડ ઈસ્ટના ડી.એલ. મૂડી મૃત્યુ પામ્યા છે, તો તેમાંનો એક પણ શબ્દ રખે માનતા ! તે પળે તો હું અત્યારે છું તેના કરતાં પણ વધુ જીવંત હોઈશ ! ફરક એટલો હશે કે હું તો ઉચ્ચ સ્થાનોમાં ગયો હોઈશ ! આ જર્જરિત માટીના માંડવામાંથી અવિનાશી ગૃહમાં, એવા શરીરમાં કે જેને મૃત્યુ સ્પર્શી શકતું નથી, પાપ જેને ડાઘ લગાડી શકતું નથી, ઈશ્વરના મહિમાવંત શરીર મુજબ બનાવેલું જે માંસથી બનેલું છે, તે તો મૃત્યુ પામશે ! પરંતુ જે આત્માથી જન્મેલું છે, તે તો સદાસર્વદા જીવંત રહેશે !" (ધી લાઈફ ઑફ ડ્વાઈટ એલ. મૂડી, કર્તા - ડબલ્યુ. આર. મૂડી)

જેઓ ખ્રિસ્તમાં ઉદ્ધાર પામેલા છે તેઓના મૃત્યુ સમયે પ્રવર્તતા મહિમા વિશે ચાર્લ્સ સ્પર્જન આમ કહે છે, "જેમ અમુક માણસોને મૃત્યુ પામતા મેં જોયા છે, તેમ જો હું મૃત્યુ પામું, તો એ ભવ્ય પ્રસંગને હું આવકારું છું ! જેમ તેઓએ ગાયું એમ હું ગાઈ શકું, તો અન્ય કોઈ ટૂંકો માર્ગ લઈને મૃત્યુથી પલાયન થવાની ઇચ્છા હું રાખીશ નહિ. મૃત્યુ પામવું એ તો એક ધન્ય પળ છે !"

આપણે તો હજુ મરવાનું બાકી છે. આપણને ખબર નથી કે આ દુનિયામાં ઈશ્વર તરફથી મળેલા આ નાશવંત શરીરમાંથી ક્યારે વિદાય લેવાની થાય. આપણે આ દુનિયામાં છીએ ત્યાં સુધી તો ખાસ યાદ રાખવું જ પડશે કે ઈશ્વર ફક્ત માણસના શબ્દો અને

કૃત્યોની જ નહિ પણ માણસના હૃદયના વિચારો અને ઇરાદાઓની પણ નોંધ રાખે છે. આ ટેકનોલોજીના સમયમાં માણસ ભૂતકાળમાં બોલેલા શબ્દો ટેપરેકર્ડમાં નોંધીને ગમે ત્યારે સાંભળી શકે છે. અને દુનિયાને એક છેડેથી બીજે છેડે ટી.વી.માં માણસોને આબેહૂબ જોઈ શકે છે અને બોલતા સાંભળી શકે છે. તો વિચાર કરીએ કે માણસને ઉત્પન્ન કરનાર ઈશ્વરની નોંધ તો આના કરતાં કેવી અજાયબ અને મહાન હશે !

જો આપણે 'અનંતકાળિક જીવનમાં પ્રવેશ' કરવો છે, તો એક અદના ખ્રિસ્તી તરીકે હવે પછી ખૂબ કાળજીપૂર્વક ખ્રિસ્તીજીવન જીવવું પડશે. બાઇબલ કહે છે તે પ્રમાણે કોઈ એક વખતે મારે અને તમારે આ જીવનનો હિસાબ પ્રભુને આપવો પડશે. આપણે હવે પછીના સમયમાં ઈશ્વરના મહિમાર્થે જીવતા શીખીએ અને વીરતાપૂર્વક સાચા અર્થમાં મૃત્યુ પામવાને તૈયાર રહીએ. જો આમ કરીશું તો અનંતકાળિક જીવનમાં પ્રવેશતાની સાથે આપણા તારનારની જ્વલંત પ્રતિમા જેવું આપણું મહિમાવંત રૂપાંતર થઈ જશે અને સ્વર્ગનો વૈભવ આપણો થઈ જશે.

* * *

# કોણ જવાબદાર ?

એકબાજુ ઉનાળાની ગરમી અને કાળઝાળ તાપ શરૂ થઈ ગયો છે તો બીજી બાજુ ઉનાળાના ફળોની મોસમ, ઠંડા-પીણાં અને આઇસ્ક્રીમની મોસમ, રજાઓમાં પ્રવાસોની મોસમ શરૂ થઈ ગઈ છે તેમાં લગ્નની મોસમ એટલે કંકોત્રીઓ, જમણવાર, ચાંદલા, ભેટસોગાદોની ૠતુ પૂર ઝડપે શરૂ થઈ જશે. ખ્રિસ્તીસમાજમાં મોટેભાગે નોકરીયાત વર્ગ વધુ છે, આથી ઉનાળાની રજાઓ લઈ, કુટુંબના કામકાજમાં કેવી રીતે વાપરીશું તેનું આયોજન ઘણાં કુટુંબો કરતા હોય છે.

બાળકોની પરીક્ષાઓ પૂરી થતાં બાળકોની સાથે આનંદ કરવા અને સગાંસ્નેહીઓ સાથે તેમજ કૌટુંબિક પ્રસંગોમાં સામાન્ય રીતે આપણો સમય, નાણાં અને શક્તિ વાપરીએ છીએ. આપણે સમાજનો એક ભાગ હોવાથી આપણે આ બધી પ્રવૃત્તિઓમાં સામેલ રહેવું જરૂરી છે. પણ આ બધી પ્રવૃત્તિઓમાં અને પ્રસંગોમાં ઘણાં પ્રલોભનો અને ભયસ્થાનો પણ આવતાં જ હોય છે. આમાં ખ્રિસ્તી મૂલ્યો ધ્યાનમાં રાખી ખ્રિસ્તી વ્યવહાર કરવામાં આપણે નિષ્ફળ ગયા છીએ. આપણાં બાળકોને ઉત્તિર્ણ કરાવવા, ઊંચી ટકાવારી પ્રાપ્ત કરાવવા, અને એડમીશન મેળવવા સામાન્ય રીતે વકરી ગયેલી દુષિત પ્રથાઓ આપણાં કુટુંબોમાં અને ઘરના આંગણા સુધી પહોંચી ચૂકી છે. એટલે સુધી કે 'એમાં ખોટું શું' અથવા 'એમ ન કરીએ તો કેમ ચાલે' જેવી વિચારસરણી ઘર કરી ગઈ છે.

એકવીસમી સદી પ્રતિ ઝડપથી ધસતા આપણા રાષ્ટ્રમાં ટી.વી., વિડિયો, ડીશ એન્ટેનાને લીધે ઘણાં ખ્રિસ્તીઘરોએ પ્રાર્થના, આવકાર, પારસ્પરિક સંબંધો, આત્મિયતા અને સહાનુભૂતિને બાજુ પર મૂકાવી દીધાં છે. આપણાં ઘરોમાં પશ્ચિમની સંસ્કૃતિએ ભયજનક માત્રામાં આક્રમણ કર્યું છે. તેમાં ટી.વી.ની જબરજસ્થ અસર તો આપણાં બાળકોનાં માનસપટ ઉપર પડી છે. ખ્રિસ્તી માતપિતા ખ્રિસ્તી વિશ્વાસ અને મૂલ્યો વિશે બાળકોને સમજ આપવામાં બેદરકાર બનતાં જાય છે. અને તેથી કરીને કેટલા બધા ખ્રિસ્તી યુવક-યુવતીઓ અવળે માર્ગે ફંટાઈ ગયાં છે. ખ્રિસ્તી લગ્નપ્રસંગોમાં દારૂ પીવો, તમાકુ – પાનમસાલા ખાવા અને સિગારેટ પીવી તો એક ફેશન બનાવી દીધી છે. હવે તો ધીમે ધીમે કેટલાક ૨૦ થી ૩૦ વર્ષની ઉંમરના જુવાનો ડ્રગના બંધાણી બનતા જાય છે. તેમાં ખાસ પ્રકારના કોડવર્ડવાળી ભાષા બોલીને સીગારેટનું પાકીટ ખરીદાતું હોય છે. આ સીગારેટમાં ડ્રગ ભરેલી હોય છે. પાન મસાલાના પાઉચમાં ભરીને ડ્રગ વેચાતો હોય છે. આમ હાલતમાં કોલેજોમાં અભ્યાસ કરતા આપણા યુવક-યુવતીઓ 'ક્ષણિક સ્વર્ગ' અને 'કાયમી નર્ક'ની દુનિયામાં ધકેલાતા જાય છે. આવા સમયે ખ્રિસ્તી માતપિતાની ફરજ છે કે તેઓ આ બધા જ પ્રકારનાં વ્યસનોથી દૂર રહેવા પોતાનાં સંતાનોને લાલબતી ધરે.

અત્યારે કેટલા બધા ખ્રિસ્તી યુવક-યુવતીઓ લગ્નને આરે આવીને ઊભા છે. કેટલાક લગ્ન માટે ઉત્સુક છે તો કેટલાક આ માટે મૂંઝવણ અનુભવે છે. ખ્રિસ્તી સંસ્કાર નહીં આપવાને કારણે, અભ્યાસ અધૂરો રહી જવાને કારણે કે નોકરી-ધંધો ન હોવાને કારણે ઘણા યુવાનોનાં લગ્નો વાલીઓ ગોઠવી શકતા નથી અથવા તે પ્રત્યે બેદરકારી સેવે છે, તેથી કેટલાક યુવાન સંતાનો ન લેવાના નિર્ણયો લઈ લે છે. કુટુંબમાં લગ્નપ્રસંગે પણ મહત્ત્વના નિર્ણયો માતાપિતાને જ લેવાના હોય છે. પણ ઘણાં લગ્નોમાં એવું બને છે કે ખ્રિસ્તી વ્યવહારને બાજુ પર મૂકીને કેટલીક ચાલી આવતી પ્રથાઓ સાચવવામાં આવે છે. દિવસ નક્કી કરવો, લગ્નપ્રસંગની ગોઠવણ કરવી, લગ્નખર્ચ કરવો, દાગીનાની લેવડદેવડ કરવી, જમણવાર કરવો વગેરે નિર્ણયો વ્યવસ્થા કરવામાં દરેક ખ્રિસ્તી માતપિતાએ વિશ્વાસની કસોટીએ તો ચઢવું પડે છે. પણ દુઃખ સાથે કહેવું પડે છે કે આમાં ઘણાં ખ્રિસ્તી માતપિતા યોગ્ય નિર્ણયો લેવામાં નિષ્ફળ ગયાં છે. લગ્નસમય સાચવવામાં પણ દીકરા-દીકરીનાં માતપિતા જ જવાબદાર હોય છે. જો લગ્નસમયમાં એક કલાક મોડું કરવામાં આવે તો આ પ્રસંગમાં આવનાર ૫૦૦ આમંત્રિતોના ૫૦૦ કલાક બગડી જાય છે. ખ્રિસ્તીલગ્નમાં ખ્રિસ્તીગીતોને બદલે ફિલ્મી ગીતો અને બેન્ડવાજા વગાડીને નાચગાન કરાવવામાં આવે છે, જે ખ્રિસ્તીલગ્ન માટે બિલકુલ શોભાસ્પદ નથી. એક ખ્રિસ્તી કુટુંબની નવરચના થતી હોય તેમાં આવી અર્થહિન બાબતો નવદંપતિ માટે હાનિકર્તા નીવડે છે. દીકરા-દીકરીના લગ્નપ્રસંગમાં શરૂઆતથી પ્રભુને માન મળે તો જ તેમના લગ્નજીવનમાં પ્રભુને માન મળે છે અને પ્રભુ પણ નવદંપતિને આશીર્વાદથી ભરી દે છે. ખાસ કરીને

લગ્નપ્રસંગની આ બધી બાબતો ખ્રિસ્તી માતપિતાએ વિચારવાની હોય છે કે જેથી પ્રભુનું અપમાન થાય નહિ.

હરણફાળ દોડતી આ દુનિયામાં આપણે બીજાની દેખાદેખીથી આપણાં કૌટુંબિક પ્રસંગોમાં ન કરવાનું કરી નાખીએ છીએ અને બાળકોના ભાવિને જોખમમાં મૂકી દઈએ છીએ. બાઇબલનું સ્પષ્ટ શિક્ષણ છે કે આપણને બાળકોનું અણમોલ ધન આપવામાં આવ્યું છે. તેને સાચવવાની જવાબદારી માતાપિતાની છે. પછી તે ખ્રિસ્તી સંસ્કારો આપવાની હોય, અભ્યાસ કરાવવાની હોય કે પછી લગ્ન કરાવવાની હોય, પણ આપણે તેમની કોઈપણ જવાબદારીમાંથી છટકી જઈ શકતા નથી. હાલમાં ખ્રિસ્તી યુવાપેઢી સેક્સમાં, સતત ઉન્માદની ઝંખનામાં, હતાશા અને મહત્ત્વકાંક્ષા વચ્ચે અટવાઈ પડી છે; તેમને બહાર કાઢવાની, દોરવણી અને પ્રેમ આપવાની, ખ્રિસ્તી મૂલ્યો શીખવવાની, ખ્રિસ્તીલગ્નનું મહત્ત્વ સમજાવવાની સીધી જવાબદારી માતપિતાની કે વાલીઓની છે અને પછીથી મંડળી કે સમાજની છે. માતપિતા વિશ્વાસથી બાળકોના અભ્યાસ, નોકરી અને લગ્નના પ્રશ્નો પ્રભુ સમક્ષ લઈ જાય તો આ બાબતોમાં સફળતા મળે છે. યોગ્ય જીવનસાથીની પસંદગી માટે પણ વાલીઓએ યોગ્ય ચર્ચાવિચારણા કરી યુવાનોમાં રસ દાખવવો જોઈએ, જેથી લગ્ન ઉત્સુક યુવક-યુવતી યોગ્ય પગલું ભરી શકે.

કેટલાક સંજોગોમાં પરણિત નવયુગલને પોતાને નિર્ણય લેવા દેવામાં આવે એ તેમને માટે યોગ્ય હોય છે. જો કોઈ મુશ્કેલી ઊભી થાય તો જ માતપિતા કે વાલી તરીકે મદદરૂપ થવા પ્રયત્ન કરવા જોઈએ. આ દિવસોમાં ખ્રિસ્તી સમાજમાં આંતરજ્ઞાતિય લગ્નો થાય છે ત્યારે આ બાબતમાં ખ્રિસ્તી માતપિતાએ પોતાનાં સંતાનો માટે ખાસ કાળજી રાખવી જોઈએ. આંતરજ્ઞાતિય લગ્ન કરનાર ઈશ્વરનો આશીર્વાદ અને મંડળીની સંગત ગુમાવે છે. ઈશ્વરપિતાની દૃષ્ટિમાં આંતરજ્ઞાતિય લગ્ન માન્ય નથી તેથી વાલીઓએ જુવાન બાળકોને આ બાબતથી ચેતવવા જ જોઈએ કારણ કે પાછળથી આવાં લગ્નોનાં સારાં પરિણામો આવતાં નથી.

ટોલસ્ટોયને કોઈએ પૂછ્યું, માણસમાં ઘડતરનું મૂલ્ય શું? ટોલસ્ટોયે કહ્યું, "લોખંડનો ટૂકડો વેચો તો એક રૂપિયો ઉપજે અને જો ઘડિયાળની ઝીણી કમાનો બનાવીને વેચો તો હજારો રૂપિયા ઊપજે. લોખંડ તો એનું એ જ, એટલું જ છે, પરંતુ એનું જેવું ઘડતર કરો એવું એનું મૂલ્ય અંકાય." આપણાં બાળકો માટે પણ આવું છે. બાળકનું જેટલું ઘડતર કરો એટલું એનું મૂલ્ય વધે. તો આ કપરા સમયમાં ખ્રિસ્તી માતપિતાની ફરજ છે કે તેઓ પોતાનાં બાળકોને ખ્રિસ્તી સંસ્કારોનું સિંચન કરે, તેમનો શૈક્ષણિક ક્ષેત્રે વિકાસ કરે, નોકરી કે ધંધામાં યોગ્ય માર્ગદર્શન આપે અને તેમના લગ્ન માટે આગ્રહથી પ્રાર્થના કરે. તો ખ્રિસ્તની સાક્ષી અને પ્રભુને મહિમા આપનાર સુંદર ખ્રિસ્તી કુટુંબો રચાતાં જશે અને પ્રભુને માન, મહિમા અને ગૌરવ મળે એવી મંડળીનું ચિત્ર ભવિષ્યમાં આકાર લેશે.

* * *

# સમજશક્તિ બહારની શાંતિ

દુનિયાનો ઇતિહાસ સતત બદલાતો જતો હોય છે અને હવે વિશ્વમાં ન સમજી શકાય તેવાં ભારે ઘટનાચક્રો ગતિમાન થયાં છે. દિવસે દિવસે વધારે ને વધારે અશાંતિનું સામ્રાજ્ય દુનિયામાં ફેલાતું જાય છે. સોમાલીયા ભીષણ ભૂખમરામાં સબડતું જાય છે. જર્મનની સરકાર સામે કટ્ટર નાઝીવાદનો સળગતો પ્રશ્ન છે. સર્બીયન અને બોસ્નીઅનોમાં પણ વર્ષ દરમિયાન લોહીયાળ જંગ ખેલાતા બોસ્નીયાનું તો ચિત્ર જ બદલાઈ ગયું છે. અમેરિકામાં પણ અર્થતંત્રમાં ભારે વિષમતાઓ ઊભી થઈ છે અને ડેમોક્રેટીક પક્ષના પ્રમુખ બીલ ક્લીન્ટન અર્થતંત્રમાં સ્થિરતા લાવી શકશે કે કેમ, તે પણ એક પ્રશ્ન અમેરિકનો માટે છે. રશિયામાં પણ દરરોજ રાજકીય પ્રવાહો બદલાતા અર્થતંત્ર ભાંગી ગયું છે અને તેથી ત્યાં પણ અસહ્ય ભાવવધારો, ગરીબી અને બેકારીનો લોકો સામનો કરી રહ્યા છે. થાઈલેન્ડમાં લશ્કરી દમનનો કોરડો વીંઝાતો રહ્યો છે અને ત્યાં ફરીથી લોકશાહી શાસન છે. અમેરિકી દળોએ ઈરાકના લશ્કરી લક્ષ્યાંકો પર હુમલા શરૂ કરી દીધા છે. હવે શું થશે તે કોઈ જાણતું નથી. દુનિયાનો કોઈ એવો ભાગ બાકી રહ્યો નથી કે ત્યાં ભયનું કે અશાંતિનું મોજું ફરી વળ્યું ના હોય ! આથી વિશ્વમાં શાંતિ થશે કે કેમ એવા પ્રશ્નો લોકોના મનમાં ઉપસ્થિત થવા લાગ્યા છે.

હાલમાં આપણો દેશ પણ ભારે કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. પંજાબમાં આતંકવાદને કારણે ત્યાંના લોકો ભયમાં અને ભારે અજંપામાં જીવન જીવી રહ્યા છે. કાશ્મીર અને જમ્મુનો પ્રશ્ન સળગતો છે તેથી એ પ્રદેશમાં લોકોમાં પણ ભયનાં વાદળ ફેલાયેલાં છે. દક્ષિણ ભારતમાં શ્રીલંકાના ઉગ્રવાદી સંગઠને (લિબરેશન ટાઈગર્સ ઓફ તમિલ ઇલમ) પણ અશાંતિ ફેલાવી દીધી છે. બિહારમાં પણ ઝારખંડ મુક્તિ મોરચાએ ઝારખંડની માગણી કરતો પ્રશ્ન ઊભો કર્યો છે. અયોધ્યામાં કારસેવા દરમિયાન વિવાદાગ્રસ્ત બાબરી મસ્જિદ જમીનદોસ્ત થતાં દેશમાં ભારે અંધાધૂંધી ફેલાતા અશાંતિનું સામ્રાજ્ય સર્જાયું છે અને ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિ ઊભી થઈ છે. દરરોજ ભારે જાનહાનિ થઈ રહી છે. દિવસે દિવસે વૈમનસ્ય વધતા હિંસક તોફાનો થયાં જ કરે છે અને તેમાંથી એક પછી એક ગંભીર પ્રશ્નોની હારમાળા સર્જાતી જાય છે. જેનો કોઈ ઉકેલ જણાતો નથી. રાજકીય સ્થિરતા ડગમગવા લાગી છે અને દેશવાસીઓ, દુઃખી, બેચેન અને લાચાર બની ભયભીત થયા છે.

ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદમાં કરફ્યુ અને બંધ એલાનથી લોકોના જીવ ગળે આવી ગયા છે. હોસ્પિટલોમાં તેમજ અન્ય સ્થળોમાં ઘાયલ માણસોની અને મૃતજનોના સગાંસ્નેહીઓના દુઃખદ આક્રંદથી સમગ્ર વાતાવરણમાં ગ્લાનિનો અનુભવ

થાય છે. જીવનવ્યવહાર ઠપ [illegible] છે. કુટુંબીજનો, સગાંસ્નેહીઓ અને મિત્રોના વર્તુળોમાં લૂંટફાટના, આગના, છૂરાબાજીના હિંસક તોફાનોની જ ચર્ચા ચાલ્યા કરે છે. સ્કૂલ-કોલેજો બંધ રહેવાથી વિદ્યાર્થીઓના મનોમાં પણ અનેક પ્રકારનાં વમળો અને શંકા-કુશંકાઓએ ભયનું સ્થાન લીધું છે. આર્થિક અને સામાજિક રીતે ઘણાંના જીવનોમાં અનેક મૂઝવતા પ્રશ્નો ઊભા થયા છે અને ઘણાંની ઊંઘ હરામ થઈ ગઈ છે.

જ્યારે સમગ્ર વિશ્વ, દેશ અને ગુજરાત આવી ભારે દુર્દશામાં મૂકાઈ જાય ત્યારે સર્જન ઈશ્વર તરફ દરેકની દૃષ્ટિ જાય તે સ્વાભાવિક છે. ઈશ્વરપિતાએ તો સુંદર સૃષ્ટિ બનાવી માણસને રહેવા આપી ત્યારે ઉત્પત્તિકાળથી જ માણસો સંપીને શાંતિથી રહી શકતા નથી. દુનિયામાં કાઈને પોતાના ભાઈ હાબેલની હત્યા કરી નાખી અને હત્યાની શરૂઆત કરી. જળપ્રલય પછી ભૂમિ પર માણસોની સંખ્યા વધવા લાગી. ત્યારથી લડાઈઝઘડા અને અલગતાવાદ, ઈર્ષા, હિંસા લૂંટફાટ આતંક શરૂ થઈ ગયો. પૃથ્વી ઉપર લોકોમાં વિભાગો અને જૂથો શરૂ થયાં. એક જાતિમાંથી અનેક દેશજાતિઓ ઉત્પન્ન થઈ. એક ભાષા અને બોલીમાંથી અનેક ભાષા અને બોલીઓ શરૂ થઈ. રંગજાતિઓમાંથી ઘણી રંગજાતિ ઊભી થઈ. ઘણી માન્યતાઓ અને ધર્મો શરૂ થયા અને પછી પ્રશ્નોની પરંપરાઓ સર્જાવાથી ભારે અશાંતિ ઊભી થઈ ગઈ. ભૂમિના ખંડો, દેશો અને મુલકો માણસોએ અલગ રીતે વહેંચી લઈને અલગતવાદ શરૂ થઈ ગયો.

પુરાતન સમયથી ભૂમિ માટે, જાતિ માટે, ધર્મ માટે, સત્તા માટે લડાઈઓ અને ધર્મયુદ્ધો અને હાલમાં પણ આવાં જ પ્રકારનાં હિંસક તોફાનો ચાલુ જ રહ્યાં છે. આદમથી ઉત્પન્ન થયેલા માનવજાતને જગતના આરંભથી આતંક ફેલાવી ભય ઊભો કર્યો છે અને દિવસ ને દિવસે દુનિયાની બધી દેશજાતિઓમાં આ અશાંતિ વધી રહી છે. આને કોણ બંધ કરી શકે ?

આ અશાંતિના સામ્રાજ્ય ઉપર સર્વ સમર્થ ઈશ્વરનો અંકુશ છે. આદમ મારફતે પાપમાં જન્મેલા દીકરા-દીકરીઓથી અશાંતિ ફેલાઈ ત્યારે ઈશ્વરે ઈસુખ્રિસ્ત મારફતે પવિત્રઆત્મામાં નવા જન્મ પામેલા દીકરા-દીકરીઓથી શાંતિ ફેલાવવા પોતાનો મહાન ઈરાદો રાખી રહ્યા છે. શાંતિના સરદાર પ્રભુ ઈસુ ખ્રિસ્તને આ પૃથ્વી ઉપર શાંતિનું રાજ્ય સ્થાપવાનો અધિકાર મળ્યો છે. એટલે જ પ્રભુ ઈસુના જન્મ સમયે દૂતની સાથે આકાશી સેનાનો સમુદાય એકાએક પ્રગટ થયો અને સ્તુતિ ગીત ગાવા લાગ્યો કે, પૃથ્વી પર જે માણસો વિશે તે પ્રસન્ન છે, તેઓને શાંતિ થાઓ (લૂક ૨ : ૧૪). આ દુનિયામાંથી વિદાય લેતી વેળાએ પણ જે માણસો વિશે તે પ્રસન્ન હતા તેઓને કહ્યું હું તમને શાંતિ આપીને જાઉં છું. જેમ જગત આપે છે તેમ હું તમને આપતો નથી. તમારાં હૃદયોને વ્યાકુળ થવા ન દો અને એને બીવા પણ ન દો (યોહાન ૧૪ : ૨૭).

સમુદ્રમાં - હોડીમાં પ્રભુ ઈસુ તેમના શિષ્યો સાથે હતા ત્યારે સખત પવન ફૂંકાવા લાગ્યો અને સમુદ્રમાં મોજાં ઉછળવાથી ભારે તોફાન થયું, તેથી શિષ્યો ભયભીત બની ગયા ત્યારે પ્રભુ ઈસુએ પવનને ધમકાવી બંધ કર્યો અને મહા શાંતિ થઈ. તે સમયે ભયભીત શિષ્યો પણ તેમનાં હૃદયોમાં સર્વ સમજશક્તિની બહારની શાંતિ જે પ્રભુ ઈસુએ આપે છે, તેનો અનુભવ કર્યો હશે. પ્રભુ ઈસુ ઉપર વિશ્વાસ કરનાર માટે ગમે ત્યારે ગમે તેવું તોફાન આવે અને મન અશાંત કરી દે ત્યારે ડરી જવાની જરૂર નથી. પ્રભુ ઈસુનો પૂરો પ્રેમ ભયને દૂર કરી દે છે. એવા ભય અને અશાંત પરિસ્થિતિમાં જ તે આપણાં હૃદયો અને મનોની સંભાળ રાખી અજબ શાંતિથી ભરી દે છે. સાથે સાથે આપણા દેશબંધુઓ અને પડોશીઓ માટે પણ પ્રાર્થના કરીએ કે પ્રભુ તેઓનુ રક્ષણ કરે અને પોતાના મુખનો પ્રકાશ તેઓ ઉપર પાડે ને તેઓ ઉપર કૃપા કરે જેથી તેઓને પણ પ્રભુ ઈસુની શાંતિ જે સર્વ સમજશક્તિની બહાર છે તે તેઓને મળે અને પ્રભુ ઈસુનું શાંતિનું સામ્રાજ્ય વિસ્તરતું જાય. શાંતિના સરદાર પ્રભુ ઈસુ મારફતે આપણને શાંતિની પ્રજા તરીકે બિરુદ આપવામાં આવ્યું છે ત્યારે આપણે અશાંત પરિસ્થિતિમાં શાંતિના સરદાર પ્રભુ ઈસુના પુત્રો-પુત્રીઓ તરીકે ઘણી પ્રકારની મદદ કરી સુલેહશાંતિ કરાવનારા બનીએ એજ અભ્યર્થના !

* * *

## નવલિકા

| | | |
|---|---|---|
| ૧ | વધસ્તંભ અને ચપ્પુ | ૩૦-૦૦ |
| ૨ | સમૃદ્ધ ખ્રિસ્તી જીવન | ૩૦-૦૦ |
| ૩ | ચિરાયેલો પડદો | ૩૦-૦૦ |
| ૪ | સ્ત્રી રત્નો | ૨૦-૦૦ |
| ૫ | કવો-વાડીસ | ૩૦-૦૦ |
| ૬ | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૭ | ધી-રોબ | ૩૫-૦૦ |
| ૮ | કલ્યાણી | ૧૦-૦૦ |
| ૯ | ટૈટસ | ૩૫-૦૦ |
| ૧૦ | માણસ એ કોણ છે | ૧૦-૦૦ |
| ૧૧ | અરમાન નાટય સંગ્રહ | ૪૦-૦૦ |
| ૧૨ | પડદાની પેલે પાર | ૪૦-૦૦ |
| ૧૩ | યાત્રાકારી ભાગ-૧ | ૨૦-૦૦ |
| ૧૪ | ફબીઓલા | ૩૫-૦૦ |
| ૧૫ | નિર્મળા | ૧૦-૦૦ |
| ૧૬ | યોનેકો | ૧૫-૦૦ |
| ૧૭ | યાત્રાકારી ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૧૮ | બેનહર | ૩૦-૦૦ |
| ૧૯ | હૃદય પલટો વિશ્વપલટો | ૧૦-૦૦ |
| ૨૦ | જખમ અને જીવન | ૩૦-૦૦ |
| ૨૧ | શરણાગતિ | ૨૦-૦૦ |

## અન્ય

| | | |
|---|---|---|
| ૧ | યુવાવસ્થા સોનાની ખાણ | ૧૫-૦૦ |
| ૨ | પરિશ્રમની કેડીએ ભાગ-૧ | ૧૫-૦૦ |
| ૩ | પરિશ્રમની કેડીએ ભાગ-૨ | ૧૫-૦૦ |
| ૪ | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૫ | વેસ્લીયન પ્રણાલી મુજબનું ભકિતયુકત જીવન | ૧૫-૦૦ |
| ૬ | સ્ત્રી-પુરુષ સંબંધ | ૨૦-૦૦ |
| ૭ | પ્રભુ જીવન કેવી રીતે પ્રાપ્ત કરી શકાય | ૧૦-૦૦ |
| ૮ | પરિવર્તન પામેલા પાત્રો | ૧૫-૦૦ |
| ૯ | ગુજરાત ટ્રાફટ એન્ડ બુક સોસાયટીનો ૧૫૦ વર્ષનો ઈતિહાસ | ૩૦-૦૦ |
| ૧૦ | ક્ષિતિજને પેલે પારથી | ૨૦-૦૦ |
| ૧૧ | સ્વર્ગ યાત્રા | ૨૦-૦૦ |
| ૧૨ | ઈશ્વરનો સાક્ષાત્કાર | ૨૦-૦૦ |
| ૧૩ | ખ્રિસ્તી કુટુંબ અને ઘર | ૨૦-૦૦ |
| ૧૪ | ઈશ્વર મારા ધંધાના માલિક છે | ૧૫-૦૦ |
| ૧૫ | મારુ ઋણ | ૧૨-૦૦ |

## કોમેન્ટરી

| | | |
|---|---|---|
| ૧ | કાળવૃતાંતનો સંદેશ | ૧૨૫-૦૦ |
| ૨ | પ્રેષિતોના કાર્ય દ્વારા મળતો ઈશ્વરીય સંદેશ | ૮૦-૦૦ |
| ૩ | ફિલીપ્પીનો પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૪ | ગિરિપ્રવચન | ૪૦-૦૦ |
| ૫ | કરંથિઓનો પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૬ | કરંથિઓનો બીજા પત્રનો સંદેશ | ૩૦-૦૦ |
| ૭ | સભાશિક્ષક | ૩૦-૦૦ |
| ૮ | ઉત્પત્તિનો સંદેશ ૧૨ થી ૫૦ | ૪૦-૦૦ |
| ૯ | હિબ્રુઓના પત્રનો સંદેશ | ૫૦-૦૦ |
| ૧૦ | અયૂબ | ૬૦-૦૦ |
| ૧૧ | યશાયા | ૧૨૫-૦૦ |
| ૧૨ | ગીતોનું ગીત | ૬૦-૦૦ |
| ૧૩ | પિતરનો પહેલો પત્ર | ૧૨૫-૦૦ |
| ૧૪ | વૈદિક ખોજની પરિપૂર્ણતા ઈસુ ખ્રિસ્ત | ૨૫-૦૦ |

## અન્ય

| | | |
|---|---|---|
| ૧ | દુઃખ દ્વારા શિક્ષણ | ૧૦-૦૦ |
| ૨ | મને પ્રાર્થના કરતાં શીખવો | ૨૫-૦૦ |
| ૩ | પવિત્ર યુદ્ધ | ૧૦૦-૦૦ |
| ૪ | રશિયા ઈઝરાયેલ અને બાઈબલ | ૪૦-૦૦ |
| ૫ | ક્રોસ કથાના પાત્રો | ૨૦-૦૦ |
| ૬ | તમારા પ્રશ્નોના ઉત્તર | ૨૦-૦૦ |
| ૭ | સૂર-સંદેશ | ૨૦-૦૦ |
| ૮ | મિલેનિયમનો સ્વામી | ૨૫-૦૦ |
| ૯ | એસ્તર | ૨૦-૦૦ |

4BGT2

# લેખિકા / લેખકનો પરિચય

## શ્રીમતી જયવંતીબહેન ચૌહાન

**(જાન્યુ. ૧૯૬૮ - ૧૯૮૬ ડિસેમ્બર)**




શ્રીમતી જયવંતીબહેન ચૌહાન આઈ. પી. મિશનના હોશિયાર અને પ્રભુને સમર્પિત પાળક રેવ. પાઉલ ગુલાબસાહેબના દીકરી છે. તેઓએ બી.એ. બી.એડ. બી.જે. નો અભ્યાસ કર્યો હતો. આઈ. પી. મિશન હાઇસ્કુલ, રાયખડ, અમદાવાદમાં શિક્ષક તરીકે ઉત્તમ સેવાઓ આપેલ હતી.

પ્રભુના સેવક રેવ. ડૉ. જયાનંદ ચૌહાન સાહેબ સાથે લગ્ન થયા બાદ તેઓએ જયાનંદ ચૌહાન સાહેબની સેવાઓમાં પણ પોતાનો હિસ્સો આપ્યો હતો.

સાહિત્ય ક્ષેત્રે તેઓનું યોગદાન પ્રસંશનીય છે. જેમાં અનેક માંની આંસુભરી પ્રાર્થનાનાં પરિણામ (ચોથી આવૃતિ) મુખ્ય છે. નિવૃત્તિ બાદપણ તેઓએ કલમ દ્વારા સેવાઓ ચાલુ રાખેલ છે. તેઓની સુવાર્તા પ્રચારની રીતો અજોડ છે. હિન્દુ કુટુંબોમાં થતા મરણ પ્રસંગે દિલાસા પત્રો લખવા, રોજની કેટલાય લોકોને ટ્રાક્ટ આપવી, વગેરે. પત્રો દ્વારા લોકો સાથે સંપર્ક જાળવી રાખવો તે તેમની આગવી શૈલી છે. અત્યારે પણ તેઓની સેવાઓ ચાલુ જ છે. તેમના માટે પ્રભુનો જ આભાર માનીએ.

## શ્રી આલ્બર્ટભાઈ ભાભોર

**(૧૯૮૭ થી)**



વ્યવસાયે શિક્ષક એવા આલ્બર્ટભાઈ ભાભોર શાંત પ્રકૃતિના વ્યક્તિ છે. સ્વ. રેવ. ચોહાન માલાભાઈ (આઈ. પી. મિશન અને સી.એન.આઈ. પાળક)ના તેઓ જ્યેષ્ઠ પુત્ર છે. જુવાનીમાં જુવાનો માટેની ઇવેન્જલીકલ ચળવળ ઇવેન્જલીકલ યુનિયનના તેઓ સક્રિય સભ્ય રહ્યા હતા. પોતાની સી.એન.વિદ્યાલયમાંની નોકરી યુવાનીમાં છોડીને બાઇબલ સોસાયટીમાં જોડાયા અને ત્યારબાદ શ્રીમતી જયવંતીબહેન ચૌહાન નિવૃત થતા ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીમાં તંત્રી તરીકે જોડાયા. તેઆનું એક બીજું ખાસ તાલંત એ છે કે તેઓ એક સારા ચિત્રકાર પણ છે.

ઉપરોક્ત બન્ને લેખકોના આ ખાસ તાલંતને માટે પ્રભુનો જ આભાર માનીએ છીએ.

પ્રેમભાવથી
રેવ. હેમંતકુમાર જે. પરમાર
સેક્રેટરી

Design & Printing : JENSON COMPUTERS, Maninagar, Ahmedabad-380008. Phone : 079-32913057 www.jensoncomputers.com